Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ

प्रभुमय जीवन

सस्तु साहित्य वर्धक कार्यालय

અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ ચોથી-ચાર આના

63ग
ह (11)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक की संख्या......... 63 ग

पुस्तकालय–पञ्जिका–संख्या ६ (11)

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gurukula Library
Kangri
15372

CH
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ

प्रभुमय जीवन

स्टाक प्रमाणीकरण ११८४-११८१

રાલ્ફ વાલ્ડો ટ્રાઈનકૃત 'ઇન ટ્યૂન વિથ ધી ઇન્ફિનિટ'ના
અનુવાદક મણિલાલ નથુભાઈ દોશી, બી.એ.
રતનપોળ–અમદાવાદ.

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
સંપાદક અને પ્રકાશક ભિક્ષુ–અખંડાનંદ
અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ ચોથી, સં. ૧૯૮૭, પ્રત ૫૩૦૦. કુલ ૧૮,૧૦૦

મૂલ્ય–ચાર આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" આ પુસ્તક છાપવા છપાવવાનો હક્ક સર્વ કોઇને છે."

અમદાવાદ "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

15-572

ભિક્ષુના બે બોલ અને જરૂરી ભિક્ષા

જે જ્ઞાન અને ચારિત્રવડે મનુષ્ય કલ્યાણપ્રેમી અને મોક્ષભાગી થઇ વંદાય-પૂજાય છે; તે પરમપદદાયક સર્વોત્તમ અને સ્થાયી સંપત્તિને જાણવા-પામવામાં આ પુસ્તક કેટલું બધું ઉપયોગી છે; તે વાત તેને કાળજીપૂર્વક વાંચશે-વિચારશે તેને આપોઆપ જણાઈ રહેશે. મૂળલેખક "રાલ્ફ વાલ્ડો ટ્રાઇન" એવા ઉત્તમ જ્ઞાન અને રહેણીકરણી વિષે આ પુસ્તકમાં જે અગત્યની માહિતી અને સમજૂત આપે છે; તે ગોખણિયું જ્ઞાન કે પોકળ પંડિતાઇ દર્શાવવાને નથી આપતા; પરંતુ પંડે એ શુભ માર્ગે ચાલી અનુભવસિદ્ધ બનીને માત્ર લોકહિતાર્થે આપે છે.

દાખલાતરીકે આ પુસ્તકમાં આ વાત રૂડે પ્રકારે સમજાવી છે કેઃ-સાચી ઉન્નતિ અને તેની સાધના, સદાકાળની સ્વારાજ્યસિદ્ધિ અને અપાર સુખ-સામર્થ્ય, સર્વોપરિ સંપત્તિ અને પરમ વૈભવ, સાચો સ્વાર્થ અને મહાન પરોપકાર, જ્ઞાનચારિત્રની શુદ્ધિવૃદ્ધિ, ઇત્યાદિ અનેક મહત્ત્વની બાબતોનું ખરૂં સ્થાન, ઉંડું રહસ્ય અને આબાદ સાધન, એ બધું મનુષ્યના પોતાનાજ અંતરમાં, પ્રયત્નમાં અને અધિકારમાં-અર્થાત્ સમજણ અને આચરણમાં-જ્ઞાન અને ચારિત્રમાં-રહેલું છે.

આ પ્રમાણે આ પુસ્તક જે યોગ્યતાથી, જેવી લાગણીથી અને પરોપકાર વૃત્તિથી લખાયું છે તથા એમાં સાચી ઉન્નતિનો આબાદ ઉપાય જે કાળજીથી, અસરકારક રીતે અને વિવિધ પ્રકારે સમજાવેલો છે; અર્થાત્ આ પુસ્તક શ્રેય અને પ્રેય (વ્યવહાર અને પરમાર્થ) બન્ને રૂડે પ્રકારે સાધવાનો જે સીધો અને સુંદર માર્ગ બતાવે છે; તથા તે માર્ગે નહિ ચાલવામાં રહેલી અજ્ઞાનતા અને મૂર્ખતા છોડી દઇ એ સાવ સાચા અને સર્વોત્તમ રસ્તે ચાલવાની જે બહુ ડહાપણભરેલી તથા પ્રબળ પ્રેરણા આપે છે; તેથીજ તેનું કહેવું કોઇ પણ સજ્જનના હૃદયમાં ઝટ ઉતરી જાય છે; અને તેથીજ આ પુસ્તક જગતની અનેક ભાષાઓમાં ઉતારાઈ પુષ્કળ પ્રચાર પામ્યું છે.

આ મૂળ પુસ્તકનું નામ પ્રથમ તો પંડિત ફતેહચંદ કર્પૂરચંદ લાલનજી પાસે વખાણ સાથે સાંભળેલું; અને પછી એનું એક મરાઠી ભાષાંતર હાથમાં આવેલું. આ ઉપરથી ગુજરાતીમાં એ ગ્રંથ પ્રસિદ્ધ કરવા વિચાર આવેલો; પણ કોઇ લાયક સજ્જનને શોધી એ કાર્ય સોંપવાનો સમય મળેલો નહિ. દૈવયોગે શ્રી. મણિલાલ દોશી અનાયાસે મળી આવ્યા અને આવાં પુસ્તકોના ખાસ પ્રેમી જણાયા. એ બંધુએ આ પુસ્તકનો અનુવાદ અવકાશે અવકાશે બનતી કાળજીથી કરી આપ્યો. પછી એમાં સરળતા અને સ્પષ્ટતા લાવવા કેટલુંક સંશોધન થઈ પુસ્તક છપાયું; પરંતુ હજી વધુ સંશોધનની જરૂર લાગ્યા કરી હતી. બીજી આવૃત્તિ વખતે સમય નહિ મળવાથી ત્રીજી આવૃત્તિ તો એવો યત્ન થયેથીજ પ્રસિદ્ધ કરવાનું રાખ્યું હતું. આથી એ પછી ૧૯૮૫માં છપાયલી ત્રીજી આવૃત્તિ કાંઈ પણ સરળ અને સ્પષ્ટ થઈ હોય, તો તેમાં ખુબી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પરમ સુહૃદ્ સર્વેશ્વરની છે; અને એ કરતાં વિશેષ સરલતા-સ્પષ્ટતા નહિ આવવી, તેમજ બીજી ખામી જણાય તે આ સેવકની છે. આ સંશોધનને લીધે પણ આને સ્વતંત્ર અનુવાદ કહી શકાય.

'વિવિધ ગ્રંથમાળા'ના પ્રત્યેક ગ્રાહક પર પહેલી આવૃત્તિ જવા છતાં ત્રીજી આવૃત્તિ તેમના ઉપર વિનામૂલ્યે મોકલાયાનું કારણ ઉપર કહેલી તેની વિશેષતા ઉપરાંત આવા ઉપયોગી પુસ્તક તરફ તેઓનું ધ્યાન વિશેષ ખેંચાય અને અન્ય સજ્જનોમાં પણ આ પુસ્તક વધુ પ્રચાર પામે, એ હેતુ પણ હતો. આથીજ એ ત્રીજી આવૃત્તિમાં એવા ભાવની યાચના કરેલી કે, આ પુસ્તક વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકોને તથા અન્ય સજ્જનોને મળે, તેઓ આગલી આવૃત્તિ વાંચી હોય તોપણ એક વાર તો આ આવૃત્તિ ખાસ કાળજી અને ધીરજપૂર્વક વાંચે-વિચારે; તથા બની શકે તો આ પુસ્તકથી અજાણ્યાં મનુષ્યોને વાંચી સંભળાવે, વાંચવા આપે, અને છેવટે કોઇ ખાસ પ્રેમીને કે પુસ્તકાલયને ભેટ આપી દઇને આ પુસ્તક (અથવા એને બદલે એની આગલી આવૃત્તિની પ્રત તેમની પાસે હોય તે) પરોપકારને માર્ગે વાપરી નાખે.

આ ચોથી આવૃત્તિ પણ ત્રીજી આવૃત્તિ મુજબ છપાયા છતાં વિવિધ ગ્રંથમાળાના પ્રત્યેક ગ્રાહક તરફ વિનામૂલ્યે મોકલવામાં ઉપલોજ હેતુ છે. આશા છે કે આ આવૃત્તિ પણ પ્રત્યેક ગ્રાહક બંધુ કમમાં કમ એક વાર તો જરૂર વાંચશે-વિચારશે; આત્મનિરીક્ષણ કરતા રહીને (પોતાની યોગ્યતા અયોગ્યતા અને તેના લાભાલાભ ઉપર કાળજીભર્યો વિચાર કરતા રહીને) પોતાનું જીવન હોય તે કરતાં કાંઇ પણ વિશેષ વિશાળ-ઉદાર-પવિત્ર-ઉન્નત થાય તેમ કરશે; બનતાં સુધી બીજાં અજાણ્યાં મનુષ્યોને આ પુસ્તક એક વાર પણ સંભળાવી સમજાવશે; અથવા તેઓને વારાફરતી વાંચવા આપતા રહેશે; અને છેવટે એના કોઈ વિશેષ પ્રેમી સજ્જનને અથવા પુસ્તકાલયને આ પુસ્તક 'જરા પણ ઉપકાર ચઢાવ્યા વિના અને બદલાની કશી આશા વિના પૂર્ણ નિષ્કામભાવે' આપી દેવા કૃપા કરશે.

ભિક્ષુકની ઉપલી યાચના જેમને વધારા પડતી લાગે, તેમને માત્ર એટલીજ યાચના છે કે, એમ કરવામાં તેમનું પોતાનું હિત રહેલું છે કે નહિ, એનો તેઓ જરૂર વિચાર કરે. ભારતભૂમિમાં જન્મવા છતાં જે બંધુ એ ભિક્ષા નજ આપી શકે, તેમને માટે કહેવાનું કે **"દે ઉસકા બી ભલા, ન દે ઉસકા બી ભલા."**

આ પુસ્તકમાં થોડાં ઉત્તમ વાક્ય કાળા અક્ષરે છાપેલાં છે; પરંતુ એમાં બીજાં પણ અનેક વાક્ય અગત્યનાં અને ધ્યાનમાં રાખવા જેવાં છે.

આ પુસ્તકનો લાભ લે, ત્યારે ત્યારે દર વખતે સજ્જનો એના મૂળ લેખક મહાત્માને પૂજ્યભાવે સ્મરણાંજલિ આપશે એવી આશા છે.

સં. ૧૯૮૭-માઘ માસ. ભિક્ષુ-અખંડાનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુવાદકની પ્રસ્તાવના

(પહેલી આવૃત્તિ સમયની)

જગતના જીવો જ્યારે સ્થૂલ ભુવનની ક્ષણિક, દુઃખગર્ભિત અને મળ્યા પછી પણ તૃપ્તિ ન આપતાં સુખનાં બીજાં સાધનોની લાલસા ઉત્પન્ન કરતી વસ્તુઓ પાછળ રાતદિન ભમ્યા કરે છે, અને ખરૂં સુખ, શાંતિ અને આનંદ અનુભવવાના સત્ય માર્ગથી દૂર ભાગતા માલૂમ પડે છે; તે સમયે ખરી શાંતિ, શક્તિ, પ્રેમ, આરોગ્ય, આંતરપ્રતિભા વગેરે આત્માના શાશ્વત ગુણો તરફ લક્ષ દોરવા પ્રયત્ન કરવામાં આવે તો તે અતિ આવશ્યક ગણાવું જોઇએ.

મનુષ્ય પોતાનું ખરૂં સ્વરૂપ ભૂલી પોતાના સ્થૂલદેહ કે વાસના કે વિચારની સાથે પોતાનો અભેદ હોય એમ માની ઘણુંજ સંકુચિત, સ્વાર્થમય અને બળહીન જીવન ગાળે છે. પોતાનું ખરૂં સામર્થ્ય શું છે, તેનો તેને લેશ પણ ખ્યાલ નથી. પોતાના વિચારમાં કેટલું અનંત બળ છુપું રહેલું છે, તેનું તેને ભાન પણ નથી. ખાનપાન, ધનપ્રાપ્તિ અને વંશવૃદ્ધિ કરવામાંજ જીવનની મહત્ત્વાકાંક્ષાની પર્યાપ્તિ થતી હોય, એમ જેઓને લાગે છે; તેઓનું જીવન કેવળ દુઃખમય, ક્લેશમય, અશાન્ત અને આનંદરહિત હોય તેમાં આશ્ચર્ય શું !

જગતમાં એવા ઘણા મનુષ્યો છે કે જેઓની આંખ પર સહજ પડળ વળેલું છે. તેઓને આ પુસ્તકમાં વર્ણવેલો કિંમતી બોધ અવશ્ય લાભકારી થશે એમ મને લાગે છે. આપણા પ્રાચીન તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો આ પુસ્તકમાં એવા તો સરળ રૂપમાં અને એવી તો સચોટ રીતે ઉપદેશવામાં આવ્યા છે કે જરા ઉંડો વિચાર કરનારને તેનું સત્ય સમજાયા વિના રહેશે નહિ.

આત્મા–પરમાત્માની એકતાનો અપૂર્વ સિદ્ધાંત એ આ પુસ્તકનું બીજ છે. જેટલા પ્રમાણમાં મનુષ્ય જ્ઞાનપૂર્વક તે એકતાનો સ્વીકાર કરી તેનો અનુભવ કરવા પ્રયત્ન કરે છે, તેટલા પ્રમાણમાં પરમાત્મામાં રહેલી શક્તિ, શાંતિ, આરોગ્ય, જ્ઞાન વગેરે તે પ્રાપ્ત કરી શકે છે.

આ અનુભવ કરવા માટે પ્રભુએ આપણને મોટામાં મોટું સાધન જે આપ્યું છે તે વિચારશક્તિ છે. મનુષ્ય પોતાની ભાવના પ્રમાણે સૂક્ષ્મ સૃષ્ટિ રચે છે, અને તે ભાવના વધારે દૃઢ અને નિયમિત થતાં તે સૂક્ષ્મ સૃષ્ટિ સ્થૂળરૂપમાં પ્રકટ થાય છે. છાંદોગ્યોપનિષદ્‌માં કહ્યું છે કેઃ–**अथ खलु क्रतुमयः पुरुषः ।**

મનુષ્ય વિચારની કૃતિ છે; જેવો વિચાર કરે છે તેવો તે થાય છે. **ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।** હે અર્જુન! પ્રભુ સર્વના હૃદયમાં રહેલા છે. પાપીમાં પાપી અને મહાત્મામાં પણ તેજ પ્રભુની શક્તિ કામ કરી રહેલી છે. ભેદ માત્ર ઉપાધિનો છે. સ્વરૂપમાં પ્રભુ અને મનુષ્ય એક છે; માટે મનુષ્યના સ્થૂલ કે સૂક્ષ્મશરીર તરફ નજર ન કરતાં તેની અંદર રહેલા પ્રભુ તરફ દૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનું આ પુસ્તક શીખવે છે. જે મનુષ્ય આ પ્રમાણે પોતાનાં શરીરની અંદર રહેલા પ્રભુને અનુભવે છે, તેજ મનુષ્ય બીજાઓનાં વિવિધ શરીરોમાં અને સર્વમાં રહેલા પ્રભુને જોવા સમર્થ થઇને પાપિષ્ઠ મનુષ્યથી પણ દૂર નહિ ભાગતાં તેને સીધે માર્ગે લાવવા સ્વાભાવિક પ્રેમથી દોરવાય છે.

"તમારા આત્મામાં રહેલા દિવ્ય સામર્થ્યમાં વિશ્વાસ રાખો; તમેજ તમારા ભવિષ્યના નિયંતા છો; તમારામાં મહાત્મા, ઋષિ, જગદુદ્ધારક, બુદ્ધ–તીર્થંકર–કે પેગંબર થવાનું બળ છુપું રહેલું છે તેને પ્રકટ કરો." એ બોધની ઉદ્‌ઘોષણા બહુ ભાર દઇને આ પુસ્તકમાં કરવામાં આવેલી છે.

પ્રિય વાચક! આવી અનેક ઉત્તમ ભાવનાઓથી ભૂષિત અમૂલ્ય પુસ્તક લખવાનું પૂર્ણ માન તેના મૂળલેખક સાધુચરિત, જીવદયાના હિમાયતી રાલ્ફ વાલ્ડો ટ્રાઈન નામના એક અમેરિકન વિદ્વાનને ઘટે છે. તેઓ પ્રખ્યાત તત્ત્વવેત્તા ઇમિર્સનના વિચારોના અનુયાયી છે, અને પૂર્વદેશની ભાવનાઓ પાશ્ચાત્ય સ્વાંગમાં તેઓ એવી તો મનોહર રૂપે અને સ્વાનુભવના બળ સાથે રજુ કરે છે કે, આપણે તે ભાવનાઓને આપણી માતૃભાષામાં પાછી લાવવા આકર્ષાઇએ એ અસ્વાભાવિક નથી. આ 'પ્રભુમય જીવન' નામનું પુસ્તક તે વિદ્વાન અનુભવી ગ્રંથકારે લખેલા "ઇનિ ટયૂત વિથ ધી ઇન્ફિનિટ" નામના ગ્રંથનો અનુવાદ છે. શબ્દશઃ ભાષાંતર કરવા જતાં ભાવનાને ક્ષતિ પહોંચવાનો વિશેષ સંભવ રહે છે; માટે તે પુસ્તકની ભાવનાઓને સમજી આપણી માતૃભાષામાં તે ઉતારવાનો આ પ્રયત્ન છે, તે કેટલે અંશે સફળ થયો છે, તે વિચારવાનું કામ વાચકવૃંદને સોંપું છું. જ્યાં જ્યાં ઉત્તમતા દેખાય ત્યાં સર્વ માન તેના મૂળલેખકને ઘટે છે. જ્યાં કાંઈ ન સમજાય અથવા અપૂર્ણતા લાગે ત્યાં દોષ આ લેખકનો છે, એમ માનવું.

મૂળ અંગ્રેજી પુસ્તકના નામનો શબ્દશઃ અર્થ કરીએ તો આ પુસ્તકનું નામ 'અનંત સાથે એકતા અથવા તો અનંત તત્ત્વ સાથે અભેદ' એને મળતો થાય છે, અને તેનોજ ભાવાર્થ લઇ 'પ્રભુમય જીવન' એ નામ રાખ્યું છે. રાવ બહાદુર રમણભાઈ મહીપતરામે એજ મથાળાવાળું જે ઉત્તમ કાવ્ય લખેલું છે, તે અત્ર મૂકવું ઉચિત ધારૂં છું.

પ્રભુમય જીવન (તોટક છંદ)

મુજ જીવન આ પ્રભુ તુંથી ભરૂં, બલ દે, અભિલાષ હું એહ પૂરૂં.
મુજ દેહ વિષે, વળી આત્મ વિષે, જડ ચેતનમાં પ્રભુ વાસ વસે.
મુજ રક્ત વિષે, મુજ નાડીવિષે, મુજ દૃષ્ટિ વિષે, મુજ વાણી વિષે;
મુજ તર્ક વિષે, મુજ કર્મ વિષે, પ્રભુ! વાસ વસો મુજ મર્મ વિષે.
શિરમાં, ઉરમાં, મુખમાં, કરમાં, પ્રભુ વ્યાપી રહો મુજ અંતરમાં!
મુજ જીવન કેરૂં રહસ્ય ઉંડું, બન પ્રેરક ચાલક શાસક તું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરીને ઉરમાં રસની પ્રતિમા, જહીં ઉન્નતિનો સ્થિર છે મહિમા;
સ્મરી આકૃતિ એ નિજ પીંછી ધરે, અનુસારજ ચિત્ર પછી ચીતરે.
જયમ ચિત્રક એ મનમૂર્તિવડે, બહુ સુંદર ઉત્તમ સૃષ્ટિ રચે;
ત્યમ જીવનના પટની ઉપરે, મુજ લેખન તે તુજ સાક્ષી પુરે.
પ્રભુ મુદ્રિત અંકિત તું હૃદમાં, કૃતિ આ બધી તન્મય હો જગમાં;
મુજ વર્તનથી છબી જો બની રે,' તુજ ઉજ્જવલ રૂપની ઝાંખી દિયે.

૧૯૦૨ માં આ પુસ્તક પ્રથમ મારા વાંચવામાં આવ્યું ત્યારથી એ પુસ્તકના વિચારોની ઉત્તમતા જોઈ તે પર મને સ્વાભાવિક પ્રીતિ ઉત્પન્ન થઈ હતી. કારણકે તેમાં આર્ય શાસ્ત્રોની મહાભાવનાઓ સાંકેતિક શબ્દોના વમળનાં નાખ્યા વિના બુદ્ધિ અને હૃદય બન્નેને રૂચે તેવા રૂપમાં પ્રકટ કરવામાં આવેલી છે. ૧૯૧૪માં સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયના મંત્રી સ્વામીશ્રી અખંડાનંદજીની ઇચ્છાથી મેં તેનો અનુવાદ કરવાનું કામ હાથ ધર્યું, પણ અવકાશ ઓછો હોવાથી તે કામને ધાર્યા કરતાં વધારે વિલંબ થયો છે.

× × × × ×

આ અનુવાદ તૈયાર થયા પછી તે તપાસી તેમાં યોગ્ય ફેરફારો સૂચવવા માટે મારા સ્નેહી મિત્ર રા. રા. ગણેશ બચાજી સપ્રે બી એ. તથા સ્વામીશ્રી અખંડાનંદજીનો આ સ્થળે હૃદયપૂર્વક આભાર માનું છું.

રતનપોળ, અમદાવાદ.
સં. ૧૯૭૨, જયેષ્ઠ કૃષ્ણ પ્રતિપદા } મણિલાલ નથુભાઇ દોશી

मूळ ग्रंथकार संबंधी टुंक नोंध

મિ. ટ્રાઇનનાં પુસ્તકોમાં પ્રકટ થયેલ બળ અને શાંતિ જોઇ લોકો માનવાને દોરવાય છે કે, તેણે વર્ણવેલી ઉચ્ચ દશા તેણે અનુભવી હશે, અને તે પ્રાપ્ત કરવાની અનુકૂળતા તેને મળીજ હશે. પ્રથમનું અનુમાન ખરૂં છે; પણ તેના સંયોગો અનુકૂળ કે સુખમય હતા, એવો ખ્યાલ તદ્દન ખોટો છે; કારણ કે શાંતિ અને ધૈર્ય પ્રાપ્ત કરનારા ઘણા પુરુષોની માફક તે પણ અનેક હાડમારીઓમાંથી પસાર થયો છે.

મિ. ટ્રાઈનનો જન્મ અમેરિકામાં ઇલીનોઇસ પરગણામાં માઉન્ટ મોરિસ ગામમાં સન ૧૮૮૬ માં થયો હતો. બાલ્યાવસ્થાથીજ તે ગરીબાઇ અને દુઃખમય સ્થિતિમાં ઉછર્યો હતો; અને તેનામાં માલૂમ પડતી ધીરજ, ખંત અને ઉદ્યોગ વગેરે ગુણો મોટે ભાગે તેની એવી પરિસ્થિતિને લીધેજ ખીલ્યા છે, એમ નિઃસંશય કહી શકાય.

તેનો ઇરાદો કાર્થેજ કૉલેજમાં એકેડેમીમાં અભ્યાસ કરવાનો હોવાથી તે માટે જોઈતું દ્રવ્ય તેણે લાકડાં કાપીને અને એવુંજ બીજું કામ કરીને મેળવ્યું હતું. તેની પાસે અભ્યાસ કરવા જતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે માત્ર ૨૪૦ રૂપીઆ હતા. આટલી નાની રકમ ઉપર તેના કરતાં કમહિંમત અને નિશ્ચયવાળા વિદ્યાર્થીએ આ પગલું કદાપિ ભર્યું ન હોત. ત્યાંનો અભ્યાસ પૂરો કર્યા પછી તે નૉક્ષ કૉલેજમાં જોડાઇને ૧૮૯૧ માં ગ્રેજ્યુએટ થયો, અને તે પછી પોતાના ગામમાં તે કૅશીઅર નીમાયો.

તે ભવિષ્યમાં કેવો થશે અને તેના વિચારો કેવું રૂપ લેશે, તેનો પૂરાવો તેના કૉલેજના અભ્યાસમાં બીજા વર્ષમાં મળી આવ્યો. અમેરિકાના દયાધર્મ વર્ધક મંડળે "ગુન્હા અટકાવવામાં દયામય કેળવણીની અસર" એ વિષય ઉપર સૌથી ઉત્તમ નિબંધ લખનાર કોઈ પણ કૉલેજના વિદ્યાર્થીને ૨૫ પાઉંડનું ઇનામ આપવાનું જાહેર કર્યું હતું. મિ. ટ્રાઇનનો નિબંધ કમિટિએ સૌથી ઉચ્ચ કોટિનો ગણ્યો, કારણ કે તેમાં તેની ઉત્તમ લેખનશૈલી તેમજ તે વિષયસંબંધી દિલસોજી પ્રકટ રીતે જણાઇ આવ્યાં હતાં. વિસ્કોન્સીન યુનિવર્સિટીમાં એક વર્ષ ગાળ્યા પછી તેણે બાલ્ટીમોર જ્હોન હોપ-કિન્સ યુનિવર્સિટીમાં જોડાઈ ઇતિહાસ, રાજકીય અને સામાજિક શાસ્ત્રનો અભ્યાસ કર્યો. આ સઘળો સમય ખાનગી શિક્ષણ આપી તેણે ગુજરાન ચલાવ્યું હતું.

જ્યારે આપણે વિચારીએ છીએ કે, મિ. ટ્રાઇન એકાંત અને જોખમદારી વિનાના સંયોગોમાં નહિ પણ વિવિધ અને કસોટી કાઢે તેવા પ્રસંગોમાંજ રહ્યો છે, ત્યારે તેની કલમ અને તેના જીવનની ભવ્યતા આપણા પર બમણી અસર કરે છે. તેણે શિક્ષણ અને ભાષણ આપવા ઉપરાંત ઘણા પ્રકારની મજૂરી કરી છે, ઉદ્યોગ કર્યા છે અને વર્ત-માનપત્રના ધંધામાં પણ કામ કર્યું છે. કેટલીક વાર તો શહેરના મોટા લત્તામાં કામવગરના અને ભૂખ્યા ફરવાનો પણ તેને પ્રસંગ આવેલો છે.

કેટલાંક વર્ષથી તે સમાજ તથા અર્થશાસ્ત્રને લગતા કામમાં ઘણોજ અગત્યનો ભાગ લે છે. તેનાં પુસ્તકો 'ચૈતન્યપ્રદ પુસ્તકો' તરીકે અમેરિકામાં ગણવામાં આવ્યાં છે.

તેનાં પુસ્તકોની દરેક દેશમાં ચારે બાજુએથી માગણી થાય છે. લોકો સજીવ ધર્મની શોધમાં છે, એ વાતની આ માગણીથી સાબીતી મળે છે. તેનાં પુસ્તકોનાં અનેક ભાષામાં ભાષાંતર થયાં છે.

તેની ભાષામાં ખાસ માધુર્ય રહેલું છે. તે ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વજ્ઞાનના વિચારો ઘણીજ રસમય અને સરળ વાણીમાં પ્રકટ કરી શકે છે. તેનો સંદેશો અભણ તેમજ શિક્ષિત વર્ગ એકસરખી રીતે વાંચી સમજી શકે છે. તેની લોકપ્રિયતાનું મુખ્ય કારણ એ છે કે, તે હૃદયથી અને જાતિઅનુભવથી બોલે છે, તેમજ હૃદયની ભાવના-ઓને સારા સ્વાંગમાં બીજાઓ સન્મુખ જણાવવાની તે અનુપમ શક્તિ ધરાવે છે.

('બુકનોટ્સ સપ્લિમેન્ટ'પરથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતા વિષે જાણવા જેવા વિચાર

(સારાંશરૂપે)

" 'ગીતા' એ ઉપનિષદો અને શાસ્ત્રોનું સત્ત્વ છે. × × ધર્મ-પ્રચારનું ઉત્તમ સાધન છે. × × શક્તિનો ખજાનો છે. × × માત્ર એક મહાભારતમાંજ ગીતાને વિસ્તારથી સમજાવનારાં દૃષ્ટાંત મળી શકે છે." **ભાઈ પરમાનંદજી**

"એ ગ્રંથ એટલો અમૂલ્ય અને આધ્યાત્મિક ભાવોથી ભરેલો છે કે, હું વખતોવખત પરમાત્માને એજ પ્રાર્થના કર્યા કરૂં છું કે, તે મારા ઉપર એવી દયા કરે અને શક્તિ આપે કે જેથી હું મૃત્યુ-પર્યંત ગીતાનો સંદેશ એક સ્થાનથી બીજા સ્થાનમાં પહોંચાડી શકું." **સાધુ ટી. એલ. વસવાણી**

"શ્રીકૃષ્ણના ઉપદેશોમાં શાસ્ત્રકથિત લગભગ બધા ધાર્મિક વિષયોનું તત્ત્વ આવી ગયું છે. તેની ભાષા એટલી ગંભીર અને ઉત્કૃષ્ટ છે કે જેથી તેનું 'ભગવદ્‌ગીતા' અથવા 'ઈશ્વરીય સંગીત'ના નામથી પ્રસિદ્ધ થવું યોગ્યજ છે." **કે. ટી. તૈલંગ**

"આપણે આપણાં બાળકોને પ્રથમથીજ ગીતાનો પાઠ કરવાની ટેવ પાડવી જોઇએ. આપણી નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ગીતા સિવાય બીજા કોઈ શિક્ષક કે માર્ગદર્શકની જરૂર નથી." **ટી. સી. કેશવાલુ પિલ્લે**

"વ્યાસમુનિએ ગીતાશાસ્ત્ર આ રૂપે રચીને હિંદુઓને એક તંતુથી બાંધી દીધા છે. ગીતા તરફ આપણે પૂરતું ધ્યાન આપીએ તો આજથીજ સંસારમાંથી બધાં વેરઝેર નાશ પામે." **ભક્તરામ શર્મા**

"ધર્મનાં ગૂઢ રહસ્યોને થોડાક સરળ અને સુરસ શબ્દોમાં પ્રકટ કરવાની અપૂર્વ શક્તિ શ્રીગીતાજીમાંજ છે." **લક્ષ્મણજી શાસ્ત્રી**

"તે ગૃહસ્થનાં કર્તવ્યોનું એક પૂર્ણ ધર્મશાસ્ત્ર છે." **ટી. વી. અય્યર**

"સંસારભરમાં ગીતા જેવો કોઇ પણ ગ્રંથ નથી." **લો૦ તિલક**

"ગીતાને ધર્મનો સર્વોત્તમ ગ્રંથ માનવાનું કારણ કે, તેમાં જ્ઞાન, કર્મ અને ભક્તિ, ત્રણેને એવો યોગ્ય ન્યાય અપાયો છે કે જેવું સામંજસ્ય બીજા કોઈ ગ્રંથમાં નથી! × × આવો અપૂર્વ ધર્મ, આવું અપૂર્વ ઐક્ય, કેવળ ગીતામાંજ દેખાય છે. આવી અદ્‌ભુત ધર્મવ્યાખ્યા કોઇ પણ દેશમાં કોઇ પણ કાળે કોઇએ કરી નથી." **સાહિત્યસમ્રાટ બંકિમ બાબુ**

" 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા' એ ઉપનિષદ્‌રૂપી બગીચાઓમાંથી વીણી કાઢેલાં આધ્યાત્મિક સત્યોરૂપી પુષ્પોથી ગુંથેલી એક અતિ સુંદર છડી કિંવા કલગી છે." **સ્વામી વિવેકાનંદ**

"જે કોઇ ગીતાગ્રંથ બીજાઓને આપે તેણે લોકોને માટે મોક્ષ-સુખનું સદાવ્રત ખોલેલું જાણવું. × × ગીતારૂપી માતા અને મનુષ્યોરૂપી બાળકો છૂટાં પડેલાં ભટકે છે, તેમનો મેળાપ કરાવી આપવો, એ તો સર્વ સજ્જનોનો મુખ્ય ધર્મ છે." **શ્રી જ્ઞાનેશ્વર**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોઇ પણ જાતિને ઉન્નતિને શિખરે ચઢાવવામાં ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે." **વૉરન હેસ્ટિંગ્સ**

"ગીતાગ્રંથ બુદ્ધિની પ્રખરતા, આચારની ઉત્કૃષ્ટતા અને ધાર્મિક ઉત્સાહનું અપૂર્વ મિશ્રણ રજુ કરે છે." **ડૉ૦ મેકનિકલ**

"રાષ્ટ્રીય ધર્મગ્રંથ ગણાવામાં જે જે નિયમો જરૂરી છે તે બધા ભગવદ્‌ગીતામાં મળે છે; એટલુંજ નહિ પણ ભાવી વિશ્વધર્મનો એ એક સર્વોત્કૃષ્ટ ધર્મગ્રંથ છે." **એફ. ટી. બ્રુકસ**

"બાઇબલનો મેં યથાર્થ અભ્યાસ કર્યો છે. × × એમાં જે લખ્યું છે તે માત્ર ગીતાના સારરૂપે છે. × × જે જ્ઞાન ગીતામાં છે તે ઇસાઇ કે યહુદી બાઇબલોમાં નથી. × × મને આશ્ચર્ય થાય છે કે, ભારતીય નવયુવકો શામાટે અહીં યુરોપ સુધી વિજ્ઞાન શીખવા આવે છે? નિઃસંદેહ એનું કારણ તેમનો પાશ્ચાત્ય દેશો પ્રત્યેનો મોહ છે. તેમનાં ભોળાં હૃદયોએ હજુ નિર્દય અને અવિનયી પશ્ચિમવાસીઓનાં હૃદય ઓળખ્યાં નથી. વિદેશી શિક્ષણથી મળતી ભપકાદાર પદવીઓની લાલચે તેઓ એ સ્વાર્થીઓની ઇંદ્રજાળમાં ફસાય છે; પણ જે દેશ યા સમાજને ગુલામીમાંથી છૂટવું હોય તેને માટે તો એ માર્ગ અધોગતિનો-જ છે. × × × ગીતા દુનિયાની અઢળક સંપત્તિ વડે પણ ખરીદી શકાય નહિ, એવો ભારતવર્ષનો અમૂલ્ય-અલૌકિક ખજાનો છે." **લંડનવાસી યાહુદી એફ. એચ. મોલેમ**

"ગીતામાં એટલું ઉત્તમ અને સર્વવ્યાપી જ્ઞાન છે કે તેના લખનાર દેવતાને અગણિત વર્ષો થઇ જવા છતાં એવો બીજો એકે ગ્રંથ હજીસુધી લખાયો નથી. × × ગીતાની સાથે સરખાવતાં આખા જગતનું હાલનું બીજું બધું જ્ઞાન મને તુચ્છ લાગે છે. × × હું રોજ પ્રાતઃકાળે મારા હૃદય અને બુદ્ધિને ગીતારૂપી પવિત્ર જળમાં સ્નાન કરાવું છું." **મહાત્મા થૉરો**

"સંસારના બધા ગ્રંથોમાંથી ક્યાંય પણ ભગવદ્‌ગીતા જેવા સૂક્ષ્મ અને ઉન્નત વિચારો મળતા નથી." **વિ૦ હુમ્બોલ્ટ**

"આ ગ્રંથ માત્ર હિંદુઓનોજ નહિ પરંતુ સમસ્ત માનવજાતિનો છે." **મહેરબાબાજી**

"તે પુરુષ અને સ્ત્રી મહાભાગ્યશાળી છે કે જેમને આ સંસારના અંધકારથી ભરેલા સાંકડા માર્ગોમાં પ્રકાશ આપનાર આ નાનકડો પરંતુ અખૂટ તેલથી ભરેલો ધર્મપ્રદીપ પ્રાપ્ત થયો છે." **મદનમોહન માલવીયા**

"એક વાર મારો અંતકાળ પાસે જણાયો ત્યારે ગીતા મને બહુજ આશ્વાસનરૂપ થઇ હતી." **મહાત્મા ગાંધીજી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"गीता मे हृदयं पार्थ गीता मे सारमुत्तमम् ।
गीता मे ज्ञानमत्युग्रं गीता मे ज्ञानमव्ययम् ॥
गीता मे चोत्तमं स्थानं गीता मे परमं पदम् ।
गीता मे परमं गुह्यं गीता मे परमो गुरुः ॥

"ગીતા એ મારૂં હૃદય છે; ગીતા મારો ઉત્તમ સાર છે; ગીતા મારૂં અતિ ઉગ્ર જ્ઞાન છે; ગીતા મારૂં અવિનાશી જ્ઞાન છે; ગીતા મારૂં ઉત્તમ સ્થાન છે; ગીતા મારૂં પરમપદ છે; ગીતા મારૂં પરમરહસ્ય છે અને ગીતા મારો પરમ ગુરુ છે." **ભ૦ શ્રીકૃષ્ણ**

"गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥

"સ્વયં વિષ્ણુના મુખારવિંદમાંથી નીકળેલા ગીતાશાસ્ત્રને ગાવા અને પાળવા જેવું મહાફળદાયક કર્તવ્ય હોવા છતાં અન્ય શાસ્ત્રોની ગડમથલમાં પડવાની શી જરૂર?" **મહર્ષિ વ્યાસ**

"गेयं गीता नामसहस्रं ध्येयं श्रीपतिरूपमजस्रम् ।
नेयं सज्जनसंगे चित्तं देयं दीनजनाय च वित्तम् ॥

"દુ:ખમાત્રની આત્યંતિક નિવૃત્તિ અને સચ્ચિદાનંદપદની નિત્યપ્રાપ્તિ માટે ગાન તો એક માત્ર ગીતાનું અને વિષ્ણુસહસ્રનામનું ગાવા યોગ્ય છે; ધ્યાન તો વારંવાર શ્રીપતિના સ્વરૂપનું ધરવા યોગ્ય છે; ચિત્ત તો સાધુસંગમાં પરોવવા યોગ્ય છે અને વિત્ત તો દીન–દુ:ખીઓને દેવા યોગ્ય છે." **ભ૦ શંકરાચાર્ય**

"कृष्णो जानाति वै सम्यक् किञ्चित् कुन्तीसुतः फलम् ।
व्यासो वा व्यासपुत्रो वा याज्ञवल्क्योऽथ मैथिलः ॥

"એક ભગવાન શ્રીકૃષ્ણજ ગીતાને યથાવત્ જાણે છે; અર્જુન, વ્યાસ, વ્યાસપુત્ર શુકદેવ, યોગી યાજ્ઞવલ્ક્ય, રાજા જનક એઓ તો તેમાંનું કંઈકજ જાણે છે." **ગીતામાહાત્મ્ય**

मोह को मिटाती प्रकटाती आत्मबोध शुद्ध ।
भीरुता भगाती युद्धवीरता जगाती है ॥
क्षणमें छुडाती अकर्मण्यता से निष्क्रयी को ।
कौन तू है, विश्व क्या है तथ्य समझाती है ॥
प्यारी योगियोंकी औ वियोगियोंकी भोगियोंकी ।
मरणोपरान्त मोक्षद्वार दिखलाती है ॥
जीवनमें विश्वविजयी का है पढाती पाठ ।
शान्ति सुखदात्री एक गीता कहलाती है ॥

(વિદ્યાભાસ્કર શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
૧ લું	વિશ્વનું ઉત્તમોત્તમ સત્ય	૨
૨ જું	મનુષ્યજીવનનું સર્વોત્તમ સત્ય	૬
૩ જું	આરોગ્ય અને શારીરિક બળ	૨૨
૪ થું	પ્રેમનો પ્રભાવ	૫૩
૫ મું	જ્ઞાન અને પ્રતિભા	૬૫
૬ ઠું	સંપૂર્ણ શાન્તિ	૮૫
૭ મું	પૂર્ણશક્તિની પ્રાપ્તિ	૯૫
૮ મું	વૈભવપ્રાપ્તિ	૧૦૬
૯ મું	મહાત્મા, જ્ઞાની, ઋષિ અને જગદુદ્ધારક થવાનો નિયમ	૧૧૬
૧૦ મું	સર્વ ધર્મોમાં રહેલી તત્ત્વની સમાનતા	૧૨૧
૧૧ મું	સર્વોત્કૃષ્ટ સંપત્તિ પામવાનો સરસ માર્ગ	૧૨૭

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૨	૧૮	સ્થાના	સ્થાન
૯૨	૧૬	પર્ણ	પૂર્ણ
૯૨	૨૫	શરીમાં	શરીરમાં
૧૦૧	૮	હોઈ	હોય
૧૦૯	૭	સ્થલરૂપમાં	સ્થૂલરૂપમાં
૧૧૨	૨૩	છટવા	છૂટવા
૧૨૧	૧	પ્રરણ	પ્રકરણ
૧૨૧	૧૫	સેવાન	સેવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુમય જીવન

પ્રસ્તાવના

આ વિશ્વમાં બે પ્રકારના મનુષ્યો છે. કેટલાક શુભદર્શી હોય છે. તેઓ દરેક બનાવમાં શુભ પરિણામજ જુએ છે અને અશુભદર્શીઓ અશુભજ જુએ છે. પ્રકાશ અને અંધકારના જેટલો મોટો ભેદ આ બે પ્રકારના મનુષ્યો વચ્ચે હોવા છતાં તેઓમાંનો દરેક માણસ પોતપોતાના દૃષ્ટિબિંદુથી અથવા અપેક્ષાથી ખરો છે. આથી આ દૃષ્ટિબિંદુજ દરેકના જીવનનું નિયામક છે; તથા એ જીવન બળવાન કે બળહીન બને, સુખી કે દુઃખી બને, અને વિજયી કે નિષ્ફળ નીવડે, તેનો સર્વ આધાર તેના પોતાના એ દૃષ્ટિબિંદુ ઉપરજ રહેલો છે.

શુભદર્શી મનુષ્ય દરેક વસ્તુસ્થિતિને તેને લગતા સર્વ સંયોગો તથા સંબંધો સહિત જોઇ શકે છે; ત્યારે અશુભદર્શી પુરુષ સંકુચિત દૃષ્ટિથી અને અમુક અપેક્ષાથી જુએ છે. વળી શુભદર્શીની સમજણ જ્ઞાનના પ્રકાશથી જાગ્રત્ થયેલી હોય છે, ત્યારે અશુભદર્શી અજ્ઞાનમાંજ ગોથાં ખાતો હોય છે. બન્ને પ્રકારના મનુષ્યો પોતપોતાના અંતરમાંથીજ પોતપોતાની સૃષ્ટિ રચે છે અને તે રચનાનું ફળ કેવું આવશે, તેનો આધાર પણ દરેકના પોતાના દૃષ્ટિબિંદુપરજ રહેલો હોય છે. શુભદર્શી મનુષ્ય પોતાના વિશેષ જ્ઞાન અને આંતરિક પ્રતિભાવડે પોતાને માટે સ્વર્ગની રચના રચે છે; અને જેટલા પ્રમાણમાં તે પોતાને માટે સ્વર્ગ રચી શકે છે, તેટલા પ્રમાણમાં આખા વિશ્વ માટે પણ તે સ્વર્ગ રચવામાં સહાયભૂત થાય છે; ત્યારે અશુભદર્શી મનુષ્ય પોતાના અજ્ઞાન અને સંકુચિત વિચારને લીધે પોતાને વાસ્તે નરક રચે છે અને બીજા માણસોને પણ નરક રચવામાં સહાયક બને છે.

તમારામાં અને મારામાં—દરેકમાં કાં તો શુભદર્શીપણાનો ગુણ વિશેષ હોય છે અથવા તો અશુભદર્શીપણાનો ગુણ વિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે. આ કારણથી દરેક કલાકે આપણે કાં તો આપણે માટે સ્વર્ગ રચીએ છીએ કે કાં તો નરક બનાવીએ છીએ; અને જેટલા પ્રમાણમાં આપણે આપણેમાટે સ્વર્ગ કે નરક રચીએ છીએ, તેટલાજ પ્રમાણમાં જગતને સારૂ પણ સ્વર્ગ કે નરક રચવામાં આપણે મદદગાર બનીએ છીએ.

સ્વર્ગ એટલે સંપ–ઐક્ય–સંગતિ–સંવાદ–વિશાળતા; અને નરક એટલે ભેદભાવ–અસંગતિ–વિવાદ–સંકુચિતપણું.

કોની સાથે સંપ–એકવાક્યતા થવાથી મનુષ્ય સ્વર્ગીય આનંદ પ્રાપ્ત કરી શકે અને કોની સાથે ભેદભાવ–કુસંપ થવાથી મનુષ્યને નરકનું દુ:ખ ભોગવવું પડે, એ વિચારવું એજ આ **લેખનો ઉદ્દેશ** છે. કારણ કે એ બાબત સમજવાથી એક એવી કુંચી મનુષ્યના હાથમાં આવી જાય છે, કે જેનાવડે તે ઇચ્છે તો સ્વર્ગનાં દ્વાર ઉઘાડી ઉચ્ચ આનંદ અનુભવે છે; અને ઇચ્છે તો નરકનાં દ્વાર ખોલી દુ:ખ અને દુ:ખજ જુએ છે. એ બેમાંથી કયું સાધન અને કયું પરિણામ પસંદ કરવું, તે કામ દરેક વાચકનું પોતાનું છે.

પ્રકરણ ૧ લું

વિશ્વનું ઉત્તમોત્તમ સત્ય

અનંત સામર્થ્યવાળું પરમતત્ત્વજ સર્વના આધારસ્વરૂપ છે, તેજ સર્વને 'જીવન' આપે છે અને સર્વમાં તથા સર્વદ્વારા તેજ પ્રકટ થાય છે. આ વિશ્વનું ઉત્તમોત્તમ સત્ય પણ એજ હોઇને એ સ્વયંભૂ તત્ત્વમાંથીજ આ સર્વ આવ્યું છે અને હજી પણ તેમાંથીજ આવ્યા કરે છે. જો દરેક વ્યક્તિમાં જીવન અથવા ચૈતન્ય છેજ, તો પછી જેમાંથી તે જીવન આવતું હોય એવું તે જીવનનું કોઇ એક અનાદિ અનંત મૂળ પણ ચોક્કસ હોવું જોઇએ. જો આ જગતમાં પ્રેમનો ગુણ આપણી નજરે પડતો હોય, તો તે પ્રેમનું પણ કોઇ એક અનંત અપાર મૂળ હોવુંજ જોઇએ; અને એજ પ્રમાણે આ જગતમાં જો કાંઇ પણ જ્ઞાન રહેલું હોય, તો તે જ્ઞાન જેમાંથી ઉદ્‌ભવી શકે તેવું જ્ઞાનનું કોઇ એક અનંત અખૂટ મૂળ પણ હોવુંજ જોઇએ. આ નિયમ ગતિને, શાંતિને અને જગતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જડ વસ્તુઓને પણ એકસરખી રીતે લાગુ પડે છે.

આ ઉપરથી એટલું તો અવશ્ય સમજાયું હશે કે, સર્વની પાછળ અનંત શક્તિ અને અખૂટ ચેતનમય પરમાત્મતત્ત્વ રહેલું હોઇ તેજ સર્વનું મૂળ છે. જે મહાન અચળ નિયમો અને શક્તિઓ આ સમગ્ર વિશ્વમાં અને આપણી આસપાસ દશે દિશાએ આવી રહેલાં છે, તે નિયમો અને તે શક્તિઓમાંથીજ આ અખૂટ શક્તિવાળું જીવન પ્રાણીઓરૂપે હયાતીમાં આવે છે અને પોતપોતાનું કામ કરે છે.

આપણા દરરોજના જીવનનું દરેક કાર્ય તે મહાન નિયમો અને શક્તિઓને અનુસરીનેજ થાય છે. રસ્તાની બાજુએ ઉગતું દરેક પુષ્પ વધે છે, ખીલે છે અને કરમાય છે, તે પણ તે મહાન અને અચળ નિયમોનુંજ કાર્ય હોય છે. હિમના ઢગલા બંધાય છે, તૂટી પડે છે, ઓગળે છે, જળરૂપ થાય છે, વરાળરૂપ થાય છે, વાદળરૂપ થાય છે અને વળી પાછા હિમરૂપે થાય છે. તે તમામ ક્રિયાઓ એ મહાન ને અચળ નિયમોવડેજ થતી હોય છે.

એક રીતે કહીએ તો આ વિશ્વમાં નિયમ સિવાય બીજું કશુંજ નથી; અને જો એ વાત સત્યજ હોય તો પછી તે નિયમોને રચનાર કાંઇક બળ-કાંઇક તત્ત્વ પણ હોવુંજ જોઇએ; અને તે આ નિયમો કરતાં પણ વધારે સામર્થ્ય ધરાવનાર હોવું જોઇએ. એ અનંત જીવન અને અનંત બળરૂપી જે મહાન તત્ત્વ પ્રત્યેક વસ્તુ અને સ્થિતિની પાછળ રહેલું છે, તેને આપણે પ્રભુ અથવા પરમાત્મા કહીશું. તમે તેને પ્રકાશ કહો, સર્વ શક્તિ કહો, પરમતત્ત્વ કહો અથવા બીજું ગમે તે નામ આપો; તેથી તેમાં રતિમાત્ર ભેદ પડતો નથી. જો આપણે આ મુખ્ય વિચારમાં મળતા આવીએ તો પછી તમે તેને કર્મ, સ્વભાવ, ઈશ્વર કે કયું નામ આપો છો, એ કાંઇ મહત્ત્વની વાત નથી.

આ ઉપરથી સમજાયું હશે કે, પરમાત્મા એવા અનંત અગાધ ચૈતન્યરૂપ છે, કે જેણે વિશ્વને પોતાનાથી ભરી નાખેલું છે, જેમાંથી સર્વ કાંઇ ઉત્પન્ન થાય છે; જેનામાં સર્વ કાંઇ રહે છે અને જેની બહાર કોઇ પણ વસ્તુ અથવા સ્થિતિ રહી શકતીજ નથી. ખરૂં જોતાં આપણે પ્રત્યેક તે પરમાત્મામાંજ રહીએ છીએ, ફરીએ છીએ અને અસ્તિત્વ ધરાવીએ છીએ. આપણું જીવન અથવા તો આપણા જીવનનું જીવન-જે કાંઇ કહો તે એજ છે. આપણે તેજ પરમાત્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વમાંથીજ આપણું જીવન મેળવ્યું છે અને નિરંતર મેળવ્યા કરીએ છીએ. આપણે તે પરમાત્માનાજ એક અંશરૂપે–અર્થાત્ વ્યક્તિરૂપે છીએ અને તે પરમાત્મતત્ત્વજ સમષ્ટિરૂપ હોઈને તેમાંજ આપણે અને સર્વ કોઇ સમાઇ રહેલાં છીએ. આપણામાં અને પરમાત્મ-તત્ત્વમાં એટલો ઉપાધિભેદ રહેલો છે; પરંતુ મૂળ વસ્તુસ્વરૂપે તો પરમાત્મતત્ત્વ અને આપણું વ્યક્તિગત જીવન એકજ વસ્તુ છે. બંનેના અસલી ગુણમાં અને મૂળ સ્વરૂપમાં જરા પણ ભેદ નથી. ભેદ કાંઇ પણ હોય તો તે માત્ર પ્રમાણનો અથવા વત્તા–ઓછા-પણાનોજ છે.

તત્ત્વજ્ઞાનનો પ્રકાશ પામેલા ઘણા જીવો એમ માને છે કે, આપણે આપણું જીવન પરમાત્મતત્ત્વમાંથી વહેતા પ્રવાહની પેઠે મેળવીએ છીએ; અને બીજા કેટલાક એમ જણાવે છે કે, આપણા જીવનની પરમાત્મતત્ત્વ સાથે એકતા અથવા અભેદ છે–એટલે કે મનુષ્ય અને પરમાત્મા એકજ છે. ત્યારે આ બન્નેમાં ખરૂં કોણ? બન્ને ખરા છે. જો બરાબર સમજવામાં આવે તો બન્નેનું કહેવું સત્ય છે.

પહેલો મત આપણે વિચારીએ. જેમાંથી આ સર્વ ઉદ્‌ભવ્યું છે, તે પરમાત્મતત્ત્વજ જો સર્વના આધારરૂપે રહેલું છે, તો પછી આપણું વ્યક્તિગત જીવન પણ એ તત્ત્વમાંથીજ નિરંતર વહ્યાં કરે છે. જો આપણે બીજા મત પ્રમાણે એમ માનીએ કે, આપણા વ્યક્તિગત જીવાત્માઓ એ પરમાત્માના અંશરૂપ છે, તોપણ વ્યક્તિઓમાં પ્રકટ થયેલું જીવન તેનાં મૂળ સાથે–પરમાત્મતત્ત્વ સાથે એકરૂપજ હોવું જોઇએ. જેવી રીતે સમુદ્રમાંથી લીધેલું જળનું બિંદુ તેના મૂળ સમુદ્ર સાથે એકરૂપ હોય છે, તેજ નિયમ અહીં પણ લાગુ પડે છે; છતાં આમાં પણ ભૂલ થવાનો સંભવ છે. જો કે પરમાત્મતત્ત્વ અને વ્યક્તિજીવન મૂળમાં એકસરખાં છે, છતાં વ્યક્તિજીવન કરતાં પરમાત્મતત્ત્વ એટલું બધું ઉત્તમ અને અમાપ છે કે તેમાં સર્વ દેશ–કાળ, વસ્તુ–સ્થિતિઓ અને પ્રાણી–પદાર્થ સમાઇ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો મૂળસ્વરૂપનો વિચાર કરતાં સાગર અને તરંગ બંને જળરૂપ છે, તેની પેઠે એ બન્ને પણ એકરૂપજ છે; પણ શક્તિ ને માપનો વિચારકરતાં તો એ બન્નેમાં અત્યંત અંતર દેખાય છે.

જો આ રીતે વિચારીએ તો શું એમ પ્રતીત નથી થતું કે, બન્ને મતો ખરા છે; એટલુંજ નહિ પણ તે મતો એકજ બાબતને જુદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદી રીતે જણાવે છે? આપણે એક બીજું દૃષ્ટાંત લઇ આ બન્ને મતોની એકવાક્યતા વધારે સિદ્ધ કરીએ.

પર્વત ઉપર ખૂટે નહિ તેવું એક જળાશય છે, જેમાંથી ખીણમાં રહેલું એક નાનું જળાશય પાણી મેળવે છે. હવે આ નાના જળાશયમાં રહેલા જળની અને તેના મૂળ સ્થાનમાં રહેલા જળની જાતિ તો એકજ હોય છે. ફેર એજ કે, પર્વત ઉપર રહેલા જળાશયમાંનું જળ અસંખ્ય નાનાં જળાશયોને પૂરૂં પડી શકે અને તે છતાં પણ તેમાં જળની ખોટ કદી પડે તેમ નથી. આ રીતે બંનેના જળના જથામાં મોટો ભેદ છે ખરો.

માનવજીવનના સંબંધમાં પણ એમજ છે. બીજી બાબતોમાં આપણે ગમે તેટલો મતભેદ ધરાવીએ, છતાં હું ધારૂં છું કે, આપણે સઘળા આ બાબતમાં તો એકજ મતપર આવી શકીશું કે, સર્વની પાછળ અખૂટ ચૈતન્યરૂપ પરમાત્મા રહેલો છે, કે જે સર્વનું જીવન છે અને જેમાંથી સર્વ કોઇનું સર્વ પ્રકારનું જીવન આવે છે. આ પ્રમાણે હોવાથી તમારૂં, મારૂં અને સર્વ કોઇનું વ્યક્તિગત જીવન પણ એજ દિવ્ય પ્રવાહદ્વારા અને એજ અનંત મૂળમાંથી આવવું જોઈએ અને દરેક પ્રાણીમાં રહેલું જીવન મૂળસ્વરૂપે તો પરમાત્મતત્ત્વજ હોવું જોઇએ; અને એમાં ભેદ છે તે **સ્વરૂપને** લગતો નથી, પરંતુ માત્ર **પ્રમાણ**નેજ લગતો છે.

જો આ બાબત સત્ય હોય તો શું એ ઉપરથી એમ ફલિત થતું નથી કે, **જેટલા પ્રમાણમાં મનુષ્ય આ દિવ્ય પ્રવાહ તરફ પોતાના હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખે છે, તેટલા પ્રમાણમાં તે પરમાત્મતત્ત્વની નજદીકમાં આવતો જાય છે;** અને જેટલા પ્રમાણમાં તે નજદીકમાં આવતો જાય છે, **તેટલાજ પ્રમાણમાં પરમાત્માની શક્તિઓ તેનામાં પ્રકટ થતી ચાલે છે?** વળી જ્યારે એ પરમાત્મતત્ત્વ અનંત-અખૂટ છે, તો પછી તે અનુભવવામાં **મનુષ્યને જે વિઘ્નો જણાય છે, તે વિઘ્નોનો ઉત્પન્ન કરનાર પણ તે પોતેજ છે;** કારણ કે ઉપર કહેલા 'સત્ય'નું તેને 'ભાન' નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨ જું

મનુષ્યજીવનનું સર્વોત્તમ સત્ય

વિશ્વનું પરમ સત્ય આપણે ગયા પ્રકરણમાં વિચારી ગયા કે, પરમાત્મતત્ત્વજ સર્વના આધારરૂપ છે અને તેમાંથીજ સર્વ જીવન આવે છે. હવે એ પરમ સત્યને જાણ્યા પછી મનુષ્યજીવનનું સર્વોત્તમ સત્ય શું છે, તે જાણવાની આપણને સ્વાભાવિક ઇચ્છા થાય છે. દરેક વિચારવંત મનુષ્યને તો પાછલા પ્રકરણ ઉપરથી આ નવા પ્રશ્નનો જવાબ પણ સમજાઈ ગયોજ હશે. **તે પરમાત્મતત્ત્વ સાથે જ્ઞાનપૂર્વક સંબંધમાં આવવું અને તેમાંથી વહેતો પ્રકાશ ઝીલવાને પૂર્ણ લાયક બનવું**, એજ તમારા, મારા અને દરેક મનુષ્યના જીવનનું પરમ લક્ષ્ય થવું જોઈએ; કેમકે માનવજીવનની ઉચ્ચમાં ઉચ્ચ દશા એજ હોઇને એમાંજ સર્વ વસ્તુસ્થિતિઓ સમાઇ જાય છે અને સર્વ બાબતો તેમાંથીજ ઉત્પન્ન થાય છે. જેટલા પ્રમાણમાં આપણે **જ્ઞાનપૂર્વક** તે પરમાત્મતત્ત્વની સાથે ઐક્ય અનુભવીએ છીએ અને જેટલા પ્રમાણમાં તે દિવ્ય પ્રવાહને ગ્રહણ કરવાને આપણે યોગ્ય બનતા જઇએ છીએ, તેટલા પ્રમાણમાં તે પરમાત્મતત્ત્વની શક્તિઓ અને ગુણો આપણામાં પ્રકટતાં ચાલે છે.

આનો અર્થ શું ? આનો અર્થ એજ છે કે, આપણે આપણું ખરૂં સ્વરૂપ જાણી શકીએ તેમ છીએ; અને જે રીતે જગતના મહાન પેગંબરો, ઋષિઓ, યોગીઓ, જગદુદ્ધારકો અને મહાન શક્તિવાળા સર્વ મહાપુરુષો જે મહાન નિયમો અને શક્તિઓ સાથે અનુકૂળ સંબંધમાં આવીને મહાન પ્રેરણાઓ અનુભવવાને લાયક થયા હતા, તેજ રીતે, તેજ નિયમોની સાથે આપણે પણ અનુકૂળ સંબંધમાં આવી શકીએ તેમ છીએ; અને આપણામાં પણ તેજ પ્રમાણમાં ઉચ્ચ શક્તિઓ પ્રગટ થઈને પોતાનું બળ દર્શાવે તેમ છે.

આપણે આપણા અજ્ઞાનને લીધે આ દિવ્ય પ્રવાહ સામે આપણાં હૃદયદ્વાર બંધ પણ રાખી શકીએ અને આ રીતે ઉચ્ચ શક્તિઓને આપણાદ્વારા પ્રકટ થતી અટકાવી પણ શકીએ. આપણા લોકોનો મોટો ભાગ અજ્ઞાનતાને લીધે આમજ કર્યા કરે છે; અને પોતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે સૃજાયલી ઉત્તમોત્તમ શક્તિઓને પોતામાં પ્રકટ થતી અટકાવે છે. આવી રીતે આપણે આપણો સ્વભાવસિદ્ધ **દિવ્ય હક્ક** વગર સમજ્યે જતો કરીએ છીએ; તેને બદલે પરમાત્મતત્ત્વ સાથેની આપણી આત્મભાવે એકતા જાણ્યા પછી જો એ દિવ્ય પ્રવાહને આપણી અંદર વહેવા દઇને તે વડે આપણામાં ઉચ્ચ શક્તિઓ તથા પ્રેરણાઓને પ્રકટ થવા દઈએ, તો આપણે પણ માત્ર **નામનાજ** મનુષ્ય રહેવાને બદલે ખરા અને દિવ્ય મનુષ્ય બની શકીએ તેમ છીએ.

દિવ્ય મનુષ્ય એટલે કોણ? મનુષ્ય છતાં જેનામાં પરમાત્મતત્ત્વની શક્તિઓ વ્યક્ત થઈ હોય તેજ દિવ્ય મનુષ્ય છે. કોઈ પણ પુરુષ અથવા સ્ત્રીના આવા પ્રકારના કુદરતી વિકાસ ઉપર કોઇ પણ અટકાવ નાખી શકે તેમ નથી. તેમના વિકાસમાં જો કાંઇ પણ અંતરાય નડતો હોય, તો તે અંતરાયને ઉત્પન્ન કરનાર પણ તે મનુષ્યો પોતેજ હોવાં જોઇએ. **મનુષ્યજાતિના વિકાસમાં અડચણ નાખનાર જો કાંઈ પણ ખાસ તત્ત્વ હોય તો તે તેનું અજ્ઞાનજ છે.** આ અજ્ઞાનને લીધેજ "પોતે પ્રભુમય જીવનના ખરા અધિકારી છે" એવો ખ્યાલ સુદ્ધાં તેમને આવતો નથી અને તેથીજ મનુષ્યજાતિનો મોટો ભાગ પોતાનું જીવન સંકુચિત, સ્વાર્થમય અને દુઃખમય રીતે ગાળી રહ્યો છે.

મનુષ્યજાતિના ઘણાખરા ભાગે હજી આ વાત જાણીજ નથી કે, પરમાત્મતત્ત્વ અને પોતાનું ચૈતન્ય, એ બન્ને મૂળમાં તો એકજ વસ્તુ છે. આ અજ્ઞાનને લીધેજ મનુષ્યો તે દિવ્ય પ્રવાહ તરફ તેમના હૃદયનાં દ્વાર ઉઘાડતાં નથી અને જે ઉચ્ચ શક્તિઓ તેમનાદ્વારા પ્રકટ થઈ શકે તેમ છે, તેને લાયક તેઓ બની શકતાં નથી. જ્યાંસુધી આપણે આપણને સામાન્ય મનુષ્ય લેખીએ છીએ, ત્યાંસુધીજ આપણે સામાન્ય મનુષ્ય રહીએ છીએ અને આપણી શક્તિઓ પણ ત્યાંસુધીજ સામાન્ય પ્રકારની રહે છે; પણ જ્યારે આપણને **ભાન** થાય છે કે, આપણે તો દિવ્ય મનુષ્ય છીએ અને પરમાત્માની બધી શક્તિઓ આપણેજ માટે છે; ત્યારથી તો આપણું જીવન પણ પલટાતું ચાલીને દિવ્ય શકિતઓ પણ આપણામાં પ્રકટતીજ ચાલે છે. અર્થાત્ **જેટલા પ્રમાણમાં દિવ્ય પ્રવાહ તરફ આપણે આપણા હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખીએ છીએ, તેટલાજ પ્રમાણમાં આપણે સાધારણ મનુષ્યમાંથી બદલાઇને દિવ્ય મનુષ્ય બનતા ચાલીએ છીએ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર ખીલી રહેલાં કમળોવાળું એક નિર્મળ જળથી ભરપૂર સરોવર એક ખેતરની આસપાસ આવેલું છે. થોડે દૂર ઉંચાણમાં આવેલા એક મોટા જળાશયમાંથી આ સરોવરને એક નીક વાટે પાણી પૂરૂં પાડવામાં આવે છે. એ નીકને છેડે એક દરવાજો છે, તેના ઉઘડવા ને બંધ થવા પર પાણી આવવાનો ને ન આવવાનો આધાર છે. એ સ્થળ અલૌકિક સૌંદર્યવાળું છે. સ્વચ્છ-નિર્મળ જળ ઉપર ગ્રીષ્મઋતુમાં ખીલેલાં કમળો ઝૂલતાં જણાય છે. તીરપર અનેક જાતના પુષ્પના છોડવાઓ ઉગી રહેલા છે. પાણી પીવા અને સ્નાન કરવાને પક્ષીઓ સવારથી સાંજસુધી ત્યાં આવ્યાજ કરે છે અને તેઓનો મધુર કિલકિલાટ સંભળાતોજ રહે છે. ભ્રમરો પણ પોતાનું જુદાં જુદાં પુષ્પો પરથી પરાગ મેળવવાનું કામ ત્યાં કરતાજ હોય છે. એ જળાશયની આસપાસમાં દૃષ્ટિ પણ ન પહોંચે ત્યાંસુધી અનેક જાતનાં ફળ-ફૂલવાળા છોડવાઓ, વૃક્ષો અને લતાઓથી એ સ્થાન ઘણુંજ રમણીય ને આનંદદાયક સર્વ કોઇને લાગે છે.

એ જમીનનો માલિક એક **'દિવ્ય મનુષ્ય'** છે. મનુષ્યજાતિ તરફ તે અત્યંત પ્રેમ રાખતો હોવાથી ત્યાં આગળ "આ ખાનગી જમીન છે" "આ રસ્તે જવાની રજા નથી" એવું તેવું પાટિયું મારવાને બદલે ઉલટું એવુંજ પાટિયું ચોઢવામાં આવ્યું છે કે "આ કમળસરોવર તરફ જવાની સર્વ કોઇને છૂટ છે." આથી સઘળા લોકો આ માલિકને ચાહે છે; કારણ કે તેઓ તેમ કર્યા સિવાય રહી શકતાજ નથી. માલિક પણ જે પોતાનું છે તે લોકોનુંજ છે, એમ સમજે છે અને સર્વપર પ્રીતિ રાખે છે.

આ સ્થળે નાનાં બાળકો પણ આનંદ કરવાને પુષ્કળ આવતાં જણાય છે. થાકીને કંટાળી ગયેલાં સ્ત્રી-પુરુષો આ સ્થળમાં વારંવાર આવે છે અને જ્યારે તેઓ ત્યાંથી ઘર તરફ પાછાં વળે છે, ત્યારે ઉંચી લાગણી સાથે ને હસતે ચહેરે જતાં માલમ પડે છે; કારણ કે આ દિવ્ય સ્થાનનો લાભ લેવાથી તેઓના મનપરનો બોજો ઓછો થયેલો હોય છે અને તેથી ઘણી વાર તો તેઓ આશિષ પણ આપતાં જાય છે કે "પરમાત્મા આ ઉદારાત્માનું ભલું કરે." ઘણા લોકો તો આ સ્થળને દેવતાઇ ભૂમિજ કહેતા. આ જગ્યાનો માલિક તેને 'ઈશ્વરી ઉદ્યાન' કહે છે અને પોતાની શાંતિના કેટલાય કલાક ત્યાંજ ગાળે છે. સૌના ગયા પછી પણ તે ત્યાં આગળ આમતેમ ફરે છે અને અજવાળી રાત્રિમાં એક બાંકડાપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસીને પુષ્પોની સુગંધ લેતો જણાય છે. તેનો સ્વભાવ ઘણોજ સાત્વિક છે. તે કહે છે કે, આવે વખતેજ જીવનની ખરી વસ્તુઓ તેને મળે છે. કેમકે **ઘણીખરી ઉમદા તથા લોકહિતની યોજનાઓ આવે વખતેજ એકાએક પ્રેરણાની માફક તેને સૂઝી આવે છે.**

તે સ્થળ અને તેની આસપાસનું વાતાવરણ દયા, દિલસોજી, શુભ ભાવના અને આનંદથી વ્યાપેલું રહે છે. પશુઓ જ્યારે એ સરોવરના કિનારે જળ પીવાને આવે છે, ત્યારે તેમને પણ મનુષ્યોના જેટલોજ આનંદ થાય છે. અને તેમને જોઇને તેમના તરફ નજર કરનારના હૃદયમાં પણ આનંદની ઉર્મિ ઉછળી આવે છે.

તે સરોવરનો દરવાજો નિરંતર ખુલ્લો રાખવામાં આવે છે અને તેથી ત્યાં એટલું બધું પાણી આવે છે કે ખેતરને જોઇતું પાણી મળવા ઉપરાંત પશુપક્ષીઓને અને માણસોને પણ નિર્મળ અને સ્વચ્છ જળ પૂરૂં પાડે છે તથા વધારાનો પ્રવાહ આસપાસનાં ખેતરો તરફ વહીને તેમની પણ ખીલવણી કરે છે.

હવે એક સમયે આ જગ્યાના માલિકને એક વર્ષસુધી બીજે ગામ જવું પડયું. તે દરમિયાન તેણે, દુનિયા જેને વ્યવહારકુશળ કહે છે એવા એક મનુષ્યને એ જાગીર ભાડે આપી. જેમાં ખિસ્સું ન ભરાતું હોય એવી કોઇ પણ બાબત કરવાને માટે આ નવા મનુષ્યને જરાયે સમય મળતો નહોતો. તે પદ્મસરોવર જે દરવાજાથી જળાશય સાથે જોડાયેલું હતું, તે દરવાજો તેણે તરતજ બંધ કરી દીધો; અને તેથી પર્વતપરથી ઉતરી આવતો નિર્મળ પ્રવાહ બંધ થઈ ગયો. "સર્વને આવવાની છૂટ છે" એવું જે પાટિયું ત્યાં ચોઢેલું હતું, તે પણ આ નવા પુરુષે ઉપડાવી લીધું. આથી કરીને પ્રથમ જે આનંદી બાળકો અને સ્ત્રીપુરુષો ત્યાં ફરવા આવતાં તે હવે આવતાં જણાતાં નથી અને દરેક વસ્તુ ફેરવાઇ ગયેલી જણાય છે. નવજીવન આપનાર જળના અભાવે એ સરોવરનાં કમળો અને પુષ્પો હવે સૂકાવા લાગ્યાં અને રોપાઓ પણ સૂકાઈને ઢળી પડવા લાગ્યા. નિર્મળ અને સજીવ જળમાં આનંદ કર્યા કરતી માછલીઓ પણ હવે ધીમે ધીમે મરવા લાગી અને તેથી તે સરોવરની પાસે જે કોઇ આવે તેને દુર્ગંધ આવવા લાગી. કિનારાપર જે પુષ્પો ખીલતાં હતાં તે સૂકાઇ ગયાં; જળ પીવા અને ક્રીડા કરવા આવતાં પક્ષીઓ અટકી ગયાં; મધુકરોનો આનંદજનક **ગણગણાટ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધ થઇ ગયો અને નિર્મળ જળ મળતું અટકી જવાથી પશુઓ પણ આવતાં બંધ થયાં.

આ પ્રમાણે આ સરોવરની અત્યારની અને પ્રથમની સ્થિતિમાં જે ભેદ જણાતો હતો તેનું કારણ એજ હતું કે, પર્વતપરના વિશાળ જળાશયમાંથી સરોવરમાં જળ આવવાનો જે દરવાજો હતો તે બંધ કરવાથી સરોવરને જીવંત જળ મળતું તે બંધ થઇ ગયું હતું.

આ બનાવ મનુષ્યના જીવનને મળતો આવે છે, એમ શું આપણી દૃષ્ટિએ નથી પડતું ? જે પ્રમાણમાં આપણે પરમાત્મતત્ત્વ સાથેનું આપણું ઐક્ય અને સંબંધ સ્વીકારીએ છીએ અને જે પ્રમાણમાં તેના દિવ્ય પ્રવાહને ગ્રહણ કરવા માટે આપણા હૃદયનાં દ્વાર આપણે ખુલ્લાં રાખીએ છીએ તથા જેટલા પ્રમાણમાં આપણે એ સર્વવ્યાપી, સર્વશ્રેષ્ઠ, સૌથી વધારે શક્તિમાન અને સૌથી સુંદર પરમાત્મતત્ત્વની સાથે એકરૂપ થઇએ છીએ, તેટલા પ્રમાણમાં આપણામાંથી પણ એ દિવ્ય તત્ત્વ ચારે તરફ વહેવા લાગે છે અને આપણી સાથે સંબંધમાં આવનારા મનુષ્યો વગેરેને પણ એ દિવ્ય પ્રવાહનો લાભ મળે છે. વિશ્વના અને આપણા સર્વના શ્રેષ્ઠ મિત્રરૂપ પરમાત્મા, એ અખૂટ અમાપ સરોવરને ઠેકાણે છે; નાનું સરોવર તે આપણું શરીર છે; અને જળ આવવાનો દરવાજો એ આપણું પોતાનું હૃદય છે. જેટલા પ્રમાણમાં 'પરમાત્મતત્ત્વ' સાથેનું આપણું ઐક્ય સ્વીકારવામાં આપણે નિષ્ફળ નિવડીને એ દિવ્ય જીવનપ્રવાહ સામે આપણે આપણા હૃદયદ્વારને બંધ કરીએ છીએ, તેટલા પ્રમાણમાં પ્રથમ તો આપણે પોતેજ એવી અવદશામાં સુકાઇએ છીએ, કે જેથી આપણને સુખસામર્થ્ય, પોષણસંપત્તિ કે ઉન્નતિ જેવું કશું મળતું નથી; અને તેથી આપણા પરિચયમાં આવનારને પણ લાભ નહિ મળતાં હાનિજ થાય છે.

આ 'કમળસરોવર'માં અને માનવજીવનમાં એક ભેદ છે. જે મોટું જળાશય તેના મૂળરૂપ છે, તેમાંથી વહેતું પાણી પોતામાં આવે, તેટલા સારૂ દરવાજો ઉઘાડવાનું બળ નાનઃ સરોવરમાં નહિ હોવાથી એ બાબતમાં તેનો આધાર બાહ્યસાધનપરજ રહે છે; પણ તમારા ને મારામાં તો તે સત્તા રહેલી છે. એ દિવ્ય જીવનના પ્રવાહ તરફ આપણા હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખવાં કે બંધ કરવાં, એ તો આપણી પોતાનીજ સત્તાની વાત છે. આપણાજ વિચારબળથી આ શક્તિ આપણામાં ખીલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'માનવજીવન' પરમાત્મતત્ત્વમાંથીજ ઉદ્ભવતું હોવાથી પરમાત્મતત્ત્વ સાથે તેને સંબંધ છે; માનવજીવનનો એક તરફ આસપાસ આવેલી દુનિયા સાથે સંબંધ છે; તો બીજી તરફ 'વિચાર' અથવા મન એ આપણા માનવજીવનને પરમાત્મતત્ત્વ સાથે જોડનારી નહેર જેવું છે.

આ વિષયપર વધારે વિવેચન કરવા પહેલાં આપણે **વિચારનું** સ્વરૂપ પણ જાણવું જોઇએ. ઘણી વાર ધારવામાં આવે છે તેમ 'મન' અથવા 'વિચાર' એ કાંઇ માત્ર અનિશ્ચિત કલ્પના અથવા હવાઈ ખ્યાલ નથી; પણ એક પ્રબળ, સૂક્ષ્મ અને મોટામાં મોટી શક્તિ છે.

વિચાર એ શકિત છે, તે સાબીત કરવા માટે હાલમાં પ્રયોગશાળામાં પ્રયોગો કરવામાં આવે છે. તેઓને અમુક આકાર, રંગ, ગુણ અને શક્તિ હોય છે અને વિચારનું શાસ્ત્ર પણ છે, એમ તે પ્રયોગોદ્વારા સાબીત થતું ચાલે છે. તે ઉપરથી પણ સમજાય છે કે, વિચારશક્તિદ્વારા જે ઉત્પાદક શક્તિ પ્રગટ થાય છે, તે શક્તિ માત્ર નામનીજ નહિ પણ વાસ્તવિક હોય છે.

આપણી આસપાસ આવેલી સ્થૂળ દુનિયામાંની પણ દરેકે દરેક ચીજની ઉત્પત્તિ વિચારમાંથીજ છે; કેમકે એ વિચારજ પાછળથી આકારનું રૂપ લે છે. પ્રત્યેક કિલ્લો, પ્રત્યેક મૂર્તિ, પ્રત્યેક ચિત્ર, પ્રત્યેક યંત્ર—ટુંકમાં કહીએ તો પ્રત્યેક જડ વસ્તુની ઉત્પત્તિ પ્રથમ તેના ઉત્પાદકના મનમાં વિચારરૂપે ઉદ્ભવ્યા પછીજ તે દશ્ય યા સ્થૂળ રૂપમાં પ્રકટ થઈ હોય છે. જે વિશ્વમાં આપણે રહીએ છીએ, તે વિશ્વ પણ સર્વના આધારરૂપ પરમાત્માનાજ વિચારનું ફળ છે. આપણને માલૂમ પડયું છે તેમ જો આ વાત સત્ય હોય કે, પરમાત્માની સાથે સ્વરૂપથી આપણે એકજ છીએ અને તેથી પરમાત્મતત્ત્વ સાથે આપણું ઐકય છે, તોપછી આપણામાં આપણે એ તત્ત્વ સાથે જ્ઞાનપૂર્વક ઐકય અનુભવીએ, તેટલા પ્રમાણમાં આપણામાં પણ પરમાત્મતત્ત્વના જેવી ઉત્પાદકશક્તિ પ્રકટ થાય તેમાં શું આશ્ચર્ય છે?

કોઇ પણ વસ્તુ દશ્યજગતમાં પ્રકટ થાય યાને જોવામાં આવે તે પહેલાં તો તે અદશ્ય જગતમાં હયાતી ધરાવતીજ હોય છે. આ ઉપરથી સાબીત થાય છે કે, **અદશ્ય જગત કારણરૂપ છે અને દશ્યજગત કાર્યરૂપ છે;** તેમજ અદશ્ય વસ્તુઓની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરખામણીમાં દશ્ય વસ્તુઓ અનિત્ય અને પરિણામી છે.

'શબ્દની શક્તિ' એ અક્ષરશઃ શાસ્ત્રીય સત્ય છે. આપણે પ્રથમ વિચારી ગયા કે, વિચારોમાંથીજ આપણામાં ઉત્પાદન શક્તિ પ્રગટ થાય છે. જેને આપણે બોલાયેલો "શબ્દ" કહીએ છીએ, એ પણ માત્ર અંતરવિચારનું બાહ્યસ્વરૂપજ છે. એ વિચાર-શક્તિ બાહ્યરૂપમાં અથવા સ્થૂલ સ્વરૂપમાં પ્રકટ થાય તે પૂર્વે એકાગ્રતાની, જ્ઞાનની, ઇચ્છાની અને પ્રયત્નની પણ જરૂર રહે છે. 'હવામાં કિલ્લા બાંધવા' વિષે લોકો અનેક પ્રકારની વાતો કરે છે અને હવામાં કિલ્લા બાંધવાની ટેવવાળાને લોકો માનની દૃષ્ટિથી જોતા નથી. પણ જમીન પર આપણે રહીએ અને સ્થૂળ કિલ્લાઓ બાંધીએ તે પૂર્વે આપણને હવામાંજ કિલ્લા બાંધવા પડે છે; માટે હવામાં કિલ્લા બાંધવા એ કોઇ રીતે ખરાબ નથી. એટલું તો ખરૂંજ કે, હવામાં કિલ્લા બાંધનારો માણસ જો તેથી આગળ વધીને પોતાના જીવનમાં તે કિલ્લાઓને સ્થૂલ-મૂર્ત સ્વરૂપ આપતો નથી, તો તે મનુષ્ય હવાઇ કિલ્લા બાંધવા-નું અગત્યનું કામ કરવા છતાં પણ બાકીનું તેટલીજ અગત્ય-નું કામ તે પડયું રહેવા દે છે; અને ઝાડ અધું ઉછેર્યા પછી અટકનારની પેઠે ફળફૂલથી બેનશીબ રહે છે.

વિચારશક્તિના સંબંધમાં એક અગત્યની બાબત એ છે કે, **વિચારમાં પોતાના જેવા બીજા વિચારોને પોતાના તરફ ખેંચવાનું બળ રહેલું** છે અને વિશ્વમાં તેમજ વિચારશક્તિ-ની બાબતમાં એક મહાનિયમ પ્રવર્તી રહેલો છે કે, **સમાન વસ્તુઓ એકબીજાને પોતાના તરફ આકર્ષે છે.** આપણે આપણા વિચારોને અનુકૂળ હોય તેવી શક્તિઓ અને સંયોગોને નિરંતર દશ્ય અને અદશ્ય દુનિયામાંથી આપણા તરફ આકર્ષ્યા કરીએ છીએ. આપણને આ બાબતનું જ્ઞાન હોય કે ન હોય છતાં પણ આ નિયમ તો પોતાનું કામ કર્યેજ જાય છે. આપણે વિચારો-ના મહાસાગરની વચ્ચે વસીએ છીએ અને વિચારની જે શક્તિઓ વિચારના પ્રવાહરૂપે આપણામાંથી બહાર જાય છે અને બહારથી આપણા તરફ આકર્ષાય છે, તે શક્તિઓવડે આપણી આસપાસ-નું વાતાવરણ ભરાઇ રહેલું હોય છે; તેથી જાણતાં કે અજાણતાં વિચારના એ વાતાવરણની આપણ દરેક પર થોડી યા ઘણી અસર તો થાય છેજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે જેટલા પ્રમાણમાં સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને યોગ્ય બન્યા હોઈએ, તેટલાજ પ્રમાણમાં આપણાપર તે વિચારપ્રવાહો અસર કરશે. નિર્બળ મનવાળા મનુષ્યોને બાહ્યવિચારોની અસર વધારે થાય છે અને તે બહારથી આવતા દરેક વિચારના તરંગને આધીન થાય છે; ત્યારે કેટલાક દૃઢ મનના મનુષ્યો કયો વિચાર-તરંગ પોતાના મનમાં પેસવા દેવો અને કયો ન પેસવા દેવો, એનો વિવેક કરીનેજ અમુક વિચારને પોતાના મનમાં સ્થાન આપે છે. વિચારનાં સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને કેટલાકની પ્રકૃતિ બીજા-ઓના કરતાં વધારે અનુકૂળ હોય છે. તેઓ જે જે મનુષ્યોના સંબંધમાં આવે છે અથવા રહે છે, તેમના વિચારોની તેમનાપર છાપ પડતી જાય છે.

મારો એક મિત્ર-એક સુપ્રસિદ્ધ સમાચારપત્રનો અધિપતિ-એટલી કોમળ પ્રકૃતિનો છે કે જો તે કોઇ મેળાવડા કે સભા કે મીજલસમાં જાય અથવા બીજાઓની સાથે વાતો કરે અથવા હાથ મેળવે તો તે બધા મનુષ્યોની માનસિક તથા શારીરિક સ્થિતિની અસર તેના મન તથા શરીરપર થયા વિના રહેતી નથી. આ અસર એટલે સુધી થાય છે કે તે પછી બે ત્રણ દિવસ સુધી તે પોતાની અસલ સ્થિતિ પ્રાપ્ત કરી શકતો નથી અથવા પોતાનું કામ જોઇએ તેવી સારી રીતે કરી શકતો નથી.

આવા પ્રકારનું શરીર હોવું એને કેટલાક લોકો દુર્ભાગ્યનું ચિહ્ન માને છે, પરંતુ ખરી રીતે એમ નથી. ઉલટું એ તો લાભ-કારી છે. આત્માની ઉચ્ચ પ્રેરણાઓ અને બહારથી આવતી ઉચ્ચ યા શુભ શક્તિઓ ગ્રહણ કરવાને અનુકૂળ શરીર હોવું એ કાંઇ ખોટું નથી; પરંતુ જે મનુષ્ય બહારથી આવતી અશુભ વિચારની આ-કૃતિઓ સામે પોતાના મનનાં દ્વાર બંધ ન કરી શકે તે મનુષ્યને આવું શરીર હોય તોજ તે દુર્ભાગ્યનું ચિહ્ન લેખાય અને અગવડકારક નીવડે. ગમે તેવું કોમળ પ્રકૃતિવાળું શરીર હોય છતાં અમુક વિચારને પોતાના મનમાં દાખલ થવા દેવો અને અમુકને ન દાખલ થવા દેવો એવો કાબૂ મન પર મેળવવો, એ પણ આ હકીકત જોતાં દરેક મનુષ્યનું કર્તવ્ય છે.

ઉપર મુજબનો સંયમ પણ મનુષ્ય મનદ્વારા મેળવી શકે તેમ છે. જે પણ મનુષ્યનું મન સૂક્ષ્મ આંદોલનોને સહેલાઇથી વશ થતું હોય તે જો નીચેની વિચારશ્રેણીનો વખતોવખત આશ્રય લે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી તેવા દરેકને લાભ થઇ શકશે.

"હું મારા ક્ષુદ્ર વિચારોની સામે મારા મનનાં દ્વાર બંધ કરૂં છું અને સર્વ પ્રકારના ઉત્તમજ વિચારો અને ભાવનાઓને ગ્રહણ કરવાને માટે મારા મનનાં દ્વાર ખુલ્લાં રાખું છું" આ પ્રમાણે વખતોવખત ભાવના કરવાનો અભ્યાસ કરવાથી તેમ કરવાની ટેવ પડી જાય છે. જો આ ટેવ દઢ અને સ્થાયી રહે તો તેથી અંતરમાંની કેટલીક સૂક્ષ્મ શકિતઓ કામ કરવા લાગે અને તેના પરિણામે તેને ઇષ્ટલાભ થયા વિના રહેતોજ નથી. આ રીતે દશ્ય તેમજ અદશ્ય જગતમાંના સઘળા હલકા અને અનિષ્ટ વિચારોથી મનુષ્ય દૂર રહી શકે છે અને સઘળી ઉચ્ચ પ્રેરણાઓ તથા ભાવનાઓને તે પોતા તરફ ખેંચવાને શકિતવાન બને છે.

અહીં પ્રશ્ન એ ઉઠે છે કે, **અદૃશ્ય જગત** એટલે શું ? આપણી આસપાસના વાતાવરણમાં આ સ્થૂલ ભુવનપર રહેનારા જીવાત્માઓ જે વિચારો, ભાવનાઓ અને લાગણીઓ ઉત્પન્ન કરે છે, તેનો સમાવેશ અદશ્ય જગતમાં થાય છે. વળી સ્થૂલશરીરનો ત્યાગ થયા પછી જીવાત્માઓ કાંઈક જુદાજ પ્રકારનાં (સૂક્ષ્મ) શરીરોદ્વારા જે વિચારો, ભાવનાઓ વગેરે ઉત્પન્ન કરે છે, તેનો પણ અદશ્ય જગતમાંજ સમાવેશ છે.

મનુષ્યના સ્થૂલજીવનનો પ્રારંભ તો સ્થૂલજગતમાંજ થાય છે, પણ તેના સૂક્ષ્મ જીવન અને શકિતઓને પોષનારો સૂક્ષ્મ અને સ્વર્ગીય પ્રભાવ તો તે સૂક્ષ્મ–અદશ્ય જગતમાંથીજ પ્રાપ્ત કરે છે. જેમ દરેક સ્થૂલશરીરની અંદર અને બહાર તેનું સૂક્ષ્મ શરીર રહેલું છે, તેમ આ સ્થૂલજગતની અંદર અને બહાર તેને મળતું સૂક્ષ્મ જગત પણ આવેલું છે. ખરૂં જોતાં આ સ્થૂલજગત અને સ્થૂલશરીર એ તો માત્ર તે સૂક્ષ્મ જગત અને શરીરનું બાહ્ય પ્રતિબિંબજ છે. ઉપર કહેલું સૂક્ષ્મ જગત કે જયાં તરતના સ્થૂલશરીર છોડી ગયેલા જીવાત્માઓ રહે છે, તેનાથી આરંભીને આ જગતની અંદર તથા બહાર બીજાં આપણાથી કલ્પી ન શકાય એવાં અનેક સૂક્ષ્મ જગતો કલ્પી ન શકાય તેટલા દૂર પ્રદેશસુધી આવી રહેલાં છે. આ સર્વ જોતાં મનુષ્યશરીરના મુખ્ય બે વિભાગ પાડી શકાય. સ્થૂલ અને સૂક્ષ્મ. એમાં સ્થૂલશરીર તો ઉપરના છોતરા અથવા કપડા જેવુંજ છે. જેમ કણસલામાં રહેલું અનાજ છોતરાંના રક્ષણવડે વૃદ્ધિ પામ્યું એટલે પછી તે છોતરાં નકામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે, તેમ સૂક્ષ્મશરીરનો અમુક વિકાસ થયા પછી એ સ્થૂલશરીર પણ નકામું થઇ છૂટી જાય છે. આ સૂક્ષ્મશરીરના જુદા જુદા વિભાગોદ્વારા જીવાત્મા જુદાં જુદાં અનેક જગતો સાથે સંબંધ ધરાવે છે અને પોતાનો વિકાસ કરે છે.

માણસના સ્થૂલશરીરરૂપી બાહ્ય આકાર ભલે ગમે તેટલા બદલાય, તોપણ તેમાં રહેલો જીવાત્મા તો તેનો તે અને અમરજ છે–અર્થાત્ અમુક વ્યક્તિ આ સ્થૂલશરીરનો ત્યાગ કરે તે ઉપરથી આપણે એમ નથી સમજવાનું કે, તેના જીવનનો અંત આવ્યો છે. "પ્રભુ અનંત બ્રહ્માંડના નાથ છે" એ વાક્યનો અર્થ એજ છે કે, આ વિશ્વમાં આ સ્થૂલજગત ઉપરાંત સૂક્ષ્મ જગતો પણ છે. પરંતુ એ સૂક્ષ્મજગતમાંથીજ નવા જન્મનો પ્રારંભ થાય છે, એમ પણ નથી. કારણ કે જીવન કોઈ પણ વખતે નાશજ પામતું નથી. જીવાત્મા આ સ્થૂલજગત અને શરીરનો ત્યાગ કર્યા પછી તેનો જીવનક્રમ જ્યાંસુધી આવી પહોંચ્યો હોય છે, ત્યાંથી આગળ વધવા માટે પાછું તે નવા શરીરદ્વારા પોતાનું કામ ચાલુ કરે છે. કારણ કે જીવાત્માનો સ્વભાવજ ઉન્નતિ પામવાનો છે. જેમ આ સ્થૂલજગત ઉપર વિવિધ પ્રકારનાં મનુષ્યો છે, તેમ સૂક્ષ્મજગતમાં પણ વિધવિધ માનસિક સ્થિતિવાળા જીવાત્માઓ રહે છે. "સરખે સરખાને આકર્ષે છે" આ નિયમ નિરંતર કાર્ય કરી રહેલો હોવાથી આપણે પણ આપણા વિચાર અને જીવનને અનુકૂળ સ્થિતિઓ તથા અસરોને સૂક્ષ્મ જગતમાંથી આપણા તરફ સ્વાભાવિક રીતેજ નિરંતર આકર્ષ્યા કરીએ છીએ. ઘણાકોને આ વાત ખરી લાગતી નથી; પરંતુ વિચાર કરનારને તેની સત્યતા જણાઇ આવે છે. કારણ કે સર્વ જીવાત્માઓનું મૂળ એકજ છે. અને આપણે બધા એ સર્વસામાન્ય અને સર્વગત જીવનમાં એકબીજાની સાથે જોડાયેલાજ છીએ. વળી એની સાથે આ પણ સ્મરણમાં રાખવું ઘટે છે કે, કયા વિચારોને આપણા મનમાં સ્થાન આપવું અને કયા પ્રકારની સ્થિતિને આપણે આપણા તરફ આકર્ષવી, એ વાત પણ આપણા પોતાનાજ હાથમાં છે–અર્થાત આપણે સંયોગોના ગુલામ નથી, પણ સ્વામી છીએ. સંયોગોને આધીન થવું યા ન થવું, એ આપણાજ હાથમાં છે.

આપણા જીવનરૂપી નાવનું સુકાન આપણા પોતાના હાથમાં રાખીને તેને અમુક માર્ગ તરફ જવા દેવાની અને અમુક માર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ ન જવા દેવાની કાળજી રાખવી; અથવા તો એ સુકાનને છોડી દઇને આપણી જીવનનૌકાને ગમે તેવા વિચારરૂપી તરંગોને આધીન ગમે તેમ ભટકવા દઈને આમતેમ અથડાતી રાખવી, એ આપણી-જ મરજી અને શક્તિની વાત છે. જો આપણે આપણી જીવનનૌકાને સ્વાધીન રાખી શકીએ તો ગમે તે દેશના અને ગમે તે સમયના ઉમદામાં ઉમદા, મોટામાં મોટા અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પુરુષોના વિચાર આકર્ષી શકીએ તેમ છીએ. ખરેખર, આ વિચારથી આપણને અત્યંત આનંદ થવો જોઇએ.

હું થોડા દિવસ ઉપર મારા એક મિત્ર સાથે ઘોડેસ્વાર થઈ નીકળી પડયો હતો. તે સમયે વાત નીકળી કે "લોકો હવે 'જીવન' જેવા મહત્ત્વના સવાલમાં ઘણો રસ લેવા લાગ્યા છે; આંતરિક શક્તિઓનું બળ જાણવા તેઓ ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરી રહ્યા છે; તેઓમાં પોતાનું ખરૂં સ્વરૂપ અને પોતાનો પરમાત્મા સાથેનો સંબંધ જાણવાની ઉત્કંઠા વધતી જાય છે અને આખા જગતમાં આધ્યાત્મિક જાગૃતિ થતી જણાય છે. ચાલુ સૈકામાં એ જાગૃતિ ખુલ્લી દેખાઇ આવે છે અને આગળ જતાં આપણે આત્મિક ઉત્કર્ષ મોટા પ્રમાણમાં જોવાને ભાગ્યશાળી થઇશું."

આ વાત ચાલી રહી હતી તે વખતે મેં મારા મિત્રને કહ્યું કે "મહાતત્ત્વજ્ઞાની ઈમર્સન જે પોતાના જમાના કરતાં ઘણોજ આગળ વધેલો હતો અને જેણે ઉપર જણાવેલી આત્મિક ઉત્કર્ષની સ્થિતિ જગતમાં લાવવા ભગીરથ પ્રયત્ન કર્યો હતો, તે જો આ સ્થિતિ જોવા-ને અહીં જીવતો હોત તો તેને કેટલો બધો આનંદ થાત?" મારા મિત્રે પ્રત્યુત્તર વાળ્યો કે "આપણે કેવી રીતે જાણી શકીએ કે, અત્યારે પણ તે આ સઘળું નથી જોતો અથવા તો આ બાબતમાં તેનો હાથ નથી? આ કામમાં પહેલાં કરતાં પણ તેનો અધિક હાથ હોય તો આશ્ચર્ય શું?" મારા મિત્રનાં આ વચનો મને ઠીક લાગ્યાં અને મેં તેનો ઉપકાર માન્યો. ખરી વાત એ છે કે, જે લોકોએ અહીં રહીને લોકોના કલ્યાણનું કામ કર્યું હોય છે, તેઓ સૂક્ષ્મજગતમાં રહીને પણ તેવુંજ કામ કર્યા કરે છે. પ્રત્યેક ક્ષણ આપણને પૂરવાર કરી આપે છે કે, જે વસ્તુઓ આપણે ઇંદ્રિયોવડે જોઇ શકીએ છીએ, તેનાથી અનેકગણી વસ્તુઓ ઇંદ્રિયોથી અજ્ઞાત હોય છે. જે ઉત્તમ શક્તિઓ આ વિશ્વમાં તેમજ આપણા જીવનમાં કાર્ય કરી રહી છે, તેને આપણે ચર્મચક્ષુથી જોઇ શકતા નથી; છતાં પણ જગત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંની સર્વ વસ્તુઓનાં અને સર્વ કાર્યોનાં કારણો એ અદૃશ્ય શક્તિઓમાંજ રહેલાં હોય છે. હકીકત આ પ્રમાણે હોવાથી જે કોઈ પોતાના વિચારનો નિયામક બને છે તે પોતાનું જીવન કેવા પ્રકારનું થશે તેનો પણ ચોક્કસ નિર્ણય કરી શકે છે.

જેની દિવ્ય દૃષ્ટિ ખીલેલી છે એવો એક તત્ત્વજ્ઞાની લખે છે કેઃ—

"આધ્યાત્મિક અને ભૌતિક પદાર્થો વચ્ચે એકસરખો નિયમ પ્રવર્તી રહેલો છે. જેઓ ઉદાસ ને નિરુત્સાહી હોય છે, તે તેવીજ વસ્તુઓને પોતાના પ્રત્યે આકર્ષે છે. અને તેથી તેઓ કદાપિ વિજય પામી નહિ શકતાં ઉલટા બીજાને ભારરૂપ નિવડે છે. બીજી તરફ જેઓ ઉત્સાહી, શ્રદ્ધાવાન અને આનંદી હોય છે તેઓ વિજયનાંજ સાધનોને પોતાના તરફ આકર્ષે છે; અને તેથી તેઓ વિજયી પણ થાય છે. જેમકે મનુષ્યનો સ્વભાવ આનંદી કે વિષાદી છે તે તેના ઘરના આગલા કે પાછલા આંગણા તરફ નજર કરવાથી જણાઈ આવે છે; અને સ્ત્રીના પોશાક ઉપરથી તેના મનની સ્થિતિનો ખ્યાલ આવી શકે છે."

"તમારા દરેક વિચારની અક્ષરશઃ કિંમત છે. તમારા શરીરનું બળ, તમારા મનનું બળ, તમારા કાર્યમાં ફતેહ અને તમારી સોબતથી બીજાને મળતો આનંદ, આ સર્વનો આધાર તમારા 'વિચાર' પર રહેલો છે. જે જે દિશામાં તમે તમારા મનને દોરવો છો, તે તે દિશામાંથી તમારો આત્મા તે તે દિશાને અનુકૂળ અદૃશ્ય તત્ત્વોને પોતા તરફ ખેંચે છે. આ રાસાયનિક તેમજ આધ્યાત્મિક નિયમ છે. આ નિયમ કાંઈ આપણે જે સ્થૂળ પદાર્થોને જોઈએ છીએ તેનેજ માત્ર લાગુ પડતો નથી; પરંતુ જોઇ શકીએ છીએ તેના કરતાં દશહજાર-ગણા પદાર્થો આપણાં ચક્ષુઓને અગમ્ય છે; તેને પણ લાગુ પડે છે."

ખ્રિસ્તીધર્મના સ્થાપક ક્રાઇસ્ટનું ફરમાન છે કે 'તમને નુકસાન કરનારાનું પણ ભલું કરો.' શ્રીબુદ્ધદેવે પણ કહ્યું છે કેઃ-

न हि वैरेण वैराणि सम्मन्तीध कदाचन ।
अवैरेण च सम्मन्ति एस धम्मो सनातनो ॥

વેર કદાપિ વેરથી શાંત થતું નથી, પણ પ્રેમથીજ શાંત થાય છે. આ સનાતન નિયમ છે. સારૂં કામ કરવું એ કુદરતમાં રહેલાં શુભ અને શક્તિમાન તત્ત્વોને પોતા તરફ આકર્ષવા બરાબર છે; અને ખરાબ કર્મ કરવાથી ખરાબ તત્ત્વો આપણા તરફ આકર્ષાય છે. આ વાત જ્યારે આપણે બરાબર સમજીશું, ત્યારેજ આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા પોતાના કલ્યાણને ખાતર ખરાબ વિચારો કરતા અટકીશું. 'જેઓ દ્વેષસહિત જીવે છે, તેઓ દ્વેષમાંજ મરણ પામે છે.' તેનો અર્થ એજ છે કે 'જેઓ તરવારથી જીવે છે, તેઓ તરવારથીજ મરે છે.' દરેક ખરાબ વિચાર એ સામા મનુષ્યપર ઉગામેલી તરવાર છે અને જો સામો મનુષ્ય પણ તરવાર ઉગામે છે તો બન્નેને તેનું ભયંકર ફળ ભોગવવું પડે છે.

આકર્ષણનો ઉપલો નિયમ દરેક જગતપર એકસરખી રીતે પ્રવર્તી રહેલો છે. જેની આપણે ઈચ્છા કરીએ અથવા આશા રાખીએ તે આપણા તરફ આકર્ષાય છેજ. જો આપણે ઇચ્છા એક વસ્તુની કરીએ અને આશા બીજી વસ્તુની રાખીએ તો 'બે ઘરનો પરોણો ભૂખે મરે' એની પેઠે આપણને કાંઇ પણ લાભ થતો નથી. માટે જેની ઇચ્છા કરો તેનીજ આશા પણ રાખો. આ રીતેજ તમારો ઇષ્ટ પદાર્થ તમને આવી મળશે. કોઇ પણ અમુક વિચારને તમે તમારી સાથે રાખો, એટલે જ્યાંસુધી તમારો તે વિચાર કાયમ રહેશે, ત્યાંસુધી તમે પૃથ્વીપર કે દરિયાપર ગમે ત્યાં ફરશો તોપણ જાણતાં કે અજાણતાં તમારા તે મુખ્ય વિચારને અનુકૂળ તત્ત્વો નિરંતર તમે આકર્ષ્યાજ કરવાના.

વિચાર બહુ પ્રબળ ઈચ્છારૂપે હોય અને તે ઇચ્છા પરિપૂર્ણ થવાની દૃઢ આશા હોય; એનું નામજ 'શ્રદ્ધા' છે. જેટલા પ્રમાણમાં એ ઇચ્છા પ્રબળ હોય છે અને જેટલા પ્રમાણમાં તેનાપર એ આશારૂપી જળ સિંચાય છે; તેટલા પ્રમાણમાં તે પોતાના તરફ ઇષ્ટપદાર્થને અવશ્ય આકર્ષે છે, અને તે પદાર્થ અદૃશ્ય હોય તો તેને દૃશ્ય સ્વરૂપમાં પણ લાવે છેજ.

પરંતુ જો એ શ્રદ્ધામાં જરા પણ શંકા કે ભયનો વિચાર ભળી ગયો તો તેનું બળ મંદ પડી જાય છે અને ઇચ્છા ફલિભૂત થતી નથી. કોઇ પણ વિચારને જો મન આગળ વારંવાર ધરવામાં આવે અને જો દૃઢ શ્રદ્ધારૂપી જળસિંચન તેને મળે, તો તે વિચારનું બળ એટલું બધું વધે છે કે તેની સામે કોઇ પણ અંતરાય ટકી શકતો નથી અને પરિણામ સંતોષકારક આવ્યા વિના રહેતું નથી.

હાલ આપણને માલૂમ પડતું જાય છે અને ભવિષ્યમાં વિશેષ માલૂમ પડશે કે, શ્રદ્ધાના સંબંધમાં ઉપર જે જે વચનો કહેલાં છે તે હવાઇ કલ્પના નહિ, પરંતુ શાસ્ત્રીય બાબત છે; અને તેનો પાયો અચળ નિયમોપર રચાયેલો છે. વળી હવે પ્રયોગોદ્વારા પણ વિચાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિની પાછળ રહેલા નિયમો શોધી કાઢવાની તૈયારી ચાલે છે.

આજકાલ સંકલ્પબળ વિષે ઘણું કહેવામાં આવે છે. સંકલ્પબળ બે પ્રકારનાં છેઃ—એક લૌકિક અને બીજું દૈવી. એમાં લૌકિક સંકલ્પબળ એ મન અને શરીરને લગતું છે; અને તેથી તે ઉતરતા પ્રકારનું ગણાય છે. જેમને ખબર નથી કે, સ્થૂલ ઇંદ્રિયો અને મન કરતાં ઘણુંજ ચઢિયાતું એવું આધ્યાત્મિક જીવન પણ રહેલું છે; તેવાજ મનુષ્યો ઉતરતા પ્રકારનું જીવન ગાળે છે. ઉચ્ચ જીવનનો અનુભવ થવાથી કાંઇ ઇંદ્રિયો અને મનની શક્તિ ઘટતી નથી; પણ આધ્યાત્મિક શક્તિથી પોષાઇને પૂર્ણપણે ખીલે છે અને તેથી ત્યાગ તથા ગ્રહણ કરવાની શક્તિ ઘણીજ તીવ્ર બને છે.

જે મનુષ્ય દિવ્ય પરમાત્મતત્ત્વ સાથેનું પોતાનું ઐક્ય સમજી શક્યો હોય છે; તેનું સંકલ્પબળ પણ 'દૈવી સંકલ્પબળ' બને છે. કેમકે "મારામાં રહેલું પરમાત્મતત્ત્વ ઘણુંજ સમર્થ છે" એ વાત તે બરાબર સમજતો હોય છે.

લૌકિક સંકલ્પબળ સંકુચિત અને મર્યાદિત હોય છે; ત્યારે દૈવી સંકલ્પબળ અપરિમિત એટલે કે હદવિનાનું અને સર્વોત્તમ હોય છે. "સઘળી વસ્તુઓ તમારે વાસ્તે ખુલ્લી છે અને તમારે સ્વાધીન છે" એમ "ઉચ્ચ આધ્યાત્મિક નિયમ" તમને મુક્તકંઠે જણાવે છે. જે પ્રમાણમાં તમે તમારા લૌકિક સંકલ્પબળને દૈવી સંકલ્પના રૂપમાં ફેરવી નાખો છો અથવા જે પ્રમાણમાં તે દૈવી સંકલ્પબળ સાથે સંબંધમાં આવીને તદનુસાર વર્તો છો, તે પ્રમાણમાં તમે પોતે પણ અવશ્ય સર્વોત્તમ બનો છો; અને તેમ થવાથી પછી **"જે જે આજ્ઞા તું કરીશ તદનુસાર વસ્તુઓ બની જશે"** એવા અતિ ઉત્તમ અધિકારને લાયક બની શકો છો. જીવનનું અને તેનામાં રહેલી શક્તિનું રહસ્ય તથા હેતુ એજ છે કે, મનુષ્યે તે પરમતત્ત્વની સાથે સંબંધ બાંધવો જોઇએ; વધારવો જોઈએ; અને તે **જ્ઞાનપૂર્વક** નિરંતર ચાલુ રહે તેવો પ્રયત્ન કરવો જોઈએ.

દરેક જીવન **કોની સાથે સંબંધમાં આવે છે તેનાજ ઉપર તેની ચઢતી કે પડતી થવાનો આધાર રહેલો છે.** પરમતત્ત્વ વિશ્વવ્યાપી હોવા ઉપરાંત વિશ્વથી શ્રેષ્ઠ અને બહાર પણ છે. એ તત્ત્વ પ્રથમની પેઠેજ આજે પણ વિશ્વમાં તમારા અને મારા તેમજ સર્વના જીવનમાં વ્યાપી રહેલું છે; સર્વ દ્વારા કામ કરે છે અને સર્વપર રાજ્ય કરે છે. વિશ્વના આ મહાન નિયમોને એક વાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજી લીધા પછી પણ જાણે એ તત્ત્વ ચાલી ગયું હોય એવું માનવાને દોરવાઇ જઇએ છીએ એ ગંભીર ભૂલ થાય છે. જેટલા પ્રમાણમાં તે તત્ત્વને વિશ્વવ્યાપી, વિશ્વાતીત અને સર્વશ્રેષ્ઠ માનીએ છીએ; તેટલાજ પ્રમાણમાં તેની મહત્તા અને શકિતમાં ભાગ લેવાને આપણે સમર્થ બનીએ છીએ. જેટલા પ્રમાણમાં આપણે એ પરમ-તત્ત્વને જીવન અને શકિતના અનંત મૂળરૂપ માનીએ છીએ અને તેમ માનીને તેની સાથે જેટલા પ્રમાણમાં સંબંધમાં આવીએ છીએ, તેટલાજ પ્રમાણમાં તે તત્ત્વના દિવ્ય ગુણો આપણામાં પ્રકટ થતા ચાલે છે. જેટલા પ્રમાણમાં આ વિશ્વવ્યાપી અને વિશ્વાતીત પરમાત્મતત્ત્વના પ્રવાહને આપણામાં આવવાનાં દ્વાર આપણે ખુલ્લાં રાખીએ છીએ; તેટલા પ્રમાણમાં આપણે તેમાં રહેલા દિવ્ય ગુણો અને શકિતઓની પ્રણાલિકારૂપ બનતા ચાલીએ છીએ અને આપણા-દ્વારા તેમાંનું દિવ્ય જ્ઞાન અને સામર્થ્ય આપણામાં થઇને વહેવા લાગે છે.

મનરૂપી સાધનવડેજ આંતર્જીવન અને સ્થૂલજીવનનો સંબંધ થાય છે અને આંતર્જીવન સ્થૂલજીવન દ્વારા વ્યકત થવા માંડે છે. જેટલા પ્રમાણમાં મનરૂપી સાધનવડે દૈવી તત્ત્વ સાથે આપણે આપણું ઐકય અનુભવીએ છીએ, તેટલા પ્રમાણમાં દિવ્ય જીવનનો પ્રકાશ આપણામાં સ્ફુરે છે, પ્રતિભા ખીલે છે અને જે જ્ઞાન તથા શકિતદ્વારા આપણે પરમાત્મતત્ત્વના સંબંધમાં આવીએ છીએ, તે જ્ઞાન અને શકિતની ખીલવણી આપણામાં થતી ચાલીને કુદરતનાં અને જીવનનાં ગૂઢ રહસ્ય આપણા આગળ ખુલવા માંડે છે; આપણા દૈવી સ્વભાવનું આબેહૂબ ભાન થાય છે અને આપણે વ્યકિતભાવે પણ તે પરમતત્ત્વનાજ સાક્ષાત્ અંશરૂપ હોઇએ, એવું સ્પષ્ટ સમ-જાવા લાગે છે. આ પ્રમાણે આધ્યાત્મિક શકિત–સામર્થ્ય પ્રકટવાથી માણસની આંતરદૃષ્ટિ પણ ખુલ્લી થઇ જાય છે અને જે જે વસ્તુ તરફ તે પોતાનું લક્ષ્ય આપે છે, તે તે વસ્તુનાં સ્વભાવ, લક્ષણ, હેતુ વગેરે સહેલાઇથી તેના જાણવામાં આવે છે. માણસની સ્થૂળ ઇંદ્રિયો **બહિર્મુખ** વળેલી હોય છે, તેમ આ **આંતર** પ્રતિભા **અંતર્મુખ** વળેલી હોય છે; અને તેથી કોઇ પણ બાહ્ય સાધન-વિના સત્યને જોવા–ઓળખવાની અને ગ્રહણ કરવાની શક્તિ પણ આ આંતરપ્રતિભામાં રહેલી હોય છે. જે જે આધ્યાત્મિક શિક્ષણો અથવા ઉદ્‌ગારો પ્રેરણાથી મળેલાં કહેવાય છે, તે પણ અંતરાત્માની

Gurukula Library

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અપૂર્વ શક્તિદ્વારાજ મળેલાં હોય છે ને મળે છે. આ રીતે અનંત જ્ઞાનમય દિવ્ય શક્તિના સંબંધમાં આવનારો મનુષ્ય તેની દિવ્ય પ્રેરણાઓ ગ્રહણ કરે છે અને અનુભવસિદ્ધ જ્ઞાની તથા મંત્રદ્રષ્ટા બની રહે છે.

ઉપર કહેલી દશામાં મન બંધનરહિત બને છે અને પક્ષપાતરહિત થવાથી **પ્રથમ દષ્ટિએજ** સત્યને ગ્રહણ કરી શકે છે; તથા બાહ્યસાધનની જરૂર નહિ રહેતાં સર્વ કાંઇ આંતરપ્રતિભાથી જણાઇ આવી ઈશ્વરી યોજના પણ સમજાઈ જાય છે અને તેથી તે તેની સાથે તો તન્મય થયા વિના રહીજ શકતો નથી.

કેટલાક આ આંતરપ્રતિભાને આત્માનો અવાજ કહે છે; કેટલાક ઇશ્વરી નાદતરીકે લેખે છે; અને કેટલાક તેને છઠ્ઠી ઇંદ્રિયના નામથી જણાવે છે, કે જે આપણી આંતર-આધ્યાત્મિક ઇંદ્રિય છે.

જેટલા પ્રમાણમાં આપણાને આપણા સત્ય સ્વરૂપનું ભાન થતું આવે છે અને પરમાત્મતત્ત્વ સાથેના આપણા ઐકયનો અનુભવ થતો ચાલે છે તથા તેના દિવ્ય પ્રવાહને વહેવાની પ્રણાલિકારૂપ આપણે થતા જઇએ છીએ, તેટલા પ્રમાણમાં આ આત્મિક અવાજ—આ ઈશ્વરી નાદ—આ આંતરપ્રતિભાનો અવાજ—આપણને ખુલ્લી રીતે સંભળાવા લાગે છે; અને જે પ્રમાણમાં તે સ્પષ્ટ સાંભળીને તદનુસાર આપણું વર્તન બનાવતા ચાલીએ છીએ, તેટલા પ્રમાણમાં તે અવાજ પણ વધારે ને વધારે 'પ્રકટ' થતો ચાલે છે; તથા આખરે તે પોતેજ આપણો અને આપણા દ્વારા બીજા અનેકોના જીવનપથનો માર્ગદર્શક દીપક બની રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩ જું

આરોગ્ય અને શારીરિક બળ

પરમાત્મા અનંત ચૈતન્યરૂપ છે. જો આ અનંત ચૈતન્યના આપણે આપણને વારસરૂપ માની શકીએ (કે જે વાત પ્રથમથીજ પૂરેપૂરી ખરી છે) અને તેના દિવ્ય પ્રવાહને ઝીલવાને આપણા હૃદયનાં દ્વાર ઉઘાડાં રાખીએ, તો તેની અસર કેવળ આપણા આધ્યાત્મિક જીવનપર થશે એટલુંજ નહિ પણ સ્થૂલશરીરમાં પણ તે અસર પ્રકટ થશે.

અનંત ચૈતન્યનો સ્વભાવ અને સ્વરૂપજ એવું છે કે તેમાં રોગને તો કોઇ કાળે સ્થાનજ મળી શકે નહિ અને તેથી તે અનંત ચૈતન્ય જેનાદ્વારા વહેવા લાગે તેમાં પણ રોગ સંભવી શકે નહિ.

આ વિષયની શરૂઆતથીજ આ વાત આપણે ખૂબ ધ્યાનમાં રાખવાની છે કે "સઘળું જીવન અંદરથીજ બહાર આવીને પ્રકટ થાય છે." શાશ્વત નિયમ આપણને સ્પષ્ટ જણાવે છે કે **"જેવું અંદર તેવું બહાર" "જેવું કારણ તેવું કાર્ય."** બીજા શબ્દોમાં કહીએ તો વિચારો, માનસિક સ્થિતિઓ અને લાગણીઓ વખત જતાં સ્થૂલ આકાર પણ લીધા વિના રહેતી નથી.

કોઇ કોઈ કહે છે કે " મનની શરીરપર થતી ખાસ અસર વિષે ઘણુંય સાંભળવામાં આવે છે, પણ આ બાબત માનવી કે કેમ તે સમજાતું નથી." શું તમે આ બાબત નથી માનતા ? કોઇ એકાએક તમને માઠા સમાચાર જણાવે છે કે તરતજ તમે ફીકા પડી જાઓ છો, કંપો છો અથવા તો તમને મૂર્છા આવી જાય છે, એનું કારણ શું ? કેમકે એમાં ખબર તો માત્ર તમારા મનનેજ મળેલી હોય છે.

ધારો કે, તમારો એક મિત્ર જમતી વખતે એકાદ અપ્રિય વચન કહે છે, તેથી તમને કેવું લાગી આવે છે ? તમે જે રુચિથી ને જે સ્વાદથી ખાતા હો છો, તે સ્વાદ ને તે રુચિ તેજ પળે ઉડી જાય છે. હવે તમને જે કહેવામાં આવ્યું હતું તેણેજ તમારા મનપર અને મનદ્વારા શરીરપર અસર કરી, એ શું તમને આ ઉપરથી નથી જણાતું ?

જુઓ, પેલો ઘસડાતા પગે ચાલતો મનુષ્ય દેખાય છે. તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તામાં કાંકરી આવવાથી પણ તે ગબડી પડે છે. તેનું કારણ શું? કારણ એટલુંજ કે, તે માણસ નિર્બળ મનનો છે-તેનું મગજ ખસી ગયું છે, તે ગાંડો છે. ટુંકાણમાં કહીએ તો તેના મનની બિમાર સ્થિતિએજ તેના શરીરની બિમાર સ્થિતિ આણી છે. જેનું મન સ્થિર છે, તેના પગ પણ સ્થિર રીતે ઉપડે છે અને પડે છે; અને જેનું મન અનિશ્ચિત છે, તેના પગ પણ અનિયમિતજ ચાલે છે.

કોઇ વાર એકાએક તમારાપર અડચણનો પ્રસંગ આવી પહોંચતાં તમે થરથર ધ્રૂજો છો અને ભયથી નિર્બળ બની જાઓ છો. તમારી ચાલવાની શકિત એ સમયે શાથી અટકી જાય છે? તમે શાથી કંપો છો? આટલો પ્રત્યક્ષ અનુભવ હોવા છતાં પણ તમે એમ કહી શકશો ખરા કે, મનની શરીરપર અસર નથી થતી?

તમારામાં કોઇ વાર એકાએક ક્રોધનો આવેશ આવી જાય છે. અને થોડા સમય પછી તમે જણાવો છો કે, તમારા માથામાં દુખાવો થાય છે; છતાં પણ તમે શું માની નથી શકતા કે, વિચારો અને લાગણીઓ શરીરપર ભારે અસર કરે છે?

એએક દિવસ ઉપર હું મારા એક મિત્ર સાથે ચિંતાસંબંધી વાતો કરતો હતો, તેવામાં તે બોલી ઉઠયો કે "મારા પિતાને નજીવી બાબતોની પણ ચિંતા કરવાની ટેવ પડી ગઇ છે."

મેં કહ્યું કે "તમારા પિતા તંદુરસ્ત નથી, મજબૂત નથી, ઉત્સાહ વગરના છે, તેમનામાં જુસ્સો નથી, જાગૃતિ નથી." તે પછી તેના પિતાની સ્થિતિ સંબંધી અને તેને થતા દુઃખસંબંધી વધારે વિસ્તારથી મેં ખ્યાલ આપ્યો.

આ મારા જવાબથી તે આશ્ચર્ય પામ્યો અને બોલી ઉઠયો કે "તમે મારા પિતાને ઓળખતા નથી તોપણ તેમના રોગનું આટલું બારીક જ્ઞાન તમને કેવી રીતે થયું ?"

મેં જવાબ આપ્યો કે "તમે મને હમણાંજ જણાવ્યું કે, તમારા પિતાને નકામી બાબતોની ચિંતા થયા કરે છે; એ ઉપરથી તમારા પિતાના શારીરિક વ્યાધિનું માનસિક કારણ મારા જાણવામાં આવ્યું. તમારા પિતાની સ્થિતિસંબંધી કહેવામાં મેં તે કારણનું જે સ્વાભાવિક ફળ આવી શકે તેજ દર્શાવ્યું છે."

ભય અને ચિંતાથી શરીરમાં જીવનપ્રવાહને વહેવાના માર્ગો સંકોચાઈ જાય છે અને તેથી શરીરમાં પ્રાણશક્તિ બહુજ ધીમેથી વહેવા લાગે છે. જ્યારે પણ આશા અને શાંતિને લીધે જીવન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાહના માર્ગો શરીરમાં વધારે વિકસિત-ખુલ્લા થાય છે ત્યારે શરીરમાં પ્રાણશક્તિ એટલા તો વેગથી કૂદકા મારતી વહેવા લાગે છે કે જેથી રોગને તો શરીરમાં સ્થાનજ મળી શકે નહિ.

એક સ્ત્રી પોતાને થયેલા એક શારીરિક વ્યાધિવિષે મારા એક મિત્ર આગળ વાત કરતી હતી. મારો મિત્ર જાણતો હતો કે, તે સ્ત્રી અને તેની બહેન વચ્ચે ઘણો અણબનાવ હતો. તે સ્ત્રીએ જણાવેલાં વ્યાધિનાં ચિહ્નો વગેરેની હકીકત તેણે શાંત મનથી સાંભળ્યા પછી તે સ્ત્રીના સામું બારીક નજરે નિહાળીને તેણે માયાળુ અવાજથી કહ્યું કે **"તમારી બહેનને માફી આપો."** તે સ્ત્રીએ તે સલાહ આપનાર તરફ જોઇને કહ્યું કે "મારી બહેનને માફી આપી શકું નહિ." તેણે પણ દૃઢતાથી જવાબ આપ્યો કે "ત્યારે તો તમે પણ તમારાં આંગળાંની અકડાઈ અને સંધિવા વગેરે રોગો ભોગવ્યાંજ કરો."

થોડાં અઠવાડીઆં પછી પાછી તે સ્ત્રી તે સલાહ આપનારા મારા મિત્ર પાસે આવીને કહેવા લાગી કે "તમારી સલાહ પ્રમાણે ચાલીને મેં મારી બહેનને હૃદયથી ક્ષમા આપી; તેથી અમારી વચ્ચે ફરીથી સ્નેહની સાંકળ જોડાઈ ગઇ છે. કોણ જાણે શા કારણથી, પણ જ્યારથી અમે એકબીજાને ફરીથી ખરા દિલથી ચાહવાનો આરંભ કર્યો, ત્યારથી મારા વ્યાધિનાં ચિહ્નો ધીમે ધીમે ઓછાં થવા લાગ્યાં અને આજે તો તે દરદનું નામનિશાન પણ રહ્યું નથી ! હાલ મારી બહેન સાથે મારે એવો પ્રેમસંબંધ બંધાયો છે કે હવે એક-બીજાંથી વિખૂટાં પડવું એજ દુઃસહ્ય લાગે છે."

ઉપર જણાવ્યા તેને મળતા ખરેખરા બનેલા ઘણા દાખલાઓ આપી શકાય. એક વાર એક માતાના મનમાં ક્રોધનો ઉભરો હદ-ઉપરાંત આવી જવાથી તેનું ધાવણું બાળક ધાવ્યા પછી કલાકમાં-જ મરી ગયેલું જણાયું ! આનું કારણ એજ હતું કે, તે માતાનું દૂધ ક્રોધનાં ઝેરી પરમાણુઓની અસરથી ઝેરી બની ગયું હતું. કેટલાક દાખલાઓમાં માતાના ક્રોધને લીધે તેનું ધાવણું બાળક ભારે મંદવાડમાં પડયું હતું અથવા તો તેને આંકડી આવી હતી.

નીચેનો પ્રયોગ કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓએ અનેક વાર અજમાવ્યો છે. કેટલાક મનુષ્યોને એક ગરમ ઓરડીમાં બેસાડવામાં આવતા હતા. એ દરેક મનુષ્ય જુદા જુદા સ્વભાવનો હતો. કોઈ ક્રોધી હતો, તો કોઇ વિષયી હતો. ગરમીથી સર્વને પરસેવો થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તે પ્રયોગ કરનારે દરેકના શરીરપરથી પરસેવાનું એકેક ટીપું લીધું અને રાસાયનિક પ્રયોગથી તેનું પૃથક્કરણ કરી જોઇને તેજ વખતે કહી આપ્યું હતું કે, અમુક અમુક મનુષ્યમાં કયી કયી લાગણી પ્રબળ હતી. મનુષ્યોના થુંકનું પૃથક્કરણ કરીને પણ ઉપર પ્રમાણેજ પરિણામ તે કહી શકતો હતો.

એક પ્રખ્યાત અમેરિકન ડૉકટર, જેણે મનુષ્યના બંધારણમાં કયાં તત્ત્વો કેવી રીતે ભરેલાં છે, તે વગેરેનો સારો અભ્યાસ કર્યો છે તે જણાવે છે કે:–

"મન એજ શરીરનો સ્વાભાવિક રચનાર છે, કોઇ પણ આકાર કોઈ પણ રોગ અથવા દુર્વ્યસનની કલ્પના પ્રથમ જ્યારે મનમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તેનું માનસિક ચિત્ર ખડું થાય છે અને પછી તેની અસર શરીરપર થવા લાગે છે. ક્રોધથી થુંકમાં એટલો ફરક પડી જાય છે કે તે થુંક જીવનનો નાશ કરનાર વિષ-રૂપ પણ બની જાય છે. એકાએક થઇ આવતી પ્રબળ લાગણીઓ-ની એટલી બધી અસર થાય છે કે ઘણી વાર તેથી હૃદયને ભારે ધકકો પહોંચે છે અને કેટલીક વાર તો હૃદયનું ધબકવું સદાને માટે બંધ થઈ જઇને મનુષ્ય મરણને શરણ થાય છે. સખ્ત લાગણી-ઓના આવેશથી મનુષ્યો ગાંડા થઇ જવાના દાખલા પણ મોજુદ છે. વિજ્ઞાનશાસ્ત્રીઓએ કેટલાએક પ્રયોગો કરીને સિદ્ધ કર્યું છે કે, સામાન્ય મનુષ્યના પરસેવામાં અને અપરાધ કરવાથી જેનું કાળજું ધડકી રહ્યું હોય તેવા અપરાધી મનુષ્યના પરસેવામાં બહુજ ફેર હોય છે."

"ભયરૂપી રાક્ષસે હજારો મનુષ્યોના પ્રાણ લીધા છે અને ધૈર્ય-રૂપી દેવે હજારો મનુષ્યોને પ્રાણ આપ્યા છે, એ બાબત સર્વત્ર પ્રસિદ્ધ છે. ઘોડાઓ કેળવવામાં નિપુણ **રેરી** સાહેબ જણાવે છે કે, ક્રોધી શબ્દથી ઘોડાપર એટલી બધી અસર થાય છે કે જેથી તેની નાડીના ધબકારામાં એક મિનિટમાં દશનો વધારો થાય છે. ક્રોધ-થી પશુઓ ઉપર પણ જો આટલી બધી અસર થાય તો પછી મનુષ્યો અને કોમળ સ્વભાવનાં બાળકોપર તેની કેટલી બધી અસર થવી જોઇએ, એ સહેજે સમજાય તેમ છે. મનુષ્ય કોઇએક પ્રબળ લાગણીથી ગભરાઇ જતાં કેટલીક વાર તેને ઉલટી થાય છે. બહુજ ભયથી મનુષ્યને કેટલીક વાર કમળો થઇ આવે છે. અતિશય ગુસ્સો ચઢવાથી કેટલાકને વાઇ આવે છે અને કેટલાકનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરણ પણ થાય છે. ભયંકર ચિંતામાં એક રાત્રિ પસાર થવાને લીધે આખું જીવન નીરસ બની ગયાના અનેક દાખલા મળી આવે છે. અતિશય શોકથી, લાંબા સમયની ઈર્ષ્યાથી, હમેશના ઉદ્વેગથી અને હૃદયને ચૂસી લેતી ચિંતાથી અનેક મનુષ્યો ગાંડા બની ગયા છે. કારણ કે નિર્બળતાના વિચારો અને મનની પ્રતિકૂળતાઓ રોગને ઉત્પન્ન કરનારૂં વાતાવરણ બનાવે છે અને તેવા વાતાવરણથી મનુષ્યો અપરાધ કરવાને દોરવાય છે."

ઉપલી હકીકતો ઉપરથી મહત્ત્વની વાત એ સિદ્ધ થાય છે કે, જુદી જુદી માનસિક વૃત્તિઓ, લાગણીઓ અને વિકારોની શરીરપર જુદી જુદી અસર જરૂર થાય છે; અને અમુક વૃત્તિ વિશેષ પ્રકારે પોષવામાં આવે તો તે અમુક રોગ પણ ઉત્પન્ન કરે છે અને તે રોગ ધીમે ધીમે જડ ઘાલે છે.

વૃત્તિઓની શરીરપર કેવી રીતે અસર થાય છે, તે વાત હવે ટુંકમાં વિચારીએ. ધારો કે, અમુક મનુષ્યમાં અતિશય ક્રોધ વ્યાપી રહ્યો છે. આ ક્રોધરૂપી મનોવિકારને લીધે તેના શરીરમાં ભયંકર તોફાન ચાલે છે; જેના પરિણામે શરીરનું પોષણ કરનાર રસ વગેરે ધાતુઓ વિષમય બને છે અને પોતાનાં સ્વાભાવિક કામ કરવાને બદલે, શરીરમાં આવાં ઝેરી તત્ત્વો ફેલાવાથી રોગની ઉત્પત્તિ થાય છે; અને જો આવી ક્રિયા લાંબો વખત ચાલે તો તે રોગ ઘર પણ કરે છે. આથી ઉલટું પ્રેમમય, પરોપકારી, દયામય અને શુભેચ્છાની લાગણીઓ તથા વિચારોથી શરીરમાં રહેલો રસ, લોહી વગેરે ધાતુ શુદ્ધ બને છે અને તે આરોગ્યને વધારનાર તથા નવું બળ આપનાર નીવડે છે. કારણ કે એથી શરીરની બધી નાડીઓ પ્રફુલ્લિત બને છે, લોહી છૂટથી વહેવા લાગે છે અને રસ, લોહી તથા ધાતુમાં એટલી બધી તાકાત આવે છે કે તેથી ઝેરી અને રોગજનક બીજોનો નાશ થઇને શરીર ઘણુંજ સુદૃઢ તથા નીરોગી બને છે.

કોઇ કોઈ વૈદ્ય કે ડૉકટર રોગીને ઘેર જાય છે ત્યારે તે દવા નથી આપતો; પણ તે પોતાને જોવા આવ્યો છે અને પોતાની સંભાળ લે છે, એવા વિચારથીજ તે રોગીને ઠીક લાગે છે. કારણ કે તે વૈદ્ય પોતાની સાથે આરોગ્યનું વાતાવરણ લઇ જાય છે—અર્થાત્ વૈદ્યનું પ્રસન્ન મુખ, આનંદી સ્વભાવ અને મધુર વાર્તાલાપજ રોગીપર આરોગ્યનો વરસાદ વરસાવે છે. રૂડો વૈદ્ય પોતાની સાથે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગીને ઘેર 'આશા'નો પ્રવાહ લઇ જાય છે અને રોગીને આપતો આવે છે. ખરૂં પૂછો તો વૈદ્યે આપેલી આશા, હિંમત અને ધીરજની ગુપ્ત પણ પ્રબળ અસર તે દરદીપર થવા લાગે છે અને તેથી પ્રથમ તો તેનું મન સુધરવા લાગે છે; જેથી પછી ધીમે ધીમે તેનું તન પણ સુધરતું જાય છે. તાત્પર્ય એજ કે, જેથી કરીને રોગીના મનમાં દૃઢ આશા ઉત્પન્ન થઈને તે આનંદી, ઉત્સાહી, નચિંત અને ધૈર્યવાન બને તેવી સર્વ બાબતો તેના શરીર માટે પણ તેટલીજ લાભકારી નીવડે છે. દૃઢ આશા અથવા અચળ ધૈર્યને સંજીવિની માત્રા કહીએ તોપણ તેમાં અતિશયોક્તિ નથી.

એક રોગી પોતાના એક મિત્રને કહેતો કે "તમે જ્યારે મારી પાસે હો છો ત્યારે મને બહુજ આનંદ લાગે છે." આ કથનમાં ગંભીર શાસ્ત્રીય રહસ્ય રહેલું છે. ઉત્તમ મનુષ્યો અને મહાત્માઓના દર્શનમાં તેમજ શબ્દોમાં પણ પુષ્કળ આરોગ્ય ભરેલું હોય છે. અમુક પ્રકારની સૂચનાઓ અને વાતોથી પણ સામા મનુષ્યના મનપર કેટલી બધી પ્રબળ અસર થાય છે, તેનો અભ્યાસ કરવાથી ઘણુંજ બોધ મળી શકે તેમ છે; કારણ કે સૂચન પણ એક પ્રબળ શક્તિ છે.

શરીરરચનાનો એક પ્રવીણ અભ્યાસી અને પ્રખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી પોતાની પ્રયોગશાળામાં અનેક પ્રકારના પ્રયોગો કરી જોયા પછી લખે છે કે, મનુષ્યનું આખું શરીર, હાડકાં, માંસ, સ્નાયુ વગેરે એક વર્ષ કરતાં પણ ઓછા વખતમાં સર્વાંશે બદલી શકાય અને શરીરના કેટલાક ભાગો તો પંદરજ દહાડામાં ફેરવી શકાય.

અહીં કદાચ કોઇ પ્રશ્ન કરશે કે, શું કેવળ આંતરશક્તિના પ્રયોગથી રોગિષ્ઠ શરીરને નીરોગી સ્થિતિમાં લાવી શકાય? જવાબ એજ કે, જરૂર લાવી શકાય અને તે સ્થિતિમાં લાવવાનો સ્વાભાવિક માર્ગ પણ એજ છે. અમુક દવાઓ, ઔષધો કે બાહ્યોપચાર એ તો બધા બનાવટી માર્ગ છે. જીવનશક્તિના સ્થૂલમાર્ગમાં જે કંઇ અડચણરૂપ હોય તેને દૂર કરવું એટલુંજ કાર્ય દવાઓ તો કરી શકે; બાકી શરીરના વ્યાધિ મટાડવાનું ખરેખરૂં કામ કરનાર તો આંતરશક્તિઓજ છે. એક અતિશય પ્રખ્યાત સર્જને થોડાજ સમયપર પોતાના ભાઈબંધ ડૉકટરો આગળ આ સંબંધમાં પોતાનો નીડર મત આ પ્રમાણે જણાવ્યો હતોઃ—"શરીરને પોષણ આપનારૂં ખરૂં તત્ત્વ જે જીવનશક્તિ, તેનો ઘણાં સૈકાંઓથી વૈદકશાસ્ત્રમાં બિલકુલ ઉપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગ કરવામાં આવ્યો નથી અને મન ઉપર જડ વસ્તુની શી અસર થાય છે, તે ઉપરજ બધા ડૉકટરોનું ધ્યાન રોકાઈ રહ્યું છે અને ઉપાયો પણ તેને અનુસરીનેજ શોધવામાં આવ્યા છે. આનું પરિણામ એ આવ્યું છે કે, ડૉકટરો સમયની સાથે પ્રગતિ કરી શકતા નથી અને તેથી શરીરના રોગો દૂર કરવામાં મન કેટલો અગત્યનો ભાગ ભજવે છે તેનો વિચાર તો માત્ર બીજરૂપેજ કોઇ કોઇ સ્થળે જોવામાં આવે છે. પરંતુ હવે આ વીસમી સદીમાં કુદરતની ગુપ્ત શક્તિઓ શોધવા અને તેનો ઉપયોગ કરવા તરફ મનુષ્યજાતિનો આગળ વધેલો ભાગ દોરવાતો જાય છે. ડૉકટરોને પણ હવે માનસશાસ્ત્રનો અભ્યાસ કરવાની અને મનની શરીરપર થતી અસરનો સવાલ સૂક્ષ્મ રીતે તપાસવાની જરૂર દેખાતી જાય છે. આ બાબતમાં હવે જરા પણ ઢીલ, શંકા કે આનાકાની કરવા જેવું રહ્યું નથી. હવે તો જે પાછળ પડયો તે મર્યોજ સમજવો. કારણ કે મનુષ્યજાતિ હવે પ્રગતિના આ માર્ગમાં દાખલ થઇ ચૂકી છે."

ભૂતકાળમાં આ બાબતમાં કેટલાકોએ મૂર્ખતાનાં કામ કર્યાં છે, તે મારી જાણબહાર નથી. પણ તે ઉપરથી માનસશાસ્ત્રને લગતા મહાન નિયમો અસત્ય ઠરતા નથી. દરેક તત્ત્વજ્ઞાન અથવા ધર્મના પ્રારંભકાળમાં આવુંજ બને છે; પરંતુ વખત જતાં એમાં જે મૂર્ખતાભરી અને વિચિત્ર વાતો હોય છે તે નાશ પામી જઇ ખરાં શાશ્વત તત્ત્વો હોય તેજ સ્વચ્છ સ્વરૂપમાં જગત સમક્ષ પ્રકટ થતાં જાય છે.

આ માનસિક શક્તિઓના ઉપયોગદ્વારા બહુજ થોડા સમયમાં ઘણા રોગો સર્વાંશે મટી ગયાના દાખલા મારી પોતાની જાણમાં છે. કેટલાક દરદીઓ, જેમના રોગ ડૉકટરોએ અસાધ્ય ગણી કાઢેલા, તેવા દરદીઓને પણ આ રીતિથી આરામ થવા પામ્યો છે. જુદા જુદા સમયમાં જુદા જુદા ધર્મના ઇતિહાસમાં આપણને આ રીતે રોગ મટયાના ઘણા દાખલા મળી આવે છે; અને આપણામાં પણ આ રીતે રોગ મટાડવાની શક્તિ અત્યારે કેમ ન હોઇ શકે? શક્તિ તો છેજ. ભૂતકાળમાં જે મહાન નિયમોનો આશ્રય લેવામાં આવ્યો હતો, તે નિયમોને અનુસરીને તેનો આશ્રય લેવામાં આવે તો અત્યારે પણ તે શક્તિ તેવુંજ કામ કરી શકે છે.

બીજાના રોગ મટાડવામાં અમુક વ્યક્તિ ઘણું કામ કરી શકે છે, પણ જો દરદી પોતે પણ તે વ્યક્તિની સાથે પૂર્ણ શ્રદ્ધા અને સહાનુભૂતિ રાખે તો તેની અસર બહુ ત્વરાથી થાય છે. મહાત્મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રાઇસ્ટે જે અનેક દરદીઓ રોગમુક્ત કર્યા હતા તેમાં તેમણે પણ તે સર્વની સહાનુભૂતિની અપેક્ષા રાખી હતી. તેમનો ચોક્કસ સવાલ એ થતો હતો કે "શું તને શ્રદ્ધા છે?" આ રીતે દરદીમાં રહેલી જીવનશક્તિને તેઓ પ્રથમ ઉત્તેજિત કરતા હતા. જો કોઇ મનુષ્ય બહુજ નિર્બળ સ્થિતિમાં હોય, અથવા રોગને લીધે તેનું મન પોતાનું કામ કરી શકતું ન હોય, તો થોડા સમય માટે તે રોગ મટાડવામાં બીજાની મદદની અપેક્ષા રાખે તેમાં ખોટું નથી; પરંતુ જો તે પોતામાં રહેલા આંતરિક સામર્થ્યનો પણ ઉપયોગ તેમાં કરી શકે તો તે વધારે ઉપકારક થઇ પડે છે.

એક મનુષ્ય બીજાને પુષ્કળ સહાય કરી શકે એ વાત સત્ય છે અને લોકોને તેમનામાં રહેલી આંતરશક્તિઓ ખીલવવા તરફ આકર્ષવાનું શિક્ષકતરીકેનું કાર્ય ઘણું ઉત્તમ છે; પરંતુ હરકોઇ બાબતમાં સ્થાયી સુધારો મેળવવાને માટે તો દરેક મનુષ્યે જાતેજ પ્રયત્ન કરવો જોઇએ. જે પાપી મનુષ્ય મહાત્મા ક્રાઇસ્ટ પાસે આવતો, તેને તેઓ નિરંતર એમજ કહેતા કે "જા, હવે પાપ કરતો ના." અથવા તો "તારાં પાપ માફ કરવામાં આવે છે." અર્થાત્ તેઓ એજ નિયમનો ઉપદેશ આપતા હતા કે, સઘળાં દુઃખ અથવા રોગનું કારણ જાણી જોઇને કે અજાણપણે, સીધી યા આડકતરી રીતે કુદરતના નિયમોનો કરેલો ભંગજ હોય છે.

જ્યાંસુધી પાપ અથવા કુદરતી નિયમોનો ભંગ કાયમ હોય છે, ત્યાંસુધી દુઃખ પણ આવવાનું, એ નિર્વિવાદ છે. જ્યારે નિયમોનો ભંગ કરવાનું બંધ કરીને મનુષ્ય તે નિયમને અનુકૂળ વર્તવા લાગે છે, ત્યારે દુઃખનું કારણ દૂર થાય છે. જો કે ભૂતકાળમાં કરેલાં પાપ અથવા નિયમોના ભંગના પરિણામરૂપે કેટલાંક દુઃખજનક તત્ત્વો તે મનુષ્યમાં રહેલાં હોય છે; છતાં નવું દુઃખ ઉત્પન્ન કરનાર કારણ દૂર થવાથી હવે તે દુઃખદાયક સંચિત કારણોમાં ઉમેરો થતો નથી; અને ભૂતકાળના નિયમભંગને લીધે ઉત્પન્ન થયેલી દુઃખમય સ્થિતિ પણ શુભ શક્તિઓના ઉપયોગથી વીખરાવા લાગે છે.

મનુષ્યે આ સત્ય પોતાના હૃદયમાં પૂર્ણ રીતે ઠસાવવું જોઇએ કે "મારામાં તથા સર્વ પ્રાણીઓમાં રહેલું અનંત ચૈતન્ય વાસ્તવિક રીતે એકજ છે." આ માન્યતા દૃઢ થવાથી મનુષ્ય પૂર્ણ આરોગ્યમય જીવન ગાળી શકે છે અને ભૂતકાળમાં કરેલી ભૂલોના પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણામે એકઠો થયેલો મનમાંનો તથા શરીરમાંનો કચરો દૂર થવા લાગે છે. કારણકે મહાન ચૈતન્ય સાથેની એકતાનો ખ્યાલ એવો તો પવિત્ર અને પ્રબળ જીવનપ્રવાહ ઉત્પન્ન કરે છે કે તેના આગળ રોગમાત્ર નાશ પામી જાય છે, તેનામાં નવું જીવન આવે છે અને શરીર બહુજ મજબૂત બને છે.

જ્યારે આપણને આપણી તથા પરમાત્માની વચ્ચેની એકતાનું જ્ઞાન થશે, ત્યારેજ આપણે આપણને અનેક વ્યાધિઓના આધારભૂત જડશરીરરૂપે માનતા અટકીશું અને જ્યાં આપણે પોતાને ચૈતન્ય-રૂપ માનવા લાગ્યા કે પછી આપણને એવું ભાન થતું ચાલશેજ, કે જે શરીરરૂપી ઘરમાં આપણે રહીએ છીએ, તેના આપણે બાંધનાર તથા સ્વામીતરીકે છીએ અને કદી પણ શરીર આપણું સ્વામી નથી. અજ્ઞાનને લીધેજ અત્યારસુધી આપણે પોતાને જે વસ્તુઓના દાસ ગણીને તેની અસર આપણા શરીરપર થવા દેતા હતા, તેવી અસર હવે આપણે થવા દઇશું નહિ. કુદરતી નિયમોથી હવે આપણે ડરીશું નહિ, પણ તેને સમજીને તેની સાથે પ્રીતિ કરીશું. વળી તે નિયમોનો હવે આપણે એવી રીતે ઉપયોગ કરીશું, કે જેથી આપણા ધાર્યા પ્રમાણેજ તેનું ફળ આવે.

આ સંસારમાં હજારો સ્ત્રી–પુરુષો શરીરે અત્યંત દુર્બળ હોય છે; કેમકે અનેક વ્યાધિઓએ તેમના શરીરમાં ઘર કર્યું હોય છે. જો પરમાત્મતત્ત્વના દિવ્ય પ્રવાહને તેઓ પોતામાં વહેવા દે તો તેમને પણ નીરોગી અને મજબૂત બનવામાં અડચણ આવે તેમ નથી. આવાં મનુષ્યોને એટલાજ બોધની જરૂર છે કે "પરમાત્મતત્ત્વના દિવ્ય પ્રવાહથી જરા પણ વિમુખ ન થશો. તમારા હૃદયનાં દ્વાર તેના તરફ ખુલ્લાં રાખી તે દિવ્ય પ્રવાહને આમંત્રણ આપો, એટલે તે પ્રવાહ તમારા શરીરની રગેરગમાં એટલા જોરથી વહેવા લાગશે કે તેના પ્રવાહમાં તમારા સઘળા રોગ દૂર થઇ જશે અને તમારૂં શરીર તદ્દન રોગરહિત બનશે." એક મહાત્માએ કહ્યું છે કે "બ્રહ્મજ્ઞાનથી બે તરફના લાભ છે, એક તો દિવ્ય જીવનની પ્રાપ્તિ થાય છે અને શરીર પણ નીરોગી બને છે."

એક પાણીની નીક છે. તેમાં થઇને કાદવવાળું પાણી નિરંતર વહ્યાં કરે છે. તેને તળિયે તેમજ બાજુએ કચરો ચોંટી ગયો છે; અને એમાં જ્યાંસુધી કાદવવાળું પાણી વહ્યા કરશે, ત્યાંસુધી તે કચરો ચોંટી રહે, એ સ્વાભાવિકજ છે. એમાં ફેરફાર કરો. તે નીક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી ચોખ્ખા-સ્ફટિક જેવા પાણીના ઝડપથી વહેતા પ્રવાહને વહેવા દો અને ઘણાજ થોડા સમયમાં તળિયાનો તથા બન્ને બાજુઓનો કચરો ઘસડાઇ જઇને તે નીક નિર્મળ બનશે. હવે તે નીક કદ્રૂપી નહિ, પણ સુંદર દેખાવા લાગશે અને તેમાં થઇને વહેતું જળ પણ સર્વને ઉપયોગી ગણાશે; કેમકે બહારના મનુષ્યોને પણ તે પાણી તંદુરસ્તી અને નવું જીવન આપનારૂં થશે.

જે પ્રમાણમાં તમે તમારી અને પરમાત્માની વચ્ચે રહેલી એકતાનો ખ્યાલ લાવો છો અને તેમ કરીને તમારા અંતરમાં રહેલી ગુપ્ત શક્તિઓ અને સામર્થ્યને પ્રકટ કરો છો; તે પ્રમાણમાં તમારા શરીરની આધિ-વ્યાધિ અને અશક્તિ નાશ પામી જઇને તેની જગ્યાએ આરોગ્ય અને બળ તમારા શરીરમાં પ્રકટ થવા લાગે છે; એટલુંજ નહિ પણ તમારા સંબંધમાં આવનારા દરેક મનુષ્યમાં પણ આરોગ્ય અને બળનું વાતાવરણ તમે ઉત્પન્ન કરી શકો છો, કારણ કે **રોગ જેટલો ચેપી છે તેટલુંજ આરોગ્ય પણ ચેપી છે.**

ઉપરનું લખાણ વાંચીને કોઇ એમ પણ કહેવા લાગે કે "ઉપરનાં તત્ત્વો સત્ય તો લાગે છે, પણ તેને અમલમાં કેવી રીતે મૂકવાં? તથા અમારી અંદર રહેલા રોગ અમારી મેળેજ અમે કેવી રીતે મટાડી શકીએ?" આ પ્રશ્નનો ઉત્તર એજ છે કે, મૂળતત્ત્વો જણાવવાં એજ અમારૂં કાર્ય છે. તેને કેવી રીતે પોતાના જીવનમાં ઉતારવાં એ તો દરેક વ્યક્તિનું પોતાનું કાર્ય છે. એક મનુષ્યની રીત બીજાને ઉપયોગી થાય કે ન પણ થાય, માટે સર્વ કોઇએ પોતાની સ્થિતિ, સંયોગો વગેરેનો વિચાર કરીને અનુકૂળ પડતી રીતેજ તે તત્ત્વોને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવાનો છે.

અહીં એ પણ કહેવું જરૂરનું છે કે, પૂર્ણ આરોગ્યના વિચારો લાંબા વખત સુધી મનમાં રાખવાથી શરીરની આરોગ્યદાયક શક્તિને ઉત્તેજન મળે છે અને તેનું પરિણામ એ આવે છે કે, શરીર પૂરેપૂરૂં તંદુરસ્ત બને છે. 'હું તંદુરસ્ત છું" એવી ભાવનાનું વારંવાર ઉચ્ચારણ કરવા કરતાં તે તંદુરસ્તી અનુભવવાનો પ્રયત્ન કરવાથી વિશેષ લાભ થાય છે. કેટલાક મનુષ્યોની બાબતમાં એ ભાવનાનું ઉચ્ચારણ પણ તેવો અનુભવ થવામાં મદદરૂપ થઈ પડે છે.

જે અનંત ચૈતન્યમાંથીજ વ્યક્તિગત જીવન ઉદ્ભવેલું છે અને નિરંતર ઉદ્ભવતું જાય છે, તેની સાથે જેટલા પ્રમાણમાં તમે તમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રી એકતાનું ચિંતન કરો છો અને તેમ કરીને જેટલા પ્રમાણમાં તમે તમારા હૃદયનાં દ્વાર તે અનંત ચૈતન્યનો દિવ્ય પ્રવાહ ઝીલવાને માટે ખુલ્લાં રાખો છો, તેટલા પ્રમાણમાં તમે એક એવી શકિતનો આશ્રય લો છો કે જેના પ્રભાવથી કાળે કરીને તમારૂં શરીર તદ્દન નીરોગી થશે અને તમારી નસોમાં તંદુરસ્ત લોહી દોડતું થશે. કારણ સ્પષ્ટ છે કે, તે અનંત દિવ્ય ચૈતન્યમાં રોગને અવકાશજ નથી; અને તે નિરામય ચૈતન્યની અને તમારા ચૈતન્યની એકતા હોવાથી તમારામાં પણ રોગ રહી શકેજ નહિ. આ ફેરફાર ત્વરાથી કે વિલંબથી થવાનો **સર્વ આધાર** આ ઐક્યના સત્ય સિદ્ધાંત પર તમારી પોતાની વધારે યા ઓછી **શ્રદ્ધા અને ચિંતનપરજ રહેલો છે.**

કેટલાક મનુષ્યો આ સર્વોત્તમ અને સાચી એકતાને અનુભવવાનું એટલું સામર્થ્ય ધરાવતા હોય છે કે તેમના રોગ ત્વરાથી નાશ પામે છે; અને તેમના શરીરમાં જે આવકારદાયક સુધારણા થાય છે તે હમેશને માટે રહે છે; જ્યારે કેટલાકને આ બાબતનો અનુભવ ધીમે ધીમે થતો જાય છે.

રોગી મનુષ્યો જો નીચે દર્શાવ્યા પ્રમાણે હૃદયમાં સ્થાયી ભાવના રાખશે તો તેમને તેથી અત્યંત સહાય મળશે અને તેમના રોગ સર્વથા મટી જશે. એકાંત સ્થળમાં પ્રથમ મનને સંપૂર્ણ શાંત થવા દઈ હૃદયથી સર્વ તરફ પ્રેમની ભાવના દર્શાવો અને પછી તમારા અંતરાત્મા તરફ વળીને ભાવના કરો કેઃ—

"અનંત ચૈતન્ય–નિરામય તત્ત્વસ્વરૂપ પરમાત્માના તથા મારા ચૈતન્યની એકતા છે. એ પરમાત્મા જીવનોનું જીવન હોવાથી હું પણ ચૈતન્યસ્વરૂપ છું; મારી પણ નિરામય–નીરોગી–મૂળ પ્રકૃતિ હોઈને તેમાં તે રોગનો જરા પણ સંભવ નથી. માત્ર આ સ્થૂલશરીરમાંજ રોગે પ્રવેશ કર્યો છે અને તેથી એ શરીરના દરેક ભાગમાં તે દિવ્ય ચૈતન્યનો પ્રવાહ વહે એટલા માટે તે ચૈતન્ય તરફ મારાં હૃદયદ્વાર ખુલ્લાં મૂકું છું. હવે અત્યારથી–આ પળથીજ તે પ્રવાહ મારા શરીરમાં વહેવા લાગ્યો છે અને શરીરને નીરોગી બનાવવાની ક્રિયા ચાલુ થવા લાગી છે."

ઉપલા શબ્દો કેવળ મોઢેજ બોલીને બેસી રહેવાનું નથી, પરંતુ એવું બોલતી વખતે મનથી પણ એજ ભાવનામાં તન્મય થવાનું છે. આ પ્રમાણે થતાંજ તમારા શરીરમાં નવો જીવનપ્રવાહ પૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોસથી ઉછળવા લાગશે. જેઓ ચૈતન્યતત્ત્વપર પૂર્ણ વિશ્વાસ રાખી શકતા નથી, તેઓને શુભ કરતાં અશુભ તત્ત્વ પર વધારે શ્રદ્ધા હોવાથી તેઓ નિરંતર માંદા રહે છે.

જો મનુષ્ય ઉપર જણાવેલી ભાવનાની રીત અંગીકાર કરે અને તેનાથી બને તેટલી વાર અમુક અમુક સમયે તે ભાવના લાવ્યા કરે તથા તે ભાવના પર પોતાનું મન વારંવાર સ્થિર કરે, તો તેને પોતાને પણ આશ્ચર્ય ઉપજે એવી રીતે તેના મન અને શરીરપર અસર થવા લાગશે અને રોગ જતો રહીને નીરોગતા પ્રાપ્ત થશે.

જો શરીરનો કોઇ અમુકજ ભાગ રોગગ્રસ્ત હોય તો ઉપર જણાવેલી ભાવના આખા શરીરને માટે કરવા ઉપરાંત તે ભાગને માટે ખાસ ભાવના પણ કરો. આ પ્રમાણે પ્રબળ ભાવના કરવાથી તે ભાગમાં રહેલા જીવનપ્રવાહને વિશેષ ગતિ મળીને તે ભાગ નીરોગી બનતો જાય છે.

આ સ્થળે એક નિયમ પૂરેપૂરો યાદ રાખવાનો છે કે, આ પ્રમાણે આરોગ્ય મળવા છતાં પણ જ્યાંસુધી તે રોગને ઉત્પન્ન કરનારાં મૂળકારણો દૂર કરવામાં આવ્યાં ન હોય, ત્યાંસુધી તે રોગરૂપ પરિણામ સદાને માટે દૂર થતું નથી. **જ્યાંસુધી કુદરતના નિયમનો ભંગ છે, ત્યાંસુધી રોગ અને દુઃખ રહેવાનાંજ.**

ઉપલો પ્રકાર શ્રદ્ધા ને સમજણપૂર્વક આચરવાથી રોગી શરીર નીરોગી બનવા ઉપરાંત શક્તિ, ઉત્સાહ અને ચૈતન્યમાં વધારો થાય છે. ઔષધિ અથવા શસ્ત્રપ્રયોગ આદિ બાહ્ય ઉપચારોનો આશ્રય લીધા વિના કેવળ મનનીજ શક્તિવડે અનેક દેશોમાં રોગીઓના રોગ નાશ પામ્યાના અનેક દાખલા વિદ્યમાન છે. રોગ મટાડવાની આ આંતરિક રીતોને ભિન્ન ભિન્ન સ્થાનોમાં તેમજ ભિન્ન ભિન્ન સમયોમાં વિવિધ નામ આપવામાં આવ્યાં છે; પણ તે સર્વ એકસરખી રીતે એ એકજ તત્ત્વનો આશ્રય લે છે. આ વાત તો જગતમાંના પ્રત્યેક મુખ્ય ધર્મ સ્વીકારે છેજ કે, પ્રાચીન કાળના ધર્મગુરુઓમાં પોતાની આંતરિક શક્તિઓવડે રોગ મટાડવાની શક્તિ હતી; અને જો તેમનામાં તે સમયે તે શક્તિ હતી તો આપણામાં હાલ તે કેમ ન સંભવે? શું જગતના મહાન નિયમો આજે બદલાઇ ગયા છે? નહિજ. નિયમો તો તે ને તેજ છે; પરંતુ અમુક વિરલ ભાગ્યશાળી મનુષ્યોને બાતલ કરીને બોલીએ તો વર્તમાન સમયમાં મનુષ્યજાતિનો મોટો ભાગ માત્ર ઉત્તમ સિદ્ધાંતોને ઉપર ઉપરથીજ માનનારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા બોલ્યા કરનારોજ બની ગયો છે અને તે સિદ્ધાંતોની પાછળ રહેલા સામર્થ્યને અથવા તેના રહસ્યને પિછાનવાની ભાગ્યેજ તસ્દી લે છે. જે મનુષ્યોમાં ખરૂં વ્યક્તિત્વ પ્રગટ્યું હોય છે, તેઓ તો એવી રીતે શબ્દોનાં ખોખાંને વળગી ન રહેતાં, તેની અંદર રહેલા સત્ત્વને–ચૈતન્યને–સામર્થ્યને અવશ્ય જુએ છે અને અનુભવે છે; અને તેથી કરીને તેઓ બીજાઓને પણ એ શબ્દોનું રહસ્ય પૂરેપૂરૂં સમજાવી શકે છે.

આપણને માલૂમ પડતું જાય છે અને વખત જતાં આપણી વધારે નેવધારે ખાત્રી થશે કે, સઘળા રોગો અને તેને અંગે ઉત્પન્ન થતાં દુઃખોનું મૂળકારણ મન અને લાગણીઓનું અવ્યવસ્થિતપણુંજ છે. આપણા મનની સ્થિતિના પ્રમાણમાંજ કોઇ પણવસ્તુની ઓછી કે વધારે અસર આપણાપર થાય છે. જો આપણને દૃઢ વિશ્વાસ આવતો ચાલે કે, અમુક કામમાં આપણી પૂર્ણ સત્તા ચાલશે અને આપણને તેનાથી કદી પણ નુકસાન થશે નહિ, તો અવશ્ય આપણી સત્તા તે કામપર ચાલશે અને કોઇ પણ પ્રકારનું નુકસાન આપણને થવા પામશે નહિ.

કોઇ પણ રોગને પોષણ મળે એવો સંયોગ જો આપણા શરીરમાં ન હોય તો રોગની તાકાત નથી કે તે આપણા શરીરમાં પ્રવેશી શકે; તેજ પ્રમાણે કોઇ અશુભ કે અનિષ્ટ સ્થિતિને અનુકૂળ તત્ત્વો જો આપણામાં ન હોય તો તે સ્થિતિની તાકાત નથી કે આપણાપર તે સવાર થઇ શકે. માટે **જે કોઇ સુદશા કે દુર્દશા આપણાપર આવી પડે તેનું કારણ બહાર શોધવાને બદલે આપણે આપણામાંજ શોધવું જોઇએ.** જો તે કારણ શોધી કાઢીને તેને દૂર કરીએ તો તેથી આપણી આંતરસ્થિતિ એવી તો ઉત્તમ બનશે કે જેથી કેવળ સારી દશાજ આપણા તરફ આકર્ષાઇ આવ્યા કરશે.

સ્વભાવથીજ આપણે આપણી દશાના સ્વામી થવાને સરજાયેલા છીએ; છતાં માત્ર અજ્ઞાનનેજ લીધે જે તે સંયોગોને આધીન બની જઇ તેના ગુલામની પેઠે વર્તીએ છીએ.

આપણે પવનના ઝપાટાથી ડરીએ છીએ. કેમકે આપણને ભય લાગે છે કે, પવનથી આપણને તાવ આવશે કે શરદી થશે. પરંતુ ખરૂં જોતાં પવન તો ઉલટો આપણું જીવન હોઇને આપણા અશુદ્ધ રક્તને શુદ્ધ કરનાર છે, તો પછી તેનાથી ભય શો ? વળી તેની જેટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસર આપણે આપણાપર થવા દઇએ, તેટલીજ થઇ શકે છે. વ્યાધિઓનાં ઉપાદાનકારણ અને નિમિત્તકારણનો યથાર્થ ભેદ આપણે સમજવો જોઇએ. જો આપણા શરીરને પવનનો ઝપાટો લાગે અને તેથી શરદી થાય કે તાવ આવે તો આપણે સમજવું જોઈએ કે, પવનનો ઝપાટો તો એમાં માત્ર નિમિત્તકારણરૂપજ હતો અને ઉપાદાનકારણ તો બીજુંજ હતું.

પ્રચંડ વાયુના ઝપાટામાં બેઠેલા બે મનુષ્યોમાંનો એક હેરાન-ગતિ ભોગવી રહ્યો હોય છે, ત્યારે બીજાને તેથી ઉલટો એક પ્રકારનો આનંદ લાગે છે. પહેલો મનુષ્ય પોતાના સંયોગોનો દાસ હોવાથી તે પવનના ઝપાટાથી ડરે છે અને પવનથી અવશ્ય કાંઇ ને કાંઈ નુકસાન થવાના વિચારો તેના મનમાં રમ્યા કરતા હોવાથી તે પોતાના મનરૂપી મંદિરનાં દ્વાર ખુલ્લાં કરીને તે દ્વારા વ્યાધિને પોતાના તરફ બોલાવે છે અને આવી રીતે પવન જેવી નિર્દોષ અને લાભકારી વસ્તુ પણ તેને નુકસાનકર્તા નીવડે છે. કારણ કે **જે સ્થિતિનો તે પોતે વિચાર કરી રહ્યો છે, તેજ સ્થિતિને તે પોતાના તરફ આકર્ષે છે.**

બીજો મનુષ્ય પોતાને સંયોગોનો સ્વામી લેખે છે, તે પવનના વેગથી જરા પણ ભય ન પામતાં ઉલટો પોતાને તે સ્થિતિને અનુકૂળ બનાવે છે. આથી તે સખ્ત વાયુથી તેને કાંઇ પણ અડચણ થતી નથી; એટલુંજ નહિ પણ ઉલટો તે વાયુથી તેને શુદ્ધ હવાનો લાભ મળે છે અને તેની સાથે હજી એથી પણ વધારે ઠંડો અથવા પ્રચંડ વાયુ સહન કરવાની શક્તિ તેનામાં ખીલતી જાય છે.

જો પ્રચંડ વાયુજ શરદી અથવા તાવનું કારણ હોત તો બન્ને માટે એકસરખુંજ પરિણામ આવત; પરંતુ તેમ બનતું નથી. એ ઉપરથી જણાય છે કે, તાવનું ઉપાદાનકારણ વાયુ નથી, પણ મનની ભયપ્રદ સ્થિતિજ છે. વાયુ તો માત્ર એમાં નિમિત્તરૂપજ છે અને મનુષ્યને તેના મનની સ્થિતિ પ્રમાણેજ ફળ મળે છે.

ગરીબ બિચારો વાયુ ! લોકો હજારો વાર સઘળો દોષ પવન પરજ નાખે છે. તેઓ પોતાની નિર્બળતા ખુલ્લી જોઇ શકતા નથી અને બીજાના ઉપર પોતાની જવાબદારી નાખીને સંયોગોના સ્વામી બનવાને બદલે તેના નિઃસત્ત્વ દાસ બને છે ! જે મનુષ્ય ઈશ્વરનું પ્રતિબિંબ છે, જે પ્રભુની શકિત અને ચૈતન્યનો ભાગીદાર છે અને જે સંસારના સમસ્ત પદાર્થોનો માલિક થવાને સરજાયેલો છે; તેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્ય આરોગ્યદાયક પવનના ઝપાટાથી ડરે છે ! પોતાની શક્તિનો તેને ખ્યાલજ નથી અને જે કાંઇ બહાનું હાથમાં આવે તેને ઓઠે પોતાની નિર્બળતા ઢાંકવાનો પ્રયત્ન કરે છે !

ઉપર જણાવી તેવા પવનના ઝપાટાની અસર ન થાય તે માટે મનુષ્યે મનની આંતરિક દશા પ્રથમ સુધારવી જોઇએ અને તેની સાથે શરીરને પણ તંદુરસ્ત સ્થિતિમાં લાવવાને પૂરતો પ્રયત્ન કરવો જોઇએ. નુકસાન કરવાની શક્તિ વાયુમાં નથી; તોપણ આપણે જ્યારે તેનામાં તેમ કરવાની પ્રેરણા આપીએ છીએ, ત્યારેજ તેનામાં તેમ કરવાની શક્તિ આવે છે. માટે તેનો જરા પણ ભય ન રાખતાં તેને મિત્રભાવે તમને અનુકૂળ બનાવો અને જોરદાર વાયુમાં થોડી થોડી વાર બેસવાની ટેવ પાડીને ધીમે ધીમે તે ટેવને વધારો. જેની તંદુરસ્તી બહુ નરમ હોય, તેણે એકદમ સખ્ત પવનમાં બેસવાનું સાહસ ખેડવું નહિ; તેમ જેના મનમાં પવનના સપાટાનો કાંઈ પણ ભય રહેતો હોય, તેણે પણ તેમ કરવું નહિ; પરંતુ તેમણે પ્રથમ મંદ પવનના ઝપાટા સહન કરવાની ટેવ પાડીનેજ આગળ વધવું. બીજી હરેક બાબતમાં પણ મનુષ્યે એવીજ રીતે વિવેકબુદ્ધિને અનુસરીને વર્તવું જોઈએ.

સૃષ્ટિના સર્વ પદાર્થો પર સત્તા ચલાવવાનેજ આપણો જન્મ છે. જગતમાં અત્યારસુધીમાં કેટલાક મનુષ્યો તે સત્તા ચલાવવાને શક્તિમાન થયા છે; તે સૂચવે છે કે, આપણે પણ તે મુજબ કરી શકીએ તેમ છીએ. જે કાર્ય એક મનુષ્ય કરી શકયો, તે બીજો પણ ધારશે તો કરી શકશે. મુદ્દો માત્ર એજ છે કે, **જેટલા પ્રમાણમાં આપણને આપણી આંતરશક્તિઓનો ખ્યાલ આવી શકે, તેટલાજ પ્રમાણમાં આપણે બાહ્યસૃષ્ટિપર સત્તા ચલાવી શકીએ છીએ;** અને જો આપણને આપણી આંતરશક્તિઓનો ખ્યાલ ન આવે તો તો આપણે ગુલામ જેવાજ રહી જવાના અને સૃષ્ટિના પદાર્થો આપણાપર તેમનું સામ્રાજ્ય ચલાવ્યેજ જવાના ! બહારની સર્વ બાબતો આપણી અંદરની વૃત્તિઓ અને આપણી માનસિક સ્થિતિપરજ આધાર રાખે છે. આધ્યાત્મિક નિયમ—અથવા બીજા શબ્દોમાં કહીએ તો કુદરતનો નિયમજ એવો છે કે, **આપણા મનની સ્થિતિ જેવી હોય તેવીજ વસ્તુ અને સંયોગો આપણા તરફ આકર્ષાઇ આવે છે.**

આ જગતમાં કાર્ય—કારણના નિયમ સિવાય કાંઇજ બની શકતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. અચાનક બનાવ અથવા તો ચમત્કાર જેવું આ સંસારમાં કાંઇ પણ છેજ નહિ. ઘણાખરા મનુષ્યો પોતાની વર્તમાન સ્થિતિથી અસંતોષી જણાય છે; તેમની તેવી સ્થિતિ દૂર કરવાનો ઉત્તમ ઉપાય એ છે કે, તેમણે નસીબ અથવા દૈવને માથે દોષ મૂકવાનું અને ખાલી બડબડવાનું છોડી દેવું જોઇએ; પોતાના હૃદય તરફ દૃષ્ટિ કરવી જોઇએ; પ્રતિકૂળ સ્થિતિ આવવાનાં અશુભ કારણો કે જે તેમનાજ હૃદયમાં ભય અને અજ્ઞાનરૂપે વસી રહ્યાં છે તેને સર્વથા નિર્મૂલ કરવાં જોઇએ; અને તેનું સ્થાન અનુકૂળ સ્થિતિને આકર્ષનારાં શુભ કારણોને આપવું જોઇએ. આથી જરૂર થોડા સમયમાં અનુકૂળ સ્થિતિ તમારા તરફ આકર્ષાઇ આવશે. સ્થૂલશરીરની અને બીજી હરકોઇ બાબતમાં એજ નિયમ એકસરખો લાગુ પડે છે.

આપણી હાલની સારી યા બૂરી સ્થિતિને આપણે પોતેજ જાણી જોઇને કે અજાણપણે બોલાવી છે, તેથીજ તે આપણી તરફ ખેંચાઇ આવી છે. એ સિવાય આપણે એ સ્થિતિમાં કદી પણ મુકાઇએ નહિ. આ બાબત માનવી ઘણાકને એકદમ તો કઠિન લાગશે; પરંતુ તેઓ શાંતચિત્તથી વિચારશક્તિની પ્રબળ સત્તા સમજતા જશે અને તેના પોતાપર તથા આસપાસનાં બીજાં મનુષ્યોપર તેનાં થતાં પરિણામ જોતા ચાલશે તો ઉપલા કથનનો ખ્યાલ તેમને આવ્યાવિના નહિજ રહે.

આપણે જે સ્થિતિમાં મુકાયા હોઇએ તેને સુખકર કે દુઃખકર માનવી, એ પણ આપણાજ હાથમાં છે. અમુક બનાવ, સ્થિતિ કે સંયોગ તમને પ્રતિકૂળ લાગે છે અને તેથી તમારા મનની શાંતિને ખલેલ પહોંચે છે, તેનું મુખ્ય કારણ તો એજ છે કે, તમે પોતેજ એનાથી તમારા મનની શાંતિનો ભંગ થવા દો છો. આખા જગતના બનાવો પર તમારૂં સામ્રાજ્ય ચાલે એટલી તમારામાં શક્તિ રહેલી છે; પણ તમને તે શક્તિનો ખ્યાલ નથી આવ્યો; અને પરમાત્મ-તત્ત્વ સાથેનું તમારૂં ઐક્ય તમે ભૂલી ગયા છો; તેથીજ તમે અમુક બનાવ યા સ્થિતિને સ્વાધીન થાઓ છો અને તેના નિયંતા થવાને બદલે દાસ બની રહો છો, તેનું એજ ખરેખરૂં કારણ છે.

સંસારના બનાવોથી મનની શાંતિનો ભંગ ન થાય, એમ ઈચ્છનાર મનુષ્યે પોતાનું મધ્યબિંદુ શોધી કાઢવું જોઇએ. એ મધ્યબિંદુપર સ્થિર થયેલો મનુષ્ય સર્વત્ર પોતાની સત્તા ચલાવી શકે છે; માટે ઈશ્વર સાથેનું ઐક્ય કે જે તમારૂં મધ્યબિંદુ છે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધી કાઢો અને તેમાં સ્થિર રહો; એટલે અંદરથી નવું બળ તમારામાં પ્રકટ થવા લાગશે.

જો એ પ્રકારે તમે બાહ્યવસ્તુઓ અથવા સંયોગો પર રાજ્ય કરી શકતા ન હો તો પછી જે જે સંયોગો આવી પડે તે વેઠી લો અને તમારી સ્થિતિના સંબંધમાં વૃથા બડબડાટ કરતા નહિ, અથવા તો **"જગતમાં બનતી સર્વ ઘટનાઓ પરમાત્માની અપાર દયા અને અનંત જ્ઞાનને અનુસરીનેજ બને છે"** એ સિદ્ધાંતપર વૃથા આક્ષેપ મૂકતા નહિ.

હું પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે, **જે મનુષ્ય પૂર્ણ થશે તેને પૃથ્વી પણ પૂર્ણ ભાસશે અને અર્ધદગ્ધ કે અપૂર્ણ મનુષ્યને પૃથ્વી પણ અવ્યવસ્થિત અને અપૂર્ણજ ભાસશે.**

તમારા અંતઃકરણનાં દ્વાર જો મલિન યાને પ્રતિકૂળ વસ્તુથી લેપાયલાં હશે તો તે દ્વારમાંથી જગત તરફ દૃષ્ટિ કરતાં જગત પણ તમને મલિન અને અવ્યવસ્થિત લાગશે. માટે બડબડવાનું બંધ કરો; અને 'હું કમનસીબ છું' એવું બોલવાનું છોડી દો. જો તમે એમ ન કરી શકતા હો તો સર્વથી પ્રથમ તમારા હૃદયદ્વારને સુધારવાની જરૂર છે, એટલુંજ તે ઉપરથી સાબીત થાય છે.

જે પરમાત્મારૂપી સૂર્ય અંતરમાં પ્રકાશ આપવા ઉપરાંત બાહ્ય-પદાર્થોને પણ દૃશ્ય બનાવે છે; તેનો પ્રકાશ ઝીલવાને અને અનુભવવાને તમારો કોઇ મિત્ર પોતાના હૃદયની બારીઓ નિરંતર ખુલ્લી અને નિર્મળ રાખતો હોય તો જરૂર માનજો કે, તે મિત્ર તમારા કરતાં તદ્દન જુદીજ દુનિયામાં વસે છે. માટે હે પ્રિય બંધો! બડબડવાનું મૂકી દો અને પ્રથમ તમારા અંતઃકરણના દ્વારનેજ ધોઇને નિર્મળ બનાવો. આ કામ તમે કરશો એટલે આ જગત-માંની પૂર્વે નહિ દીઠેલી એવી અનેક સુંદરતાઓ તમારી દૃષ્ટિએ પડશે અને સ્વર્ગ યા નંદનવનનો તમને અહીંજ સાક્ષાત્કાર થશે. આપણામાં કહેવત છે કે "જયાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ" એનો અર્થ એ છે કે, સૂર્યના પ્રકાશમાં જે વસ્તુઓ સાધારણ મનુષ્યોને દેખાતી નથી, તેવી અનેક બાબતો કવિની પ્રતિભાશાળી બુદ્ધિ જોઈ શકે છે. કારણ કે કવિનું મન અંતરપ્રકાશથી પ્રકાશિત હોવાથી તે પ્રકાશનું પ્રતિબિંબ બાહ્યવસ્તુઓપર પડવાને લીધે તે વસ્તુઓ પણ તેને તેના ખરા રૂપમાં દેખાય છે. મહાન કવિ શેકસ-પિયરના એક નાટકમાં એક પાત્ર બીજા પાત્રને કહે છે કે "પ્રિય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળુટસ! **આપણે ગુલામની સ્થિતિમાં છીએ તેનો દોષ આપણા ગ્રહનો નથી, પણ આપણો પોતાનોજ છે."** શેકસપિયરનું પોતાનું જીવન પણ ઉપરના સિદ્ધાંતને ટેકો આપે છે. વળી બીજે એક સ્થળે પણ તે જણાવે છે કેઃ—

આપણી શંકાઓજ આપણા વિશ્વાસઘાતી મિત્રો છે. અનેક શુભ વસ્તુઓ આપણે મેળવી શકીએ તેમ છીએ; પરંતુ તે મેળવવાનો પ્રયત્ન કરતાં આપણે ડરીએ છીએ તેથીજ તેને પ્રાપ્ત કરી શકતા નથી. **આપણને અશુભ અને અનિષ્ટ સંયોગોમાં લાવી મૂકનાર 'ભય' જેવો બીજો કોઇ પદાર્થ નથી!** આપણે કોઇ પણ વસ્તુ અથવા મનુષ્યથી ભય રાખવા જેવું છેજ નહિ; અને જો આપણે આપણા ખરા સ્વરૂપને ઓળખીએ તો પછી આપણને તેવો ભય થતો પણ નથી.

આપણે અનેક દુઃખોને અને સખ્ત આપત્તિઓને ભોગવી ચૂકવા છતાં પણ જીવતા રહી શકયા છીએ, એ પણ આપણી ખાસ વિશેષતા છે; છતાં તેને વીસરી જઇને, ભવિષ્યનાં દુઃખોનું ચિંતન કર્યા કરીએ છીએ અને નાહકના અનેક દુઃખો અનુભવીએ છીએ.

જ્યાં શંકા છે, અશ્રદ્ધા છે, ત્યાંજ ભય છે; કારણકે અશ્રદ્ધા કે શંકા ઉત્પન્ન થયા પછીજ ભય ઉત્પન્ન થાય છે. અમુક મનુષ્ય કેટલો બીકણુ છે તે મને જણાવો, એટલે તે કેટલો શ્રદ્ધારહિત છે તે હું તમને કહી શકીશ. માટે એ ભય નામના રાક્ષસને આપણે ઘેર પરોણાતરીકે રાખવો પાલવે તેમ નથી. ચિંતા અથવા ઉદ્વેગ પણ એવીજ જાતનો ખરાબ પરોણો છે. કારણકે તે એટલું બધું ખર્ચ કરાવે છે કે તેને પોતાને ઘેર રાખવોજ જોઇએ નહિ. **જે સંયોગોનો આપણે ભય રાખીએ છીએ, તે સંયોગોને આપણે આપણી તરફ આકર્ષીએ છીએ** અને તેજ પ્રમાણે જો આપણે શ્રદ્ધા, નિર્ભયતા વગેરે શુભ વૃત્તિઓ રાખીએ તો સારાજ સંયોગોને અને રૂડીજ તકોને આપણે આમંત્રણ આપીએ છીએ અને તે પણ આપણા તરફ ખેંચાઇ આવે છેજ. ભયથી વ્યાપ્ત થયેલું મન નુકસાનકારક સંજોગો તરફજ પોતાનાં દ્વાર ખુલ્લાં રાખે છે. એક સમયે પ્લેગની દેવી જતી હતી, તેને એક પૂર્વદેશ-નિવાસી મુસાફરે પૂછ્યું કે "તમે કયાં અને કેમ જાઓ છો ?"

"પાંચ હજાર માણસોને મારવાને હું બગદાદ જાઉં છું."

થોડા દિવસ પછી તે દેવી પાછી વળતાં મુસાફરને મળી, ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસાફરે કહ્યું કે "તું તો કહેતી હતી કે બગદાદમાં પાંચહજાર મનુષ્યને મારીશ, પણ તેં તો ૫૦ હજાર મનુષ્યોને માર્યાં ?"

પ્લેગની દેવીએ જવાબ આપ્યો કે "મેં તો તમને કહ્યા પ્રમાણે પાંચજ હજાર માર્યાં છે અને બીજાં તો નાહક ભયથીજ મરી ગયાં છે."

'ભય' આ પ્રમાણે માણસના દરેક અવયવને શિથિલ બનાવી દે છે; ભય લોહીની ગતિને મંદ પાડે છે અને શરીરમાં વહેતી પ્રાણુ-શક્તિને મંદ કરે છે. ભયથી મનુષ્યનું શરીર જડ, ગતિ વિનાનું અને નિસ્તેજ બની જાય છે.

આ પ્રમાણે જેમ ભય રાખ્યા કરીને આપણે ભયકારક વસ્તુઓ અને સ્થિતિઓ આપણા તરફ આકર્ષીએ છીએ, તેમ બીજા મનુષ્યોને પણ આપણે ભયની સ્થિતિમાં કલ્પીને તેમની તરફ પણ તેવાજ સંયોગોને પ્રેરવામાં આપણે સહાયભૂત થઇએ છીએ. જેટલા પ્રમાણમાં આપણું વિચારબળ મજબૂત હોય છે અને જેટલા પ્રમાણમાં બીજાં મનુષ્યો વિચારની અસર તેમના પર થઇ શકે એવી કોમળ પ્રકૃતિનાં હોય છે; તેટલા પ્રમાણમાં તેમને પણ ઉપર જણાવેલું નુકસાન આપણે અવશ્ય કરીએ છીએ. ખાસ કરીને નાની ઉંમરનાં બાળકો આસપાસના સંયોગો અને વાતાવરણને વિશેષ આધીન હોય છે. કારણકે બહારની અસરોની છાપ તેઓના મનપર તરતજ પડી જાય છે. અને પછી જેમ જેમ તેઓ વયમાં મોટાં થતાં જાય છે, તેમ તેમ તે અસરો પ્રમાણેજ તેમનું જીવન ઘડાતું ચાલે છે. આ પ્રમાણે આપણી માનસિક સ્થિતિની અસર આપણી આસપાસનાં મનુષ્યોઅને બાળકોપર નક્કીપણે થયા કરતી હોવાથી આપણે આપણી માનસિક સ્થિતિને સદા ઉચ્ચ પ્રકારનીજ રાખવી જોઇએ. વળી ગર્ભિણી સ્ત્રીઓએ તો મનમાં ચિંતા, ઉદ્વેગ, ભય, ક્રોધ વગેરેના અનિષ્ટ વિચારો જરા પણ લાવવા જોઇએ નહિ. કારણ કે તેવા વિચારોની ઘણીજ સ્થાયી અને ન ભૂંસાય તેવી ખરાબ છાપ ગર્ભમાં રહેલા બાળકપર પડે છે. બાળકના જન્મ પછી પણ તેના સંબંધમાં ચિંતા ઈત્યાદિના અશુભ વિચારો કરીએ તો તે વિચારો આપણે ન જાણીએ તેવી રીતે તે બાળકના મન પર અસર કરવા લાગે છે અને તે બાળક બીકણ થવા લાગે છે. બાળકના સંબંધમાં કાળજી નહિ રાખવી એ તો ખોટુંજ છે, પરંતુ તે ચિંતા અને ભયનું રૂપ પકડે એટલી હદસુધી તેને પહોંચવા દેવી, એ પણ એટલુંજ ખોટું છે. જેમકે–ઘણી વાર માતાપિતા ચિંતા કર્યા કરે છે કે, અમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકને માથે અમુક દુઃખ તો નહિ આવી પડે ? અમુક માઠો પ્રસંગ તો નહિ બને ? આ છોકરો તો મૂર્ખજ નીવડવાનો અથવા માંદો પડવાનો; ઈત્યાદિ અશુભ વિચાર કરીને જે ભયના પ્રસંગોનો સંભવ પણ ન હોય તેવા પ્રસંગોને તેઓ પોતાના બાળક તરફ આકર્ષે છે. એવા નિષ્કારણ ચિંતાના વિચારો કરવાને બદલે માતાપિતાએ નિરંતર એજ વિચાર રાખવો જોઇએ કે, તેમનો છોકરો ડાહ્યો, શરીરે મજબૂત અને નીતિમાન થશે. આવી ભાવના તે છોકરાને સારો માણસ બનાવવામાં અવશ્ય સહાય કરશે અને તે છોકરો પ્રતિકૂળ સંયોગોને વશ નહિ થતાં તેના પર જય મેળવે એવો નીવડશે.

આ સંબંધમાં મારા એક મિત્રે મને પોતાનો અનુભવ કહ્યો હતો તે અહીં ટાંકવો હું ઉચિત ધારૂં છું. તેના જીવનદરમિયાન એક સમયે તે એક ખરાબ ટેવની સામે ભારે યુદ્ધ કરી રહ્યો હતો. તે ખરાબ ટેવ યાને દુર્વ્યસનથી તે મુક્ત થાય તોજ અમુક સ્ત્રી સાથે તેનો લગ્નસંબંધ જોડાય તેમ હતું; પણ તે સ્ત્રીએ અને તેની માતાએ એવોજ વિચાર બાંધી રાખ્યો હતો કે, એ ખરાબ વ્યસન તે ભાગ્યેજ છોડી શકશે. તે નાજુક પ્રકૃતિનો હોવાથી બીજાના વિચારોની તેના પર તુરતજ અસર થઈ જતી હતી. તે ભવિષ્યની સ્ત્રી અને તેની માતાના ઉપર જણાવેલા ભય અને શંકાના શબ્દો તથા વિચારો તેનામાં બળ, ધૈર્ય અને શ્રદ્ધા વધારવાને બદલે નિર્બળતાનોજ ખ્યાલ આપ્યા કરતા. જેથી તેની તેના મન પર એવી તો પ્રબળ અસર થતી કે ઘણી વાર તે પોતાના પ્રયત્નમાં હિંમત હારી જતો અને તે વ્યસનની અનિવાર્યતા—સર્વોપરિ સત્તા સ્વીકારી લઇને તેની સામેનો યત્ન મૂકી દેવાની તૈયારીમાં આવી જતો.

ઉપલા દાખલા ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે, આ મનુષ્ય ઉપર અત્યંત પ્રેમ રાખનાર અને તેને માટે સર્વસ્વનો ભોગ આપનાર ઉપલી બે વ્યક્તિઓને વિચારમાં રહેલા અદૃશ્ય પણ નિરંતર અસર કર્યા કરનારા બળની ખબર હતી નહિ તેથીજ તેઓ તેને હિંમત આપીને તેના બળમાં ઉમેરો કરવાને બદલે ઉલટું તેનામાં જે કાંઇ થોડું ઘણું ધૈર્ય હતું તેનો પણ નાશ કરી રહી હતી અને તેથીજ તેણે વ્યસન સામે આરંભેલું યુદ્ધ વધારે વિકટ બનતું ગયું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભય, ચિંતા અને એવા બીજા નુકસાનકારક માનસિક વિકારો કોઇ પણ પુરુષ, સ્ત્રી કે બાળક પોતાના હૃદયમાં રાખ્યા કરે અને તેને પોષણ આપ્યા કરે તો તેથી નુકસાન થયા વિના રહેતુંજ નથી. ભય આરોગ્યનો નાશ કરે છે; ચિંતા શરીરને અંદરથી ચૂસવા લાગી તેના બંધારણના પાયા હચમચાવી દે છે, અને અંતે શરીરનો પણ નાશ કરે છે. આ પ્રમાણે ચિંતાથી મેળવવાનું કાંઇજ નથી, ત્યારે ખોવાનું સર્વસ્વ છે. કાંઇ પણ નુકસાન અથવા માઠા બનાવને લીધે થયેલો શોક જો લાંબા વખત સુધી હૃદયમાં રહ્યા કરે છે તો તેનું પરિણામ પણ તેવુંજ આવે છે. દરેક બાબતમાં જેવી માનસિક સ્થિતિ હોય, તેવીજ શારીરિક સ્થિતિ બનવા લાગે છે. હદબહારના લોભ અથવા કંજુસાઇથી પણ શરીર પર ખરાબજ અસર થાય છે. ક્રોધ, ઈર્ષા, દ્વેષ, બીજાઓના દોષ જોવાનું વલણ, વિષયલાલસા, આ સર્વ વિકારો જુદી જુદી રીતે શરીર તથા મન બંનેને નિર્બળ બનાવ્યા વિના રહેતા નથી.

આપણને માલૂમ પડતું જશે કે, જીવનના ઉચ્ચ નિયમો પ્રમાણે વર્તવામાં—એટલે કે ધાર્મિક ભાવનાઓને અનુસરવા ઉપરજ સુખ અને વૈભવનો આધાર રહેલો છે; એટલુંજ નહિ પણ શારીરિક આરોગ્ય પણ તેનાજ ઉપર વિશેષ આધાર રાખે છે. એક હીબ્રુ તત્ત્વજ્ઞાનીએ જીવનરસાયનનું ખરૂં રહસ્ય નીચેના શબ્દોમાં જણાવ્યું છેઃ—"ધાર્મિક મનુષ્યમાં જીવનતત્ત્વ વધે છે, અને અધાર્મિક મનુષ્ય મરણ પાછળ દોડે છે." વળી આગળ વધી તેણે એમ પણ જણાવ્યું છે કે "ધાર્મિકતામાંજ સાચું જીવન રહેલું છે અને મરણ તો છેજ નહિ." લોકો સામાન્ય રીતે સમજી શકે તેના કરતાં જે વધારે રહસ્ય ઉપલા શબ્દોમાં રહેલું છે, તે પણ તેઓ જોઇ શકે, એવો સમય હવે નજીક આવતો ચાલે છે. નિરંતર વધતી જતી સુંદરતા અને પ્રભાવવાળા ભવ્ય શરીરમાં મનુષ્યનો આત્મા રહેશે કે નાશને રસ્તે જઇ રહેલા શરીરમાં રહેશે, તેનો આધાર તેના પોતાનાજ ઉપર રહેલો છે.

એકતરફી અને અનિયમિત જીવન ગાળવાથીજ અસંખ્ય મનુષ્યો અકાળે મૃત્યુને અધીન થાય છે અને એવી રીતે સુંદર મંદિરો બનવાને નિર્મિત થયેલાં શરીરો તેમાં વસનારા જીવાત્માઓનાં અજ્ઞાન, કુવિચાર અને મોહને લીધે ઉજજડ બની જઇ નાશ પામે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂક્ષ્મ રીતે જોઈ શકનાર મનુષ્યને-એટલે કે વિચારશક્તિના અભ્યાસીને કોઈ પણ મનુષ્યની માનસિક સ્થિતિની અસર તેના અવાજમાં, ગતિમાં અને ચહેરામાં પણ અંકિત થયેલી જણાઈ આવે છે.

આવા અભ્યાસીને જો કોઈ મનુષ્યની વર્તમાન માનસિક સ્થિતિ બરાબર જણાવવામાં આવે તો તે અભ્યાસી તે ઉપરથી તે મનુષ્યનો અવાજ, ગતિ અને તેના ચહેરાનો દેખાવ પણ કહી શકશે; એટલુંજ નહિ પણ સામાન્ય રીતે તે મનુષ્ય કયા રોગોને પાત્ર છે તે પણ જણાવી શકશે.

જેઓએ મનુષ્ય અને અન્ય પ્રાણીઓના શરીરબંધારણનો તથા શરીરની પૂર્ણવય કેટલાં વર્ષે થાય છે, એ બાબતોનો અભ્યાસ કર્યો હોય છે તેઓ ખાત્રીપૂર્વક જણાવે છે કે, મનુષ્યશરીર લગભગ ૧૨૦ વર્ષ પર્યંત ટકવું જોઇએ. પણ સમાજ તરફ દૃષ્ટિ કરતાં આપણને તદ્દન જુદોજ અનુભવ થાય છે. મનુષ્યો બહુજ જલદીથી વૃદ્ધ અને અશક્ત બને છે તથા મૃત્યુના પંજામાં સપડાય છે અને લાંબા વખત સુધીની ખરેખરી યુવાવસ્થા તેમજ પુખ્ત અવસ્થાની તંદુરસ્તી ભાગ્યેજ નજરે પડે છે. આ ઉપરથી લોકોમાં હવે એવોજ વિચાર બેસી ગયો છે કે, સ્વાભાવિક રીતેજ મનુષ્યનું આયુષ્ય ઓછું હોય છે; અથવા વિધાતાએ પ્રથમથીજ દરેક પ્રાણીનું આયુષ્ય નક્કી કરી મૂકેલું હોઇ તેટલીજ મુદત તે જીવી શકે છે. આ વિચારનું પરિણામ પણ એજ આવે છે કે, ઘણા ખરા મનુષ્યો અમુક વયે પહોંચતાંજ બીજાઓના દાખલાઓ જોઇને માનવા લાગે છે કે "હવે ઘડપણ આવ્યું, હવે મૃત્યુનો સમય સમીપ આવતો ચાલે છે, હવે થોડાંજ વર્ષ કાઢવાનાં છે" આવા આવા અશુભ વિચારોને નિરંતર સેવીને પુષ્કળ મનુષ્યો વૃદ્ધાવસ્થાને વધારે ઝડપથી પોતા તરફ ખેંચી લાવે છે, અને અકાળે વૃદ્ધ બને છે.

શરીર અને મન પ્રફુલ્લ ને સશક્ત રહે અથવા તો દુઃખી ને અશક્ત બને, એમાં મનનીજ શક્તિઓ અદૃશ્યપણે પરંતુ નિયમિતપણે જે કામ કર્યા કરે છે તેનો ખ્યાલ સામાન્ય મનુષ્યને આપવો કઠિન છે. લોકો જો આ બાબત-અર્થાત્ મનનું સામર્થ્ય યથાવત્ સમજે તો તેઓ ૧૨૦ વર્ષસુધી સુખપૂર્વક જીવવાની આશા અને ઉત્સાહ અવશ્ય રાખતા થાય.

એક એંશી વર્ષની સ્ત્રી છે. જે મનુષ્યો વર્ષના હિસાબથી ગણત્રી કરતા હોય તેઓને તો આ સ્ત્રી વૃદ્ધ લાગવી જોઇએ; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સ્ત્રીને વૃદ્ધ કહેવી એ ખરેખર પ્રકાશને અંધકાર કહેવા જેવું અથવા તો સફેદ વસ્તુને કાળી કહેવા જેવુંજ છે. કેમકે પચીસ વર્ષની નવયુવતીના જેટલો ઉત્સાહ, ચપળતા અને બળ તેના શરીરમાં દૃષ્ટિગોચર થાય છે. તેણે સર્વ મનુષ્યો અને સર્વ વસ્તુઓમાં શુભ તત્ત્વ જોવાની શકિત બચપણથીજ પોતામાં ખીલવી છે. એટલે તેને સર્વ સંસાર, સર્વ મનુષ્યો અને સર્વ બનાવો પણ શુભજ ભાસે છે. જેવો બાલ્યાવસ્થામાં નાનામોટા સર્વને પોતાના તરફ આકર્ષવાનો આનંદી, શાંત અને પ્રેમી સ્વભાવ હતો તેવોજ આજે પણ તેનામાં કાયમ છે! સેંકડો અને હજારો કુટુંબોમાં અને મનુષ્યોમાં તેણે શાંતિ, પ્રેમ, આનંદ અને ધૈર્યનો પ્રવાહ રેલાવ્યો છે; અને ભવિષ્યમાં પણ ઘણાં વર્ષ સુધી તેની આવીજ સ્થિતિ કાયમ રહેશે, એમ માનવાને સબળ કારણો છે. હાલના ઘણાખરા લોકોની પેઠે એ સ્ત્રીના મનમાં ભય, દ્વેષ, શોક, દિલગીરી અને લોભ જેવા વિકારોએ સ્થાનજ પ્રાપ્ત કર્યું નથી અને તેથી તેના શરીરમાં પણ હજી સુધી કશો વ્યાધિ થયો નથી.

અજ્ઞાનને લીધે કેટલાક એમ માને છે કે 'રોગ આવવો એ તો કુદરતનોજ કાયદો છે અને રોગ થવો કે ન થવો એ કાંઇ આપણા હાથમાં નથી.' પરંતુ આ માન્યતા એકદમ ભૂલભરેલી છે. ઉપર જણાવેલી એંશી વર્ષની સ્ત્રીએ પોતાની જીંદગીમાં અનેક વારાફેરા જોયા છે; અનેક સારી–નરસી સ્થિતિઓમાંથી તે પસાર થઈ છે. એટલે જો તે પણ બીજાઓની પેઠે એવી ભૂલભરેલી માન્યતા ધરાવતી હોત અને હલકા મનોવિકારોથી થતી હાનિનું જ્ઞાન જો આ પ્રભાવશાળી સ્ત્રીને ન હોત તો બીજાઓની માફક તે પણ અત્યાર પહેલાં કયારનીયે રોગિષ્ટ બની ગઇ હોત. પરંતુ તેને પૂર્ણ વિશ્વાસ તથા અનુભવ પણ છે કે, તે પોતાના મનની માલિક છે; અને તેથી મનપર તેનું નિષ્કંટક રાજ્ય ચાલે છે. પોતાના મનોરાજ્યમાં કયા વિચારોને દાખલ કરવા અને કયા વિચારોને દૂર રાખવા તેનો અધિકાર તે પોતાનાજ હાથમાં રાખે છે. કારણ કે તે સારી પેઠે જાણે છે કે, તેની બાહ્યસ્થિતિઓનો આધાર તેની માનસિક સ્થિતિ ઉપર છે. તે સ્ત્રીનું હસતું વદન, આનંદમય વૃત્તિ અને પૂર્ણ આરોગ્ય જોઇને પ્રેક્ષકના મનમાં શુભ પ્રેરણા અને નિર્દોષ આનંદ ઉપજ્યા વિના રહેતોજ નથી. 'मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः' એ વાકય સ્થૂળશરીરના પણ બંધ અને મોક્ષ માટે (આરોગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનારોગ્ય માટે) કેટલું બધું લાગુ પડે છે; તેના સાક્ષાત્ દૃષ્ટાંત-રૂપ આ સ્ત્રી છે.

એક દિવસ રસ્તામાં થઇને તે સ્ત્રી જતી હતી, ત્યારે હું તેની ગતિ જોયા કરતો હતો. રસ્તામાં બાળકો રમતાં હતાં. તેઓ તો તેને જોતાંજ તેની તરફ દોડવા લાગ્યાં ! તેઓ સર્વના તરફ તે પ્રેમદૃષ્ટિથી જોતી હતી. કોઇની સાથે મીઠા શબ્દોથી બોલતી તો કોઇ બાળકના માથાપર હાથ ફેરવતી અને કોઇને રમવાનું રમકડું આપતી તો કોઇને ખાવાનું આપતી હતી. સર્વ બાળકો તેને માતાતુલ્ય ગણતાં હતાં અને તે પણ સર્વ બાળકોને સંતાનોસમાન લેખતી હતી. માર્ગમાં એકાદ ધોબણ લૂગડાંનો ભારે ગાંસડો ઉંચકીને જતી જણાય કે તરતજ તે મીઠાશભર્યો એકાદ શબ્દ કહેવા માટે તેના તરફ પહોંચી જતી. સખ્ત કામ કરીને મજૂરીના હથિયાર સાથે પાછા ફરતા એકાદ કારીગર સાથે પણ તે વાત કરવા ઉભી રહેતી; અને ગાડીમાં બેસીને જતી એકાદ ઉમરાવની સ્ત્રીનો પણ તે દૂરથી પોતાની મીઠી નજરવડે સત્કાર કરતી. આ પ્રમાણે ગરીબ તેમજ ધનવાન અને ઉમરાવ અથવા સામાન્ય મનુષ્ય એ સર્વપ્રત્યે તે પ્રેમભરી દૃષ્ટિથી જોતી જોતી અને મીઠા શબ્દો બોલતી બોલતી ચાલતી હતી અને તેમ કરીને તે પોતાનામાં રહેલો આનંદ અને ઉત્સાહ સર્વ તરફ રેડયા કરતી હતી. ઉપલેજ સમયે મારી દૃષ્ટિ તે રસ્તે થઇને જતી એક વૃદ્ધ ડોસી પર પડી. તે બાઇ આ સ્ત્રી કરતાં વયમાં પંદર વીસ વર્ષે નાની હોવા છતાં શરીરે વળી ગયેલી હતી અને તેના શરીરના અવયવો અક્કડ અને જડ ભાસતા હતા. તેના ચહેરાપર ગમગીનીની જે છાયા પથરાઇ રહી હતી તેમાં તેનો કાળો પોષાક અને મુખપરની કાળી જાળી ઉમેરો કરતાં હતાં. તેને માથે જે દુઃખ પડયાં હતાં તેને આ પોષાક પહેરીને તે નિરંતર સ્મરણમાં રાખ્યા કરતી હતી અને ભૂલવાજ ઇચ્છતી ન હતી. જગતની ઘટનાઓમાં રહેલું શુભપણું તે દેખી શકતી ન હતી અને તેથી પરમાત્માના અનંત પ્રેમ તથા દયામાં તેને જરા પણ શ્રદ્ધા ન હતી. તેના મસ્તકમાં દુઃખ, શોક, ગમગીની અને ચિંતાનાજ વિચારો ભરાઇ રહેલા હતા. સુવિચારની ખામીને લીધે આનંદ, ઉત્સાહ, પ્રેમ કે ધૈર્ય તો તેનામાં લેશ પણ ન હતાં. આથી જે જે મનુષ્યોના સંબંધમાં તે આવતી, તે બધાંમાં તે ચેપી રોગની માફક પોતાની દુઃખ-શોક-નીજ વૃત્તિઓની અસર ફેલાવતી હતી અને તેમ કરીને જગતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં ત્યાં વ્યાપી રહેલા દુઃખના દરિયામાં પોતા તરફથી તે ઉમેરો કર્યા કરતી હતી.

આ બન્ને સ્ત્રીઓના દૃષ્ટાંત ઉપરથી આપણા ખ્યાલમાં આ વાત સહેલાઇથી ઠસે છે કે, **આપણા સુખ-દુઃખનું જનક આપણું મનજ છે.** આપણે ઇચ્છીશું કે, જે સ્ત્રીનો આપણે પ્રથમ વિચાર કર્યો તેવીજ વૃત્તિવાળાં સ્ત્રી-પુરુષો જગતમાં વૃદ્ધિ પામે અને તેઓ મનુષ્યજાતિને આશીર્વાદ આપવાને અને પોતાના ઉમદા જીવનમાં વહેતી જીવનશક્તિઓ આપણા જેવા ઉપર રેડવા માટે હજારો વર્ષસુધી જીવતાં રહે.

શું તમારે નિરંતર યુવાન રહેવું છે ? શું તમારે યુવાવસ્થાનો ઉત્સાહ અને આનંદ પુખ્ત વયમાં પણ ભોગવવો છે? તો આ અતિ મહત્ત્વની બાબત તરફ ખાસ લક્ષ આપો અને તમારૂં માનસિક જીવન તમે કેવું ગાળો છો તેની તપાસ કરો. કેમકે તમારા એકેએક સુખદુઃખનો બધો આધાર તમારા વિચારોનીજ ઉપર રહેલો છે. ગૌતમબુદ્ધે ધમ્મપદના પહેલાજ શ્લોકમાં જણાવ્યું છે કે "જેવા તમારા વિચારો હશે તેવાજ તમે બનશો, કારણ કે મન એજ સર્વસ્વ છે." રસ્કીને પણ આવોજ વિચાર ધ્યાનમાં રાખી કહ્યું છે કે "તમારા મનને સુવિચારનાજ સ્થાનરૂપ બનાવો."

સારા વિચારોનું કેટલું સામર્થ્ય છે અને શુભ વિચારો સર્વ વિપત્તિઓ સામે કેવી રીતે કામ કરે છે, તે આપણે પૂર્ણપણે જાણતા નથી; કારણકે આપણને બાલ્યાવસ્થાથી એવો સુબોધક પાઠ આપવામાં આવ્યો નથી. અસ્તુ. એ સમય તો ગયો, પરંતુ હવે યુવાવસ્થાની સ્ફૂર્તિ, બળ અને સૌંદર્ય તમારે જોઇએ છે? તો પ્રથમ તે સ્ફૂર્તિ, સૌંદર્ય અને બળની ભાવનાને તમારા હૃદયમાં ઉતારો અને તેનાથી વિરુદ્ધ વિચારને તમારા મનમાં જરાયે સ્થાન આપો નહિ. આથી થોડાજ સમયમાં તે પવિત્ર ભાવો તમારા શરીરદ્વારા પણ પ્રકટ થવા લાગશે અને જેટલા પ્રમાણમાં એ **શુભ વિચારોમાં તમે દૃઢ રહી શકશો, તેટલા પ્રમાણમાં શરીરથી પણ જુવાન રહી શકશો.**

ઉપર જણાવ્યું તેમ તમે વારંવાર જેવા વિચારો કર્યા કરો છો, તેવાજ પ્રકારની તમારા શરીરની સ્થિતિ થવા માંડે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે **"તમે પોતેજ તમારા શરીરને રચો છો; એટલુંજ નહિ પણ જેવા તમારા વિચારો હોય છે,**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાજ જેવા વિચારો બહારથી પણ તમારા તરફ આકર્ષાય છે." જો તમારા વિચારો આનંદી, આશાભર્યા અને ઉત્સાહયુકત હશે, તો સૃષ્ટિપર વ્યાપી રહેલા વિચાર-વાતાવરણમાંથી કુદરતી નિયમ પ્રમાણે તમારા તરફ પણ તેવાજ વિચારોનો પ્રવાહ ખેંચાઇ આવશે; અને જો તમારા વિચાર દિલગીરીભર્યા, ભયયુકત અને નિરાશાજનક હશે, તો તમારા તરફ પણ તેવા પ્રકારના ખરાબજ વિચારપ્રવાહનું આકર્ષણ થશે. માટે જો તમારા વિચારો ચિંતાયુકત, ઉદ્વેગભર્યા અને ગ્લાનિમય હોય તો તેમાં તમારે ફેરફાર કરવાની ખાસ જરૂર છે, એમ સમજજો. એવો ફેરફાર કરવા માટે તમારે ફરીથી બાળક જેવા બનવું જોઇએ-અર્થાત્ આનંદી અને બેફીકરા માણસ થવું જોઇએ.

બાળકો જ્યારે ભેગાં થાય છે, ત્યારે તેમનામાં રહેલો રમવાનો ઉત્સાહ સ્વાભાવિક રીતેજ જાગી ઉઠે છે; અને જો કોઇ બાળક એકલું પડે તો તરતજ તેની ગતિ મંદ થતી જશે અને તે નિરૂત્સાહી બનીને એકાંતમાં પડયું રહેશે-અર્થાત્ તે બાળક રમતગમતના ઉત્તમ વાતાવરણથી છૂટું પડી જતાં પોતાની સ્વાભાવિક સ્થિતિને ભૂલી જશે.

તમારા સ્વભાવમાંથી બાળકના ઉત્સાહનો જે પ્રવાહ જતો રહ્યો છે, તે તમારે પાછો મેળવવો જોઇએ. તમે ઘણાજ ગંભીર અથવા દિલગીર કે કાં તો જીવનના પ્રશ્નોના ઉંડા વિચારમાં ગરક રહ્યા કરો છો, તેને બદલે મૂર્ખ અથવા કમઅક્કલ બનો એનું નામ બાળક બનવું નથી; પરંતુ બાળકના જેવા આનંદી અને ઉત્સાહી બનવાનું છે અને ધારો તો તેવા તમે બની શકો તેમ છો. જ્યારે પણ બને ત્યારે તમે બાળકના જેવો આનંદી અને ઉત્સાહી સ્વભાવ રાખો તો મને ખાત્રી છે કે, તમે તમારૂં કામકાજ વધારે સારી રીતે કરી શકો. નિરંતર દિલગીરીભર્યો અને ગંભીર સ્વભાવ રાખવાથી પરિણામ અશુભજ આવે છે અને એવો સ્વભાવ લાંબો વખત રહેવાથી તેવા મનુષ્યોને હસવું આવવું પણ ભારે પડે છે. વીસ વર્ષની વયમાંજ તમારા જીવનમાંથી બાલ્યાવસ્થાનો ઉત્સાહ જતો રહેવા માંડીને તમારૂં જીવન ગંભીર થવા લાગે છે. એવા સંયોગોમાં તમે કોઈ ધંધામાં પ્રવેશ કરો છો, તો તુરતજ તે ધંધાની આંટીઘુંટીમાં, ચિંતામાં અને જોખમદારીમાં તમે ગુંચવાઇ પડો છો અથવા તો કોઇ એવી પ્રવૃત્તિમાં તમે પડી જાઓ છો, કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમાંથી ચિંતા અને ઉદ્વેગનાંજ કારણો બની આવે, અને જેમાંથી બાળકની માફક નિશ્ચિંતપણે રમવા–ખેલવાનો સમય પણ તમને ન મળે. આમ થવાને લીધે તમે વડીલો અને વૃદ્ધોની સાથે વિશેષ વિશેષ સંબંધમાં આવતા જાઓ છો અને તેમની નિસ્તેજ ભાવનાઓનો અંગીકાર કરીને તેમની પેઠે, ચાલતી આવેલી રૂઢિઓનો કશો પણ વિચાર કર્યા વિના અંગીકાર કરો છો અને દરેક બાબતને માત્ર વ્યાવહારિક લાભનીજ દૃષ્ટિથી તપાસવા લાગો છો. આ સર્વનું પરિણામ એજ આવવું જોઇએ અને આવ્યું છે કે, તમારામાં ચિંતાયુક્ત અને ગમગીનીભર્યા વિચારો આવવા લાગ્યા; અને ધીમે ધીમે તમારી જીવનપ્રણાલિકા પણ એવીજ બનવા લાગી. ક્રમે ક્રમે તે વિચારો તમારા લોહી અને માંસમાં પોતાની અસર દેખાડવા લાગ્યા. તમારા મનમાંથી તમારા શરીરપ્રત્યે જે વિચાર-પ્રવાહ વહ્યા કરે છે, તે વિચારનું ઘટ્ટ સ્વરૂપ એજ તમારૂં સ્થૂલ-શરીર છે. તમારાં વર્ષોનાં વર્ષ આજ પ્રકારે વીતે છે અને પરિણામે તમને અનુભવ થાય છે કે, તમારાં અંગો અક્કડ બની ગયાં છે. તમારામાં હવે વૃક્ષ પર ચઢવાનું બળ રહ્યું નથી કે જે તમારામાં ૧૪ વર્ષની વયે પ્રત્યક્ષ જણાતું હતું. તમારા શરીરમાં હવે પ્રથમના જેવી સ્ફૂર્તિ કે ચપળતા રહી નથી. તમારા મને તમારા શરીરપ્રતિ જે નિરૂત્સાહી અને મંદ ગતિવાળાં તત્ત્વોને મોકલ્યાં છે, તેનું તમારા શરીરપર ઉપર પ્રમાણે આવેલું પરિણામ તમે પ્રત્યક્ષ જોઇ શકો છો.

ઉપર જણાવ્યા જેવી સ્થિતિમાં જો તમારે સુધારો કરવો હોય તો તે બહુજ ધીમેથી–પણ નક્કીપણે થઇ શકે તેમ છે. તમારા વિચારો પૂર્ણ ઉત્સાહમય, આનંદી અને સર્વ રીતે બળ-યુક્ત હોવા જોઇએ અને પરમાત્મતત્ત્વ ઉપર તમારે પૂર્ણ શ્રદ્ધા રાખવી જોઇએ કે તે તમને સત્ય વિચારોમાં સ્થિર રાખે. તમારે નિરાશાજનક વિચારોથી સર્વથા મુક્ત રહેવું જોઈએ. ઘણી વાર તમારાથી અજ્ઞાત રીતે તમારા ઘણા વખતના પુરાણા અશુભ, નિરૂત્સાહી અને ચિંતાભર્યા વિચારો તમારા મનમાં આવી જશે. પણ તમે તેનાથી સાવધ રહેજો અને શુભ, ઉત્સાહયુક્ત તથા આનંદી વિચારોથીજ તમારા મનને ભરવા માંડજો; કે જેથી તે વિચારો ધીમે ધીમે બળવાન થઇને તમારા શરીરપર પોતાની સ્થાયી શુભ અસર કરવા સમર્થ થાય.

વર્તમાન સમયમાં પશુઓના જેવી અજ્ઞાનતાને લીધે આપણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીર નિર્બળ બન્યાં છે; પરંતુ સર્વથા એમજ થયા કરવું જોઇએ એવો નિયમ નથી. અધ્યાત્મવિદ્યાનો પ્રચાર વધવા સાથે આવી અવનતિનું કારણ આપણે વધારે જાણતા ચાલીશું અને તેથી આપણા સમજવામાં આવશેજ કે "શરીરનો આધાર મનપરજ છે." આ નિયમ જેમ જેમ આપણે વિશેષ જાણીશું અને તે પર વિશેષ શ્રદ્ધા રાખીને આપણું જીવન તેને અનુસરતું બનાવતા રહીશું, તેમ તેમ આપણું મનોબળ પણ વધતુંજ ચાલશે અને મનોબળનો એ વધારો શરીરબળનો પણ વધારો કરશે.

શરીરનું પૂર્ણ આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્ય એજ માનવ-જીવનની સ્વાભાવિક સ્થિતિ છે. તે સિવાયની સ્થિતિ એ અસ્વાભાવિક કે કૃત્રિમ છે અને તે કુદરતી નિયમનો ભંગ યા અનાદર કરવાથીજ ઉત્પન્ન થાય છે. **દુઃખ કે રોગને કાંઇ ઈશ્વરે ઉત્પન્ન કર્યાં નથી, પરંતુ મનુષ્યે કરેલાં છે.** ચોતરફથી કુદરતના નિયમોની વચમાં મનુષ્ય રહેલ છે અને તેનો તે ભંગ કરે છે, તેથીજ તેને રોગ કે દુઃખ આવે છે. આપણને ચોતરફ દુઃખ અને રોગને જોવાની એટલી બધી કુટેવ પડી ગઈ છે, કે તેને કદાચ આપણે સ્વાભાવિક ન માનતા હોઇએ, તો તે 'આવવાં જોઇએ' એવી માન્યતા તો સર્વત્ર જોવામાં આવે છે.

ભવિષ્યમાં એક સમય એવો પણ આવશે, કે જ્યારે વૈદ્યો શરીરની અવ્યવસ્થિત સ્થિતિનો ઉપચાર કરવાને બદલે પ્રથમ માનસિક અવ્યવસ્થાનોજ ઉપચાર કરશે; અને પછી તે માનસિક સુવ્યવસ્થા શરીર પર અસર કરીને શરીરને આરોગ્ય બનાવશે. બીજી રીતે કહીએ તો ખરો વૈદ્ય એક ઉત્તમ શિક્ષકનું કામ કરશે. **લોકોને રોગવશ થયા પછી રોગમુક્ત કરવા; એના કરતાં તેઓ રોગીજ થાય નહિ એવા ઉપાયો સૂચવવા, એજ ઉત્તમ વૈદ્યનો ધંધો હોવો જોઈએ.** ભવિષ્યમાં એવા વૈદ્યો ઉત્પન્ન થશે, એટલુંજ નહિ પણ દરેક મનુષ્ય જાતે વૈદ્ય બનશે.

આપણે જેટલા પ્રમાણમાં જીવનના ઉચ્ચ નિયમોનું પાલન કરીશું, અને જેટલા પ્રમાણમાં મન તથા આત્માની શક્તિઓથી વધારે માહિતગાર થઇશું, તેટલા પ્રમાણમાં આપણે શરીર તરફ ઓછું ધ્યાન આપીશું–અર્થાત્ શરીરની સંભાળ તો રાખીશું પણ તેના સંબંધી ચિંતા કર્યા કરીશું નહિ.

જો મનુષ્યો શરીરની ચિંતા ન કરતા હોત અને વારંવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શરીર માંદુ પડશે' એવો વિચાર ન કરતા હોત, તો હજારો મનુષ્યોનાં શરીર હાલ કરતાં વધારે સારી દશામાં હોત. ઘણુંખરૂં જે મનુષ્યો શરીરસંબંધી બહુ ઓછી ચિંતા કરે છે, તેઓનાં શરીર ઉલટાં વધારે તંદુરસ્ત માલૂમ પડે છે. ઘણા મનુષ્યો શરીરની હદબહારની ચિંતા કરવાથીજ શરીરને રોગી બનાવે છે.

શરીરને પૂરતું પોષણ આપો, કસરત કરો, ખુલ્લી હવાનો લાભ લ્યો, સૂર્યનો જોઇતો પ્રકાશ તેના પર પડવા દો, શરીરને સ્વચ્છ રાખો અને પછી જેમ બને તેમ શરીર સંબંધી ઓછો વિચાર કરો. તમારા વિચારોમાં અથવા વાતચિતમાં નિરૂત્સાહી શૈલી ગ્રહણ કરતા નહિ અને રોગ કે મંદવાડની વાતો કરતા નહિ. કેમકે એવી વાતો કરવાથી તમે પોતાને તેમજ તે વાતો સાંભળનારને પણ નુકસાન કરો છો. માટે તમે તો એવીજ વાતો કરો, કે જેથી સાંભળનાર નિર્બળ કે રોગી બનાવાને બદલે બળવાન અને તંદુરસ્ત બને.

ઉત્સાહનો ભંગ કરનારી બાબતોનો વિચાર કરવો, એજ નાશનું કારણ છે. બીજી બાબતોની પેઠે શરીરની બાબતમાં પણ આ નિયમ એકસરખો લાગુ પડે છે. એક વિદ્વાન ડૉકટર જેણે મનની શરીર પર થતી અસરોનો ઘણાં વર્ષોસુધી બારીક અભ્યાસ કરેલો છે, તે આ સંબંધમાં પોતાનો અભિપ્રાય નીચલા સ્પષ્ટ શબ્દોમાં રજુ કરે છેઃ—"જેમ અપૂર્ણતા ઉપર વિચાર કરવાથી પૂર્ણતા પ્રાપ્ત ન થઇ શકે અને જેમ વિરોધ ઉપર વિચાર કરવાથી સંપ ન થઇ શકે, તેમ રોગના વિચાર કર્યા કરવાથી નીરોગીપણું પણ પ્રાપ્ત થઈ શકે નહિ. આ નિયમ જોતાં આપણા મન આગળ આપણે હમેશાં સુંદર અને આરોગ્ય શરીરનોજ આદર્શ રાખવો જોઇએ.

તમારા શરીરમાટે જે સ્થિતિ તમે ન ઈચ્છતા હો તેવી સ્થિતિના વિચારોજ તમે કરતા નહિ; અને રોગનાં ચિહ્નોસંબંધી વિચાર અથવા તેનોજ અભ્યાસ કર્યા કરતા નહિ. તમે તમારા શરીર ઉપર પૂર્ણ સ્વામીત્વ ધરાવતા નથી, એ વિચારને તો ક્ષણ વાર પણ તમે હૃદયમાં સ્થાન આપતા નહિ. શારીરિક રોગો ઉપર તમારી પૂરેપૂરી સત્તા છે, એ ખરી વાતજ હમેશાં ધ્યાનમાં રાખો અને રોગ જેવી જડ બાબતની જરા પણ સત્તા કે ગુલામગીરી ન સ્વીકારો. હું પણ બાળકોને નાનપણથીજ આરોગ્યના વિચાર કરાવીને, ઉચ્ચ ભાવનાઓ રખાવીને અને પવિત્ર જીવન ગળાવીને, રોગ અને તેમની વચ્ચે દિવાલ બાંધતાં શીખવીશ અને મરણના વિચારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમજ રોગની કલ્પનાઓથી તેમને દૂર રહેતાં શીખવીશ; એટલુંજ નહિ પણ દ્વેષ, ઈર્ષ્યા, વેર, વિષયવાસના, મત્સર વગેરે માનસિક વિકારોથી પણ દૂર રહેવાનો તેમને બોધ આપીશ.

ખરાબ ખોરાક, ખરાબ પાણી અને ખરાબ વાયુથી પણ બહુજ નુકસાન થાય છે. એથી લોહી મલિન બને છે, મલિન લોહીને લીધે સ્નાયુઓ મલિન બને છે અને મલિન સ્નાયુઓને લીધે મનુષ્યના વિચારો અને નીતિ પણ મલિન બને છે. પવિત્ર વિચારોની પવિત્ર જીવન ગાળવામાટે જેટલી જરૂર છે, તેટલીજ શરીરની તંદુરસ્તી માટે પણ જરૂર છે. માટે બાળકોને બચપણથીજ પોતાની સંકલ્પ-શક્તિ દૃઢ બનાવતાં અને જીવનમાં આવતી અડચણો સામે યુદ્ધ કરતાં શીખવવું જોઈએ; અને માંદા મનુષ્યોને આશા, શ્રદ્ધા અને આનંદ ઉપજે એવા ઉપાયો લેવા જોઇએ. **આપણા વિચારો અને કલ્પનાઓની હદ એજ આપણા વિકાસની હદ છે.** મનુષ્યને પોતા ઉપર જેટલી શ્રદ્ધા હોય છે, તેના કરતાં તેનો વિજય કે તેની તંદુરસ્તી વધારે આગળ જઇ શકતાંજ નથી. ખરૂં કહીએ તો **વિચારો અને ભાવનાઓની અમુક હદ-માં રહી જઇને આપણે આપણીજ ઉન્નતિની આડે એવી દિવાલો બાંધીએ છીએ, કે જેની પેલી બાજુ આપણાથી જઈ શકાયજ નહિ.**

જગતમાં સર્વ કોઇ પોતાના જેવાંજ બાળકો ઉત્પન્ન કરે છે. દ્વેષ, ઇર્ષ્યા, વેર, અશુભ ચિંતન-એ વગેરે માનસિક વિકારોને પણ બાળકો હોય છે.

દરેક ખરાબ વિચાર તેના જેવાજ બીજા વિચારને જન્મ આપે છે અને આ વિચારરૂપી દરેક બાળક પણ બીજાં પોતાના જેવાંજ બાળકોને પેદા કરે છે. આ પ્રમાણે આખું જગત એવાં ખરાબ બાળકો-થી ભરાઇ જાય છે. હકીકત આ પ્રમાણે હોવાથી ભવિષ્યના ઉત્તમ વૈદ્યો શરીરને કેવળ ઔષધોથીજ ભરી દેશે નહિ. ભવિષ્યની માતાઓ પણ પોતાનાં બાળકોને ક્રોધ, દ્વેષ અને ઇર્ષ્યારૂપી વ્યાધિઓને પ્રેમ-રૂપી ઔષધવડેજ દૂર કરવાનું શીખવશે. ભવિષ્યમાં થનારો સાચો વૈદ્ય લોકોને આનંદી સ્વભાવ અને શુભ ભાવના રાખવાનું તથા ઉમદા કાર્યો કરવાનું બતાવશે, કે જેથી શરીર તેમજ હૃદયને પુષ્ટિ મળે. કેમકે **આનંદી સ્વભાવ શ્રેષ્ઠ ઔષધનું કામ સારે છે.**

માનસિક સ્વસ્થતાની પેઠે શારીરિક આરોગ્ય પણ તમે જેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેની સાથે સંબંધ રાખશો તેનાજ ઉપર આધાર રાખે છે. સર્વ જીવનોનું મૂળ જે અનંત પરમાત્મતત્ત્વ, તેમાં જ્યારે નિર્બળતા કે રોગનો સંભવજ નથી, તો પછી તે પરમાત્મતત્ત્વ સાથેજ તમે બને તેટલો વધારે અને યથાર્થ સંબંધ રાખો. આ સંબંધ તમારે કાંઇ નવો બાંધવાનો નથી, પણ અનાદિ કાળથીજ તે ચાલુ છે. માત્ર તમે તે વાત ભૂલી જઇને અસત્ય વાતો માની લીધી, તેથીજ તમે દુઃખી છો; માટે હવે એનો ઉપાય પણ એજ છે કે તમે તેની સાથેના સંબંધનું ભાન જાગ્રત કરો, અને તે તત્ત્વની મહામંગલમય શક્તિ તમારા હૃદયમાં છૂટથી વહેવા દેવાને માટે તમારા હૃદયનાં દ્વાર પૂરેપૂરાં ખુલ્લાં રાખો. આથી તમને જલદીથી સુધરતી જતી તંદુરસ્તી-નો અને વધતી ચાલતી શક્તિનો અનુભવ અવશ્ય થવા લાગશે.

મનુષ્ય જેવો વિચાર કરે છે તેવોજ તે થાય છે; તોપછી ઉઠો અને ઇશ્વિરની સાથે તમારી નિત્યસિદ્ધ એકતાનો વિચાર કરવા લાગો. હવે આપણે આ આરોગ્યના સમગ્ર વિષયને એકજ વાકયમાં જણાવીશું કે **"જેમ ઈશ્વર નીરોગ છે, તેમ તમે પણ નીરોગ છો."** તમારા આ ખરા સ્વરૂપનો ખ્યાલ તમારે અવશ્ય લાવવો જોઇએ. આ ખ્યાલ—આ જાગૃતિ જ્યારે તમારામાં પ્રકટ થશે, ત્યારેજ એના પ્રતાપે તમારા શરીરની કેવી સારી સ્થિતિ થશે તેનો તમને ખરો ખ્યાલ આવી શકશે. માટે ફરી પણ કહેવાનું કે, સર્વ-પ્રથમ તો તે અનંત ચૈતન્ય સાથેની તમારી એકતાનો ખ્યાલ તમારે લાવવો જોઇએ અને પછી તેનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. "ઈશ્વરી ઇચ્છા એ તમારી ઇચ્છા અને તમારી ઇચ્છા એ ઇશ્વરી ઇચ્છા છે; અને ઈશ્વરને સર્વ વસ્તુ પ્રાપ્ત છે, તો તમારે પણ છે." આમ સતતપણે એકતાનું ચિંતન કરવાથી જેમ જેમ ભેદભાવ દૂર થતો જશે, તેમ તેમ શારીરિક રોગો અને નિર્બળતાઓનો નાશ થતો જશે; એટલુંજ નહિ પણ એથી કરીને આપણા વિકાસને અટકાવનારી દિવાલો પણ તૂટવા લાગશે.

બંધુઓ! એ પરમાત્મતત્ત્વમાં—એ અનંત ચૈતન્યમાં મગ્ન થઇ તેનો અપૂર્વ આનંદ પ્રાપ્ત કરો. તમારી સર્વ ભાવનાઓ એથી અવશ્ય સિદ્ધ થશે અને તમારા હૃદયમાંથી આપોઆપજ એવો ધ્વનિ નીકળશે કે "હું સર્વથા સુખી છું."

ભવિષ્યમાં સારી સ્થિતિ થશે અને સારા બનાવો બનશે, એવો માત્ર ખ્યાલજ લાવીને બેસી રહેતા નહિ; પરંતુ આ પળેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શાશ્વત ચૈતન્યનો અનુભવ કરવા લાગો અને તમારા જીવન-વ્યવહારમાં પણ એ ઉચ્ચ ભાવનાઓને ઉતારો. તમારા દિવ્ય અને ખરેખરા છતાં ભૂલી જવાયલા પવિત્ર હક્કનો ખ્યાલ લાવો, એટલે તમારી સંપૂર્ણ ખાત્રી થશે કે, તમે દરેક ઉચ્ચમાં ઉચ્ચ વસ્તુ અને સ્થિતિને મેળવવાને લાયક અધિકારી છો.

પ્રકરણ ૪ થું

પ્રેમનો પ્રભાવ

પરમાત્મા પ્રેમના સમુદ્રરૂપ છે. જે પળે આપણે પરમાત્મા સાથે આપણા ઐક્યતનું નિશ્ચયપૂર્વક ભાન કરીએ છીએ, તેજ પળે આપણામાં એટલો બધો પ્રેમ અને આનંદ વ્યાપી રહે છે, કે જેથી આપણે સર્વત્ર શુભજ જોઇએ છીએ, તેમજ સર્વ પ્રાણીપદાર્થો સાથે પણ એકતાના સંબંધમાં આવીએ છીએ કે જેથી આપણે કોઇપણ વ્યક્તિને નુકસાન કરી શકીએ નહિ. વાસ્તવમાં આપણે સર્વ એકજ મહાન શરીરનાં અંગોરૂપ હોવાથી તે શરીરનાં સર્વ અંગોને ઇજા કર્યા-સિવાય આપણે તેના એક પણ અંગને ઇજા કરી શકીએ નહિ.

સર્વ મનુષ્યોનાં જીવનની એકતાનો આપણને જેમ જેમ વિશેષ વિશેષ પરિચય થતો જશે, તેમ તેમ આપણને જણાશે કે, જે પરમાત્મસત્તા સર્વના મૂળરૂપ છે, તેનાજ અંશરૂપ આપણે સર્વ છીએ અને સર્વ વ્યક્તિઓમાં એજ ચૈતન્યશક્તિ કામ કરી રહી છે. વળી આવો ખ્યાલ આવવાની સાથેજ આપણા સર્વ પ્રકારના દ્વેષ અને બીજાઓસંબંધી બંધાઈ ચૂકેલા ખોટા વિચારો દૂર થવા લાગે છે; આપણો પ્રેમ સર્વવ્યાપી થઇને પોતાનું નિષ્કંટક રાજ્ય ચલાવે છે અને આપણે ગમે ત્યાં જઇએ કે ગમે તેવા મનુષ્યો સાથે સંબંધમાં આવીએ ત્યાં બધે આપણે ઇશ્વરનેજ જોતાં શીખીએ છીએ. આપણે શુભદર્શી થતા ચાલીએ છીએ અને આપણને સર્વત્ર શુભજ જણાય છે. ખરૂં કહેતાં તો આવી ભાવનાની કિંમત સ્થૂલ શબ્દોમાં યથાર્થ વર્ણવી શકાય તેમજ નથી.

એ માર્ગે ચાલતાં ધીમે ધીમે આ વાતનું પણ આપણને અનુભવસિદ્ધ જ્ઞાન થશે કે, **આપણો સ્વાર્થજ સર્વ અપરાધ-સર્વ પાપનું મૂળ છે; અને સર્વ સ્વાર્થનું મૂળ અજ્ઞાન છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અનુભવ થતાં બીજાનાં કાર્યો અને પદાર્થો તરફ આપણે ઉદાર ભાવથી જોતાં શીખીશું. કેવળ અજ્ઞાની મનુષ્યજ બીજાના ભોગે પોતાનો સ્વાર્થ સાધવા ઈચ્છે છે. જ્ઞાની તો સમજે છે કે, પરમાત્માના વિરાટ્ શરીરરૂપી જગતના આપણે દરેક જણ ભિન્નભિન્ન અંશ અથવા પરમાણુરૂપે હોવાથી બીજા અંશ અથવા પરમાણુઓનું અહિત કરીને આપણું હિત સાધવું, એ કેવળ હાનિકારકજ છે. **'સર્વના હિતમાંજ આપણું ખરૂં હિત સમાયેલું છે'** એ સિદ્ધાંત જ્ઞાની પુરુષ સર્વથા સ્વીકારે છે અને વ્યવહારમાં મૂકે છે.

આપણે વિચારી ગયા તેમ મનુષ્યના સર્વ અપરાધો, દોષો અને પાપોનું મૂળ સ્વાર્થજ છે અને સર્વ સ્વાર્થોનું મૂળ અજ્ઞાન છે. તે ઉપરથી આ સિદ્ધાંત પણ ફલિભૂત થાય છે કે, **મનુષ્યમાં પોતામાં કાંઈ દુર્ગુણ રહેલો નથી, પણ 'અજ્ઞાન'જ સર્વ દુર્ગુણોની ખાણ છે; માટે આપણાપરિચયમાં આવે તે તે મનુષ્યોમાં રહેલા સદ્‌ગુણોજ જોતા રહી તે ગુણોનેજ પ્રોત્સાહન આપવું એજ આપણો ધર્મ છે.** જો આપણો અંતરાત્મા સામી વ્યક્તિના અંતરાત્મા સાથે આવી રીતે બોલશે, તો તેનો અંતરાત્મા પણ તેવોજ પ્રત્યુત્તર આપશે અને એમ એકબીજાના સદ્‌ગુણો ખીલવા લાગશે. **જો આપણે આપણામાંના આસુરી ગુણોથી સામાને બોલાવીશું તો તેનામાંથી પણ આસુરી ગુણોજ બોલવા લાગશે** અને તેનું પરિણામ તેનામાં તેમજ આપણામાં અવગુણોજ પ્રકટાવવામાં અને ખીલવવામાં આવશે.

"અમુક મનુષ્યમાં તો કાંઇ માલ નથી" એમ બોલતાં ઘણાને આપણે સાંભળીએ છીએ, પરંતુ આવું કહેનાર પૂરો જ્ઞાની નથી. તમે દીર્ઘદૃષ્ટિથી ઉંડા ઉતરીને **જોશો તો દરેક મનુષ્યમાં પ્રભુને જોઈ શકશો. અલબત, પ્રભુને જોવાને માટે તમારે પણ પ્રભુસરખા** (વધારે સદ્‌ગુણી ને સદાચારી) **બનવું પડશે.** મહાત્માઓ દરેક મનુષ્યમાં રહેલા શ્રેષ્ઠ તત્ત્વનેજ ઉદ્દેશીને બોધ આપતા આવ્યા છે. કેમકે તેમણે પોતે સાક્ષાત્કાર કરેલો હોવાથી દરેક વ્યક્તિમાં રહેલા પ્રભુને તેઓ જોઇ શકે છે. પાપી અને ચાંડાળ મનુષ્યોમાં ભળવામાં અને તેમને બોધ તથા સહાય આપવામાં એજ કારણથી તેમને સંકોચ નથી લાગતો. પછી બીજાઓ તેમના તે કાર્યને વખોડે તોપણ શું? અનેક ધર્મસ્થાપકોએ પોતાના સત્કાર્ય માટે તે કાળના સ્વાર્થી મનુષ્યો તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા સામાન્ય જનસમાજ તરફથી નિંદા, તિરસ્કાર વગેરે અનેક પ્રકારનાં કષ્ટ સહન કરેલાં છે. કારણ કે બિચારા મિથ્યાભિમાનમાં, સ્વાર્થમાં અને અજ્ઞાનમાં ડૂબેલા મનુષ્યો, કનિષ્ઠ માણસોમાં તો પરમાત્મતત્ત્વને ક્યાંથીજ જોઇ શકે ?

'અમુક મનુષ્ય ભૂલ અથવા તો પાપ કરે છે' એવો વિચાર કરીને આપણેજ તેને ભૂલ કે પાપનું સૂચન કરીએ છીએ. જો તે નાજુક પ્રકૃતિનો હોય અથવા તેનામાં વ્યક્તિત્વ બરાબર ન ખીલ્યું હોય તો આવા વિચારોની તેના ઉપર ખરાબજ અસર થતી હોવાથી તે બદલ આપણે પોતે પણ પાપનાજ ભાગી બનીએ છીએ. એજ પ્રમાણે જો આપણે 'અમુક મનુષ્ય સારો છે, ભલો છે, સત્યવાદી છે' એવી ભાવના રાખીએ તો સારાપણાનું, ભલમનસાઈનું અને સત્યવાદીપણાનું તેના મનને સૂચન થશે અને તેના ચારિત્ર્યપર તેની ઘણીજ લાભદાયક અસર થશે અને તે બદલ આપણે પણ પુણ્યભાગી થઇશું; એટલુંજ નહિ પણ આ પ્રમાણે આપણે જે જે મનુષ્યના સંબંધમાં પ્રેમ અને સદ્‌ભાવ દર્શાવીએ છીએ અને તેમનામાં રહેલા પ્રેમને અને સદ્‌ગુણોને પ્રોત્સાહન આપીએ છીએ, તેમના હૃદયમાં આપણા પ્રત્યે પણ તેવોજ પ્રેમ પ્રકટ થાય છે. જો **આખું જગત તમને ચહાય એમ ઈચ્છતા હો તો તમે પણ આખા જગતને ચાહવા લાગો** અને પુનઃ પણ કહેવાનું કે, વિચારબળને લગતા આ સિદ્ધાંતો સદાકાળ યાદ રાખજો કે, બીજાપ્રત્યે જેટલા પ્રમાણમાં આપણે પ્રેમ દર્શાવીશું, તેટલા પ્રમાણમાં બીજા પણ આપણા પ્રતિ પ્રેમ દર્શાવશેજ. કેમકે **વિચારો પણ શકિતઓજ છે** અને દરેક શક્તિ પોતાનાજ જેવી બીજી શકિતઓ ઉત્પન્ન કરે છે; તથા દરેક વિચારને અનુકૂળ બીજા વિચારો વિચારપ્રદેશમાંથી સ્વાભાવિક રીતેજ ખેંચાઇ આવે છે.

તમારા છુપામાં છુપા વિચારોને પણ પવિત્ર રાખો; કારણ કે તેઓમાં પણ અદ્‌ભુત સામર્થ્ય રહેલું છે. તમારા મુખમાંથી નીકળતા શબ્દોમાં તે વિચારોનો ભાવ જણાઇ આવે છે અને તમારા ભવિષ્યના નિયંતા પણ તે ગુપ્ત વિચારોજ હોય છે.

મારો એક મિત્ર છે, તે પોતાના મનની વૃત્તિ સર્વદા પ્રેમમયજ રાખે છે. તે નિરંતર સર્વપ્રતિ પ્રેમનાજ વિચારો ફેલાવે છે. 'વિચાર પોતાની અસર કર્યાવિના રહેતોજ નથી' એ અબાધ્ય નિયમને અનુસરીને તેના વિચારો જે પણ મનુષ્યના સંબંધમાં આવે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને માટે આશીર્વાદરૂપ નીવડે છે, તેમજ તે આખા જગતને પણ અસર કરે છે. વળી આ બાબતનું બીજું એ પણ પરિણામ આવે છે કે, મારા તે મિત્ર તરફ સર્વ દિશાએથી પ્રેમના વિચારો જુદે જુદે રૂપે આવ્યાજ કરે છે.

પશુઓને પણ આવા વિચારોની અસર થાય છે. કેટલાંક પશુઓનાં શરીર એવાં નાજુક હોય છે કે, મનુષ્યો કરતાં પણ તેમના પર આપણા વિચારો, ભાવનાઓ અને માનસિક સ્થિતિની અસર વધારે ઝડપથી થાય છે. માટે જ્યારે પણ આપણે કોઇ પશુને જોઇએ, ત્યારે તેના પ્રત્યે પણ આપણે પ્રેમના વિચાર કરતા રહેવું જોઇએ. આપણે તે **વિચારને શબ્દોથા દર્શાવીએ કે મનમાં રાખીએ, છતાં તેની અસર તો સામા પર થવાનીજ.** પશુ ઉપર કેવી ઝડપથી તેની અસર થાય છે અને તે કેટલીક ત્વરાથી આપણા પ્રેમ અને દિલસોજીનો ઉત્તર આપે છે, એ જોવું એ ખરેખર આનંદદાયક છે.

દરેક સ્થળે આપણને પ્રભુજ દેખાય એવા જગતમાં વસવું અને વિચરવું એ કેટલું બધું આનંદદાયક હોઇ શકે ? અને એવી લાયકાત આવવી એ કેટલો બધો ભાગ્યોદય સમજવો ? આપણે એવાજ જગતમાં રહી શકીએ અને જગત આપણે માટે તેવુંજ બની રહે, એ વાત આપણા પોતાનાજ હાથમાં છે. જેટલા પ્રમાણમાં આપણું જીવન શુદ્ધ ને ઉદાર થશે, તેટલા પ્રમાણમાં આપણે દરેક વ્યક્તિમાં પ્રભુને જોતાં શીખીશું; અને જેમ જેમ દરેક વ્યક્તિમાં પ્રભુને નિહાળીશું, તેમ તેમ જગત પણ આપણે માટે ઉપર જણાવ્યા જેવું બનતું જશે તથા આપણને પ્રભુમય જગતમાં વસેલા અનુભવીશું.

જેમ જેમ આપણે બીજાઓમાં પ્રભુને જોતાં શીખીએ છીએ, તેમ તેમ તેઓમાં રહેલા પ્રભુને તેનામાં પ્રકટ થવામાં આપણે મદદ કરીએ છીએ. કેવો ઉચ્ચ અધિકાર ! કેવું દાતાપણું ! કેવું અહોભાગ્ય ! એ અધિકાર જે કોઇ મેળવવા ઇચ્છે, તે પ્રત્યેકને મળી શકે તેમ છે. **જો તમારે એ અધિકાર જોઇતોજ હોય તો બીજાઓ સંબંધી ખરાબ અભિપ્રાય બાંધવાનું કે મત આપવાનું છોડી દો; અને દરેક ક્ષણે બદલાતી જતી, ઉન્નતિ પામતી અને ભૂલો કરતી તેની ઉપાધિ તરફ (મન, બુદ્ધિ, શરીર ઇત્યાદિ તરફ) દષ્ટિ રાખવાને બદલે તે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાધિમાં રહેલા, નિર્વિકાર શાશ્વત અને અખૂટ ચૈતન્ય-રૂપ અને આનંદમય પ્રભુ તરફજ જોતાં શીખો, કે જેથી કરીને તમારામાં પણ તેનું ભવ્ય સ્વરૂપ પ્રકટ થાય.

ઉપલા વિચારો પૂરેપૂરા સમજી લઇને એવી યોગ્યતા માટે બનતો પ્રયત્ન કરીએ તો તેને પરિણામે આપણું હૃદય પણ પ્રેમથી એવું ઉભરાય છે, કે જેથી આપણા સંબંધમાં આવનારા દરેક મનુષ્ય ઉપર પ્રોત્સાહન અને જીવન આપનારા તે પ્રેમની અલૌકિક અસર થાયજ થાય. આ પ્રમાણે થવાથી આપણા પરિચયમાં આવનારાઓ આપણા તરફ પણ પ્રેમનાજ વિચારો મોકલે છે અને સર્વ બાજુએથી આપણા તરફ પ્રેમજ વહ્યા કરે છે. **મનુષ્ય-માં જેટલા પ્રમાણમાં પ્રેમ હોય, તેટલા પ્રમાણમાં તેણે ઈશ્વરને મેળવ્યો છે અથવા તેટલા પ્રમાણમાં તે પ્રભુમય બન્યો છે, એમ સમજવું;** કારણ કે પ્રભુ પોતે અપાર પ્રેમમય છે.

એક રીતે વિચારીએ તો પ્રેમ એજ સર્વસ્વ છે. માનવજીવન-ની ચાવીજ પ્રેમ છે અને તેનામાંજ આખી દુનિયાને હલા-વવાનું સામર્થ્ય રહેલું છે. માટે સર્વ તરફ તમે પ્રેમનાજ વિચારો રાખો અને સર્વ તરફથી પણ તેવાજ વિચારો પ્રાપ્ત કરો; એ કેટલું બધું લાભદાયક છે! જો આમ ન કરતાં તમે દ્વેષ અને ઈર્ષ્યા-નાજ વિચાર કરશો, તો પછી બીજા મનુષ્યો પણ તમારાપ્રત્યે તેવાજ વિચારો કરશે.

તમારા હૃદયમાં ઉત્પન્ન થતો દરેક વિચાર એક બળરૂપે બહાર જાય છે અને બહારથી તે પોતાના જેવા વિચારોને સાથે લઇને પાછો આવે છે. આ નિયમ અચળ છે. તમારા મનમાં ઉત્પન્ન થતા પ્રત્યેક વિચારની, પ્રથમ તો તમારા પોતાના-જ શરીરપર અસર થાય છે. પ્રેમ અને તેના જેવી બીજી શુભ લાગણીઓ એ મનુષ્યની સ્વાભાવિક અને ઈશ્વરી નિયમને અનુ-સરતી લાગણીઓ હોવાથી તે તમારા શરીરને આરોગ્ય અને જીવન બંને આપે છે; તમારા વદનને સુંદર બનાવે છે; તમારા અવાજને બળવાન બનાવે છે અને તમને બીજી પણ દરેક રીતે વધારે ને વધારે આકર્ષક બનાવે છે. આ પ્રમાણે જેટલા પ્રમાણમાં આપણે સર્વ તરફ પ્રેમના વિચારો રાખીએ, તેટલા પ્રમાણમાં સર્વ તરફથી પણ આપણા તરફ પ્રેમના વિચારો આકર્ષાઇ આવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે આપણા મન ઉપર તથા શરીર ઉપર પણ અસર કરતા હોવાથી બહારથી પણ આપણા બળમાં વધારો થયા કરે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે દરેક **પળે તમે તમારા વિચારો વડેજ તમારા મનને તથા શરીરને રચતા હોવાથી તમે કેવા વિચારો કરો છો, તે તરફ અવશ્ય લક્ષ્ય રાખો.**

દ્વેષ અને બીજી અશુભ લાગણીઓ દરેક માણસ માટે અસ્વાભાવિક–અકુદરતી હોવાથી વિશ્વવ્યવસ્થાથી પણ તે પ્રતિકૂળ છે. પ્રેમ એ જેમ ઇશ્વરી નિયમનું અનુસરણ છે, તેમ પ્રેમની વિરુદ્ધની લાગણીઓ એ ઇશ્વરી નિયમની વિરોધી છે; અને જ્યાં ઇશ્વરી નિયમનો વિરોધ અથવા ભંગ થયો, ત્યાં તેના પરિણામરૂપે દુઃખ અને વ્યાધિ એક યા બીજા રૂપમાં આવ્યા વિના રહેવાનાંજ નહિ. આ નિયમમાંથી કોઇ પણ છટકી શકે તેમ નથી. જો તમે ક્રોધ, દ્વેષ, અશુભચિંતન, તિરસ્કાર અથવા નિંદાના વિચારો કર્યા કરો, તો તમારા શરીરના બંધારણ ઉપર તેથી ઝેરી અને નાશકારકજ અસર થવાની. એ અશુભ વિચારો તમારા શરીરના બાંધાને અંદરથી તોડવા માંડીને અમુક પ્રકારના રોગોને ઉત્પન્ન કરે છે. તમારા અશુભ વિચાર આ પ્રમાણે તમારાજ હક્કમાં વિનાશક નીવડવા ઉપરાંત તેને લીધે બીજાઓ તરફથી પણ એવાજ પ્રકારના વિચારો તમારા તરફ આકર્ષાઇ આવતા હોવાથી તે પણ તમારા શરીરના બંધારણને વધારે નુકસાન કરવા લાગે છે.

"જે તરવાર ઝાલે છે તે તરવારથીજ મરે છે" અથવા **'ખોદે તે પડે'** આ કહેવતમાં ગંભીર સત્ય રહેલું છે. વિચારશક્તિમાં રહેલા સૂક્ષ્મ–પણ અસાધારણ સામર્થ્યનો જેને ખ્યાલ હશે, તેણે સ્વીકારવુંજ પડશે કે, જ્યારે આપણે બીજા મનુષ્યસંબંધી દ્વેષનો વિચાર કરીએ છીએ, ત્યારે તે અશુભ વિચારરૂપી રાક્ષસો તે માણસ તરફ જાય છે અને તેના મનમાં પણ સામા તેવાજ દ્વેષના વિચારો ઉપજાવીને તે મૂળ મનુષ્યનીજ તરફ પાછા ખેંચાઈ આવે છે. માત્ર દ્વેષનાજ નહિ, પરંતુ સ્વાર્થ, લોભ, ક્રોધ, મદ ઇત્યાદિ દરેક અશુભ વિચારની એવીજ અસર થાય છે. માટે એવી હલકી લાગણીઓને હૃદયમાં સ્થાન આપવાથી જેના પ્રત્યે તે રાખવામાં આવી હોય અથવા દર્શાવવામાં આવી હોય, તેના કરતાં તે રાખનાર અથવા દર્શાવનારને પોતાનેજ તે વધારે હાનિ પહોંચાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર પ્રમાણે પ્રેમ એ પ્રેમનો જનક છે અને દ્વેષ એ દ્વેષનો જનક છે. પ્રેમ અને શુભ ભાવના શરીરને પ્રોત્સાહન અને જીવન આપે છે, ત્યારે દ્વેષ અને અશુભ ભાવનાથી શરીર અંદરથી ઘસાવા લાગે છે અને શિથિલ થતું જાય છે.

જગતમાં અનેક પ્રેમાળ માણસો, વીર આત્માઓ અને પવિત્ર તથા સત્યવાદી સ્ત્રી–પુરુષો હયાત હોવાથી જગતને તમારી ઉચ્ચતામાં ઉચ્ચ ભાવનાઓ આપો, એટલે એ શ્રેષ્ઠ આત્માઓની ઉત્તમ ભાવનાઓ તમારા તરફ પણ જરૂર આકર્ષાશેજ.

પ્રેમ આપો અને તમને પ્રેમ મળશે; બળ આપો અને તમને બળ આવી મળશે; વિશ્વાસ રાખો એટલે બીજાએ પણ તમારાપર વિશ્વાસ રાખશે.

દ્વેષનો બદલો પ્રેમરૂપે આપવાથી તમે તમારી જાતને વિશેષ ઉન્નત બનાવો છો, એટલુંજ નહિ પણ તમારા તરફ દ્વેષ રાખનારને મિત્ર બનાવી લઇને લૌકિક હિત પણ સાધી શકો છો.

એક ઇરાની મહાત્માએ કહ્યું છે કે **"ચીડીઆપણાનો જવાબ નમ્રતાથી આપો અને આડાઇનો જવાબ માયાળુપણાથી આપો.** પ્રેમાળ હાથ એક વાળ પકડીને પણ હાથીને દોરી શકે છે; માટે **તારા શત્રુને પણ નમ્રતાથી પ્રત્યુત્તર આપ. શાંતિનું ઉલ્લંઘન એજ પાપ છે."** એક બુદ્ધધર્મી કહે છે કે "જો કોઈ મનુષ્ય અજ્ઞાનથી પણ મને નુકસાન કરશે તો તેના બદલામાં તેને મારો પ્રેમ આપીશ; અને **તે મને વધારે નુકસાન કરશે, તેમ હું તેનું વધારે ભલું કરીશ."** ચીનનો એક ડાહ્યો પુરુષ બોધ આપે છે કે "જ્ઞાની પુરુષ અપકારનો બદલો ઉપકારથી વાળે છે." હિંદુધર્મ પણ એજ જણાવે છે કે "અશુભનો બદલો શુભ વડે આપો. દ્વેષને પ્રેમથી જીતો. **દ્વેષનો નાશ દ્વેષથી નહિ, પણ પ્રેમથીજ થાય છે."**

ખરો જ્ઞાની કોઈને પણ પોતાનો શત્રુ ગણશે નહિ. આપણે કોઇ વાર એવું પણ સાંભળીએ છીએ કે "હરકત નહિ, એની સાથે પણ હું નિભાવી લઇશ." હવે આ નિભાવી લેવાના બે પ્રકાર છે. એક તો સહન કરી લેવું અને બીજો પ્રકાર એ કે શઠની સાથે શઠ થવું. પરંતુ પાછલા પ્રકારે વર્તવાથી તો તમે પોતે પણ તેના જેવી હલકીજ સ્થિતિમાં તમારી જાતને ઉતારી પાડો છો **અને તેથી તમો બંનેને ઘણું નુકસાન થાય છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે કેટલીક વાર કોઇને આમ બોલતાં સાંભળીએ છીએ કે "મેં અમુક વ્યક્તિ તરફ કદાપિ દ્વેષનો વિચાર કર્યો નથી અથવા એવી લાગણી ધરાવતો નથી અને તેને મેં મારો શત્રુ થવાનું પણ કારણ આપ્યું નથી; છતાં પણ તે મારા તરફ દ્વેષ રાખે છે તેનું કારણ શું ?" કારણ એ કે હાલનું નહિ તો પૂર્વકાળનું અથવા પૂર્વજન્મનું પણ કાંઇ ને કાંઇ કારણ હોય તોજ એવું બને. જો હાલની કે પૂર્વની પણ તમારી પ્રતિકૂળ ભાવના કે વર્તણુક તેના તરફ ન થઈ હોય તો તમારા તરફ તેવું બની શકેજ નહિ. હકીકત આ પ્રમાણે હોવાથી પ્રથમ તો તમારામાં દ્વેષની ભાવના નથી એનીજ પાકી ખાત્રી કરો અને તે છતાં, તથા કોઇ પણ પ્રકારનું બાહ્ય કારણ ન અપાયા છતાં પણ જો કોઇ તમારા તરફ દ્વેષ રાખે, તો તેના ઇલાજતરીકે પ્રારંભથી તે અંતસુધી તમે તેના તરફ પ્રેમ અને શુભેચ્છાનાજ વિચારો મોકલ્યા કરો. આમ કરવાથી તમે જરૂર તેના દ્વેષને નિર્બળ બનાવશો અને તેનામાં તમને હેરાન કરવાની શક્તિજ રહેશે નહિ. કેમકે **પ્રેમ એ દ્વેષ કરતાં વધારે બળવાન છે** અને તેથી દ્વેષનો જય પ્રેમવડે થવોજ જોઇએ.

પણ જો ઉપર પ્રમાણે ન કરતાં તમે દ્વેષના બદલામાં દ્વેષજ દર્શાવો, તો પછી તમે પોતેજ તેના દ્વેષને વિશેષ બળ આપો છો, યાને સળગેલા અગ્નિમાં લાકડાં નાખીને તે અગ્નિને વધારો છો. આ રીતે તમે અશુભ શક્તિઓને જે બળ આપો છો, તેથી તમારા પોતાનાજ હકકમાં સર્વ રીતે ગેરફાયદો છે. માટે તેમ ન કરતાં ઉપર જણાવ્યા પ્રમાણે દ્વેષના બદલામાં તમે પ્રેમજ મોકલો, જેથી સામાનો દ્વેષ તમારી પાસેજ આવી શકશે નહિ અને તમે તમારા શત્રુને મિત્રના રૂપમાં ફેરવવાને તથા તમારા પોતાના પણ અવગુણો અને મન ઉપર કાબુ વધારતાં શીખશો. તમારા શત્રુને જે સમયે જે પ્રકારની સેવા અથવા સહાયની ખાસ જરૂર હશે, તે પણ તમે કરી શકશો અને આગળ જતાં એની માફક ગોથાં ખાતા અને ચિંતાના વમળમાં ઘસડાતા બીજા પણ અનેક માનવબંધુઓનો ઉદ્ધાર કરી શકશો.

આપણે ધારીએ છીએ તે કરતાં પણ વધારે મોટી અગવડો અને હાડમારીઓ ઘણાખરા લોકો અનુભવતા હોય છે. માટે તેમના વડા અને વધારે સમજુ બંધુતરીકે તેમના પ્રત્યે વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયા, વધારે દિલસોજી અને વધારે નમ્રતા બતાવવાની આપણી અનિવાર્ય અને પવિત્ર ફરજ છે. હકીકત આ પ્રમાણે હોવાથી તમે જો સમજુ માણસ હો, તો તો તમારે બીજાઓપ્રતિ તિરસ્કાર કે દ્વેષ બતાવવાને બદલે જેમ બને તેમ વધારે સહાનુભૂતિ અને પ્રેમજ દર્શાવવો જોઈએ.

બીજાને ઉન્નત બનાવવામાં તમારી પોતાની પણ ઉન્નતિ સ્વાભાવિક રીતે થયાજ કરે છે. બીજાનું ભલું કરવામાં તમે તમારા હુંપણાને અને લૌકિક હિતને જેટલું ભૂલી જાઓ છો, તેટલુંજ તેનું પરિણામ પણ વધારે આવે છે.

તમારા તરફ બીજો જેવી ખરાબ રીતે વર્તે છે, એવીજ રીતે જો તમે તેની સાથે વર્તવા તૈયાર હો તો તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે, બીજા મનુષ્યો તમારા તરફ દ્વેષ રાખે અથવા તમને હેરાન કરે એવાં તત્ત્વો તમારામાં રહેલાં છે અને તેથી તમે તમારી હાલનીજ સ્થિતિને લાયક છો અને તેથી તેને માટે તમારે બડબડવું જોઈએ નહિ. જો તમારામાં ખરૂં જ્ઞાન હોય તો તમે બડબડો પણ નહિ.

"આપણે એકબીજાને સહાય અને આશ્વાસન આપીશું; કારણકે માર્ગ ઘણે સ્થળે વિકટ છે, પગ ઘણી વાર થાકેલા હોય છે અને હૃદય પણ ઘણે ઠેકાણે નિરાશ બનેલાં હોય છે. વળી જ્યારે કોઈ દરકાર કરનાર ન હોય ત્યારે બોજો ઉઠાવવો એ બહુજ મુશ્કેલ લાગે છે."

બંધુઓ ! એકબીજાનો હાથ ઝાલો. પ્રેમની મધુરતાથી અને દિલસોજીભરી આંખોથી એકબીજાને નિહાળો. જીવનનો ખાસ ખોરાક જે પ્રેમ, તેના વિના અનેક લોકો ભૂખે મરી જાય છે; તેવા વખતમાં તમારા હૃદયનો પ્રેમ કેવળ તમારા હૃદયમાંજ રાખી મૂકતા નહિ. **વળી નમ્ર વાણી પણ સાક્ષાત્ સ્વર્ગમાંથી ઝરતો દિવ્ય રસ છે.**

દયાવિનાનું જીવન એ ખરૂં જીવન નથી, પરંતુ જીવતું મરણ છે; માટે સર્વ બાજુએ દયા-પ્રેમનો પ્રવાહ તમારા હૃદયમાંથી વહેવા દો. એથી તમને અલૌકિક આનંદ અને શાંતિ પ્રાપ્ત થશે; કારણ કે **ઈશ્વર એ પ્રેમ છે અને પ્રેમ એ ઈશ્વર છે.**

"સર્વ પાપો, દોષો અને અયોગ્ય વર્તનો, એ સર્વ અજ્ઞાનમાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થીજ ઉદ્‌ભવે છે" આ નિયમ યથાર્થ સમજાયા પછી કોઇનામાં પણ દોષ, પાપ કે અયોગ્ય વર્તન આપણી નજરે પડતાં આપણને તેમ કરનાર વ્યક્તિ તરફ દયા અને દિલસોજી સિવાય કોઇ પણ લાગણી ઉપજવી જોઇએ નહિ. **દયાએ પછી પ્રેમનું રૂપ લેવું જોઇએ અને પ્રેમે પ્રકટ સેવાનું રૂપ લેવું જોઇએ છે.** આપણો એ અજ્ઞાન અને નિર્બળ બંધુ ટટાર ઉભો રહેતાં શીખે અને પોતાની જાતનો સ્વામી બને, ત્યાંસુધી આપણે તેને બનતી સહાય આપવી જોઇએ. આપણો દિવ્ય માર્ગ આ પ્રકારનો છે. આમ છતાં પણ મનુષ્યનો ખરો વિકાસ તો તેના પોતાના ઉપરજ આધાર રાખે છે. કેમકે જેટલા પ્રમાણમાં મનુષ્યને પોતાના દિવ્ય સ્વભાવનું જ્ઞાન થતું ચાલે છે, તેટલાજ પ્રમાણમાં તે પોતાની જાતનો સ્વામી થઇ શકે છે.

આપણને આપણી દિવ્યતાનું ભાન થયું છે, એ વાત જ્યાંસુધી આપણા જીવનવ્યવહારમાં આપણે ન દર્શાવી શકીએ, ત્યાંસુધી સામા મનુષ્યમાં રહેલી દિવ્યતા પ્રકટ કરવામાં આપણે ખરી સહાય આપી શકતા નથી. ઉપદેશથી નહિ પણ જાતિવર્તનથી, માન્યતાથી નહિ પણ વર્તનથી અને 'અમુક પ્રકારે જીવન ગાળવું જોઇએ' એવું બોલવાથી નહિ પણ તે પ્રમાણે જીવન ગાળવાથીજ આપણને આપણી દિવ્યતાનું ભાન થશે અને ત્યારેજ આપણે બીજામાં દિવ્યતા પ્રકટાવવા શક્તિમાન થઇશું. કેમકે મનુષ્ય એ અનુકરણ કરનારૂં પ્રાણી છે, બીજામાં રહેલી ઉચ્ચતા સાક્ષાત્ જોવાથીજ તેને પોતામાં ઉચ્ચતા પ્રકટાવવાનું મન થાય છે.

આપણે જેવું વાવીએ છીએ તેવુંજ લણીએ છીએ. વાવેલી વસ્તુ પોતાના જેવી બીજી અનેક વસ્તુઓને ઉત્પન્ન કરે છે. આપણે જેમ બીજાને મારીને ઇજા કરી શકીએ છીએ, તેમ વિરોધી વિચારોથી પણ નુકસાન કરી શકીએ છીએ. પરંતુ આ પ્રમાણે આપણે જ્યારે પણ બીજાને નુકસાન કરીએ છીએ, ત્યારે આપણે પોતાને પણ નુકસાન અવશ્ય કરીએ છીએ. સેંકડો મનુષ્યોના અશુભ વિચારો પોતા તરફ આવવાને લીધે ઘણા મનુષ્યો માંદા પડયા છે અને કેટલાક મરણ પણ પામ્યા છે.

દ્વેષથી જેમ જગતને આપણે નરકસમાન બનાવીએ છીએ, તેમ પ્રેમથી આપણે તેને સ્વર્ગસમાન પણ બનાવી શકીએ છીએ.

આપણે આગળ વાંચી ગયા કે 'પ્રેમવિનાનું જીવન એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન નથી, પણ જીવતું મરણ છે.' જે જીવન સર્વ તરફ પ્રેમ બતાવે છે, તેજ જીવન પૂર્ણ છે, ભરપૂર છે અને સૌંદર્ય તથા શક્તિમાં વૃદ્ધિ પામતું જાય છે. આવું ઉન્નત જીવન સર્વ કોઇને પોતાના વિશાળ પ્રેમના ક્ષેત્રમાં આકર્ષે છે અને દિનપ્રતિદિન તેનો વિસ્તાર અને કાર્યપ્રદેશ વધતાં જાય છે. એક મનુષ્ય જેટલા વિસ્તારમાં પ્રેમ અને મૈત્રી દર્શાવી શકે છે, તેટલા પ્રમાણમાં તે મહાન ગણાય છે; અને જેટલા પ્રમાણમાં મનુષ્ય સંકુચિત, અભિમાની અને અતડો રહે છે, તેટલા પ્રમાણમાં તેની લઘુતા પ્રકટ થાય છે. એકાદ મૂર્ખ મનુષ્ય સર્વથી દૂર ભાગીને એકલો રહી શકે એ સહેલું છે, પરંતુ પોતાના પ્રેમને સર્વગત બનાવવો અને સર્વને પોતાના બનાવવા, એમાં મનની વિશેષ ઉદારતા અને બળ જોઇએ છીએ.

જેઓ પંડનોજ વિચાર કરનારા અને પોતાનોજ લાભ તપાસનારા છે, તેઓ અતડા સ્વભાવના હોય છે. અને ઉદાર સ્વભાવના નિ:સ્વાર્થી મનુષ્યો હેતાળ સ્વભાવના હોય છે. સંકુચિત સ્વભાવના પુરુષો સર્વદા સ્વાર્થ માટેજ ઉત્સુક જણાય છે, ત્યારે ઉદાર સ્વભાવના મનુષ્યો પરોપકાર કરવામાંજ આનંદ માને છે. સંકુચિત વૃત્તિવાળો માન મેળવવા સારૂ અહીં તહીં રખડયા કરે છે, ત્યારે ઉદાર વૃત્તિવાળો એકાંતમાં રહેવા છતાં પણ આખા જગતને પોતા તરફ આકર્ષે છે. સ્વાર્થી મનુષ્ય પોતાની જાતનેજ ચહાય છે, ત્યારે ઉદાર મનુષ્ય આખા જગતને ચહાય છે અને આખા વિશ્વ પ્રત્યેના પ્રેમમાં તેની પોતાની જાત પણ આવી જાય છે.

મનુષ્યમાં જેમ પ્રેમ વધારે તેમ તે ઇશ્વરની સમીપ વધારે આવતો જાય છે. કારણ કે ઈશ્વર એ અનંત પ્રેમનું સ્વરૂપ છે. જેમ જેમ તે દિવ્ય ચૈતન્ય સાથેના આપણા ઐક્યનો આપણને અનુભવ થતો ચાલે છે, તેમ તેમ તે પ્રેમ આપણા હૃદયને, અંત:કરણને અને શરીરને એટલાં બધાં ભરી નાખે છે, કે જેથી તે પ્રેમ આપણામાંથી બહાર ઉભરાવા-ફેલાવા લાગે છે અને આખા જગતના જીવનને વધારે ફળદ્રૂપ તથા વધારે આનંદી બનાવે છે.

આપણને પરમાત્મતત્ત્વ સાથેના આપણા ઐક્યનો જેમ જેમ વિશેષ ખ્યાલ આવતો ચાલે છે, તેમ તેમ માનવબંધુઓ સાથે આપણો સંબંધ કેવો રહેવો જોઇએ, તેનો પણ ખ્યાલ આવતો ચાલે છે; અને બીજાની સેવામાં પોતાનું જીવન વાપરવામાંજ આ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણને આપણા ખરા જીવનનો અનુભવ થાય છે, એ મહાન નિયમનું આપણને વધુ ને વધુ ભાન થતું ચાલે છે. વળી એની સાથે આપણને એમ પણ સમજાતું ચાલે છે કે, આપણે બીજાને માટે જે શુભ કાર્ય કરીએ છીએ, **તેની સાથે આપણું પોતાનું પણ ભલું થતુંજ ચાલે છે.** એની સાથે એ પણ સમજાતું ચાલે છે કે, **બીજાને નુકસાન કરવામાં આપણે પોતાની જાતને પણ અવશ્ય નુકસાન કરીએ છીએ.** વળી આ વાત પણ અનુભવાતી ચાલે છે કે, જે મનુષ્ય સ્વાર્થી જીવન ગાળે છે, તે તો સાવ સૂકું–નીરસ જીવન ગાળે છે અને વિશાળ જીવનનો તેને ખ્યાલજ હોતો નથી. બીજી તરફ જે મનુષ્ય બીજાની સેવામાં પોતાની જાતને ભૂલી જાય છે, તેનું જીવન બહુજ વિશાળ તથા ભવ્ય બનતું જાય છે અને તેથી કોઇ પણ વ્યક્તિને થતા આનંદ, સુખ કે ઉચ્ચ અનુભવનો તેને પણ લાભ મળ્યા કરે છે. કારણ કે તેનું જીવન હવે સમગ્ર જીવનના એક ભાગરૂપ બનેલું હોય છે.

ખરી સેવાના સંબંધમાં બીજા પણ એક–બે બોલ અત્રે જરૂરના છે. એક દિવસે કોઇ મંદિરના દરવાજા આગળ એક લંગડો બેઠો બેઠો ભીખ માગતો હતો. બીજાઓની પેઠે માત્ર એકાદ દિવસ ચાલે એટલું નાણું આપીને બીજે દિવસે પાછો તે ને તે પરતંત્ર સ્થિતિમાં તેને રાખી મૂકવાને બદલે **પીટરે** તેને નીચેના શબ્દો કહીને તેની ખરી સેવા બજાવી કે " મારી પાસે રૂપું કે સોનું નથી; પણ જે કાંઇ છે, તે તને આપું છું " એમ કહીને તેણે તેનું લંગડાપણું દૂર કર્યું. **પીટરે** આ પ્રકારની તેને મદદ કરીને તેને એવી સ્થિતિમાં મૂકયો કે જેથી તે પોતાની જાતને મદદ કરી શકે– સ્વતંત્ર રહી શકે. મનુષ્ય પોતાની જાતને મદદ કરતા થાય એ પ્રકારની તેને મદદ કરવી, એજ ઉત્તમમાં ઉત્તમ માનવસેવા છે; કેમકે પૈસા વગેરેની સીધી મદદ ઘણી વાર તેને ઉલટો નિર્બળ બનાવનારી થઇ પડે છે. માટે દરેકે સંયોગો વિચારીનેજ વર્તવું ઘટે છે. મનુષ્યને પોતાની જાતને મદદ કરતો કરવો, તેને પોતાનાજ પગપર ઉભો રહેતો કરવો, એમાંજ તેનું ખરૂં હિત સમજવાનું છે.

મનુષ્યને તેની પોતાની જાતનું જ્ઞાન મેળવવામાં સહાય આપવી અને તેમાં પણ તેનાથી અજાણી રહેલી તેની પોતાની શકિતઓની તેને માહિતી આપવી; એના જેવો માનવસેવાનો બીજો ઉત્તમ માર્ગ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પરમાત્મતત્ત્વ સાથે તેનું પોતાનું ઐક્ય છે' એ સત્યની ખાત્રી કરી આપવાથી તે પરમાત્મતત્ત્વ તરફ પોતાનાં હૃદયરૂપી દ્વાર ખુલ્લાં મૂકતાં શીખશે, કે જે રસ્તે ઈશ્વરી શક્તિઓ તેના તન-મનમાં પ્રવેશી શકે.

આપણા અનેક સામાજિક પ્રશ્નોનું હજીસુધી નિરાકરણ આવતું નથી, પણ જો આ મહાન સત્યોને લોકો વિશેષ વિશેષ જાણતા જાય અને અમલમાં મૂકતા જાય તો સહેલાઈથી એ સામાજિક પ્રશ્નોનો નિવેડો આવી શકે અને આ પૃથ્વી સ્વર્ગસમાન થઇ શકે.

પ્રકરણ ૫ મું

જ્ઞાન અને પ્રતિભા

પરમાત્મા અનુપમ સુખ અને જ્ઞાનના અખૂટ ભંડારરૂપ હોવાથી જેટલા પ્રમાણમાં આપણે તેની સાથેનું આપણું ઐક્ય ચિંતવીએ છીએ અને અનુભવીએ છીએ, તેટલા પ્રમાણમાં આપણા અંતઃકરણમાં પણ તે જ્ઞાન અને સુખનો પ્રવાહ વહેવા લાગે છે; અને આપણે વિશ્વના મૂળસ્વરૂપ તે પરમાત્મતત્ત્વ તરફ સત્વર જઇ શકીએ છીએ અને પરિણામે મનુષ્યજાતિના મોટા ભાગને જે પરમાત્મતત્ત્વ રહસ્યરૂપ લાગે છે, તેનો આપણે સાક્ષાત્કાર કરી શકીએ છીએ. એ અનુભવસિદ્ધ જ્ઞાન અને અલૌકિક પ્રતિભાની પ્રાપ્તિ કરવા માટે તે દિવ્ય પરમાત્મતત્ત્વમાં આપણી પૂર્ણ શ્રદ્ધા હોવી જોઇએ; અને માત્ર પુસ્તકો કે મનુષ્યોપરજ આધાર નહિ રાખતાં પોતાના અંતર તરફ વળવું જોઇએ, કે જ્યાં તે જ્ઞાનસ્વરૂપ પરમાત્મા વિશેષભાવે વિરાજમાન છે. આવા મનુષ્યને કાંઇ શંકા ઉપજે તો તે વિષે પણ તેણે તે અંતર્યામી પરમાત્માનેજ પૂછવું જોઇએ. કારણ કે પ્રભુ કહે છે કે 'તેઓ પૂછી રહે તે પહેલાંજ હું જવાબ આપીશ.'

આ પ્રમાણે જ્યારે જ્ઞાનના એ અનંત મૂળ તરફ આપણે વળીએ છીએ, ત્યારે આપણે અમુક વ્યક્તિ કે સંસ્થા કે પુસ્તકોના ગુલામ રહેતા નથી. અલબત્ત, એ બાહ્ય પદાર્થોદ્વારા આવતો સત્યનો પ્રકાશ ઝીલવાને આપણે આપણા કાન ઉઘાડા રાખવા ખરા, પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સર્વને જ્ઞાનના મૂળરૂપે નહિ ગણતાં સાધનરૂપેજ ગણવાં જોઇએ. વસ્તુનું સ્થળ, મહત્તા અને મેળવવાનો વિધિ બાહ્ય સાધનોદ્વારા જાણી શકાશે; પણ મેળવવાની વસ્તુ તો ખુદ આપણા અંતરમાંજ રહેલી છે.

"સત્ય આપણા અંતરમાંજ રહેલું છે, બહારથી આવતું નથી. એકેએક પ્રાણી–પદાર્થમાં એક છુપું મધ્યબિંદુ રહેલું છે, કે જ્યાં સત્ય તેના પૂર્ણસ્વરૂપમાં વસે છે."

એક ગંભીર અને સત્ય શિક્ષણ એ છે કે **"તારી જાત પ્રત્યે તું સાચો રહેજે"** યાને 'તારા અંતઃકરણને કદી ઠગતો નહિ.' કારણ કે તે અંતઃકરણદ્વારાજ ઇશ્વરી અવાજ તને સંભળાઈ શકે તેમ છે. એ અંતઃકરણજ આપણને અને જગતમાંના પ્રત્યેક પ્રાણીને પ્રકાશ આપનારો આંતર–દીપક છે, આંતર–પ્રતિભા છે, આત્માનો પવિત્ર અવાજ છે અને પ્રભુનો પરમ હિતકર આદેશ છે. જો તું તે આદેશ અને અવાજ પ્રત્યે અભિમુખ અને શ્રદ્ધાવાન રહીશ તો તે નિરંતર તને ઉપદેશ આપ્યા કરશે કે "સીધો માર્ગ આ રહ્યો, આ પ્રમાણે ચાલ્યા કર."

દરેક ધર્મના ગ્રંથોમાં જણાવેલું છે કે, અમુક અમુક જિજ્ઞાસુઓને અને પવિત્ર મનુષ્યોને કેટલોક અનુભવ મળ્યા પછીજ તેમના અંતરમાં એ 'ધીમો અને શાંત' આંતરનાદ સંભળાતો. આ અવાજ તેમના અંતઃકરણનો લાગે છે; પણ ખરૂં જોતાં અંતઃકરણ મારફતે પ્રભુજ તેમને એ ઉપદેશ આપતો હોય છે. જો આપણે પણ એ 'ધીમા અને શાંત' અવાજને અનુસરીને આપણું જીવન ગાળીશું, તો તે આપણને વધારે સ્પષ્ટતાથી સંભળાવા લાગશે અને સાથે ચાલનારા બાહોશ ભોમિયાની પેઠે આપણને સીધે માર્ગે દોરવશે. આ પ્રમાણે બનવામાં મોટામાં મોટી અડચણ એજ હોય છે કે, આપણે તે અવાજને સાંભળતા નથી યા સાંભળવા માગતા નથી, અથવા સાંભળીએ છીએ તો તેને અનુસરતા નથી. આ પ્રમાણે આપણા પોતાનાજ ઘરમાં ફાટફૂટ છે. આપણે ઘડીકમાં આ બાજુ તો ઘડીકમાં બીજી બાજુ ખેંચાઇએ છીએ, તેથીજ કોઇ પણ બાબતમાં સફળ થઈ શકતા નથી; અને સંશયાત્મા વિનશ્યતિની પેઠે આપણી અવદશા થાય છે.

મારો એક મિત્ર આ આંતરિક અવાજને યથાર્થ સાંભળે છે; તરતજ તે અવાજના સૂચન પ્રમાણે વર્તે છે. એ અવાજ પણ તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી રીતે દોરવે છે કે તેને હાથે યોગ્ય વખતે, યોગ્ય રીતે અને યોગ્યજ કામ થાય છે, અને કદાપિ તે સંશયદશામાં હોતો નથી.

પણ આ સ્થળે કોઇ શંકા કરે કે "અંતઃપ્રેરણા પ્રમાણે-અંતરના અવાજ પ્રમાણે ચાલવું, એ કોઇ વખતે નુકસાનકર્તા પણ ન નીવડે? ધારો કે, એ અંતરનો અવાજ આપણને કોઇનું નુકસાન કરવા સૂચવે તો?"

આ શંકાનો એજ ઉત્તર આપી શકાય કે, આવો ભય રાખવાનું કશુંજ કારણ નથી. કારણ કે અંતઃકરણ દ્વારા બોલતો પ્રભુનો અવાજ, કોઇનું પણ નુકસાન કરવા તરફ અથવા તો સત્ય અને ન્યાયના ઉચ્ચ ધોરણ વિરુદ્ધ કોઇને દોરવતોજ નથી. છતાં જો કોઈ વાર તમને એવોજ વિચાર આવે તો નક્કી સમજજો કે, તે અંતર્યામી પરમાત્માનો અવાજ નથી, પણ તમારા હલકા સ્વભાવ તરફનું સૂચન છે.

મનુષ્યને જ્યારે પોતાના વ્યક્તિત્વનું ખરૂં ભાન થાય છે, ત્યારેજ તેનામાં ખરૂં જ્ઞાન અને આંતર્પ્રેરણા જાગ્રત થાય છે; અને જ્યારે તેને અનંત ચૈતન્ય સાથેના પોતાના ઐક્યનું ભાન થાય છે, ત્યારેજ તેને આત્મચૈતન્યનું ભાન થાય છે; અને જે છુપાં રહસ્યો પ્રથમ નથી સમજાયાં હોતાં તે આવું ભાન થતાં ખુલ્લાં થઈ જાય છે. અંતરમાંથી શક્તિઓ પ્રકટ કરવાનો આજ માર્ગ છે, ખરેખરી કેળવણીનો આજ પ્રકાર છે.

અનંત ચૈતન્યસ્વરૂપ પરમાત્માનો અવાજ સાંભળવાને જો આપણે હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખીશું તો જાણવાયોગ્ય સર્વ બાબતો આપણને સ્પષ્ટ થતી ચાલશે; અને આપણા પોતાના સ્વરૂપ ઉપરાંત વસ્તુમાત્રનું ખરૂં સ્વરૂપ આપણે પીછાણી શકીશું.

કુદરતમાં કાંઇ નવા તારાઓ, નવીન નિયમો કે નવીન શક્તિઓ ઉત્પન્ન થતી નથી; પરંતુ અનંત જ્ઞાનમય પરમાત્મા તરફ આપણા હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખવાને લીધે પ્રથમ નહિ જણાયેલા તારાઓ, નિયમો અને શક્તિઓના અસ્તિત્વનું જ્ઞાનજ મેળવી શકીએ છીએ. એક રીતે આ પ્રમાણે મેળવેલું જ્ઞાન આપણે માટે નવું પણ કહી શકાય. કેમકે પરમાત્મતત્ત્વ સાથેનું તેમજ વસ્તુમાત્ર સાથેનું આપણું ઐક્ય પ્રથમથીજ હોવા છતાં આપણે માટે તો એ બાબતની માહિતી નવીજ હોય છે. આ પ્રકારનું યથાર્થ જ્ઞાન થયા પછી આપણને જગતની પળે પળે બદલાતી વસ્તુસ્થિતિઓ પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધાર નહિ રાખવો પડતાં આત્માની ઉંડી ગુહામાં રહી શકીએ છીએ અને જરૂર જણાય ત્યારે તેનાં દ્વાર ઉઘાડીને બહાર પણ જોઇ શકીએ છીએ તથા બહારથી આપણી ઇચ્છા મુજબની વસ્તુઓ ગ્રહણ કરી શકીએ છીએ.

ઉપર જણાવેલા ઈશ્વરી જ્ઞાન અથવા અધ્યાત્મજ્ઞાનનું નામ 'પ્રજ્ઞા' પણ છે. એ પ્રજ્ઞા અંતઃસ્ફુરણ દ્વારાજ પ્રકટ થાય છે. બહારની અનેક વસ્તુઓનું જ્ઞાન આપણને યાદશક્તિ દ્વારા અથવા વાંચવા કે સાંભળવાથી પણ પ્રાપ્ત થઇ શકે; પરંતુ 'પ્રજ્ઞા' તો એના કરતાં ઘણીજ ઉંચી વસ્તુ છે અને તે બહારથી નહિ, પણ અંતરમાંથીજ સ્ફુરે છે.

જે કોઇ મનુષ્યને આ ઉંડા જ્ઞાનરૂપી 'પ્રજ્ઞા'ના પ્રદેશમાં દાખલ થવું હોય, તેણે પ્રથમ તો માનસિક અભિમાનથી મુક્ત થવું જોઇએ. તેણે એક નાના બાળકના જેવા સાચા–નિષ્કપટી અને સત્યાગ્રહી બનવું જોઇએ; કારણ કે અજ્ઞાન દશામાં બાંધી લીધેલા ભૂલભરેલા વિચારો એ માર્ગમાં વિઘ્નરૂપ થાય છે.

ધાર્મિક, સામાજિક, રાજકીય અને વિજ્ઞાનશાસ્ત્ર સંબંધી મંડળો તરફ દૃષ્ટિ કરતાં જણાશે કે, તેમાંના ઘણા મનુષ્યો માનસિક અભિમાનને લીધે પોતાના અંગત વિચારોમાં અને આગળથી સ્વીકારી લીધેલી ભાવનાઓમાં એટલા બધા લુબ્ધ થઇ ગયા હોય છે કે તેમના હૃદયમાં સત્યનાં વિશાળ અને પ્રતિદિન પ્રકટ થતાં નવાં નવાં સ્વરૂપોને માટે સ્થાનજ હોતું નથી. આવા મનુષ્યો વિકાસક્રમમાં આગળ વધવાને બદલે સંકુચિત વિચારના બનીને તેની તેજ સ્થિતિમાં લાંબા કાળ સુધી પડયા રહે છે અને સત્યને ગ્રહણ કરવાને અસમર્થ બને છે. આવા મનુષ્યો જગતના ઉન્નતિક્રમને સહાય આપવાને બદલે પથ્થરની પેઠે વિકાસક્રમમાં વિઘ્નરૂપ નીવડે છે. પરંતુ આવી સ્થિતિ લાંબો સમય ટકી શકતી નથી. વખત જતાં એવા મનુષ્યોનાં શરીરો પ્રબળ ઉન્નતિચક્રના અનિવાર્ય વેગથી ઘસાઇ–પીસાઇને બાજુ થઇ જાય છે અને ઈશ્વરી સત્યનો રથ દૃઢતાથી આગળ વધવા માંડે છે. જ્યારે વરાળયંત્રને ચલાવવાના પ્રયોગો કરવામાં આવતા હતા અને તે યંત્ર સંપૂર્ણ લોકોપયોગી બન્યું ન હતું, તે સમયે ઇંગ્લાંડના એક પ્રખ્યાત વિજ્ઞાનશાસ્ત્રીએ એક ચોપાનિયું પ્રકટ કરીને એવું સિદ્ધ કરવા માગ્યું હતું કે, કદાચ વરાળયંત્રનો પ્રયોગ સિદ્ધ થાય તોપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દરિયાઇ વહાણોને તો કદી પણ ઉપયોગી થઇ શકશે નહિ. કારણ કે આવડો મોટો દરિયો ઓળંગવા જેટલી વરાળ પેદા કરવા સારૂ જોઇતા પુષ્કળ કોલસા વહાણમાં રાખી શકાવા અશક્ય છે. પરંતુ આશ્ચર્યકારક તો એ છે કે, જે આગબોટ ઇંગ્લાંડથી અમેરિકા પ્રથમ ગઈ, તેજ આગબોટમાં તે ચોપાનિયાની પ્રથમ આવૃત્તિ પણ હતી! કેવું આશ્ચર્ય! પરંતુ જાણી જોઇને સત્યની સામે પોતાનાં હૃદયદ્વાર બંધ કરનારા મનુષ્યો તો વળી એથીએ વધુ આશ્ચર્યકારક હોય છે.

'સત્ય' કાંઈ અમુક રૂઢ પ્રણાલિકાઓ અથવા લોકપ્રિય વિચારકો તરફથી આવતું નથી, તેમજ તે રૂઢ થયેલા વિચારો અને માન્યતાઓને બંધબેસતું આવે એવું પણ હોતું નથી. એટલુંજ નહિ પણ ઘણી વાર તો તે તેનાથી ઉલટુંજ હોય છે. આથી અહીં એક વસ્તુ યાદ કરવા જેવી છે કે:—

"તમારા અંતઃકરણરૂપી ગૃહમાં સુદિશા તરફની બધીજ બારીઓ ઉઘાડી રાખો, કે જેથી વિશ્વની સઘળી ભવ્યતાઓ તેમાં પ્રવેશી શકીને તેને સુંદર બનાવે. જેઓ માત્ર એકાદ મતપંથ જોગી નાનકડીજ બારી ખુલ્લી રાખે છે, તે તો દશે દિશાઓ તરફનાં—અસંખ્ય ઉમદા કિરણોથી અને સુખદાયક શાંત લહરિઓથી બેનશીબજ રહે છે. માટે વહેમના અને એકદેશીપણાના પડદાઓને ચીરી નાખો. સત્ય આવી શકે એટલી વિશાળ અને સ્વર્ગ જેટલી ઉંચી બારીઓ પણ તમારા અંતઃકરણને છેજ. માટે તેને પૂરેપૂરી ખોલી નાખીને તેના દ્વારા તે દિવ્ય હવા અને પ્રકાશને છૂટથી આવવા દો. તારાઓનું અલૌકિક ગીત અને કુદરતનો મધુર અવાજ શ્રવણ કરવાને તમારા અંતઃકરણને કેળવો; એટલે પછી જેવી રીતે સૂર્યમુખી પુષ્પ સૂર્ય સન્મુખજ વળે છે, તેમ તમારૂં હૃદય પણ સત્ય અને ભલાઇ તરફજ વળી જશે. અને શાંતિથી છવાયલાં બ્રહ્મગિરિનાં શિખરોએ પહોંચવામાં તમને મદદ કરવાને માટે હજારો અદૃશ્ય સત્વો પોતાના હાથ નીચા લંબાવશે, તેમજ કુદરતની સર્વ શક્તિઓ તમારા પ્રયત્ન અને બળને અધિક બલિષ્ઠ બનાવશે. માટે હે સજ્જન! તમે અર્ધસત્યોનો ત્યાગ કરી દઈ અખિલ સત્યનો સ્વીકાર કરવામાં જરા પણ ભય કે સંકોચ રાખો નહિ."

અભિમાન, અગાઉથી બાંધી રાખેલા વિચારો અથવા ખોટી માન્યતાઓ વગેરેમાંના કોઇ પણ કારણને લીધે જ્યારે મનુષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યની સામે પોતાના હૃદયનાં દ્વાર બંધ કરે છે; ત્યારે વિશ્વ-વ્યાપક નિયમ પ્રમાણે તે વ્યક્તિ તરફ 'સંપૂર્ણ સત્ય' ત્યાં આગળ આવી શકતું નથી. જ્યાંથી પણ સત્ય આવે ત્યાંથી તેનો સ્વીકાર કરવા માટે જે મનુષ્ય પોતાના હૃદયનાં દ્વાર પૂરેપૂરાં ખુલ્લાં રાખે છે, તેનાજ તરફ તે મહાન નિયમ પ્રમાણે સર્વ સ્થળેથી અને સર્વ દિશાઓમાંથી સત્ય વહેવા લાગે છે. અને તેને પરિણામે તે મનુષ્ય પોતે પણ પૂરો સ્વતંત્ર બને છે. કારણ કે **સત્યજ એવી અલૌ-કિક વસ્તુ છે કે સર્વ પ્રકારે આપણને સ્વતંત્ર બનાવે છે.** આથી ઉલટા પ્રકારવાળો પ્રથમ વર્ણવેલો મનુષ્ય તો બિચારો બંધનમાંજ પડયો રહે છે, કારણ કે તેણે સત્યને આમંત્રણ પણ આપ્યું નથી; અને માર્ગ પણ આપ્યો નથી. **જ્યાં સત્યની ઈચ્છા અને સ્વીકાર માનપૂર્વક થતાં નથી, ત્યાં તે પણ જતું નથી.**

જ્યાં સત્યને માન અને સ્થાન મળતું નથી, ત્યાં સત્યની સાથે રહેલા આશીર્વાદો-અનેકવિધ લાભો પણ આવી શકતા નથી. ઉલટું તેને ઠેકાણે શારીરિક, માનસિક અને આત્મિક જડતા, રોગ અને જન્મમરણજ રહ્યા કરે છે. કોઇ મનુષ્ય સ્વતંત્રપણે અને કશા પણ બંધનવિના સત્યને શોધતો હોય તેને જો કોઈ અટકાવે તો તેવો માણસ ચોર અને લૂંટારા કરતાં પણ વધારે અધમ અને ત્યાગ કરવા યોગ્ય છે. કારણ કે તે બીજા મનુષ્યની ઉન્નતિમાં વિઘ્ન નાખીને તેને મોટું નુકસાન કરે છે.

પ્રભુનું સત્ય એટલું તો વિશાળ, મહાન અને ભવ્ય છે, કે કોઈ પણ ધર્મ કે વ્યક્તિ તેનો એકહથ્થુ ઇજારો લઈ શકે નહિ. જગતમાં ધર્મોપદેશક અનેક મળી આવશે; પરંતુ ખરો ઉપદેશક 'બીજાઓએ અમુકજ માનવું જોઇએ' એવો આગ્રહ કદી પણ કરશે નહિ. ખરો શિક્ષક તો શિષ્યને તેના પોતાના સંબંધી તેમજ તેની આંતરશક્તિઓ સંબંધી ખરા જ્ઞાનસુધી લાવી મૂકે છે, કે જેથી તે શિષ્ય સત્યનું ખરૂં સ્વરૂપ પોતાની મેળેજ આગળ વધીને અનુભવી શકે.

એકદેશી શિક્ષકોમાં સ્વાર્થ, અહંકારવૃત્તિ અથવા ઐહિક લાભની તૃષ્ણા રહેલી હોય છે. અને તેથી તે સંપૂર્ણ સત્ય પોતા-સિવાય બીજા કોઇ પાસે નથી એવો ખોટો દાવો રાખવાવાળો ધર્માંધ, મૂર્ખ અથવા કપટી માણસ હોય છે.

એક દેડકો એક કૂવામાં રહેતો હતો અને એ કૂવાની બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કોઈ વાર નીકળ્યોજ ન હતો. એક દિવસ સમુદ્રમાં રહેનાર દેડકો એ કૂવામાં આવ્યો. કૂવાવાળા દેડકાએ તેને પૂછ્યું કે "તમે કોણ છો ? અને ક્યાં રહો છો ?" તેણે કહ્યું કે "હું અમુક જાતિનો દેડકો છું અને સમુદ્રમાં રહું છું."

"સમુદ્ર ! સમુદ્ર એટલે શું ? તે ક્યાં છે ?"

"સમુદ્ર એટલે પાણીનો અગાધ જથ્થો અને તે અહીંથી દૂર પણ નથી."

"તમારો સમુદ્ર કેવડોક મોટો છે ?"

"અહા ! બહુજ મોટો !"

પાસે પડેલો પથ્થર બતાવીને પૂછ્યું કે "શું આના જેવડો?"

"અરે એનાથી તો ઘણોજ મોટો."

જે પાટીઆ ઉપર તે બન્ને ઉભા હતા તે પાટિયું બતાવીને પૂછ્યું કે "શું આના જેવડો ?"

"અરે એ ક્યાં ને તે ક્યાં ? એ તો ઘણોજ મોટો."

"ત્યારે એનાથી તે વળી કેવડોક મોટો હોય ?"

"ભાઇ ! જે સમુદ્રમાં હું રહું છું તે તો તારા આ આખા કૂવા કરતાં પણ ઘણો વધારે મોટો છે, તારા કૂવા જેવડા લાખો કૂવા તેમાંથી ભરી લીધા હોય તોપણ તે સમુદ્ર જરાય ઉણો થાય તેમ નથી."

"ઢોંગ ! ઢોંગ ! તું કોઇ બડો કપટી અને જૂઠો જણાય છે ! મારા કૂવામાંથી ચાલ્યો જા, જા ચાલ્યો જા. તારા જેવા ગપ્પીદાસનું મારે કામ નથી."

શાસ્ત્રો કહે છે કે "તમે સત્યને જાણશો કે તરતજ તે સત્ય તમને સ્વતંત્ર બનાવશે." જો સત્ય સામે તમારાં હૃદયદ્વાર બંધ રાખશો-તમારા માની લીધેલા સંકુચિત વિચારોને પકડી રાખશો તો તે વિચારો તમને મૂર્ખ અને અવિચારી બનાવશે. બુદ્ધિના વિષયો ભણીને ગર્વિષ્ઠ થયેલા ઘણા મનુષ્યોને ઉપલું કથન લાગુ પડે તેમ છે. ગાંડપણ અથવા મૂર્ખતા એટલે માનસિક વિકાસનું અટકવું તે. ગમે તે કારણસર જે મનુષ્યો સત્યની સામે-એટલે ખરૂં કહીએ તો પોતાના વિકાસની સામે-પોતાના હૃદયનાં દ્વાર બંધ કરી બેસે છે; તેઓને ગાંડાના નામથી નથી બોલાવવામાં આવતા, તોપણ વસ્તુતઃ તેઓ ગાંડાજ છે. અમુક વ્યક્તિ, અમુક પુસ્તક કે અમુક સંસ્થા તરફથી અમુક વાત જણાવવામાં આવે છે તેટલાજ માટે તે ખરી હોવી જોઇએ, એમ જે કોઇ વગર વિચારેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની બેસે છે, તેનો માનસિક વિકાસ અટકીજ પડે છે.

જે મનુષ્યો આંતરિક પ્રકાશને અગત્યનો સમજી તેને વધારવાનો શ્રમ લેવાને બદલે બાહ્યસાધનો ને બાહ્યાચારોમાંજ વખત ગાળ્યા કરે છે, તેઓની પણ ઉપર પ્રમાણેજ સ્થિતિ થાય છે. માટે નિર્ભય અને દૃઢવ્રતધારી વૉલ્ટ વિટમેનની સાથે આપણે પણ એમજ કહેવું જોઈએ કે—

"આજ પળથી હરેક પ્રકારની મર્યાદા અને બંધનોથી મારા અંતરાત્માને સ્વતંત્ર માનું છું. મારી ઇચ્છા પ્રમાણેજ હું ચાલીશ; કેમકે મારી જાતનો હુંજ સર્વથા અને સંપૂર્ણ સ્વામી છું. બીજાઓના કથનનો વિચાર કરીશ અને યોગ્ય લાગતાં ગ્રહણ પણ કરીશ. પરંતુ એમ કરીને કોઈનો તાબેદાર નહિ રહું, પણ મને મર્યાદામાં રાખનારી સર્વ હદો અને મર્યાદાઓથી હું સાવ છૂટો થઈશ."

'ઈશ્વરનું અમર્યાદિત સત્ય સર્વને માટે એકસરખું ખુલ્લું છે.' એ વિચારથી આપણને અતિશય આનંદ થવો જોઈએ. કેમકે **જેટલા પ્રમાણમાં મનુષ્ય સત્યને શોધે છે અને તેને મેળવવા માટે હૃદયનું દ્વાર ખુલ્લું રાખે છે, તેટલા પ્રમાણમાં સત્ય પણ તેના હૃદયમાં અવશ્ય સ્થાન લે છે.**

જગતમાં જે કાંઇ આપણે માટે જાણવા યોગ્ય છે તે સર્વ, એ સત્યને—એ જ્ઞાનને પ્રાપ્ત કરવાનો નિયમ જાણવાથી અને તેને વિવેકપૂર્વક અમલમાં મૂકવાથી—અવશ્ય જાણી શકાય છે અને પ્રાપ્ત કરી શકાય છે. જો **એ જ્ઞાનને ગ્રહણ કરતાં આવડે તો પછી જગતમાંની સર્વ વસ્તુઓ આપણી પોતાનીજ છે, એમ નક્કી સમજવું.**

આપણા અંતરમાં એક એવું મધ્યબિંદુ રહેલું છે, કે જેનામાં આપણે માટે લાયક થઈ પડે તેવી કોઈ પણ વસ્તુ-સ્થિતિને પોતા તરફ ખેંચવાનું અગાધ સામર્થ્ય રહેલું છે.

આપણા જીવનમાં જ્યારે પણ એવા પ્રસંગો આવે કે જે વખતે શું કરવું અથવા કયો માર્ગ સ્વીકારવો એ આપણને ન સમજાય, ત્યારે નક્કી સમજવું કે, તેમાં દોષ આપણો પોતાનોજ છે.

જો દોષનું મૂળ આપણામાંજ રહેલું હોય તો તેનો પ્રતીકાર પણ આપણામાંથીજ જડી આવશે. જો આપણે નિરંતર જાગ્રત રહીએ અને આપણી અંદર રહેલા પ્રકાશ અને શક્તિઓનું જો આપણને ભાન રહ્યા કરે, તો અમુક સમયે શું કરવું એવા સંશયનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગજ આવે નહિ. કેમકે અંતરાત્માનું તેજ સર્વદા પ્રકાશી રહેલું છે અને કોઇ પણ વસ્તુને આપણી અને તે પ્રકાશની વચ્ચે આડી ન આવવા દઇએ તોજ આપણે આપણું ખરૂં કર્તવ્ય બજાવ્યું છે, એમ સમજવું.

એક મહાન પુરુષ કે જેણે આંતરપ્રકાશ મેળવ્યો છે અને અમુક પ્રસંગે શું કરવું અને કેમ કરવું, એવો સંશય ઉઠવાનો જેને પ્રસંગજ નથી; તે આ સંબંધમાં જણાવે છે કે "અમુક બાબતમાં કયો માર્ગ લેવો એવી જ્યારે તમને શંકા થાય અને માર્ગસૂચક બાહ્યસાધનોનો આશ્રય લેવાથી પણ માર્ગ જડે નહિ, ત્યારે એ બાબત વિષે "તમારાં આંતરચક્ષુને જોવા દેજો અને આંતરશ્રવણેંદ્રિયને સાંભળવા દેજો." આ સાદી, સ્વાભાવિક અને સુંદર ક્રિયા કાંઇ પણ શંકા, તર્ક અથવા પ્રશ્નો સિવાય અસ્ખલિતપણે થવા દેજો. સઘળા વિકટ પ્રસંગે અને અસાધારણ ગુંચવણના સમયે આપણે આ એક સાદી સૂચનાને લક્ષ્યમાં રાખવી જોઇએ કે "તારા ઓરડામાં દાખલ થા અને દ્વાર બંધ કર." શું આનો અર્થ એવો થાય છે કે, આપણે આપણા એક ખાનગી ઓરડામાં પેસીને અંદરથી તેને તાળું દેવું ? જો અર્થ એવોજ થતો હોય તો સર્વ મનુષ્યો આ શિક્ષણને અમલમાં મૂકી શકે નહિ. કેમકે પૃથ્વીપર કે દરિયા પર કે પર્વત પર તે શી રીતે અમલમાં મૂકી શકાય ? અને આ ધાર્મિક શિક્ષણ તો સર્વને માટે, સર્વ કાળને માટે અને સર્વ સંયોગોમાં અમલમાં મૂકવા માટે છે.

એક અંતઃસ્ફુરણવાળો મનુષ્ય હતો. તેનું કામ કરવાનું મેજ જે હૉલમાં પડયું રહેતું, ત્યાં ઘણા સદ્‌ગૃહસ્થો પોતાનું વ્યાપારસંબંધી કામકાજ કરતા હતા અને મોટા સાદે વાતો પણ કરતા; પરંતુ તેની આસપાસ થતા અવાજોથી આ મનુષ્ય જરા પણ સંક્ષોભ પામતો નહિ. પોતાને કોઇ પ્રશ્ન ગહન લાગે, તે સમયે તે પ્રશ્નનો ઉકેલ લાવવાને આ આત્મશ્રદ્ધાવાળો મનુષ્ય તરતજ પોતાની આસપાસ માનસિક પડદો એવી રીતે નાખી શકતો હતો, કે જાણે તે એકાંતમાં જંગલમાંજ બેઠો હોય ! તે મૌન અને શાંત દશામાં પોતાના પ્રશ્ન સિવાય કાંઈ પણ જોતો કે સાંભળતો નહિ; અને જ્યાંસુધી તે પ્રશ્નનો પ્રત્યુત્તર તેના અંતરમાંથી ન સ્ફુરે, ત્યાંસુધી તેની તેજ સ્થિતિમાં બેસી રહેતો હતો. આને પરિણામે પોતાને મળતા જવાબમાં તે મનુષ્ય કદી પણ છેતરાતો ન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતરમાં સત્યનું દર્શન થાય તોજ હૃદયની ભૂખ ભાગે છે. કેમકે સત્યનું દર્શન થવું એ જંગલમાં અમૃતની વૃષ્ટિ થવા સમાન છે. અંતઃસ્ફુરણવાળા મનુષ્યને પોતાને જોઇતું આધ્યાત્મિક ભોજન દરરોજ એ સ્ફુરણદ્વારા મળી આવે છે; પણ આ અંતઃસ્ફુરણનો અમલ–અનુસરણ સત્વર થવું જોઈએ. એમાં વિલંબ થવાથી વચ્ચે પડદો આવી જાય છે; અને જો મનુષ્ય તે અંતઃસ્ફુરણ પ્રમાણે ચાલવામાં વધારે ને વધારે વિલંબ કરતો ચાલે તો એવો પણ સમય આવે કે જ્યારે તેના મનમાં ખોટી ભ્રમણાઓ ઉદ્ભવીને અંતઃસ્ફુરણની સાથે હલકી વાસનાઓ પણ ભેળવી દે.

આ બાબતમાં આ સર્વમાન્ય નિયમ પણ સ્વીકારવો જોઈએ કે, **સત્યને જાણવા માટે સત્ય સિવાયની અન્ય સર્વ ઈચ્છાઓને દૂર કરો અને નિઃસંશય સત્ય જણાયું કે તરતજ તે પ્રમાણે ચાલવાનો દઢ નિશ્ચય કરો.** સત્યના જિજ્ઞાસુએ સત્ય પ્રત્યેજ અનન્ય પ્રેમ રાખી તે સિવાયની બીજી કોઇ પણ ઇચ્છાને સ્થાન આપવું જોઈએ નહિ. જો આ પ્રમાણે યથાર્થ ચાલશો તો તમારો માર્ગ સ્વર્ગીય સત્યથી પ્રકાશિત થશે. આ પ્રમાણે તમારા અંતરમાં એ સ્વર્ગીય સત્ય પ્રગટયું એટલે પછી બહાર તમારા આચરણમાં પણ એ સ્વર્ગીય પ્રકાશ તમને સત્યનેજ માર્ગે દોરવશે. "અંદરના ઓરડામાં જવુ" એનો અર્થ ઉપર કહ્યો તેજ છે. આનુંજ નામ સત્ય જ્ઞાન, આનુંજ નામ સ્વર્ગનો પ્રકાશ અને આનુંજ નામ આત્માનો અવાજ સાંભળવો છે. મનુષ્યનું અંતઃકરણ સ્વભાવથીજ એવું સ્વચ્છ અને દિવ્ય છે કે, જેટલા પ્રમાણમાં તેની ઉપરનો મેલ દૂર કરીને પરમાત્માના તેજને ગ્રહણ કરવાને લાયક બનાવીએ, તેટલા પ્રમાણમાં તેના દ્વારા પ્રત્યેક વસ્તુ અને રહસ્ય જાણી શકાય છે; કારણ કે જ્યારે આધ્યાત્મિક દૃષ્ટિ ખીલે છે, ત્યારે સ્થૂળ અને સૂક્ષ્મ–બંને પ્રકારની ઇંદ્રિયોની શક્તિઓને અને મર્યાદાઓને તે ઓળંગી જાય છે. હકીકત આવી હોવાથી જેટલા પ્રમાણમાં મનુષ્ય એ આંતરિક સ્વચ્છતાથી અને દિવ્ય પ્રકાશથી દૂર રહે છે, તેટલા પ્રમાણમાં એ દિવ્ય દૃષ્ટિ, દિવ્ય આચરણ અને અલૌકિક રહસ્યો પણ તેનાથી દૂરજ રહે છે.

જેટલા પ્રમાણમાં આપણે ઇંદ્રિયો અને બુદ્ધિની મર્યાદાને ઓળંગી જઇએ છીએ અને પરમાત્માનો પ્રકાશ પામતા ચાલીએ છીએ,તેમ તેમ આપણને તે અંતર્યામીનો અવાજ વધારે સંભળાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે છે; અને જો આપણે તે અવાજ પ્રમાણે વર્ત્યા જઈએ છીએ તો તે અવાજ પણ નિરંતર આપણને ખરોજ માર્ગ દર્શાવ્યે જાય છે. જે કોઇ આ પ્રમાણે ઉત્તમ જ્ઞાનને પ્રાપ્ત કરીને તેને આચરણ-અનુભવમાં ઉતારશે, તે મનુષ્ય મરણ પછીજ સ્વર્ગે જશે એમ નથી; પરંતુ અત્યારે, કાલે અને સદાકાળ તે સ્વર્ગમાંજ રહે છે.

આવી સ્વર્ગીય સ્થિતિ સર્વને માટે અને સદાને માટે ખુલ્લી છે. જ્યારે પણ આપણે સત્ય માર્ગે વળીએ છીએ, ત્યારે આ સ્થિતિ પણ-જેવી રીતે પવન વાય છે અને પુષ્પ ખીલે છે, તેવી રીતે-આપણા તરફ આવી પહોંચે છે.

હા, એ વસ્તુસ્થિતિ કાંઇ ધનથી ખરીદાતી નથી કે તેની અમુક સ્થૂલ કિંમત નથી. તે તો એક એવી દશા છે, કે જેનો સાક્ષાત્કાર ધનિક તેમજ દરિદ્રી, સેવક તેમજ શેઠ અને રાજા તેમજ રંક સર્વ કોઈ કરી શકે છે; કેમકે પ્રત્યેક મનુષ્ય તેનો એકસરખો અને હક્કદાર વારસ છે. જો એકાદ નિર્ધનને પણ તે સ્થિતિનો અનુભવ થાય તો તે એક રાજા કરતાં પણ વધારે ભવ્ય સ્થિતિમાં રહી શકે; અને વધારે ઉમદા જીવન ગાળી શકે.

જો તમારે પણ એ ઉચ્ચમાં ઉચ્ચ, પૂર્ણમાં પૂર્ણ અને વિશાળમાં વિશાળ જીવન અનુભવવું હોય તો 'દિવ્ય પરમાત્મચૈતન્યથી તમારૂં આત્મચૈતન્ય ભિન્ન છે' એ ભૂલભરેલા-અસત્ય ખ્યાલને તુરતજ દૂર કરો અને તેની સાથે તમારો અભેદ-એકતા હોવાના વિચારને કાયમ કરો. જેટલા વધુ પ્રમાણમાં તમે તે વિચારને વળગી રહેશો, તેટલા વધુ પ્રમાણમાં તમને પણ તેનો વિશેષ ને વિશેષ પરિચય થતો ચાલશે; અને જેમ જેમ એને અનુસરતું જીવન તમે ગાળતા ચાલશો, તેમ તેમ સર્વ હિતકારી વસ્તુઓ તમારા તરફ આકર્ષાઇ આવશે; અને તમને જે કાંઇ કામ કરવાનું પ્રાપ્ત થશે તે કોઇ પણ જાતના ભય કે સંકોચ સિવાય કરી શકશો અને આવતી કાલનો વિચાર આજ નહિ કરતાં કાલ પરજ કરવાનું રાખશો. કારણ કે તમને પૂરેપૂરી ખાત્રી થયેલી હોય છે કે, આવતી કાલનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ખોરાક તમને આવતી કાલે મળી આવશેજ; અને તેથી **આવતી કાલ ન આવે ત્યાંસુધી તેની તમારે કશીજ કાળજી કરવાની જરૂર નથી.**

જો મનુષ્ય ઉપલા સત્ય સિદ્ધાંતમાં સંપૂર્ણ વિશ્વાસ રાખે છે, તો તે સિદ્ધાંત પણ તેને કદાપિ દગો દેતો નથી. મનુષ્યો અનિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્ચિત–ડગમગતી–શ્રદ્ધા રાખે છે, તેથીજ પરિણામ પણ અનિશ્ચિત અને અસંતોષકારક આવે છે. પરમાત્મા કરતાં વધારે સત્ય, વધારે ઉત્તમ અને વધારે વિશ્વાસપાત્ર વસ્તુ આ સમગ્ર સંસારમાં બીજી કોઇ પણ નથી. જે સર્વભાવે તેને શરણે જાય છે, તેને તે દગો દે એવી તો કલ્પના પણ કેમજ લવાય? કેમકે તે તો ઉલટો તેને પોતાનું સર્વસ્વ સોંપવાને અને પોતાની બરાબરનો બનાવવાને સદા આતુર હોય છે. માટે ગમે તે કામ કરતાં, ગમે તે સ્થિતિમાં, દિવસે કે રાત્રે અને સૂતાં કે જાગતાં મનુષ્યે પોતાની અને પરમાત્માની વચ્ચે રહેલા અભેદભાવને યાદ રાખીને તેનેજ અનુસરતું જીવન ગાળવું ઉચિત છે, જીવનનું ઉંડામાં ઉંડું રહસ્ય અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ફળ એમાંજ રહેલું છે. માત્ર જાગ્રતમાંજ એનો અભ્યાસ થઇ શકે છે એમ નથી. ઉંઘતાં પણ થઇ શકે; માટે ઉંઘના સંબંધમાં પણ આપણે આ સ્થળે કેટલીક બાબતો વિચારીશું, કે જેથી તે સ્થિતિમાં પણ આપણે બોધ અને પ્રકાશ મેળવી શકીએ.

નિદ્રાસમયે માત્ર સ્થૂલશરીરજ આરામ લે છે અને શાંત હોય છે, માનસિક શરીર તો પોતાની ક્રિયા કર્યાજ કરે છે. દિવસમાં–જાગ્રત અવસ્થામાં શરીરને જે ઘસારો પહોંચે છે, તે ઘસારાને દૂર કરી શરીરને નવું જીવન આપનાર નિદ્રા છે. આ પ્રમાણે ઉંઘ એ નવું બળ આપવા માટે કુદરતે કરેલી ગોઠવણ-તરીકે છે; તેથી જો ઉજાગરા કરવામાં આવે અથવા શરીરને જોઇતી નિદ્રા ન મળે અને આ રીતે શરીરને દિવસમાં પહોંચેલી હાનિનો ઉંઘદ્વારા પૂરતો બદલો ન આપવામાં આવે તો પછી શરીર ધીમે ધીમે ઘસાતું જાય છે, નિર્બળ બને છે અને એવી સ્થિતિમાં કોઇ પણ પ્રકારના રોગને શરીરમાં પ્રવેશ કરવો સુગમ થઇ પડે છે.

આપણે હાલ શરીરોનો જે ઉપયોગ કરીએ છીએ, તેના કરતાં વધારે ઉચ્ચ પ્રકારના ઉપયોગ સારૂ આપણને તે આપવામાં આવ્યાં છે. એનો આપણે ઉત્તમ ઉપયોગ કરી જાણતા નથી, તેથીજ એ શરીરો આપણાં નોકર મટીને માલીક બની બેઠેલાં હોય છે; એટલે પછી જેમ જેમ આપણને આપણા મનની તથા આત્માની ઉચ્ચ શક્તિઓનો ખ્યાલ આવતો જાય છે, તેમ તેમ એ અવળી સ્થિતિ ફેરવાતી જઇને આપણાં ઉચ્ચ તત્ત્વોજ એ જડ શરીરપર અમલ કરવા લાગે છે અને શરીરમાં ઘુસી ગયેલાં હલકા પ્રકારનાં પરમાણુઓ ખરવા માંડે છે તથા શરીર વધારે સૂક્ષ્મ અને વધારે ભવ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતું ચાલે છે. આ પ્રમાણે મનને પોતામાંથી તેમજ જે ઉચ્ચ તત્ત્વોની સાથે તે સંબંધમાં આવે છે તેમાંથી અલૌકિક આનંદ મળવા માંડે છે અને ખાવા પીવાની તથા દરેક પ્રકારના ઉપભોગની આસક્તિ ઓછી થતી ચાલે છે. તથા અત્યારસુધી જે હલકી જાતનાં, અપચો કરે તેવાં ખાનપાનો તથા માંસ-મદિરા વગેરે વિકારોને ઉત્તેજિત કરે તેવા પદાર્થોનો ઉપયોગ થયા કરતો હોય તેની તેની રુચિ ઓછી થતી ચાલીને તેને બદલે તે શરીરને જરૂરજોગુંજ પોષણ આપનારો, મગજને શાંત રાખનારો સાત્ત્વિક ખોરાક ખાવાને ટેવાય છે. આ પ્રમાણે તેનું શરીર વધારે સાત્ત્વિક, સૂક્ષ્મ અને સારા પરમાણુઓવાળું બનવાથી શરીરને ઘસારો ઓછો પહોંચે છે અને જે કાંઈ પહોંચે છે તે ત્વરાથી પૂરાઈ જઈને શરીર બહુ નિયમિત અને સમતોલ સ્થિતિમાં રહે છે. શરીરની આવી સ્થિતિ થવાથી તેને નિદ્રાની પણ બહુ ઓછી જરૂર રહે છે; અને તે ઓછી નિદ્રા પણ આવા સારા અને સૂક્ષ્મ પરમાણુઓના બનેલા શરીરને ઘણીજ લાભકારક નીવડે છે.

આ રીતે જેમ જેમ શરીર વધારે સૂક્ષ્મ અને શુદ્ધ પરમાણુઓવાળું બનતું જાય છે, તેમ તેમ તે જીવાત્માને પણ ઉચ્ચ સ્થિતિએ પહોંચાડવામાં સહાયભૂત નીવડે છે. કવિ બ્રાઉનિંગે એજ વાત ધ્યાનમાં રાખીને કહ્યું છે કે "સઘળી સારી વસ્તુઓ આપણીજ છે; કારણ કે જેમ જીવાત્મા શરીરને મદદ કરે છે, તેમ શરીર જીવાત્માને મદદ કરે છે."

ઉપલા વિવેચનથી હરકોઇને સમજાશે કે, શરીરને વિશ્રામ આપવાને અને લાગેલો ઘસારો પૂરવાને નિદ્રા અત્યંત અગત્યની છે. હા, અંતરાત્માને એવા આરામની જરૂર નથી; અને તેથી શરીર નિદ્રાધીન હોય ત્યારે પણ એ તો પોતાનું કામ કર્યાજ કરે છે.

એ અંતરાત્માની કામગીરીના ઉંડા જ્ઞાનવાળા પુરુષો જણાવે છે કે, એના પ્રતાપે આપણે ધારીએ તો નિદ્રામાં પણ મુસાફરી કરી શકીએ છીએ. કેટલાક મનુષ્યો નિદ્રામાં જોયેલા દેખાવો, મેળવેલી માહિતીઓ અને બનેલા બનાવોને જાગ્યા પછી પોતાના સ્થૂલ મગજમાં પણ લાવવાને શક્તિમાન હોય છે; પણ ઘણાખરા મનુષ્યો તેમ કરવાને સમર્થ હોતા નથી; એટલુંજ નહિ પણ કેટલાક તો ઉપયોગમાં આવે એવું જાગ્રત અવસ્થાનું જ્ઞાન પણ ખોઈ દે છે. આ બાબતના અનુભવીઓ જણાવે છે કે, જો આ બાબતને લગતા નિયમો યથાવત્ સમજવામાં આવે, તો આપણી મરજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે ત્યાં આપણે જઈ શકીએ, અને આપણને થયેલા અનુભવોનું ભાન આપણે જાગીએ ત્યારે આપણા સ્થૂલ મગજમાં પણ લાવી શકીએ. આ ગમે તેમ હોય તોપણ એટલું તો સ્પષ્ટ છે કે, સામાન્ય મનુષ્યોને નિદ્રાસમયે જે પ્રકાશ, જ્ઞાન અને બોધ મળી શકતાં નથી, તે આ બાબતના અભ્યાસીઓ મેળવી શકે છે.

શરીર નિદ્રાધીન હોય, ત્યારે પણ અંતરાત્મા કામ કર્યા કરે છે; તો પછી ઉંઘવાના સમયે–શરીર આરામ લેતું હોય ત્યારે પણ તેનો પ્રકાશ મળ્યા કરે અને તે પ્રકાશની છાપ જાગ્રત સ્થિતિમાં પણ મગજ પર પડી શકે તેમ કરવું જોઇએ. આ પ્રમાણે બની શકે તેમ છે અને કેટલાક પુરુષોએ તે કામ લાભદાયક રીતે કર્યું પણ છે. ઘણી વાર અંતરાત્મા તરફનો ઉચ્ચ સંદેશો એજ રીતે મળે છે. આમાં અસ્વાભાવિક કશુંજ નથી; કારણ કે બાહ્યજગત સાથેનો સંબંધ નિદ્રાસમયે બંધ થયેલો હોવાથી આંતરદુનિયા તરફનું સ્ફૂરણ આવવાનો એ સમયે બહુજ સંભવ રહે છે. મારા કેટલાક મિત્રો આ રીતે ઉંઘમાં ઘણું કામ કરી શકે છે અને પોતાના ઇષ્ટ વિષયમાં ઘણો પ્રકાશ મેળવી શકે છે.

સૂવા જતી વખતે મનમાં અમુક સમયે ઉઠવાનો દૃઢ નિશ્ચય કરવાથી તેજ સમયે ઉઠી શકાય છે, એ વાત તો ઘણાના અનુભવની છે. એક સ્ત્રી એક પત્રના ઉપતંત્રીનું કામ કરતી હતી. એક વખતે તે પત્રના અધિપતિએ તેને અમુક વિષયપર એક લેખ લખીને સવારમાં તૈયાર કરી રાખવા કહ્યું. વિષય ઘણો ગહન હતો અને તેમાં ઘણા મુદ્દાઓના જ્ઞાનની જરૂર હતી; પરંતુ તે વિષયમાં તેનું જ્ઞાન ઘણું અપૂર્ણ હતું અને આથી તે સંબંધી પુસ્તકો વાંચીને માહિતી મેળવવા જેટલો સમય ન હતો. આથી તે સ્ત્રી રાત્રે લખવા બેઠી, પરંતુ તેની કલમ ચાલી નહિ. વિચારવગર કલમ કેવી રીતે ચાલે? અસ્તુ. નિષ્ફળતા સિવાય બીજું કાંઇ તેને જણાયું નહિ. છેવટે થાકીને તેણે ઉંઘવાનોજ વિચાર કર્યો અને એ વિષયના સંબંધમાં પોતાને જે માહિતી હતી તે વિચારમાં ગોઠવી પોતાને તે સંબંધી વિશેષ માહિતી ઉંઘમાં મળે એવી ભાવના અને એજ વિષયનો વિચાર કરતી તે સૂતી અને ભરનિદ્રામાં પડી. પ્રાતઃકાળમાં ઉઠતાંજ રાત્રિનો વિષય તેને યાદ આવ્યો. તે થોડીક પળ શાંત પડી રહી, તે વખતે એ વિષયનો આખો લેખ લખાયેલો તેની દૃષ્ટિ આગળ તૈયાર હોય એમ તેને લાગ્યું. તરતજ તે મનવડે એ લેખ વાંચી ગઈ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઠીને લૂગડાં બદલ્યા સિવાયજ કલમ લઇને કાગળ પર તે ચીતરી કાઢયો! જાણે કોઇ લખાવતું હોય અને પોતે લખતી હોય એમજ એ લેખ તેણે લખી નાખ્યો હતો.

અમુક બાબત પર મન જ્યારે તલ્લીન થયું હોય, ત્યારે જો તેને બીજી બાબતનો વિચાર કરવાની ખાસ જરૂર ન પડે તો તે તેની તેજ બાબતનો વિચાર કર્યા કરે છે; અને ઉંઘમાં શરીર શાંત હોય ત્યારે પણ મન અને અંતરાત્મા કામ કર્યા કરતાં હોવાથી ઉંઘવા જતી વખતે જો મનને અમુક વલણ આપવામાં આવ્યું હોય તો મન તે બાબત પર ઉંઘમાં પણ વિચાર કર્યા કરવાનું, અને પ્રાતઃ-કાળમાં પોતાના અનુભવોની સ્થૂલ મગજપર પણ છાપ પાડી દેવાનું. કેટલાક મનુષ્યોનાં મગજપર આ છાપ ઘણી ત્વરાથી પડે છે, ત્યારે કેટલાકને લાંબે કાળે આ બાબતમાં વિજય મળે છે; પરંતુ શાંત રીતે સતત પ્રયાસ કરવાથી આ શક્તિ પણ પ્રાપ્ત તો થાય છેજ.

મન નિરંતર કામ કરતું રહે છે અને પોતાના સમાન વિચારો-ને પોતાના તરફ આકર્ષવાની તેનામાં શક્તિ હોવાથી; આપણે ઉંઘવા પહેલાં જેવા પણ વિચારો કરવાની ટેવ પાડીએ તેવાજ વિચારો તે ઉંઘમાં પણ પોતાના તરફ ખેંચી શકે છે. આથી આપણે આપણી જાતને જેવી પણ માનસિક સ્થિતિમાં મૂકવા માગતા હોઇએ, તેવી સ્થિતિમાં મૂકી શકીએ અને ઉંઘમાં પણ તે સંબંધી ઘણું જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ.

જાગ્રત અવસ્થા કરતાં નિદ્રાવસ્થામાં આપણી આંતરશક્તિઓ પ્રકાશ મેળવવાને વધારે લાયક હોય છે; તેથી આપણે ઉંઘમાં પડીએ તે પહેલાંના થોડા વખત દરમિયાન મનના વિચારો કેવા રાખવા તે સંબંધમાં આપણે બહુજ સંભાળ રાખવાની જરૂર છે અને તે બાબત આપણા પોતાનાજ હાથમાં છે. આપણે જો તેના નિયમો સમજી લઇને તે પ્રમાણે વર્તીએ તો જાગ્રત અવસ્થાથી પણ વધારે લાભ એ નિદ્રાવસ્થામાં મેળવી શકીએ.

આ બાબતના અભ્યાસીઓ પોતાનો અનુભવ આ પ્રમાણે જણાવે છે કે, અમુક બાબતમાં પ્રકાશ અથવા માહિતી મેળવવાની તમને જરૂર લાગતી હોય—દાખલા તરીકે અમુક બે માર્ગમાંથી કયો માર્ગ ગ્રહણ કરવો તે જાણવું હોય-ત્યારે પ્રથમ તો તમે ઉંઘવા પહેલાં સર્વ પ્રાણીમાત્ર તરફ પ્રેમ અને શુભેચ્છાની લાગ-ણીથી તમારા મનને ભરી દો. કેમકે એ પ્રમાણે કરવાથી તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા મનને શાંત બનાવો છો અને બહારથી પણ તેવીજ શાંત સ્થિતિ તમારા તરફ આકર્ષાઇ આવે છે.

પ્રથમ ઉપર પ્રમાણે શાંત સ્થિતિમાં આવ્યા પછીથી અમુક જોઇતો પ્રકાશ અથવા માહિતી મેળવવાને માટે તમે અવ્યગ્ર અને શાંતચિત્તથી દૃઢ ઇચ્છા કરો અને તે મળશે કે નહિ એવી શંકાને મનથી દૂર કરો; (કારણ કે શાંતિ અને શ્રદ્ધામાંજ તમારૂં બળ રહેલું છે;) તથા દૃઢતાથી માનો કે, તમે જાગશો ત્યારે તમને ઇચ્છેલી માહિતી અથવા પ્રકાશ મળીજ શકશે. એ પછી નિદ્રામાંથી જાગો ત્યારે બાહ્યજગતની પ્રવૃત્તિઓ તમારૂં મન આકર્ષે તે પહેલાંજ તમારો અંતરાત્મા તમારા મગજ પર જે છાપ પાડે તે ગ્રહણ કરવાની સ્થિતિમાં થોડીવાર પડી રહો; અને તે પ્રકાશ અથવા માહિતી તમને મળે કે તરતજ વિનાવિલંબે તે પ્રમાણે ચાલવાને તત્પર થાઓ. જેટલા પ્રમાણમાં તમે એ અંતરના અવાજને માન આપી તે પ્રમાણે વર્તવા માંડશો, તેટલા પ્રમાણમાં તે અવાજ પણ તમને વિશેષ અને વિશેષ બળથી પોતાનો પ્રકાશ આપ્યા કરશે.

તમે નિઃસ્વાર્થ હેતુથી કે ગમે તો તમારી તંદુરસ્તી અને બળ વધારવાના હેતુથી તમારી માનસિક શક્તિઓ ખીલવવા માગતા હશો; પરંતુ જો તમે તેને અનુકૂળ તમારા મનની સ્થિતિ રાખશો તો અમુક શકિતઓની સાથે તમે સંબંધમાં આવશો; તે શકિતઓ તમારામાં કામ કરવા લાગશે અને તમારૂં ધારેલું પરિણામ લાવી આપશે, એ વાત નક્કીજ છે. તમારી ઇચ્છાઓને જરા પણ સંકોચ કે સંશયવિના મન વડે કે મુખથી શબ્દોમાં પ્રકટ કરવાથી સૂક્ષ્મ તત્ત્વમાં તમે એવી ધ્રૂજરીઓ ઉત્પન્ન કરો છો, કે જે કોઇ પણ સ્થળે પોતાની છાપ પાડે છે; અને બીજી શકિતઓને જાગ્રત કરીને તેમજ બીજી શક્તિઓની સાથે મળી જઇને તમારી ભાવનાઓને સફળ કરે છે. જે મનુષ્ય આ બાબતના ઉચ્ચ નિયમો અને શકિતઓને અનુકૂળ રહીને વર્તે છે, તેનાથી કોઇપણ વસ્તુસ્થિતિ દૂર રહી શકતી નથી. **પોતાની અંદર રહેલી શક્તિઓને જે જાણે છે અને જે તેનો સદુપયોગ કરે છે, તે મનુષ્યની સર્વ ભાવનાઓ ફળિભૂત થતી ચાલે છે.**

ઉંઘવા જતી વખતે જેમ જેમ તમે પ્રેમના, શુભેચ્છાના અને શાંતિ તથા સંપના વિચારો ચોતરફ વહેરાવતા રહેશો, તેમ તેમ તમારી નિદ્રા વધારે શાંતિમય, સુખકર અને બળવર્ધક થશે; અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી શારીરિક, માનસિક આધ્યાત્મિક શક્તિ વધતી જશે.

મારો એક મિત્ર કે જે તેનાં મનુષ્યજાતિપ્રત્યેનાં ભલાં કામો માટે સર્વત્ર પ્રસિદ્ધ છે, તે જણાવે છે કે, ઘણી વાર તે મધ્યરાત્રિએ એકાએક જાગી ઉઠે છે અને તેજ સમયે તેના મન આગળ વીજળીના ઝબકારાની પેઠે તેને કરવા યોગ્ય કામની રૂપરેખા અથવા યોજના તરી આવે છે. આંતરસ્ફુરણને ગ્રહણ કરવાની સ્થિતિમાં તે શાંત પડયો રહેતો હોવાથી તે યોજનાને વિજયી રીતે પાર ઉતારવાની યુક્તિ પણ તેના આગળ એજ રીતે પ્રકટ થાય છે અને તેને અમલમાં મૂકીને જગતને હેરત પમાડે તેવી યોજનાઓ, કે જેનો તેને બીજી કોઈ રીતે ખ્યાલ પણ આવી શકયો ન હોય તેને તે ચાલુ કરી શકે છે અને તેમાં વિજય મેળવી શકે છે. તે ઉચ્ચ નિયમોને અનુસરીને પોતાનું જીવન ગાળતો હોવાથી પોતાના શરીરના તેમજ મનના પરમાણુઓને ઉચ્ચ પ્રકારના અને સૂક્ષ્મ ધ્રૂજરીઓને ગ્રહણ કરી શકે એવા બનાવી શકયો છે; અને અમુક ઉચ્ચ ઉદ્દેશ સિદ્ધ કરવા પાછળ પોતાનું સમગ્ર જીવન તેણે અર્પણ કર્યું છે. આ ઉચ્ચ પ્રેરણાઓ કેવી રીતે અને કોના તરફથી આવે છે એ વાત તે સમજી શકતો નથી. દરેક મનુષ્ય આ વિષે કલ્પનાઓ કરશે, પણ તેનું ખરૂં રહસ્ય તો થોડાજ સમજી શકશે; છતાં આટલું તો સમજી શકીએ તેમ છીએ અને તે સમજવું જરૂરનું પણ છેજ કે, જે મનુષ્ય ઉચ્ચ નિયમો પ્રમાણે પોતાનું જીવન ગાળે છે અને તે નિયમો જાણવાને ઉત્સુક રહે છે, તેનેજ આવી પ્રેરણાઓ પ્રાપ્ત થાય છે.

આપણે પણ જે પ્રમાણમાં આપણી સ્થિતિ ઉચ્ચ નિયમોને અનુકૂળ બનાવીશું, તે પ્રમાણમાં દિવ્ય રહસ્યો અને પ્રેરણાઓ અવશ્ય પ્રાપ્ત કરતા ચાલીશું. આ બાબતનો એક ઉંડો અભ્યાસી જણાવે છે કે "જ્યારે શરીર ઉંઘતું હોય, ત્યારે આધ્યાત્મિક કેળવણી મેળવવી એ કાંઇ બહુ ભારે વાત નથી." જો આપણે આપણી બાહ્યસ્થિતિ ઉપર જેટલું લક્ષ આપીએ છીએ તેટલું લક્ષ આપણી આંતરસ્થિતિ ઉપર પણ આપવા માંડીએ તો એ બાબતમાં પણ આપણને પણ એવોજ અનુભવ થવા માંડશે. આપણી વર્તમાન સ્થિતિ અને ભવિષ્યમાં થનારી સ્થિતિનો આધાર આપણાજ વિચારો ઉપર રહેલો છે. કારણ કે દિવસ કરતાં રાત્રે આપણા વિચાર વધારે જાગ્રત હોય છે; અને બાહ્યસૃષ્ટિમાં જ્યારે ઉંઘતા હોઇએ છીએ, ત્યારે આંરસૃષ્ટિમાં જાગ્રત હોઈએ છીએ. એ આંતરસૃષ્ટિ પણ ખરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયા છે, અને તેની સારી યા નરસી સ્થિતિનો આધાર મનુષ્યની માનસિક અને નૈતિક ઉન્નતિ પર રહેલો છે. જે સમયે આપણે બાહ્ય ઇંદ્રિયોદ્વારા અનુભવ મેળવતા નથી, તે સમયે આપણે અંતર દ્વારા જ્ઞાન મેળવતા હોઇએ છીએ. ઇંદ્રિયો માટે આ વિષયની ખરી કિંમત સમજવામાં આવ્યા પછી મનુષ્યને જે કોઇ બાબત ઉપર ખાસ માહિતી મેળવવાની ઇચ્છા થાય, તે વિષય ઉપર તેણે ચિંતન કરતાં કરતાં ઉંઘી જવું જોઇએ. સામાન્ય મનુષ્યોને તો ઉંઘમાં માત્ર વૃથા સ્વપ્નજ આવ્યા કરે છે, ત્યારે જ્ઞાની મનુષ્યો એજ નિદ્રામાંથી અનેક અનુભવો મેળવે છે. અને સામાન્ય મનુષ્યમાં પોતાનાં સ્વપ્નો-ને સમજવા જેટલી પણ શક્તિ હોતી નથી; ત્યારે આગળ વધેલા જીવાત્માઓ પોતાનાં તેમજ બીજાનાં સ્વપ્નોનું પણ રહસ્ય સમજી શકે છે. આનું કારણ સમજવાને આપણે દૂર જવું પડે તેમ નથી. મુખ્ય જરૂર એમાં નિર્મળ જીવન ગાળવાની છે, મોઢાની વાતો કરવાની નથી. મનુષ્યનું ખરૂં સામર્થ્ય પવિત્ર જીવન ગાળવામાં રહેલું છે. પોતાની ઉચ્ચ ભાવના પ્રમાણે જીવન ગાળવા મથનારને ઉત્તમ સામર્થ્ય અને આનંદ પ્રાપ્ત થાય છે; એટલુંજ નહિ પણ તેવો મનુષ્ય જગત માટે પણ બહુ ઉપકારી થાય છે.

અસ્તુ. આટલી હકીકત જાણ્યા છતાં પણ હે વાંચનાર અને સાંભળનાર ! કનિષ્ઠતારૂપી નરકમાં તમારે હજી ક્યાંસુધી પડી રહેવું તેનો બધો આધાર તમારી પોતાનીજ મરજી ઉપર છે. જે પણ ક્ષણે તમે તે નરકમાંથી છૂટવાને ઇચ્છશો, તેજ ક્ષણે તમને તે માર્ગ લેતાં કોઇ પણ રોકે તેમ નથી.

આ પ્રમાણે મનુષ્યને સ્વર્ગ પ્રાપ્ત કરાવનાર પણ મનુષ્ય પોતેજ હોવાથી જ્યારે પણ તે ખરા જીગરથી સ્વર્ગ મેળવવા ઇચ્છશે, ત્યારે કુદરતની પણ સર્વ શક્તિઓ તેને તે કામમાં અવશ્ય સહાય આપશે.

મનુષ્ય જ્યારે પ્રાતઃકાળમાં જાગ્રતસ્થિતિમાં આવે છે, ત્યારે તેનું મગજ એવી સ્થિતિમાં હોય છે કે તેના ઉપર વધારે ઉંડી છાપ પડી શકે. એ સમયે તેના બાહ્યદુનિયા સાથે સર્વ સંબંધો થોડા વખતને માટે બંધ પડી ગયા હોય છે. વળી મન પણ વધારે સ્વતંત્ર અને સ્વાભાવિક સ્થિતિમાં હોઇને છબી પાડવાને તૈયાર કરેલા કાચની પેઠે તરતજ અસર થઇ શકે એવી સ્થિતિમાં હોય છે. પ્રાતઃકાળમાં દિવસની પ્રવૃત્તિ શરૂ થઇ, મનની સ્થિતિ ચપળ થાય, તે પહેલાંજ ઉપલાં કારણોથી મનુષ્યના મનમાં ઉંચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સાચા વિચારો સ્ફુરી આવે છે. ઘણા લોકો પ્રાતઃકાળમાં વધારે સારૂં કામ કરી શકે છે, તેનું પણ આજ કારણ છે. માનવજીવનને ઉત્તમ બનાવવામાં એ સમય ઘણોજ ઉપયોગી છે. એ સમયે મન કોરા કાગળ જેવું રહેતું હોવાથી તેની પ્રવૃત્તિને આપણે આપણી ઇચ્છા પ્રમાણે ઘણાજ ઉચ્ચ માર્ગ તરફ વાળી શકીએ–એટલે કે મનને અમુક મનગમતા ઉચ્ચ પ્રકારનું વલણ આપી શકીએ–તેમ છીએ.

દરરોજ પ્રાતઃકાળનો સમય એજ આરંભનો સમય છે. એ સમયે આપણે જાણે કે જીવનની શરૂઆતજ કરતા હોઇએ તેમ ભૂતકાળને ભૂલી જવા પ્રયત્ન કરવો જોઇએ; અને સ્મરણમાં રાખવું જોઇએ કે, **જેમ આપણી આજની સ્થિતિ આપણા ભૂતકાળ પરથી રચાયેલી છે; તેજ પ્રમાણે આપણા આવતી કાલના–ભવિષ્યના જીવનનો આધાર પણ આપણા આજના વર્તમાન જીવન ઉપરજ રહેલો છે.** માટે જેમ ગઇ કાલનો વિચાર કરવાની આપણને જરૂર નથી, તેમ આવતી કાલનો વિચાર પણ આવતી કાલ પર રાખીને આજે તો માત્ર આજનોજ વિચાર કરવો જોઇએ.

"દરરોજ નવો પ્રારંભ થાય છે, દર સવારે દુનિયા નવી જન્મે છે. હે દુઃખ અને પાપથી કંટાળેલાં મનુષ્યો ! જુઓ જુઓ, તમારે તેમજ મારે–દરેકને માટે આશાનું નવું કિરણ સ્ફુરે છે."

"ભૂતકાળ ભૂતમાં લીન થઇ ગયો, કામ થઇ ગયાં, આંસુ રેડાઇ ગયાં. ગઇ કાલની ભૂલો ગઇ કાલે ઢાંકી દીધી. ગઇ કાલના અસહ્ય ઘા રાત્રિના શાંતિજનક પ્રભાવથી રૂઝાયા."

"હવે ભૂતકાળને જવા દો, થયું તે ન થયું થવાનું નથી. ભવિષ્ય આપણા હાથમાં છે અને તેને સુધારવા માટે વર્તમાન કાળ–આજનો દિવસ પણ આપણા હાથમાં છે."

"આજે આકાશ નવીન પ્રકાશથી ઝળકે છે. આજે પૃથ્વી નવા જીવન સાથે જન્મ લેતી જણાય છે, કંટાળેલા અવયવો શાંત રાત્રિ વીત્યા પછી સૂર્યનો પ્રકાશ મેળવવા પૂર્વે પ્રાતઃકાળના ઝાકળમાં સ્નાન કરી પૂર્ણશાન્ત બનીને ધીમેથી ઉઠતા નજરે પડે છે."

" દરરોજ નવો પ્રારંભ થાય છે. હે મન ! મધુર ગીત સાંભળ અને ભૂતકાળનાં પાપો, શોકના પ્રસંગો, ગુંચવણભરેલા પ્રશ્નો, આવનારી આપત્તિ, એ સર્વ ગમે તેટલું હોય તોપણ ધૈર્ય ધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને નવા દિવસની સાથે તું પણ નવુંજ જીવન ગાળવા માંડ."

પ્રાતઃકાળનો એક કલાક, અહા ! તેમાં કેટલું બધું ભવ્ય, ઉમદા અને શાશ્વત જીવનનો અનુભવ કરાવવાનું સામર્થ્ય રહેલું છે! માટે ભૂતકાળને ભૂલી જઇને અને ભવિષ્યનો વિચાર દૂર કરી દઈને તે કલાકથી નવુંજ જીવન ગાળવાનો દૃઢ નિશ્ચય કરો. બીજો કલાક આવે નહિ ત્યાંસુધી તેનો વિચાર સરખો પણ કરતા નહિ. કેમકે ઉચ્ચ ચારિત્ર રચવાનું અને ઉચ્ચ વિચારો તથા સંયોગોને આકર્ષવાનું ખાસ રહસ્ય અને બળ આ પ્રાતઃકાળના કલાકમાં રહેલું છે. મનુષ્યે કલ્પના કરી હોય એવી ઉમદામાં ઉમદા જીંદગી આ સમયનો સદુપયોગ કરવાથી બનાવી શકાય તેમ છે. કારણ કે **એવી એક પણ ભવ્ય વસ્તુ કે સ્થિતિ આ વિશ્વમાં નથી કે જેના તરફ સતત પ્રયાણ કરનાર તેનાથી બેનશીબ રહી શકે.**

દરેક મનુષ્ય આ પ્રયોગ અજમાવી શકે તેમ છે. જગતમાં એવો એક પણ મનુષ્ય નથી કે જે પોતાની ઉચ્ચ ભાવના પ્રમાણેનું જીવન એક કલાક ગાળી ન શકે. ધારો કે, તેમ કોઇ ન પણ કરી શકે, પરંતુ જો તે પોતાના પ્રયત્નમાં દૃઢ આગ્રહવાળો હોય તો 'જેવાની તરફ તેવું આકર્ષાય છે' તે નિયમ પ્રમાણે તે પ્રયત્નશીલ મનુષ્ય દરેક કલાકે પોતાના ઉચ્ચ ધ્યેયની સમીપ તો આવતોજ ચાલે છે. બીજા કલાકે એથી પણ વધારે સમીપ તે આવતો ચાલે છે; અને એમ કરતાં કરતાં એવો સમય પણ આવી પહોંચે છે, કે જ્યારે તે ઉચ્ચ સ્થિતિ તેને માટે સ્વાભાવિક બનતી ચાલે છે અને તેનાથી વિરુદ્ધની અથવા ઉતરતા પ્રકારની સ્થિતિ તેને માટે અસ્વાભાવિક બની જાય છે !

આ પ્રમાણે વિશ્વના ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વ–પરમાત્મા–પ્રત્યે જે કોઇ પ્રેમ કરે છે અને સંબંધમાં આવવા મથે છે, તેની સાથે તે સર્વોચ્ચ પરમાત્મતત્ત્વ પણ પ્રીતિ અને પરિચય વધારતું ચાલે છે. અને તેને પરિણામે દુનિયામાંનાં સર્વ શુભ તત્ત્વો તેને અનુકૂળ થઇ મદદ કરતાં ચાલે છે; કારણ કે તે તેઓ સર્વના મૂળને અનુકૂળ થતાં શીખ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ ઠ્ઠું

સંપૂર્ણ શાન્તિ

પરમાત્મા શાન્તિના અગાધ સાગરરૂપ હોવાથી જે પળે આપણે પરમાત્માની સાથે આપણું ઐકય અનુભવીએ છીએ, તે પળે આપણા તનમનમાં શાન્તિનો પ્રવાહ વહેવા લાગે છે. કારણ કે જ્યાં શાન્તિની સાથે એકતા સધાય ત્યાં શાન્તિ રેલાવીજ જોઇએ. આ પ્રકારે દૈવી અંતઃકરણવાળા બનવું, એજ પ્રભુમય જીવન અને યથાર્થ શાન્તિ છે. આપણે ઈશ્વરરૂપજ છીએ, એ સત્યનું આપણને ભાન થાય અને તેને અનુસરીને જીવન ગળાય તો સમજવું કે, હવે આપણે દૈવી અંતઃકરણવાળા બન્યા છીએ. એવા દૈવી અંતઃકરણ દ્વારાજ પરમાત્મા સાથે વધુ ને વધુ એકતાનો—અને પૂર્ણ શાન્તિનો અનુભવ થશે.

ચારે બાજુએ નજર ફેંકતાં આપણને જણાય છે કે, લાખો સ્ત્રીપુરુષો ચિંતામાં ડૂબી રહેલાં છે અને શાન્તિરૂપી વાયુનો તેમને સ્પર્શ પણ થતો નથી. મનથી, શરીરથી તેમજ બાહ્યસ્થિતિથી કંટાળીને તેઓ શાન્તિ મેળવવાને માટે અનેક સ્થળે ફરે છે અને કદાચ સમગ્ર પૃથ્વીનું પર્યટન કરે છે; તોપણ તેમનો સર્વ પ્રયત્ન વ્યર્થ જાય છે. એથી તેમને શાન્તિ મળતી પણ નથી અને મળવાની પણ નહિ; કારણ કે જે સ્થળમાં તે નથી ત્યાં તેઓ તેને શોધે છે. શાન્તિનું સ્થાન તો અંતરમાંજ છે અને **જો અંતરમાં શાન્તિ ન શોધાઈ તો બીજે કોઇ સ્થળે તે મળી શકવાની નહિ.**

શાન્તિ બાહ્યપદાર્થોમાં કે જગતમાં નથી, પણ પોતાના આત્મામાંજ રહેલી છે. તેને બહારથી મેળવવાને માટે આપણે ગમે તેટલા માર્ગો લઇએ, પ્રયત્નો કરીએ, નાના પ્રકારના ભોગ ભોગવીએ અને જગતના દરેકે દરેક સ્થળમાં ખોળીએ, તોપણ તે આપણને મળનાર નથી. કારણ કે જ્યાં તે છેજ નહિ, ત્યાંથી તે કેવી રીતે મળી શકે ? એને માટે તો મનુષ્ય જે પ્રમાણમાં પોતાની બાહ્યભોગની ઈચ્છા અને વાસનાઓને સંયમમાં રાખી અંતરાત્માના આદેશ પ્રમાણે વર્તે છે, તેટલાજ પ્રમાણમાં તે સત્ય આનંદ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યથાર્થ શાન્તિ અનુભવી શકે છે. એમ કરવાને બદલે **મનુષ્યો જેટલા પ્રમાણમાં વાસનાઓના આદેશ પ્રમાણે વર્તે છે, તેટલા પ્રમાણમાં તેઓ અધિક રોગી, દુઃખી અને અસંતોષીજ બને છે.**

ઈશ્વરની સાથે ઐક્ય સમજવામાં અને સાધવામાંજ શાન્તિ રહેલી છે. જેવી રીતે બાળક પોતાની સાથે સ્વાભાવિક પ્રેમ અને ઐક્ય રાખીને સુખ–શાન્તિમાં રહે છે, તેવીજ રીતે આપણે માટે પણ આપણા પરમ પિતાની સાથે એકતા સમજવા અને સાધવામાં સુખ–શાન્તિ રહેલાં છે. જે મનુષ્યોએ અનંત શાન્તિસ્વરૂપ પરમાત્મા સાથે ઐક્ય જાણ્યું અને અનુભવ્યું છે, તેઓના જીવનમાં આનંદ ઉભરાઇ જાય છે. આ સંબંધમાં મારા એક યુવક મિત્રનું મને સ્મરણ થઇ આવે છે. તે ઘણાં વર્ષ સુધી બિમાર હાલતમાં હતો, તેનામાંથી આરોગ્યનું તેજ તદ્દન ઉડી ગયું હતું, મગજ કમજોર બન્યું હતું, જીવનમાં આનંદ આપનાર તેને કાંઇ પણ ભાસતું ન હતું, સર્વ બાજુએ નિરાશાજ નિરાશા જણાતી હતી અને તેને જોનારને પણ તેને માટે નિરાશાજ ઉત્પન્ન થતી હતી. પરંતુ પાછળથી જ્યારે તેજ મનુષ્ય સર્વશક્તિમાન પરમાત્માની સાથે એકતાનો અનુભવ કરવા લાગ્યો, ત્યારે તેના અંતઃકરણમાં દિવ્ય શક્તિ અને દિવ્ય આરોગ્ય દાખલ થવા માંડયાં; અને પરિણામે હાલમાં તે સંપૂર્ણ આરોગ્ય ભોગવે છે. હવે મને જ્યારે પણ તે મિત્ર મળે છે, ત્યારે તેનો ચહેરો જાણે એમજ કહેતો જણાય છે કે "જીવન અસાર નથી, પણ જીવવાયોગ્ય છે."

એક પોલીસનો અમલદાર મારો સ્નેહી છે. તે જ્યારે પોતાનું કામ પૂરૂં કરી સંધ્યાસમયે પોતાના ગૃહ તરફ વળે છે, ત્યારે તેના મનમાં તેમજ શરીરમાં પરમાત્મા સાથેની એકતાની લહેર એટલી તો ઉભરાઇ જાય છે કે જેને લીધે, તે જમીનપર ચાલે છે કે કોઈ શક્તિ તેને અદ્ધર ચલાવે છે તેનું પણ તેને ભાન રહેતું નથી!

આ પ્રમાણે એકતાનો અનુભવ કરનાર સર્વથા નિર્ભય બને છે. "પરમ શક્તિમાન પરમાત્મા મારા રક્ષક છે" એવો તેને દૃઢ વિશ્વાસ હોવાથી નિર્ભયતા પણ વધતી ચાલે છે. આવા મનુષ્ય માટે એમ પણ કહી શકાય કે "કોઇ પણ શસ્ત્ર કે અસ્ત્રનો આઘાત તેને થતો નથી, રોગ થતો નથી, કુદરત પણ તેને અનુકૂળ બને છે અને જંગલી હિંસક પશુઓ પણ તેના આગળ શાંત થઇ જાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી અમોઘ શક્તિ જેમના જીવનમાં પ્રકટ થતી દેખાય છે, તેમનામાં જાણે એક પ્રકારની વશીકરણ વિદ્યા હોય એવું બહારનાં મનુષ્યોને લાગે છે.

જે સમયે આપણે ભય પામીએ છીએ, તેજ સમયે તે ભયજનક વસ્તુને આપણા તરફ આકર્ષાઇ આવવાનું દ્વાર પણ આપણે ખુલ્લું કરીએ છીએ. જે મનુષ્ય કોઇ પશુથી ભય પામતો નથી, તે મનુષ્યને તે પશુ પણ હેરાન કરતું નથી. ડરવાથીજ ભયજનક વસ્તુ આપણા તરફ આકર્ષાય છે. કૂતરા જેવું પ્રાણી પણ મનુષ્યને લાગેલો ભય તરત સમજી જાય છે અને ત્યારેજ તે તેને કરડવાનું સાહસ કરે છે. માટે જેટલા પ્રમાણમાં પરમાત્મા સાથેની આપણી એકતા આપણે અનુભવીશું, તેટલાજ પ્રમાણમાં આપણે શાંત અને નિર્ભય થઇ શકીશું; અને તે પછી જે નાની નાની બાબતો પ્રથમ આપણને ઉશ્કેરતી હતી, તેનાથી આપણે ઉશ્કેરાઈશું નહિ. વળી આવાં મનુષ્યો બીજાં મનુષ્યોથી છેતરાતાં પણ નથી; કારણ કે તેઓ બીજાઓનાં હૃદય વાંચી શકે છે અને સામા મનુષ્યોના અંતરનો હેતુ સમજી શકે છે.

એક દિવસ એક ગૃહસ્થ મારા એક મિત્રને મળ્યા અને બહારનો શિષ્ટાચાર દર્શાવી બોલ્યા કે "આપના દર્શનથી મને આજે બહુ આનંદ થયો છે." મારા મિત્રે વીજળી જેવી ચપળતાથી તેના વિચાર જાણી લઈને તેની આંખ સામે દૃષ્ટિ રાખી જવાબ વાળ્યો "ના, તમે ભૂલ કરો છો; મને મળવાથી તમને આનંદ નથી થયો, પણ ઉલટું તમારૂં ચિત્ત ખિન્ન થયું છે, એમ તમારા ચહેરા ઉપરથી જણાઇ આવે છે." તે ગૃહસ્થે પણ સરળતાથી જવાબ વાળ્યો કે "આ બાહ્ય શિષ્ટાચારના જમાનામાં અંદર ગમે તે હોય પણ બહારથી તો આનંદ બતાવવો જોઈએ." મારા મિત્રે ફરીથી તેની દૃષ્ટિ સામે તાકીને જવાબ વાળ્યો કે "ભાઇ! તમે ભૂલ કરો છો. તમારા હૃદયમાં એક વાત હોવા છતાં બોલવામાં બીજી વાત જણાવો, એવી કુટિલતા જવા દઇને જે તમારા હૃદયમાં હોય તેજ કહી દેવાની જો તમે ટેવ પાડશો, તોજ તમને તમારા પોતાના મહત્ત્વનો ખ્યાલ આવશે અને એવાજ સદાચારથી તમે વિજયી નીવડશો."

ઉપર પ્રમાણે આપણે પણ લોકોની પરીક્ષા કરતાં શીખીશું, ત્યારે આપણને પણ છેતરાવાના કે નિરાશ થવાના ઓછાજ પ્રસંગ આવશે; અને આપણે પણ કોઇને ઉંચા આસમાને ચઢાવી દઈશું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. કેમકે અસત્ય લાંબો વખત ટકી શકતુંજ નથી. પરીક્ષા કરવાની શક્તિને અભાવે ઘણી વખત આપણે બીજાની હદબહાર પ્રશંસા કરીએ છીએ, પણ આપણે આ રીતે ખરી મિત્રતા બતાવતા નથી.

શાન્તિસ્વરૂપ પરમાત્મા સાથેના ઐક્યનો જો આપણને યથાર્થ ખ્યાલ આવે તો પછી અમુક વ્યક્તિએ મને નુકસાન કર્યું, એવા વિચાર આવીને આપણી શાન્તિનો ભંગ કરી શકશે નહિ. જે સત્ય અને ન્યાયનાં તત્ત્વો અખિલ વિશ્વમાં વ્યાપી રહેલાં છે અને જે તત્ત્વોજ અંતે વિજયી નીવડવાનાં છે, તે તત્ત્વોને અનુસરીને જો આપણે આપણું જીવન ચલાવીએ તો પછી આપણી શાન્તિમાં કદાપિ ભંગ થશે નહિ.

આપણને પરમાત્મા સાથેના આપણા ઐક્યનો ખ્યાલ આવે તો પછી આપણા મિત્ર અથવા સંબંધીઓના મૃત્યુથી કે આધિ-વ્યાધિથી આપણને વ્યાકુળતા થશે નહિ. કારણ કે આપણને ખબર હોય છે કે, મૃત્યુ કાંઈ માણસનું પોતાનું થતું નથી, પણ તેના દેહનુંજ થાય છે. અને એ મરેલો કહેવાતો મિત્ર પોતે તો અનંત ચૈતન્યનોજ એક અંશ હોઇને સદાને માટે અજર અમર જીવનરૂપજ છે. શરીરના પડવાથી કાંઈ તેના અજર–અમરપણામાં હાનિ પહોંચતી નથી. આવી આપણને અડગ ખાત્રી હોવાને લીધે આપણે નિરંતર શાંતિમાંજ રહીએ છીએ; એટલુંજ નહિ પણ બીજાં જે નિર્બળ મનુષ્યો આવા જ્ઞાનના અભાવે ઉદ્વેગ પામતાં હોય, તેઓને પણ આપણે એમજ કહીએ છીએ કે:—

"હે પ્રેમાળ મિત્રો! જ્ઞાન મેળવો અને તમારાં આંસુ લૂછી નાખો. તમે જે શરીરને વળાવ્યું તે તો એક પણ આંસુને માટે યોગ્ય નથી. કારણ કે તે તો એક એવી રદ્દી છીપ જેવું છે કે જેમાં મોતી હતું તે ઉડી ગયું છે અને હવે તે છીપ નકામી છે. માટે તેનું ચિંતન જવા દો અને તે મોતી–તે આત્મા તો અત્યારે પણ હયાતજ છે."

વિયોગના સંબંધમાં પણ આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે, આત્માને કશી મર્યાદા નથી અને બે જીવાત્માની વચ્ચેનો સંબંધ, ચાહે તો બંને જીવાત્માઓ શરીરમાં હોય અથવા એક જીવ શરીરમાં હોય અને બીજો શરીરરહિત સ્થિતિમાં હોય તોપણ થઇ શકવો સંભવિત છે; અને જે પ્રમાણમાં મનુષ્ય ઉચ્ચ આત્મિક દશાનો અનુભવ કરે છે, તે પ્રમાણમાં તેવો સંબંધ રાખવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ પણ તેનામાં ગુપ્ત હતી તે પ્રકટ થતી જાય છે.

આપણે આપણા હૃદયનાં દ્વાર જે વસ્તુને માટે ખુલ્લાં મૂકીએ, તેજ વસ્તુ આપણને મળે છે. પ્રાચીનકાળમાં લોકો ઇશ્વરી દૂતો-ફિરસ્તાઓને જોવાની પ્રબળ ઇચ્છા કરતા હતા અને તેમને તેઓ જોઇ પણ શકતા હતા. તેઓ ત્યારે જોઇ શકતા તો પછી અત્યારે આપણે ન જોઇ શકીએ, એવું કાંઇજ નથી; કારણ કે સૃષ્ટિના મહાન નિયમો તે સમયની પેઠે અત્યારે પણ એકસરખી રીતે કામ કરી રહ્યા છે. હાલમાં એ દેવદૂતો આપણા જોવામાં નથી આવતા તેનું પણ એજ કારણ છે કે, આપણે તેમને આમંત્રણ આપતા નથી; અથવા તો તેઓ આવી શકે તેવી અનુકૂળ સ્થિતિ આપણે કરતા નથી; અને જે દ્વારથી તેઓ આવી શકે તેમ હોય છે, તે દ્વારોને આપણે ખુલ્લાં રાખવાને બદલે બંધ રાખી મૂકીએ છીએ.

શાંતિના અપાર સાગરસ્વરૂપ પરમાત્માની સાથે જેમ જેમ આપણો સંબધ વધતો ચાલશે, તેમ તેમ આપણામાં શાંતિ પણ વધતીજ ચાલશે; અને જયાં જયાં આપણે જઈશું, ત્યાં ત્યાં પણ એ શાંતિની સુવાસ પણ સાથે લેતા જઇશું. જેટલા પ્રમાણમાં પરમાત્માનું પરમ શાંતિદાયક ચૈતન્ય ઝીલવાને આપણા હૃદયનાં દ્વાર આપણે ખુલ્લાં કરીશું, તેટલા પ્રમાણમાં શાંતિને પણ આપણે આપણામાં જરૂર આકર્ષી શકીશું; અને જેટલા પ્રમાણમાં તે શાંતિ આપણી પાસે હશે, તેટલા પ્રમાણમાં આપણે બીજાઓને પણ શાન્તિ આપી શકીને આપણી ચારે બાજુએ આશીર્વાદનો પ્રવાહ વહેવરાવી શકીશું.

જેને એ આંતરશાંતિ મળી હોય, એવા માણસના સંબંધમાં આવવાથી આપણને પણ આનંદજ થાય છે, ચિંતા અને ઉદ્વેગ દૂર થાય છે અને મગજપરનો બોજો દૂર થતો ભાસે છે. જગતમાં એવા મનુષ્યો સર્વત્ર શાંતિ અને આશીર્વાદનોજ પ્રવાહ ફેલાવ્યા કરે છે. જયાં દિલગીરી જુએ ત્યાં તેઓ આનંદ ફેલાવે છે, ભય હોય ત્યાં ધૈર્ય ઉપજાવે છે, નિરાશા હોય ત્યાં આશા આપે છે અને નિર્બળને સબળ બનાવે છે.

તત્ત્વમસિ "તું તેજ છે" અથવા સોऽहं "તે હું છું" આ વાકયનો અનુભવ પામનાર મહાપુરુષ જયાં જયાં જાય છે, ત્યાં ત્યાં શાન્તિજ પ્રસરાવે છે. કેમકે તેણે પોતાનું મધ્યબિંદુ શોધી કાઢયું છે. આખા વિશ્વમાં એકજ મધ્યબિંદુ છે અને તે પરમાત્માની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનંત ચૈતન્યશક્તિ–ચિત્‌શક્તિ છે. જગતના સર્વ વ્યવહારની સંચાલક એજ શકિત છે. જે પણ માણુસે એ મધ્યબિંદુને શોધ્યું હોય છે, તેવોજ માણુસ તે ચિત્‌શકિત સાથે ઐક્ય અનુભવી શકે છે અને તેજ જીવનમુકત છે; કારણ કે પરમાત્મા તેનોજ આત્મા છે.

આવા પુરુષની શકિતની પણ સીમા નથી. કારણ કે સર્વ શકિતઓનું ઉદ્‌ભવસ્થાન જે પરમાત્મા તેની સાથે તેને એકતાનો સંબંધ હોવાથી તે સર્વ સ્થળેથી પોતાની તરફ શક્તિને આકર્ષે છે. પોતાના અમાપ બળનું તેને ભાન હોવાથી સર્વ બાજુએ બળના વિચારોને તે મોકલે છે અને તેમ કરીને–સરખે સરખા પદાર્થ આકર્ષાતા હોવાના નિયમ પ્રમાણે–તે પોતાના પ્રત્યે પણ બળનાજ વિચારો ચોતરફથી આકર્ષે છે અને વિશ્વમાંની અસામાન્ય વસ્તુસ્થિતિઓની સાથે તે ઐક્ય અનુભવે છે.

"જેની પાસે હશે તેને આપવામાં આવશે" આ બાઇબલના વાકયમાં કુદરતી નિયમનું સ્પષ્ટીકરણ છે. તેના બલિષ્ઠ, નિશ્ચયાત્મક અને સામર્થ્યયુક્ત વિચારો સર્વ બાજુએથી તેને વિજય અપાવે છે અને તે દ્વારા સર્વ બાજુએથી તેને સહાય મળે છે. તેની ભાવના પ્રમાણેજ તેની વિચારસૃષ્ટિ રચાય છે અને તે વિચારસૃષ્ટિ ધીમે ધીમે સ્થૂલ સૃષ્ટિરૂપે પણ પરિણમે છેજ. કારણ કે વિચારો અદૃશ્યપણે કામ કરતા હોય છે, તોપણ તે વહેલા કે મોડા સ્થૂલ રૂપમાં પણ પ્રકટ થાય છે.

આવા મનુષ્યને ભયના કે નિષ્ફળતાના વિચાર આવતાજ નથી. કદાચ આવો કોઈ વિચાર તેના હૃદયમાં ઉદ્‌ભવે તોપણ તે તરતજ તેને પોતાની મનોસૃષ્ટિમાંથી દૂર કરે છે અને તેથી બાહ્યસૃષ્ટિમાંથી આવા વિચારો તેના તરફ ખેંચાતાજ નથી. કારણ કે વિચાર પણ બીજા પોતાના જેવાજ વિચારોને પોતા તરફ આકર્ષે છે. આ કારણથી તેની આસપાસ રહેલા બીકણ, અસ્થિર તથા અશુભદર્શી માણસોના નિર્બળ અને નિરુત્સાહી વિચારો તેનાપર અસર કરી શકતા નથી. જે કોઇ નિર્બળતા અને ભયનાજ વિચારો કર્યા કરે છે, તેની માનસિક શક્તિ અને શરીરબળ પણ ઘટતાં ચાલે છે તથા વિશ્વમાં રહેલા કનિષ્ઠ વિચારો તેના તરફ ખેંચાઇ આવતા હોવાથી તેનીજ તેનાપર અસર થવા લાગે છે. આ પ્રમાણે તે શકિતહીન થતો જાય છે તેમાં પણ કુદરતનોજ કાયદો પોતાનું કામ કરે છે.

માણુસના વિચાર જેમ જેમ જોર પકડતા ચાલે છે, તેમ તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવાજ પ્રકારના વિચારો તેના અંતરમાં ઉત્પન્ન થાય છે; અને બહારથી પણ તેવાજ વિચાર તે ખેંચે છે. આથી ધૈર્યના વિચાર કરનાર માણસમાં ધૈર્ય વધે છે અને ભયના વિચાર કરનારમાં નિર્બળતા આવે છે. હકીકત આવી હોવાથી જેનામાં શ્રદ્ધા અથવા ધૈર્ય હોય છે, તેજ સંયોગોનો સ્વામી બનીને પોતાના શક્તિ જગતમાં પ્રદર્શિત કરે છે; અને જેનામાં શ્રદ્ધા-અર્થાત્ ધૈર્ય હોતાં નથી, તે ભય અને આગામી આપત્તિઓનો વિચાર કરીને સંયોગોને આધીન થઇ રહે છે.

આ પ્રમાણે મનુષ્યને જે જે સ્થિતિ પ્રાપ્ત થાય છે, તે તે સ્થિતિનો ઉત્પન્ન કરનાર તે પોતેજ હોવાથી ફલિત થાય છે કે, પોતાની સ્થિતિ કેવી બનાવવી, એ વાત દરેકના પોતાનાજ ઉપર આધાર રાખે છે. આ દૃશ્યજગતની દરેક વસ્તુ ઉપજવાનું મૂળ ઠેકાણું અદૃશ્ય અને આધ્યાત્મિક વિચારસૃષ્ટિમાં રહેલું છે; કારણકે દૃશ્યજગત એ કાર્યરૂપ છે ને અદૃશ્યજગત એ કારણરૂપ છે. મનુષ્ય અદૃશ્ય વિચારસૃષ્ટિમાં જેવું જીવન ગાળે છે, તેવુંજ ધીમે ધીમે દૃશ્ય-સ્થૂલ સૃષ્ટિમાં પણ પ્રકટ થતું જાય છે. માટે જો તેણે પોતાની બાહ્ય-સ્થૂલ પરિસ્થિતિ બદલવી હોય તો પ્રથમ તેણે અદૃશ્ય જગતમાં-પોતાની આંતરસ્થિતિમાં ફેરફાર કરવાની જરૂર છે. મનુષ્યોને જો આ સિદ્ધાંતનો યથાર્થ ખ્યાલ આવે તો નિરાશામાં ગરક થયેલાં હજારો મનુષ્યો ધૈર્ય ધારણ કરીને કામ કરવા લાગશે અને વિજય પ્રાપ્ત કરશે તથા પીડા પામતાં અને રોગથી રીબાતાં અનેક મનુષ્યો બળ અને તંદુરસ્તી મેળવી શકશે અને શોકમાં મગ્ન થયેલાં હજારો મનુષ્યો આનંદી થશે.

ભયની ગુલામગીરીમાં રહેલાં જે હજારો મનુષ્યો આપણી આસપાસ નજરે પડે છે, તેઓ ખરૂં જોતાં શક્તિસંપન્ન અને પરાક્રમી હોવાં જોઇએ; છતાં નિરુત્સાહી અને નિર્બળ જણાય છે. તેઓની શક્તિ મંદ પડી ગયેલી જણાય છે, પ્રયત્ન શિથિલ જણાય છે અને ચારે બાજુએ તેઓને ભયજ ભય દૃષ્ટિએ પડે છે. અમુક વસ્તુની તંગીનો ભય, ભૂખમરાનો ભય, લોકમતનો ભય, અમુક વ્યકિતઓના ખાનગી અભિપ્રાયનો ભય, આગામી આપત્તિનો ભય, મંદવાડનો ભય, મરણનો ભય-આવા વિવિધ પ્રકારના ભયમાંથી કોઇ ને કોઈ પ્રકારના ભયમાં મનુષ્યો સપડાયેલાંજ રહ્યા કરે છે. ઘણા મનુષ્યોને તો ભય રાખવાની ટેવજ પડી ગયેલી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. જગતમાં ભયના વિચાર પણ સર્વત્ર વાતાવરણમાં ઘૂમી રહેલા હોવાથી તેમના તરફ ચારે બાજુએથી તેવા વિચારો આકર્ષાય છે. "મારા ઉપરી નારાજ થશે, હું નિર્ધન થઈ જઈશ, મને નોકરીથી અલગ કરશે, મારો ધંધો નહિ ચાલે" એવા એવા અનેક વિચારો કરીને જે દશાથી ભય પામવામાં આવે છે, તેજ દશાને મનુષ્યો પોતા તરફ આકર્ષે છે.

ભયથી કોઇ પણ પ્રકારનો લાભ નથી અને હાનિ સર્વથા છે. કોઇ એમ પણ કહેતું જણાય છે કે "હું જાણું છું કે, ભયથી હાનિ છે, પરંતુ શું કરૂં ? તેનો ત્યાગ કરવાનું મારામાં સામર્થ્ય નથી." આવું કહીને તે એમજ સૂચવે છે કે, તેના પોતાના સ્વરૂપનું અથવા પોતે કોણ છે તેનું તેને બિલકુલ ભાન નથી. **તમારી શક્તિઓને જાણવાને માટે પ્રથમ તો તમારે તમારા આત્માને ઓળખવો જોઈએ;** કારણ કે જ્યાંસુધી તમારી શક્તિઓનો યથાર્થ ખ્યાલ તમને ન આવે, ત્યાંસુધી તમે ડહાપણપૂર્વક અને પૂર્ણ રીતે તેનો ઉપયોગ પણ નજ કરી શકો.

'ભય દૂર થતો નથી' એવો વિચાર સરખો પણ ન કરો; 'મારાથી નહિ બની શકે' એવો વિચાર જો તમે રાખશો, તો મોટેભાગે તમે તે કરી શકશો પણ નહિ. પણ જો તમે 'હું કરી શકીશ' એવી ભાવના કરો અને ભાવના પ્રમાણે વર્તો તોજ તમે તે કામ કરી શકશો; એટલુંજ નહિ પણ જો તમારી ભાવના બલિષ્ઠ હશે તો તેમાં તમે વિજય પણ પ્રાપ્ત કરશો. વર્જીલ કવિએ કેટલાક ખલાસીઓના સંબંધમાં લખ્યું છે કે, તેઓ વિજય મેળવી શક્યા, કારણ કે તેઓને પૂર્ણ શ્રદ્ધા હતી કે "અમે વિજય મેળવીશું." આનું કારણ એ છે કે મનની શ્રદ્ધામય સ્થિતિ શરીમાં પણ ઉત્સાહ રેડે છે, અને તેથી બળ અને સહનશક્તિ મળે છે અને તેથીજ તેઓ વિજય મેળવે છે.

માટે તમારાથી બની શકશેજ, એવી શ્રદ્ધા રાખો અને એટલી શ્રદ્ધા ન હોય તો પ્રથમ આ વિચારને બીજરૂપે તો ગ્રહણ કરોજ. પછી એ વિચારને તમે તમારા ચૈતન્યમાં રોપો, તેને તેવાજ વિચારોરૂપી પાણીવડે સિંચતા રહો, પોષણ કરતા રહો, ધીરે ધીરે તે અવશ્ય ઉગશે, ફેલાશે અને ચારે બાજુએથી બળ ગ્રહણ કરશે; ચારે બાજુએ વીખરાઇ જવાથી નિરૂપયોગી થઇ પડેલી તમારી આત્મશક્તિને આ વિચાર એક સ્થળે એકઠી કરશે અને તેને ઉપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગી તથા ફળપ્રદ બનાવશે. સારા સ્વભાવના, સબળ, ધૈર્યવાન અને નિર્ભય મનુષ્યોનો સમાગમ એ વિચારરૂપી બીજ પૂરૂં પાડશે, અને બીજા એવાજ વિચારોની સાથે તમારો સંબંધ વધશે, આવાં સાધન સાધવામાં જો તમે આગ્રહી અને શ્રદ્ધામય હશો, તો એવો પણ સમય આવશે, કે જ્યારે ભયનો કાબુ તમારા પર જરા પણ રહેશે નહિ; અને નિર્બળતાના પૂતળારૂપ અથવા સંયોગોને આધીન થવાને બદલે તમે બળવાન સ્તંભરૂપ અને સંયોગોના સ્વામી બની રહેશો.

તાત્પર્ય એ કે, જે શક્તિ સર્વના ભલાને વાસ્તે કામ કરી રહી છે તે શક્તિમાં–તે અનંત શક્તિમય પરમાત્મામાં અને આપણા પોતામાં વધારે વિશ્વાસ ઉપજાવવાની જરૂર છે. સ્થિતિ ગમે તેવી પ્રતિકૂળ હોય, સંયોગો ગમે તેટલા વિરુદ્ધ હોય, તોપણ આ સત્ય પ્રતીતિને ન ખોવી કે **"અનેક બ્રહ્માંડો અને સૃષ્ટિઓ જેના નિયમમાં છે, તે સર્વશક્તિમાન પરમાત્માના હાથમાં આપણી લગામ છે."** આ સત્યની પ્રતીતિ આપણને શીખવશે કે "સૌ સારૂંજ છે." **"જે મનુષ્યનું મન પરમાત્મામાં લીન છે, તેની સંભાળ પરમાત્મા રાખે છે."**

આ સંસારમાં પરમાત્મા કરતાં કોઇ પણ વસ્તુ વધારે દૃઢ, સુરક્ષિત અથવા વિશ્વાસપાત્ર નથી. આપણા હૃદયનાં દ્વાર ખોલી તે પરમાત્મશક્તિને આપણા દ્વારા વહેવા દેવી, એ આપણા પોતાનાજ હાથમાં છે. એ બાબતનો જેમ જેમ આપણને અધિકાધિક ખ્યાલ આવતો જશે, તેમ તેમ આપણામાં અધિક અધિક બળ પ્રકટ થતું જણાશે.

જો આપણે તેની સાથે એક થઇને કામ કરીશું તો તે પણ આપણી સાથે એક થઇને કામ કરશે; અને તે ઉપરથી આપણને અનુભવપૂર્વક આ વાત પણ સમજાશે કે, **જે લોકો ભલાઇને પસંદ કરે છે, તેના ભલાને વાસ્તે જગતની સર્વ વસ્તુઓ કામ કરે છે.** આમ થતાં ભય કે સંશય આપણામાં કાંઈપણ રહેલો હશે તો તે ચાલ્યો જશે અને તેનું સ્થાન એવી અડગ શ્રદ્ધા લેશે, કે જેના સમાન બીજું કાંઇ પણ બળ નથી.

જડવાદ મનુષ્યને નિરાશા તથા દોષદૃષ્ટિ તરફ ઘસડી જાય છે. જડવાદ બીજું કરી પણ શું શકે ? આપણામાં અને આપણી દ્વારા તથા બીજી વસ્તુઓમાં વસ્તુઓ દ્વારા કામ કરતી અધ્યાત્મિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ મનુષ્યને ધર્મિષ્ઠપણા તરફ લઇ જાય છે, એ પ્રકારનું જ્ઞાનજ મનુષ્યને આશાવાદી અને શુભદર્શી બનાવે છે. કેમકે **અશુભદર્શીપણું એ નિર્બળતા છે અને શુભ દૃષ્ટિ મનુષ્યને સામર્થ્ય તરફ દોરે છે.** જેને પરમાત્મામાં વિશ્વાસ છે, તે દરેક પ્રકારનું કષ્ટ સહન કરી શકે છે; કેમકે સુંદર હવાને જેટલી ગંભીરતા અને પ્રસન્નતાથી સ્વીકારવામાં આવે તેટલીજ ગંભીરતા અને પ્રસન્નતાથી તે તોફાનની સામે પણ થઇ શકે છે. કેમકે એનું પરિણામ શું આવશે તે અગાઉથી તે જાણે છે; અને શાશ્વત રક્ષણ કરનારા હાથ તેને સહાય આપવાને સદા તૈયાર છે એવો તેને પાકો વિશ્વાસ હોય છે. તેને નીચેના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ હોય છે કે "પ્રભુ પર વિશ્વાસ રાખો, ધીરજથી રાહ જુઓ અને તે તમારી મનોકામના પૂર્ણ કરશે. જે મનુષ્ય લેવાને તૈયાર છે, તેને સર્વ મળે છે." આ કરતાં વધારે સ્પષ્ટ શબ્દ બીજા કેવા હોય ?

જે પ્રમાણમાં આપણે તે સર્વશક્તિમાન પરમાત્માના હથિયાર બનીને કામ કરતાં શીખીશું, તે પ્રમાણમાં પરિણામની ચિંતા આપણે ઓછી કરવી પડશે અને ચિંતા ઓછી તેટલી શાન્તિ વધારે રહે છે તથા દિવસોના વહેવા સાથે શાંતિનું બળ વધવા લાગે છે. આ પ્રમાણે જેણે પરમાત્મા પર પૂર્ણ વિશ્વાસ રાખીને આવી શાન્તિ પ્રાપ્ત કરી હોય છે તેજ કહી શકે છે કેઃ–

"હું ઉતાવળથી નહિ પણ ધીરજથી કામ કરૂં છું, કારણ કે ઉતાવળથી શું પ્રાપ્ત થવાનું છે ? હું શાશ્વત માર્ગનો પથિક છું અને જે વસ્તુતઃ મારૂં છે તે તો મને મળશેજ. જાગતાં અને ઉંઘતાં, દિવસે અને રાત્રે **હું જે મિત્રોને શોધું છું તે મિત્રો મને પણ શોધે છેજ.** કોઇ પણ તોફાની પવન મારી જીવન-નૌકાને અવળે માર્ગે દોરવાને તથા મારા ભાગ્યના પ્રવાહને ફેરવવાને સમર્થ નથી. જેવી રીતે સમુદ્ર પોતાના સજાતીય જળને પીછાને છે અને પર્વત ઉપર ઉત્પન્ન થતા ઝરાને નદીરૂપમાં ફેરવી પોતાના તરફ આકર્ષે છે, તેવીજ રીતે પવિત્ર આનંદી આત્મા તરફ શુભ વસ્તુ પણ આકર્ષાય છેજ. જેમ રાત પડતાં તારાઓ અવશ્ય પ્રકાશે છે અને જેમ દરિયામાં ભરતી–ઓટ નક્કીપણે થાય છે, તેજ પ્રમાણે જે મારૂં છે તે મને પણ અવશ્ય મળશેજ. તેમાં સમય, સ્થાન, ઉંચાઇ, નીચાઇ કાંઇ પણ અંતરાયભૂત થઇ શકે તેમ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭ મું

પૂર્ણ શક્તિની પ્રાપ્તિ

ઈશ્વર અનંત શક્તિમય છે અને જે પ્રમાણમાં આપણાં અંતઃકરણ એ અનંત શક્તિમય પરમાત્મા તરફ ખુલ્લાં રાખીશું, તે પ્રમાણમાં આપણામાં પણ તે શકિત પ્રકટ થશેજ. ઇશ્વરને સર્વ વસ્તુ શકય હોવાથી ઈશ્વરની સાથે એકતા અનુભવનારને પણ કશું અશકય રહેતું નથી. સર્વ વસ્તુઓના નિયામક પ્રભુની સાથે એકતા અનુભવવી એમાંજ અપાર સામર્થ્યનું રહસ્ય રહેલું છે; અને જે પ્રમાણમાં આપણે આ એકતા અનુભવીશું, તે પ્રમાણમાં સર્વ લૌકિક મર્યાદાઓને આપણે ઉલ્લંઘી જઇશું.

જો ઉપલો નિયમ સત્ય હોય (અને તે સત્યજ છે) તો પછી શક્તિ પ્રાપ્ત કરવાને માટે જ્યાં ત્યાં ફાંફાં માર્યા કરવાથી લાભ શો? તે પ્રાપ્ત કરવાને આ અથવા પેલી બાબતનો અભ્યાસ કરવાથી ફાયદો શો ? પર્વતના શિખર તરફજ ચાલ્યા જવાને બદલે તેની ખીણોમાં અને બાજુઓમાં ભટકવાથી લાભ શો ? આ સંસારનાં સર્વ ધર્મપુસ્તકોમાં મનુષ્યને જે સર્વ પ્રાણીઓથી શ્રેષ્ઠ બતાવવામાં આવ્યો છે, તે તેના બે હાથ ને બે પગવાવાળા શરીરને લીધે નહિ પણ તેના દૈવી સ્વભાવને લીધે છે. એવાં ઘણાં મોટાં અને બળવાન પશુઓ આ જગતમાં છે કે જેના ઉપર સ્થૂલ દૃષ્ટિએ મનુષ્યનું સ્વામીત્વ ચાલી શકતું નથી; પરંતુ પોતાને સ્વાભાવિક રીતે મળેલી માનસિક, નૈતિક અને આત્મિક શક્તિઓનો ઉપયોગ કરવાથી તે પશુઓ ઉપર પોતાનું સ્વામીત્વ ચલાવી શકે છે. જે કામ શરીરબળથી નથી થતું, તે મનોબળથી થઇ શકે છે. જે પ્રમાણમાં મનુષ્ય પોતાને જડ શરીર માનતો અટકીને આત્માતરીકે ઓળખવા લાગે છે, તથા એવા પ્રકારનું જીવન ગાળવા માંડે છે, તે પ્રમાણમાં બીજા મનુષ્યો કરતાં તેની શક્તિમાં વધારો થતો ચાલે છે. દુનિયાના ધાર્મિક સાહિત્યમાં જ્યાં જ્યાં જે જે ચમત્કારો વર્ણવ્યા છે, તે ચમત્કારો માત્ર તેજ સમયમાં અથવા તેજ સ્થાનમાં બની શકે, એમ સમજવાનું નથી. ચમત્કારને વાસ્તે કાંઇ અમુકજ યુગ કે ઠેકાણું હોવું જોઇએ, એવું નથી. જે કાંઇ ભૂતકાળમાં બની શકયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે સર્વ આજે પણ તે નિયમોનો આશ્રય લેવાથી બની શકે તેમ છે. જેઓ પરમાત્મા સાથે એકતા અનુભવીને તેની શક્તિઓના દ્વારરૂપ બન્યા હતા, તેવા મનુષ્યોએજ તે ચમત્કારો પણ કર્યા હતા.

હવે પ્રશ્ન એ થાય છે કે, ચમત્કાર એટલે શું ? શું ચમત્કાર એ કોઇ અલૌકિક બનાવ છે ? સામાન્ય મનુષ્યો સામાન્ય સ્થિતિમાં જે કામ કરી શકે, તેના કરતાં જે બનાવ ઉચ્ચ પ્રકારનો હોય તેનેજ અલૌકિક કહી શકાય. ચમત્કારનો અર્થ આ સિવાય બીજો નથી. સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પરમાત્મા સાથે જેણે પોતાની એકતા અનુભવી છે, તેવો મનુષ્ય ઈશ્વરી નિયમો અને શક્તિઓનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેનો ઉપયોગ કરે છે; તેને મર્યાદિત શક્તિવાળા સામાન્ય લોકો ચમત્કાર ગણે છે અને તે ચમત્કાર કરનારને લોકોત્તર માણસ ગણે છે. માટે એવા માણસ જે નિયમોનો અને શક્તિઓનો ઉપયોગ કરે છે, તે નિયમો અને તે શક્તિઓને સમજીને આપણે પણ જો તેનો તેવો ઉપયોગ કરીએ તો આપણે પણ તેવાજ ચમત્કાર કરી શકીએ. સાથે એ પણ સ્મરણમાં રાખવું જોઈએ કે, જેમ જેમ આપણે નીચી દશામાંથી ઉંચી દશામાં આવતા જઇએ છીએ અને જેમ જેમ જડવાદમાંથી અધ્યાત્મવાદ તરફ વળતા જઇએ છીએ, તેમ તેમ ભૂતકાળમાં ચમત્કારરૂપ ગણાતી બાબતો આપણને સામાન્ય અને સ્વાભાવિક લાગવા માંડે છે; અને આજે જે ચમત્કારરૂપ લાગે છે, તે પણ તેજ રીતે ભવિષ્યમાં આપણને સ્વાભાવિકજ લાગવા માંડશે. સંસારમાં શરૂથીજ આમ થાલ્યું આવે છે.

જે મનુષ્યે ઈશ્વરની સાથે એકતા અનુભવી હોય છે, તે ચમત્કારી લેખાતાં કાર્યો કરે છે અને પોતાના ઉચ્ચ શક્તિઓ સાથેના અનુભવને લીધે બીજા મનુષ્યોથી તે જુદો પડી આવે છે.

જે કામ એક મનુષ્ય કરી શકે તે બીજો પણ કરી શકે. કેમકે સર્વત્ર એકજ નિયમ પ્રસરી રહેલો છે. હા, શક્તિમાન થવું અથવા શક્તિહીન થવું, એ તો આપણા પોતાનાજ હાથમાં છે. જે મનુષ્યને પૂર્ણ વિશ્વાસ આવે છે કે, હું ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકીશ, તેજ મનુષ્ય તેવી સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. મનુષ્ય જે જે મર્યાદાઓ પોતાને માટે બાંધે છે, તે મર્યાદાઓજ તેને આગળ વધતો અટકાવે છે. જેમ દૂધમાંની મલાઈ દૂધ કરતાં ઉત્તમ હોવાથી ઉપરજ તરી આવે છે, તેમ જગતમાં પણ જેઓ પોતામાં રહેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચ શક્તિઓને કેળવવા ઈચ્છે છે, તેઓ પણ બીજાઓ કરતાં ઉત્તમ હોવાથી સામાન્ય મનુષ્યોની ઉપરજ તરી આવે છે.

આપણે બાહ્યસંજોગો વિષે ઘણી બાબતો સાંભળીએ છીએ; પરંતુ આ વાત ખાત્રીપૂર્વક માનવી કે, કાંઇ સંયોગો માણસને બનાવતા નથી પણ મનુષ્યજ સંયોગોને બનાવે છે; માટે તેણે સંયોગોને પોતાની ભાવના પ્રમાણે બનાવવા જોઇએ. જ્યારે આ વાત આપણને સારી રીતે સમજાશે, ત્યારે આ વાત પણ માલૂમ પડશે કે, આપણી પરિસ્થિતિમાંથી બહાર નીકળવું એ ઘણી વખત તો જરૂરતુંજ હોતું નથી. કારણ કે આપણે એજ પરિસ્થિતિમાંથી કેટલુંક શીખવાનું હોય છે; અને પ્રાપ્ત શકિતનો યોગ્ય ઉપયોગ કરીએ, તો એ વર્તમાન સ્થિતિમાંથી પણ હિતાવહ સંયોગોને ઉત્પન્ન કરી શકીએ તેમ છીએ.

ઉપલું ધોરણ વંશપરંપરાગત સંસ્કારને પણ લાગુ પડે છે; તેથી આ પ્રશ્ન ઘણી વાર પૂછવામાં આવે છે કે, શું વંશપરંપરાગત સંસ્કારો ઉપર પણ જય મેળવી શકાય ? પરંતુ જેને પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન નથી હોતું, તેજ આવો પ્રશ્ન પૂછે છે. એ પ્રશ્નોનો ઉત્તર એ છે કે, જો આપણે એમ માનીએ કે, વંશપરંપરાના સંસ્કારો પર આપણે જય નહિ મેળવી શકીએ, તો આપણે જય પામીશું નહિ અને જેવી ને તેવીજ સ્થિતિ રહેશે. આપણને જેમ જેમ આપણા સ્વરૂપનું ભાન થતું ચાલશે અને આપણી પ્રચંડ શક્તિઓનો ખ્યાલ આવશે, તેમ તેમ વંશપરંપરાગત હાનિકારક સંસ્કારો જરૂર ઘટવા માંડશે; અને આપણા પરમાત્મસ્વરૂપનો પૂર્ણ અનુભવ થતાં તે સર્વ સંસ્કારો સમૂળા પણ નાશ પામશે. એક કવિ કહે છે કે:—

"એવી એક પણ ટેવ નથી કે તેના પર જય ન મેળવી શકાય. આ ખરાબ ટેવ તો બાપદાદાથી ઉતરી આવેલી છે; અથવા તો અમુક ટેવ કે સ્વભાવ આપણા જીવનને નીરસ અને શિક્ષાપાત્ર બનાવે છે; એવું કદી માનતા પણ નહિ ને બોલતા પણ નહિ."

તારા પિતા અને પ્રપિતા માટે પણ તે મહાન શક્તિ તૈયાર હતી; અને હવે તારે માટે પણ તે એકપગે તૈયાર છે. એ શકિત અત્યંત મજબૂત, સુંદર અને દૈવી છે; અને તેના પર વિશ્વાસ રાખનારને વિજય ચોક્કસ અપાવે છે.

એવું એક પણ ઉચ્ચ પદ નથી કે જ્યાં તું ચઢી ન શકે. વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતાં તું સઘળા વિજય પ્રાપ્ત કરી શકીશ. માટે તારી ગમે તેવી ભૂલો થઇ હોય અને થાય તોપણ તું સુસ્ત થઇને પડી રહેતો નહિ, પણ ઈશ્વરી રક્ષણરૂપી ઢાલપર આધાર રાખીને પ્રયત્નવાન રહેજે.

સંસારમાંની એકે એક ટેવ અને વાસના ઉપર તું જય મેળવી શકે તેમ છે. કેમકે તું પણ તે અનંત પરમાત્માનોજ એક ભાગ છે, કે જે પરમાત્માના બળ આગળ કશુંજ ટકી શકે તેમ નથી.

ઘણા મનુષ્યો હલકા પ્રકારનું જીવન એટલા માટે ગાળે છે કે તેમનામાં વ્યક્તિસ્વાતંત્ર્ય હોતું નથી. શું તમારે આ જગતમાં પ્રભાવશાળી બનવું છે? તો પછી તમારા પોતાના પરજ આધાર રાખો—સ્વતંત્ર બનો. તમારી જાતને સાધારણ મનુષ્યમાં ન ગણો અને 'અમે રંક છીએ, અમારાથી શું થશે' એમ પણ ન બોલો.

જેમનામાં વ્યકિતસ્વાતંત્ર્ય નથી અને જેઓ પોતાની જાતને અયોગ્ય રૂઢિનાં બંધનોને વેચી ચૂકયા છે, તેવા રૂઢિના ગુલામોને આધીન રહો છો, તેથીજ તમારી અનિષ્ટ દશાને તમે લંબાવો છો; અને એક એવો વખત પણ આવશે કે તમે જેમને ખુશ રાખવાને માટે અનિષ્ટ રૂઢિઓ સ્વીકારી હશે, તેઓ પણ તે બદલ તમારા તરફ અભાવ દર્શાવશે.

જો તમે ડહાપણ વાપરીને તમારૂં વ્યક્તિત્વ જાળવી રાખો તો તમે તમારી જાતના સ્વામી બનો છો; અને વધારે ઉચ્ચ તથા લાભદાયક સ્થિતિ મેળવવામાં એ વ્યકિતત્વ બહુજ ઉપકારક થઇ પડે તેમ છે. બીજાઓમાં ઘેટાંની માફક ભળી જવાથી તેઓ તમને જે માન આપશે, તેના કરતાં તમારૂં વ્યક્તિત્વ બતાવવાથી સમજુ માણસો તમારા વિષે સારો અભિપ્રાય બાંધશે. **ખરો વીરપુરુષ સર્વને પોતાના તરફ આકર્ષે છે અને સર્વ તેના પર વિશ્વાસ રાખે છે.**

પરમાત્મા સાથેના પોતાના સંબંધનું ભાન થવું એજ મહત્ત્વની વાત છે; અને જગતમાં કરવા યોગ્ય મુખ્ય કાર્ય પણ એજ છે. "સંયોગો પ્રમાણે ચલાવી લેવું એ શું ઠીક નથી?" એવો પ્રશ્ન પૂછવામાં આવે તો એકજ જવાબ આપી શકાય કે, **સારી નીતિ તો અંતરાત્માને માન આપીને ચાલવું એજ છે;** કેમકે જેવી રીતે દિવસ પછી રાત્રિ નક્કીપણે આવે છે, તેમ અંતરાત્માને વફાદાર રહેનાર પણ નક્કીપણે કોઇને દગો દેતો નથી.

જો આપણે પરમાત્મા ઉપર વિશ્વાસ રાખીને લોકોના અભિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાયથી નહિ ડરીએ, તો પ્રભુ પણ અવશ્ય આપણને સહાય આપશે. જો લોકોને ખુશ કરવા માટેજ આપણે જીવન ગાળીએ તો લોકો તેથી ખરા અર્થમાં કદાપિ ખુશ થતા નથી. ઉલટા જેમ જેમ તેમને ખુશ કરવાને આપણે તેમના ગુલામ બનતા જઇએ છીએ, તેમ તેમ આપણા તરફ તેમની માગણીઓ વધતીજ જાય છે. **તમારૂં જીવન કેમ દોરવવું અને ખીલવવું એ માત્ર તમો અને તમારા પ્રભુ વચ્ચેનો સવાલ છે.** આમ છતાં જો તમે સર્વસાધારણ લોકો તરફ દોરવાઇ જાઓ છો, તો તમે ખોટા માર્ગે ચઢવાના ભયમાં છો.

જ્યારે આપણને આપણા આંતરિક સ્વરાજ્યનું ભાન આવે છે અને સર્વનિયંતા પરમાત્માને આપણા જીવનનું મધ્યબિંદુ બનાવીએ છીએ, ત્યારે આપણે પોતેજ નિયમરૂપ બનીએ છીએ અને રૂઢિઓના ગુલામોને અનિષ્ટ રૂઢિઓમાંથી મુક્ત કરવાનું કામ હાથ ધરી શકીએ છીએ.

એ પરમાત્મારૂપી મધ્યબિંદુ જ્યારે પણ આપણા હાથમાં આવે છે, ત્યારે તે મનોહર સરળતા કે જે મહાન પુરુષને આકર્ષણીય બનાવે છે, તે આપણામાં પણ ઉતરે છે અને બધો આડંબર જતો રહે છે. કારણ કે **જેનામાં નિર્બળતા હોય છે, તેજ બહારનો વિવેક અને આડંબર રાખે છે.** જે કોઇ બહારના ડોળવડે બીજાને આંજવા ફરે છે, તેમનામાં કાંઇ પણ ખાસ ખામી અવશ્ય હોવી જોઇએ.

આ સ્થળે પૂંછડી કાપેલા ઘોડા પર સ્વારી કરનાર મનુષ્યની વાત મને યાદ આવે છે. પોતા તરફ લોકોનું ધ્યાન ખેંચવા સારૂજ તે ઘોડાની પૂંછડી કાપવાની ઘાતકી રીત સ્વીકારે છે.

પણ જે આ પ્રમાણે બીજાઓને મૂર્ખ બનાવવા ઇચ્છે છે, તે પોતેજ મૂર્ખ બને છે. કારણ કે જેમનામાં ખરૂં જ્ઞાન અને વિવેકશક્તિ હોય છે, તેઓ તો અમુક વ્યકિત શા ઉદ્દેશથી અને કયા કારણથી અમુક કામ કરે છે, તે તરતજ સમજી જાય છે.

જે કોઇ સ્વાભાવિક રીતે પોતાનું સામર્થ્ય વાપરે છે, તેજ ખરો મહાન પુરુષ છે. જે મનુષ્યોને પોતાની મૂળશકિત–આત્મશકિતનું ભાન થયું હોય છે, તેઓ બીજાઓ જુએ–જાણે તેવું કામ ઓછું અને નાછૂટકેજ કરતા જણાય છે; છતાં વસ્તુતઃ તેઓજ મહાન કર્મયોગી હોય છે. એમનો અનંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૈતન્ય સાથે સંબંધ થયેલો હોવાથી તેઓ ઉચ્ચ સ્થિતિમાં રહીને ઉચ્ચ શક્તિઓવડે કામ કરે છે, તેઓ સર્વ જોખમદારીઓથી પણ મુક્ત-નચિંત રહે છે; કારણ કે તેઓ સમજી ચૂક્યા હોય છે કે, તેમની અંદર અનંતશક્તિજ કાર્ય કરી રહી છે અને તેઓ તો તે શક્તિના માત્ર હથિયારરૂપજ છે.

સર્વોત્તમ શક્તિને પ્રાપ્ત કરવાનું મુખ્ય રહસ્ય અને સાધન એ છે કે, કાર્ય કરવાનાં બાહ્યસાધનો સાથે આપણી આંતરશક્તિનો સંબંધ સાધવો. જો તમે ચિત્રકાર હો તો જેટલા પ્રમાણમાં તમે એ કાર્ય સાથે તમારી આંતરશક્તિઓનો સંબંધ-ઉપયોગ કરો છો, તેટલા પ્રમાણમાં તમે ઉત્તમ પ્રકારના ચિત્રકાર બનો છો. તમારા આત્મા દ્વારા જે પ્રેરણા તમને મળે છે, તેના કરતાં વધારે ઉચ્ચ ચિત્ર બીજે પ્રકારે તમે કદી પણ બનાવી શકશો નહિ. તમારા અંતરમાં ઉચ્ચ પ્રેરણા આવવાને માટે તમારે કરવાનું માત્ર એટલુંજ કે, તમારા અંતઃકરણરૂપી દ્વારને પરમાત્માની પ્રેરણા ઝીલવાને લાયક બનાવી ખુલ્લું રાખવું જોઇએ.

શું તમારે છટાદાર વક્તા થવું છે? જેટલા પ્રમાણમાં તમે ઉચ્ચ શક્તિઓ સાથે સંબંધમાં આવશો અને તેને અનુસરીને વર્તશો, તેટલા પ્રમાણમાં તે શક્તિઓ તમારા દ્વારા બોલવા લાગશે અને તમે મનુષ્યોનાં મન જીતવાની અને તેમને સન્માર્ગે વાળવાની શક્તિ પ્રાપ્ત કરશો. જો તમે બરાડા પાડયા કરીને અને હાથ-પગ પછાડયા કરીને કેવળ સ્થૂલસાધનોનોજ ઉપયોગ કરશો, તો તેનું પરિણામ પણ તેવુંજ આવશે; અને જો તમે હૃદયનું દ્વાર ખુલ્લું રાખી પરમાત્મા તરફ વળશો તો તેનોજ અવાજ તમારા દ્વારા બોલવા લાગશે અને તેથી તમે સત્ય અને અસરકારક વક્તા થઈ શકશો. ટુંકમાં એજ કે, જેટલા વધારે અંતર્મુખ બનશો તેટલી તમારા દ્વારા ઈશ્વરી શક્તિ વધારે પ્રકટ થશે.

જો તમારે ગાયક થવું હોય તો તે શક્તિને માટે ઈશ્વર તરફ તમારા હૃદયને ખુલ્લું મૂકો, એટલે ઈશ્વરી નાદ તમારામાં સૂરના રૂપમાં પ્રકટ થશે. બીજી રીતે તમે ગમે તેટલો અભ્યાસ કરો, તોપણ ઉપલે રસ્તે તમે જેટલો લાભ મેળવી શકશો, તેટલો બીજે રસ્તે મેળવી શકશો નહિ. કેમકે જેનામાં ગાયનકળાના સામાન્ય જ્ઞાનની સાથે પરમાત્માની સાથે એકતા અનુભવવાની કુંચી હોય છે, તેના અંતરમાંથી એવા તો મધુર અને આહ્લાદક સૂર નીકળે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે જેની સાંભળનારાઓ ઉપર ન ભૂંસાય તેવી અસર થાય છે.

ગરમીના દિવસોમાં જ્યારે મારો તંબુ કોઇ જંગલમાં હોય છે, ત્યારે કોઇ કોઈવાર પ્રાતઃકાળમાં હું મારા ખાટલાપર જાગતો પડી રહું છું. પ્રથમ તો તદ્દન શાંતિ હોય છે, પણ પછી ધીમે ધીમે ચીં ચીંના અવાજ કાને પડવા શરૂ થાય છે; અને દિવસ ઉગવા માંડે છે, તેમ તેમ તે અવાજ વધતા ચાલી છેવટે આખુંજ જંગલ મધુર ગીત ગાઇ રહ્યું હોઇ એવો ખ્યાલ આવે છે! આ મધુર ધ્વનિ કાઢવામાં જાણે કે વૃક્ષો, પાંદડાં અને ઝાડીઓ સર્વ ભાગ લેતાં હોય એવુંજ મને રોજ લાગતું હતું. એક સમયે આ પ્રમાણે કુદરતનો સંગીતમય ધ્વનિ ચાલી રહ્યો હતો, ત્યારે મેં વિચાર્યું કે, સંગીતશાસ્ત્રમાં આમાંથી કેટલું બધું શીખી શકાય! પક્ષીઓ પાસે પણ આપણે કેટલું બધું જાણી શકીએ!

જે રીતે પક્ષીઓ કુદરતી ઉચ્ચ શક્તિઓ તરફ પોતાનાં હૃદય-દ્વાર ખુલ્લાં રાખીને તે શક્તિઓને પોતાની અંદર કાર્ય કરવા દે છે, તેજ પ્રમાણે જો આપણે પણ આપણામાં તે શક્તિઓને કામ કરવા દઇએ તો શું આપણે પણ લોકોનાં મન ખેંચી ન શકીએ? ભગવાન શ્રીકૃષ્ણ અને ગ્રીસદેશના મહાત્મા ઑર્ફીઅસ પોતાના મધુર ધ્વનિથી મનુષ્યોના, પશુ–પક્ષીઓના અને છેવટે વૃક્ષોના તથા નદીઓના આત્મા પણ પોતાની તરફ હરી લેતા, તેમાં આ પ્રયોગ સિવાય બીજું શું હોઇ શકે?

મિ૦ સેંકી નામનો એક સારો ગાયક છે. તેણે ડેન્વર નામના શહેરમાં પોતાનું અતિ પ્રખ્યાતિ પામેલું ગાયન ગાઈ બતાવવા પહેલાં પોતાનું જીવનવૃત્તાંત નીચે પ્રમાણે કહી સંભળાવ્યું હતું:—

"મેં મિ૦ મુડી નામના મારા મિત્રની સાથે ગ્લાસ્ગોથી એડીનબરો જતાં એક સ્થળે પુસ્તકો વેચનારની દુકાનેથી એક ધાર્મિક વર્તમાનપત્રની એક નકલ એક આનો આપીને લીધી. અમે બન્ને જણ ગાડીમાં જતા હતા, તે વખતે તે વર્તમાનપત્રનાં પાનાં ફેરવતાં મારી દૃષ્ટિ તેમાંની એક કવિતાપર પડી. મિ. મુડી તરફ વળીને મેં કહ્યું કે, મારે જોઇતું ગાયન મને મળી આવ્યું. મુડી એ સમયે પોતાના વિચારમાં મગ્ન હતો, તેથી તેણે મારા કથન પર ધ્યાન આપ્યું નહિ. મને એ ગાયનનો સૂર નક્કી કરવાનો સમય મળ્યો નહિ. જેથી મારા ગાયનોના પુસ્તકમાં તે કવિતાવાળો કકડો વર્તમાનપત્રમાંથી કાપીને એમનો એમજ મેં મૂકી દીધો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એક દિવસ એડીનબરોમાં મોટી સભા મળી. તે સમયે ડૉ૦ બોનરે 'સાધુચરિત્ર ભરવાડ' એ વિષય ઉપર ઘણું સારૂં ભાષણ આપ્યું. તે પછી મિ૦ મુડીએ મને એક ગાયન લલકારવા કહ્યું. મારા મનમાં ત્રેવીસમું ભજન ગાવાનો વિચાર આવ્યો, પણ તે મેં ઘણી વાર ગાયું હતું તેથી પછી તે વર્તમાનપત્રવાળુંજ ગાયન ગાવા મેં વિચાર્યું. એ ગાયનનો રાગ મને માલૂમ ન હતો, તેમજ તેનો રાગ બેસાડવાનો સમય પણ મને મળ્યો ન હતો. આથી હું જરા ગુંચવાયો કે હું તે શી રીતે ગાઇ શકીશ ? પછી છેવટે એવો વિચાર સૂઝયો કે, તેનો રાગ ગમે તે હોય પણ હું તો તે ગાઈશજ. પછી તે ગાયનને મેં મારી સામે મૂક્યું; વાજું વાગવા લાગ્યું અને મોં ખોલીને મેં ગાવાનો પ્રારંભ કર્યો ! પહેલી કડી પૂરી કરી; લોકો એકચિત્તે સાંભળતા રહ્યા; મેં એક લાંબો શ્વાસ લીધો અને આવી સારી રીતે શું હું બીજી કડી પણ ગાઈ શકીશ ! એવું મનમાં આશ્ચર્ય થયું. મેં પ્રયત્ન કર્યો, અને પછી તે કામ પણ સુગમ થયું ! છેવટે ભજન પૂરૂં થયું ત્યારે તેનો એટલો બધો પ્રભાવ પડેલો જણાયો કે આખી સભા ગાવાની ઢબથી છક થઇ ગયેલી જણાઈ અને અનેક મનુષ્યો તો અશ્રુ સારી રહ્યાં હતાં ! મારા જીવનનો એ ઘણો બારીક સમય હતો; પરંતુ મિ૦ મુડી કહેવા લાગ્યો કે, આવું સારૂં ગાયન પૂર્વે મેં કદી સાંભળ્યું નથી. પછી એ ગાયન જ્યાં ત્યાં ગવાવા લાગ્યું અને મારી કીર્તિ સર્વત્ર વ્યાપી રહી."

મિ૦ સેંકીની પેઠે જો આપણે પણ ઉત્તમ પ્રેરણા મેળવવા માટે આપણા હૃદયમંદિરને ખુલ્લું રાખીશું તો ત્યાં પણ તે પ્રેરણા જરૂર પ્રવેશ કરશે. આપણે તેમ કરવામાં કસર રાખીએ છીએ, તેથીજ આપણા કામકાજમાં ઓછપ આવે છે.

શું તમે સારા લેખક થવા ધારો છો ? તો એમાં પણ વિજય-ની એક કુંચી યાદ રાખવા જેવી છેઃ-"જે પણ વિચારો તમને વાજબી જણાય તે નિર્ભયતાથી લખીને સત્યવાદી બનો, અર્થાત્ અંતર્યામી પરમાત્માની પ્રેરણાને વફાદાર રહીને લખો-અને જરૂર તમે પણ એક સારા લેખક થઇ શકશો. ગમે તેટલું લાંબુચોડું લખે તોપણ પોતાનામાં હોય તેના કરતાં અધિક સત્વ કોઈ લેખક આપી શકતો નથી; માટે **જેણે વધારે સારૂં લખવું હોય તેણે પોતેજ પ્રથમ તો વધારે સારા બનવું જોઇએ."**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે લેખકનું વ્યક્તિત્વ મહાન હોય, જેનો ઉદ્દેશ ઉચ્ચતર હોય, જેની લાગણીઓ ઉંડી હોય અને જે નિરંતર દિવ્ય પ્રેરણા તરફ પોતાનાં હૃદયદ્વાર ખુલ્લાં રાખતો હોય; તેના લખાણમાં પણ એવાં અવર્ણનીય સૌંદર્ય, જ્વલંત શક્તિ અને હૃદયસ્પર્શિતા ઉભરાઇ જાય છે, કે જેથી વાચકોના હૃદયમાં પણ તે લેખકે અનુભવેલા ભાવો અને ભાવનાઓ ઉપજ્યા વિના રહેતાં નથી.

ઉત્તમ વાંચનારાઓ તો લેખકના શબ્દોની પેલી પાર જઇને તેનું હૃદય પણ વાંચી શકે છે; લેખકનો આત્મા તે શબ્દોદ્વારા તેના હૃદયમાં પ્રકટ થાય છે; અને તેથીજ તેના ભાવ અને પ્રેરણા વાંચનારમાં ઉત્પન્ન થાય છે. આથીજ આવા લેખકોનાં લખાણ બીજાં સામાન્ય પુસ્તકોથી જુદાં પડી જઇ અસાધારણતરીકે ગણાય છે.

પ્રભાવશાળી લેખક પોતાની આત્મિક શક્તિ પુસ્તકમાં રેડતો હોવાથી તે ત્વરાથી વેચાય છે; કારણ કે એવું પુસ્તક દરેક મનુષ્ય જાતે વાંચે છે અને પોતાના મિત્ર-સ્વજનોને વાંચવા ભલામણ કરે છે. ઇમર્સન ઠીકજ કહે છે કે "સારૂં પુસ્તક જગતમાં ફર્તુંજ ફરે છે; તે સારા સારા મનુષ્યોના હાથમાં જાય છે અને તેઓ તેને આનંદથી વાંચીને પછી બીજા પોતાના સજાતીય વિચારના મનુષ્યો પાસે લઇ જાય છે. આ પ્રમાણે તે પુસ્તક અનેક ડાહ્યા અને ઉદાર પુરુષોને પોતા તરફ આકર્ષે છે, તેઓના અસ્પષ્ટ વિચારોને સ્પષ્ટ કરે છે; ઉગતા વિચારોને પુષ્ટ કરે છે અને પોતાની જાતને વધુ ને વધુ પ્રસિદ્ધિ આપે છે."

આવા ગ્રંથકારો પોતાની પ્રસિદ્ધિ માટે પુસ્તક લખતા નથી, પણ ઉચ્ચ વિચારોની લોકોના હૃદય પર અસર થાય તથા લોકોને તે પુસ્તકદ્વારા એવી પ્રેરણા મળે, કે જેથી તેઓનું જીવન વધારે વિશાળ, મધુર, સુંદર અને પરિપૂર્ણ બને; તેઓને પોતાની આંતરિક ઉચ્ચ શક્તિઓના જ્ઞાન ઉપરાંત તે ઉચ્ચ શક્તિઓને અને ઉચ્ચ આનંદને પણ તેઓ પ્રાપ્ત કરી શકે. અસામાન્ય લેખકો એવાજ આશયથી પુસ્તકો લખે છે અને તેથીજ તેઓ વધારે સારૂં કામ અને લોકસેવા બજાવી શકે છે.

આવા ઉચ્ચકક્ષ આત્માઓ સિવાયના બીજા બધા લેખક માત્ર નિયમનાજ ગુલામ હોય છે, અને તેથી તેઓ પોતાની શક્તિને ખીલવા નહિ દેતાં ગાડરીઆ પ્રવાહ પ્રમાણેજ ચાલે છે. હાલનો એક સારો ગ્રંથકાર લખે છે કે "મારા પુસ્તકમાં તાડના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડની ગંધ આવશે, માખીઓના ગણગણાટથી તે ગાજી ઉઠશે અને મારી બારી પર બેસી પોતાની ચાંચમા ઘાસનું તણખલું અથવા દોરીનો કકડો લઇ જનાર ચકલી પણ મારી વાર્તામાં ભાગ લેતી જણાશે." આના જવાબમાં હું કહું છું કે "પ્રિય લેખક! તમારા જેવા કોઇ કોઈ નીડર અને મહાન ગ્રંથકારોનાં પુસ્તકો વાંચીને પછી પોતાને સુધારવાને બદલે લોકોને બોધ આપવા નીકળી પડેલા સંખ્યાબંધ લેખકોનાં નજીવાં પુસ્તકો કરતાં–આ તમારી તાડના ઝાડની સુગંધ અને માખીઓના ગણગણાટને હું વધારે આવકારદાયક ગણીશ."

શેકસપિયર પર એવો આરોપ મૂકવામાં આવે છે કે, તેણે પોતાના ગ્રંથોમાં પૂર્વના ગ્રંથોમાંથી થોડા યા વધારે ઉતારા કર્યા છે. તેના જવાબમાં લેન્ડોર કહે છે કે "અસલના કરતાં તેનામાં પોતાના વિચારોની અધિકતા છે. તેણે મૃતશરીરોમાં જીવનશક્તિનો સંચાર કર્યો છે." આવા મનુષ્યો સંસારના ચાલુ ચીલે ચાલતા નથી, પણ સંસારને પોતાને ચીલે ચલાવે છે.

સારો લેખક અમુક જડ નિયમોનો ગુલામ બની રહેવાનું પસંદ કરતો નથી. તે તો હૃદયસ્થ પરમાત્માના એક લહિયાનુંજ કામ કરે છે, કે જેથી જગતમાં રહેલા પોતાના માનવબાંધવોના દરરોજના જીવનકલહ ઓછા થાય; તેઓના જીવનમાં આશા અને મધુરતાનાં કિરણ રેડાય; અવિચારી અને પશુવૃત્તિનાં પામર મનુષ્યો વિચારશીલ, દયાળુ અને નમ્ર થાય; બીકણ અને સંકોચ પામતી સ્ત્રીઓની ગુપ્ત શકિતઓ પ્રકટ થઈ તેમનો પ્રભાવ એવો અવર્ણનીય થાય કે જે તેમને પોતાને પણ હેરત પમાડે. આ બધું જેથી કરીને થાય એવુંજ કામ કરવું–એવુંજ જ્ઞાન ફેલાવવું, એજ અસાધારણ લેખકનું કર્તવ્ય હોય છે. જેથી કરીને માણસોને પોતાના આત્માની દિવ્યતા અને અમરપણાનું ભાન થાય, અને જેથી પોતાના આત્માની દિવ્યતાનો સાક્ષાત્કાર તેની સમૃદ્ધિ, શકિત અને વૈભવ સાથે થાય; એવાજ માર્ગ તરફ જો લેખક પોતાના વાચકને દોરવી શકે; તો પછી ટીકાકારો તેના પુસ્તકની પ્રશંસા કરે વા નિંદા કરે તેની કશીજ દરકાર કર્યા વિના તે લેખક પોતાને કૃતકૃત્ય માનશે. મોટા તાડોના વનની અંદર શાંત વસંતઋતુનો વાયુ જે અનુપમ સંગીત ઉત્પન્ન કરે છે, તેની આગળ થોડીક સૂકી ડાંખળીઓનો ખડખડાટ જેમ હિસાબમાં નથી; તેમ
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના પુસ્તકે ઉત્પન્ન કરેલી અનુપમ અસર આગળ તે પુસ્તકની કરવામાં આવતી સ્તુતિ કે નિંદા કશાજ મહત્ત્વની નથી.

જો તમે ધર્મગુરુ હો તો બીજાઓના મર્યાદિત-સંકુચિત અભિપ્રાયોની ધુંસરીમાંથી મુક્ત થઇને જેટલા પ્રમાણમાં તમારા અંતર્યામીના દિવ્ય નાદને માન આપતા ચાલશો, તેટલાજ પ્રમાણમાં તમે સારી સત્તાથી બોલી શકશો; તથા ભવિષ્યવાદીઓનાં વચનો શોધવાં પડવાને બદલે તમે પોતેજ ભવિષ્યવાદી થઇ રહેશો. કેમકે એ ઉત્તમોત્તમ માર્ગ જેટલો ભૂતકાળમાં ખુલ્લો હતો, તેટલોજ અત્યારે પણ ખુલ્લો છે અને આ વિશ્વમાં સર્વ શકિતઓનું મૂળ પણ સર્વ સ્થળે એકજ છે. માટે તમે ચિત્રકાર હો, વક્તા હો, ગાયક હો, લેખક હો, ધર્મગુરુ હો કે ગમે તે હો, પણ આટલું સ્મરણમાં રાખજો કે, **બીજાઓનાં હૃદયને આકર્ષવાં હોય તો તેની પણ શકિત અને લાયકાત તો તે અનંત શક્તિરૂપ પરમાત્માને અનુસરવામાંજ રહેલાં છે,** કે જેથી તે શક્તિ તમારાદ્વારા કાર્ય કરે અને પ્રકટ થાય. જો તમે આ બાબત ધ્યાનમાં નહિ લીધી હોય, તો પછી બીજી સર્વ બાબતોમાં તમે નિષ્ફળ અથવા ફિક્કાજ નીવડશો. જો તમે આ પાયાભૂત યોગ્યતા મેળવવાનું ચૂકયા, તો પછી તમારૂં કામ ત્રીજા નંબરનું કે ચોથા નંબરનું અને બહુ તો કોઇ વાર બીજા નંબરનું થશે; પણ તે પહેલા નંબરનું તો નહિજ થાય. કોઇ પણ કામમાં તમે સર્વોપરિપણું તો ભોગવી શકશોજ નહિ.

તમે તમારા આત્માનું-સર્વાત્માનું-પરમાત્માનું-મહત્ત્વ જેટલું પણ વધારે સમજી શકશો, તેટલાજ પ્રમાણમાં તમે તમારા કાર્યમાં ફતેહમંદ થઇ શકશો. જ્યાંસુધી તમે માત્ર તન-મનનીજ અહંતા-મમતામાં રમ્યા કરો છો, ત્યાંસુધી તમે તમારે માટે એવાં બંધનોજ ઉત્પન્ન કર્યા કરો છો, કે જે બંધનો તમને આગળ વધવા દેશે નહિ. જ્યારે તમે તે અનંતશકિતરૂપ અને અનંત ચૈતન્યરૂપ પરમાત્મા સાથેની તમારી સદાકાળની અને કુદરતી એકતાને સમજશો અને તમારા દ્વારા તે પરમાત્મા કાર્ય કરી શકે એવી રીતે તમારા અંતઃકરણને પવિત્ર તથા હૃદયદ્વારને ખુલ્લું રાખી શકશો; ત્યારે તમે કલ્પના પણ નહિ રાખી હોય એવા અસામાન્ય જીવનનો અનુભવ તમને થતો ચાલશે અને દિવ્યતા પ્રકટતી ચાલશે. એવી સ્થિતિમાં હૃદયની પવિત્રતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતાપે તમે એમ પણ કહી શકશો કેઃ—

"હે પરમાત્મા! હું મારા જન્મસિદ્ધ હક્કથી તારી સાથે એક છું; અને સર્વ સ્વર્ગીય શકિતઓ પણ પૃથ્વીના છેડાસુધી આ દિવ્ય હક્ક પ્રકટ કરી રહી છે. મારા એ દિવ્ય હક્કનો વિચાર કરૂં છું, ત્યારે મારૂં જીવન ગુલાબની માફક ખીલી ઉઠે છે; તે પરમ સુંદર સુગંધમય વાતાવરણ મારી ઉપર અને સર્વ બાજુએ વ્યાપી રહે છે; આત્માના ઉંડાણમાં આનંદનું મધુર ગીત સાંભળું છું અને દેવતાઓ પણ ભેગા મળીને સુંદર ગીત ગાતા હોય તેવી અસર અનુભવું છું. વળી અંતર્યામીની શકિત મારી ચારે બાજુએ ચળકતી દિવાલની માફક ફરી વળતી હોય અને મને આ પૃથ્વીપરથી ઉંચે લઇ જતી હોય એવું પણ લાગે છે."

પ્રકરણ ૮ મું—વૈભવપ્રાપ્તિ

પરમાત્મા સર્વ રિદ્ધિ—સિદ્ધિના સ્વામી છે. સર્વ વસ્તુઓ અને સ્થિતિઓ તેમાંથીજ ઉદ્‌ભવે છે. એવા અનંત જ્ઞાનશકિતમય પ્રભુની સાથે જેને એકતાની પ્રતીતિ અને અનુભૂતિ થયેલી હોય છે તે, જેવી રીતે લોહચુંબક લોઢાને આકર્ષે છે, તેમ સર્વ વસ્તુઓને પોતાના તરફ આકર્ષે છે.

જે મનુષ્ય નિરંતર મનમાં ગરીબાઇનાજ વિચાર કર્યા કરે છે, તેને તેવાજ સંયોગો મળતા રહે છે અને તેથી તે ગરીબજ રહે છે, અને જે ગમે તેવી સ્થિતિ છતાં પણ પવિત્ર આચરણપૂર્વક વૈભવનાજ વિચારો કર્યા કરે છે, તે સમૃદ્ધિજ મેળવે છે. આકર્ષણનો જે નિયમ સર્વત્ર વ્યાપી રહેલો છે, તેની સાથે આ નિયમ પણ તેટલોજ સંબંધ રાખે છે કે, **દરેક વસ્તુ પોતાના જેવી સ્વજાતીય વસ્તુને પોતાના તરફ આકર્ષે છે.** હકીકત આવી હોવાથી વિશ્વના સર્વ પદાર્થોના ઉદ્‌ભવસ્થાનરૂપ પરમાત્મા સાથેના આપણા સદાકાળના ઐકયનો અનુભવ જેમ જેમ આપણને વિશેષ થતો જાય છે, તેમ તેમ સૃષ્ટિના વસ્તુસમુદાયમાંથી આવશ્યક સર્વ વસ્તુઓ વિપુલતાથી પ્રાપ્ત કરવાની શકિત આપણે મેળવતા ચાલીએ છીએ; અને તેનાવડે આપણે ચાહીએ તે પ્રાપ્ત કરી શકીએ છીએ.

જેમ પરમાત્મા સર્વ પદાર્થોમાં છે, તેમ સર્વ પદાર્થો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમાત્મામાંજ રહેલા છે; તેથી જેટલા પ્રમાણમાં મનુષ્ય સર્વ પદાર્થોમાં ઈશ્વરને રહેલો જાણી શકે છે તથા એ જ્ઞાનને અનુસરીને જેટલા પ્રમાણમાં તે ઉત્તમ જીવન ગાળે છે, તેટલા પ્રમાણમાં જે કાંઇ પરમાત્માનું છે તે પણ તેનુંજ બની રહે છે. મનુષ્ય પોતાને જેટલા પણ પ્રમાણમાં તેની પાસેથી લઇ શકવા જેવી સ્થિતિમાં મૂકે છે, તેટલા પ્રમાણમાં પરમાત્મા પણ તેને ઉદારતાથી આપે છે. હા, **સારી વસ્તુઓ તે કોઇને પરાણે કે વગર લાયકાતે આપતો નથી.** કેમકે આપે તો સામાને નુકસાનજ થાય.

ખરૂં ધર્મિષ્ઠપણું એજ ખરૂં જ્ઞાનીપણું છે. કેમકે જ્ઞાની મનુષ્ય પોતાની શક્તિઓ સત્કાર્યમાંજ યોજે છે અને જગદીશ્વર પણ તેવાંજ કાર્ય અને તેવાંજ મનુષ્યો માટે પોતાના ભંડાર ખુલ્લા રાખે છે. જેટલા પ્રમાણમાં તેની આકાંક્ષા યોગ્ય અને ડહાપણભરેલી હોય તેટલા પ્રમાણમાં ઈશ્વરી ખજાનામાંથી તે પૂરીજ પડે છે. આમ કરતાં કરતાં મનુષ્યને **જ્યારે સૃષ્ટિના ઉચ્ચ નિયમોમાં અને નિયંતા પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ આવશે, ત્યારે તો નિર્ધનતા તેના ઉપર જરા પણ સત્તા ચલાવી શકશે નહિ.**

શું હાલમાં તમે નોકરીવગરના ભમો છો? તમને સારી નોકરી નહિ મળે, એવોજ ભય જો તમે રાખ્યા કરશો, તો તેવી નોકરી મળવાનો સંભવ ઓછોજ થશે; અને મળશે તોપણ તમારી યોગ્યતા કરતાં હલકા પ્રકારની મળશે. માટે તમારી હાલની સ્થિતિ અને સંયોગો ગમે તેવા પ્રતિકૂળ હોય તોપણ તમારે આ સત્ય વાત તમારા અંતઃકરણમાં પૂર્ણ શ્રદ્ધાથી જાગ્રત રાખવી કે, તમારી અંદર એવી શક્તિઓ રહેલી છે કે જેનામાં હાલમાં જણાતી પ્રતિકૂળ અને હાનિકારક સ્થિતિપર જય મેળવવાનું સામર્થ્ય રહેલું છે. જો તે શકિતનો તમે આશ્રય લો અને તેનો ઉપયોગ કરો તો લોહચુંબક તરફ જેમ લોઢું ખેંચાતું આવે છે, તેમ નોકરી પણ તમારી તરફ ખેંચાતી આવશે; અને તમે જે નોકરી પ્રથમ ખોઇ હતી, તેના કરતાં પણ સારી નોકરી તમને મળી આવશે; અને તમને એવું કહેવાનો પણ પ્રસંગ આવશે કે "આગલી નોકરી ગઈ તે ઠીકજ થયું, ઈશ્વરે અનુગ્રહજ કર્યો."

જે અનંતશક્તિમય પરમાત્મા સચરાચર વિશ્વને ચલાવે છે, નિયમમાં રાખે છે અને જે સર્વ બ્રહ્માંડોનો નિયંતા છે, તેજ પરમાત્મશકિત તમારી અંદર કામ કરી રહી છે, એ સત્ય ખ્યાલ મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવો; અને એ ઉપરાંત તમારા વિચારબળનો પણ ઉપયોગ કરતાં શીખો. કેમકે વિચાર પણ મહાન શક્તિ હોવાથી જો તેનો ઉપયોગ બુદ્ધિપૂર્વક કરવામાં આવે તો તેનું સામર્થ્ય વિલક્ષણ અને કલ્પનાતીત છે. માટે 'તમને યોગ્ય સમયે યોગ્ય નોકરી અવશ્ય મળશે' એવી સતત ભાવના રાખો અને તેને કદી પણ શિથિલ ન બનવા દેતાં આશારૂપી જળથી તેનું સિંચન કરો. આવી ઉચ્ચ **ભાવના રાખવાથી તમે એક એવા દૈવી વર્તમાનપત્રમાં જાહેર ખબર આપો છો કે જેના ગ્રાહકોની સંખ્યા અસીમ છે અને જે પૃથ્વીના આ છેડાથી પેલા છેડાસુધી પ્રસરેલું હોઈ જેની ખ્યાતિ સકલ વિશ્વવ્યાપી છે.** જો તમને એ દૈવી વર્તમાનપત્રમાં યોગ્ય રીતે જાહેરખબર આપતાં આવડે તો બીજાં વર્તમાનપત્રો કે જે જાહેરખબર માટે ઉત્તમ સાધનરૂપ ગણાય છે, તેના કરતાં આ દૈવી વર્તમાનપત્રથી તમને વિશેષ લાભ થશે. જે પ્રમાણમાં ઉચ્ચ નિયમોને તમે પીછાણશો અને તદ્દનુસાર તમારૂં જીવન ગાળશો, તે પ્રમાણમાં તમે આ કામ સંતોષકારક રીતે કરી શકશો એમાં સંશયજ નથી.

જ્યારે "જોઇએ છે" એવાં મથાળાંવાળાં વર્તમાનપત્રોનાં કૉલમો વાંચો, ત્યારે પણ તે એમ ને એમજ નહિ વાંચતાં એવી ભાવના કર્યા પછીજ વાંચવા માંડો કે 'મારે લાયક નોકરીની ખબર પ્રત્યે મારૂં હૃદય તરતજ સાક્ષી પૂરજો.' જો તમે આ પ્રમાણે પૂર્ણ શ્રદ્ધાથી કરશો તો યોગ્ય નોકરીની જાહેરખબર આગળ તમે આવી પહોંચશો કે તરતજ અંતઃસ્ફૂરણ થશે કે, આ નોકરી સ્વીકારવા યોગ્ય છે. આ અંતરના અવાજને તમારા આત્માનોજ અવાજ સમજીને તરતજ તેને અમલમાં મૂકો.

તમને એમ લાગતું હોય કે, મળેલી નોકરી કરતાં તમે ઉંચી નોકરી મેળવવાને લાયક છો તો તમે તમારા મનમાં એવીજ ભાવના રાખો કે, આ નોકરી ઉંચે ચઢવાની સીડીના એક પગથિયારૂપ છે. આવી ભાવના રાખવા સાથે તમારી હાલની નોકરી પૂરી કાળજી અને પ્રમાણિકતાથી કરો, કે જેથી તમે ઉંચી નોકરી સહેલાઇથી મેળવી શકો. જો તમે તમારી હાલની નોકરીનું કામ સારી રીતે પ્રમાણિકપણે અને એકનિષ્ઠાથી નહિ કરો, તો તે નોકરી તમને ઉંચે ચઢાવનારી નહિ, પણ નીચેજ ઉતારનારી થઇ પડશે.

વૈભવપ્રાપ્તિનો પણ આજ મુખ્ય નિયમ છે. તમારાપર કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખીતી આપત્તિ આવી પડે તો તે વખતે શોકમગ્ન ન થતાં તે સ્થિતિનો બને તેટલો સદુપયોગ કરો અને એવી ભાવના રાખો કે, શુભ દિવસો શીઘ્ર આવશે. આવી ભાવના સતત અને અડગ રીતે રાખવાથી આપણે એવી સૂક્ષ્મ અને અનિવાર્ય શક્તિઓને ગતિમાં મૂકીએ છીએ, કે જેના પ્રભાવથી, હાલ જે વસ્તુઓનો આપણે કેવળ વિચારજ કરીએ છીએ, તે વસ્તુઓ સ્થલરૂપમાં પણ યથાકાળે પ્રકટશેજ. વિચારની શક્તિઓ અદૃશ્ય છતાં એવી જોરાવર છે કે જો શુભ ભાવના યોગ્ય રીતે ભાવવામાં આવે તો તે સ્થૂલ રૂપમાં અવશ્ય પ્રગટે. માટે 'આપણાથી તે શું બને?' 'મારૂં નશીબજ ફૂટેલું છે' એવા એવા નિરાશાજનક વિચારો ન કરતાં તમારી સ્થિતિ સુધરે એવાજ પ્રયત્નો પાછળ સમયનો સદુપયોગ કરો. તમારી ભાવનાને શાંતિથી, દૃઢતાથી અને શ્રદ્ધાથી જાગ્રત રાખો. તેને આશારૂપી જળનું નિરંતર સિંચન કર્યા કરો. આ પ્રમાણે કરવાથી તમે તમારી ઇષ્ટ સ્થિતિને તમારી તરફ લોહચુંબકની માફક આકર્ષી શકો તેમ છો. 'અમુક વસ્તુ પ્રાપ્ત કરવાથી તમારી ઉન્નતિ થશે અને તમે બીજાઓને વધારે ઉપયોગી થઇ શકશો' એવી જો તમારી અભિલાષા હોય તો એવો નિશ્ચય કરો કે, તે વસ્તુ તમને યોગ્ય સમયે, યોગ્ય રસ્તે અને યોગ્ય સાધનદ્વારા મળી આવે; અથવા તો તમને એવો માર્ગ જડે કે જે દ્વારા તમે તે વસ્તુ પ્રાપ્ત કરી શકો.

અમેરિકાના એક શહેરમાં એક સ્ત્રી રહેતી હતી. તેને અમુક સારા કામને માટે અમુક રકમની જરૂર હતી. તે રૂપિયા નહિ મળવાનું કારણ તે સમજી શકતી ન હતી. આંતરિક શક્તિઓમાં તેને સંપૂર્ણ વિશ્વાસ હતો, તેથી તેણે પોતાના મનની સ્થિતિ ઉપર મુજબની બનાવી. એક દિવસ પ્રાતઃકાળમાં એકાંતમાં શાંતિપૂર્વક તેણે વિશ્વની મહાન શક્તિની સાથેનું પોતાનું ઐક્ય ચિંતવ્યું. પરિણામ એ થયું કે, તે દિવસની સાંજ પણ ન પડી તે પહેલાં એક સદ્‌ગૃહસ્થ જેના કુટુંબ સાથે તેને પરિચય હતો, તે ત્યાં આવ્યો અને આયાતરીકે તેને પોતાને ત્યાં થોડો સમય કામ કરવા વિનતિ કરી. આ વિનતિને પોતાની ભાવનાનો પ્રત્યુત્તર સમજીને તેણે તે કામ સ્વીકારી લીધું અને તે સદ્‌ગૃહસ્થને પૂર્ણ સંતોષ થાય એવી રીતે તે કામ બજાવ્યું. કામ પૂરૂં થતાં તેના ધારવા કરતાં પણ વધારે નાણું તેના હાથમાં મૂકવામાં આવ્યું. મહેનતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણમાં એ રકમ વધારે જણાવાથી તેણે તે લેવા ના પાડી; પણ તે સદ્‌ગૃહસ્થે કહ્યું કે "અમારા બાળકની તમે જે ઉત્તમ સેવા કરી છે, તેના પ્રમાણમાં આ રકમ કાંઇજ નથી." આ પ્રમાણે એ બાઇને પરમાર્થી કામ માટે જેટલા ધનની જરૂર હતી, તેથી પણ અધિક રકમ મળી ગઇ અને તરતજ તેણે તે કામ આરંભ્યું.

ઉચ્ચ શક્તિઓ કેવી રીતે કામ કરે છે, તેના જે અનેક દાખલા આપી શકાય તેમ છે, તેમાંનો એક ઉપર જણાવેલો દાખલો આપણને એક વધુ ઉપયોગી બોધપાઠ આપે છે. તે એ કે "તમારા ખોળામાં વસ્તુઓ એની મેળે આવીને પડશે એમ માની લઈ કેવળ હાથ જોડીને બેસી નહિ રહો, પણ તમારી ઉચ્ચ શકિતઓને ગતિમાં મૂકો અને પછી જે પણ કામ કરવાનું હાથ આવે તે કરવા માંડો અને તે પણ સારી રીતે કરો. વળી જો એથી પણ ઉચ્ચ પ્રકારના કામની આકાંક્ષા રહેતી હોય તો એવી ભાવના જગવો, કે જેથી એ હાલનુંજ કામ તમને વધારે ઉચ્ચ કામ મળી આવવામાં સાધનભૂત થાય."

જગતની સર્વોત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરવાની જો તમારા હૃદયમાં આકાંક્ષા હોય તો તે સ્થિતિને માટે યોગ્ય હોય તેવાજ વિચારોથી તમારા મનને ભરી દો અને તેવાજ વિચારોમાં રહો. જો તમે મનથી હવેલીમાં રહેવાની ભાવના કરશો તો હવેલી પણ તમારી તરફ ખેંચાઇ આવશે; પણ આ ભાવના કરતી વખતે હાલની ઝુંપડી ઉપર તમને તિરસ્કાર ન થવો જોઇએ, તેમજ તે શ્રેષ્ઠ સ્થિતિ પ્રાપ્ત કરવાને અધીરા પણ બનવું જોઇએ નહિ. તમારી વર્તમાન સ્થિતિમાં પણ તમે તે ઉચ્ચ સ્થિતિ ભોગવતા હો એવીજ ભાવના રાખો. આવી ભાવનાઓ શાંતિથી અને સતતપણે કરવી જોઇએ. જો તમે પિત્તળની થાળીમાં ભોજન કરતા હો તો તે વખતે એવીજ ભાવના રાખો કે, આ પિત્તળમાંથીજ રૂપાની થાળીમાં ખાવાનો પ્રસંગ આવશે; પરંતુ ચાંદીની થાળીમાં ભોજન કરનાર પ્રતિ તમને દ્વેષ જરા પણ ન આવવો જોઇએ. કારણ કે એવા દુષ્ટ વિચારોજ મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિમાં ઉપયોગી થઇ પડનારા મનોબળને અસ્તવ્યસ્ત કરી નાખે છે અને તેથી વિજય દૂર ને દૂર ઠેલાય છે.

જેને આંતરશક્તિઓ સંબંધી જ્ઞાન છે અને જે પોતાનું દરેક કર્તવ્ય તે જ્ઞાનને અનુસરીને બજાવે છે, તેવો એક મિત્ર નીચે પ્રમાણે સૂચન કરે છે:-"તમે કોઇ વાર ભયંકર જંગલમાં જાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે સમયે જો કોઇ રીંછ તમારાપર હલ્લો કરવાનું કરે તો તે સમયે જો તમે ભયભીત થયા તો અવશ્ય માનજો કે, તેના પંજામાંથી તમે બચી શકશો નહિ; પણ નિર્ભય ચિત્તથી જો તમે એકનજરે તે પશુ તરફ દૃષ્ટિ રાખશો; તો તે પશુ તમને કાંઇ પણ હેરાન કર્યા સિવાય નાસી જશે.×

આ ઉપરથી આપણે એ શીખવાનું છે કે, આપત્તિને વખતે ધૈર્ય છોડી દેવાથી તે આપત્તિ માણસ પર બેવડું બળ દાખવશે અને જો તેની સામે ઉભા રહેવાનું બળ તેનામાં હશે તો તે આપત્તિ આપોઆપજ દૂર ભાગવા માંડશે અને તેને બદલે સંપત્તિ આવવા માંડશે. જ્યારે આપત્તિ આવે ત્યારે ધૈર્યથી અને શાંતચિત્તથી તેનું સ્વરૂપ વિચારો; નિષ્કારણ ચિંતા, ભય કે પશ્ચાત્તાપ કરવાને બદલે તમારી અંદર રહેલી મહાન શક્તિરૂપી અજેય સેનાને તેની સામે લાવો, એટલે તેને જોતાંજ વિપત્તિરૂપ શત્રુ નાસી જશે.

અંતરાત્માના સામર્થ્ય પર પૂર્ણવિશ્વાસ હોવો એજ વિજયનો રામબાણ ઉપાય છે. પ્રત્યેક મનુષ્યની સફળતા-નિષ્ફળતાનો આધાર તેની બાહ્ય સ્થિતિપર નહિ પણ તેના પંડ ઉપર રહેલો છે; એ બાબતનો જ્યારે આપણને પૂરો ખ્યાલ આવશે, ત્યારે આપણામાં એક એવી શક્તિ પ્રકટશે કે જે આપણી બાહ્ય પ્રતિકૂળ સ્થિતિને ફેરવીને અનુકૂળ સ્થિતિ ઉત્પન્ન કરશે. જેમ જેમ આપણને ઉચ્ચ નિયમોનું જ્ઞાન થશે અને જેમ જેમ તે નિયમોને આપણા જીવનમાં ઉતારીશું, તેમ તેમ આપણે આપણી જાગ્રત થયેલી આંતરશક્તિઓને એવા રૂપમાં દોરવીશું, કે જે બાહ્ય સૃષ્ટિમાંથી ઘરબેઠાંજ સફળતા અને ઇષ્ટ પદાર્થો આપણા તરફ ખેંચી લાવશે.

ઘણાખરા મનુષ્યો ડાહ્યા હોવાનું અભિમાન રાખે છે, પણ ખરૂં જોતાં તેઓ તેવા હોતા નથી. કારણ કે પોતાનું શ્રેય શામાં રહેલું છે, એજ તેઓ જાણતા હોતા નથી અને તેથી તેમનું સર્વ ડહાપણ માત્ર આ જગતના અશાશ્વત પદાર્થો પાછળજ દોડ્યા કરવામાં આવી રહેલું હોય છે.

કોઇ મનુષ્ય આખી દુનિયાને જીતે, પરંતુ જો તે પોતાના આત્માને ન ઓળખે-હું વાસ્તવમાં શું છું અથવા કોણ છું, અને મારૂં આ સંસારમાં આવવાનું શું પ્રયોજન છે, એ વાત જો તે ન જાણે-તો તેના જયથી લાભ શો? આ પ્રમાણે આ સંસારમાં

× જુઓ સ્વામી રામતીર્થનું ચરિત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાખો અને કરોડો મનુષ્યો માત્ર એટલાજ માટે જીવનનો ખરો લાભ ઉઠાવવાનું ચુકે છે કે પોતાના જીવનનો અને શરીરનો કકકો પણ તેમના જાણવામાં હોતો નથી! તેઓ ભલે પોતાને અમુક ધન–વૈભવના માલીક માને, પણ વસ્તુતઃ તો ધન–વૈભવજ તેમના ઉપર માલીકી ચલાવતાં હોય છે! તેઓ પોતાનું, મિત્રોનું કે જગતનું કંઇ પણ ખાસ ભલું ન કરી શકતાં પોતાનું જીવન વૃથા ગુમાવતા હોય છે; અને જે સ્થૂલશરીરવડે આ સ્થૂલ દુનિયા-ની સાથે તેઓ સંબંધમાં હતા, તે શરીર જ્યારે તેઓને છોડવું પડે છે, ત્યારે તો એ બિચારા જ્ઞાનરહિત મનુષ્યોની સ્થિતિ ઘણીજ શોચનીય બને છે. કારણ કે સંચિત પદાર્થોમાંથી તેઓ ફુટી બદામ પણ સાથે લઇ જઈ શકતા નથી; અને આત્મિક સંપત્તિ તો લેશ પણ તેમની પાસે હોતીજ નથી, એટલે તેઓ તદ્દન ખાલી હાથેજ આ દુનિયામાંથી ચાલ્યા જાય છે!! દયાળુ કામો, ઉચ્ચ સદ્‌ગુણો, આત્માની ખીલવેલી શકિતઓ ઇત્યાદિ આંતર્જીવનની સમૃદ્ધિ કે જે આત્માનો ખરો વૈભવ છે, તે તરફ તો એ અજ્ઞાની મનુષ્યોએ ધ્યાનજ આપેલું હોતું નથી; એટલુંજ નહિ પણ ઉલટી કેટલીક નુકસાનકારક ખાસિયતો તેમણે મેળવેલી હોય છે. જગતમાં રહીને પોષેલી ખરાબ વૃત્તિઓ અને વાસનાઓ-નો નાશ કાંઇ સ્થૂલશરીરનો નાશ થવાથી થઇ શકતો નથી; પરંતુ પરલોકમાં પણ તે સાથે રહીને માણસને સતાવ્યા કરે છે!

જેણે અશાશ્વત સ્થૂલ વૈભવનોજ સંચય કરવામાં પોતાનું જીવન ગુમાવ્યું હોય છે, તે સ્થૂલશરીર છટવા પછી પણ વાસનાની બેડીમાંથી મુકત થઇ શકતો નથી. કેમકે પરલોકમાં વાસનાને તૃપ્ત કરવાનું સાધન તેને મળી શકતું નથી. તે અમુક ટેવનો ગુલામ બનેલો હોવાથી કેટલાક વખતસુધી તો બીજી સારી બાબતો તરફ તેનું ચિત્તજ ચોંટતું નથી અને પોતાની ઇચ્છા તૃપ્ત કરવાનું સાધન નહિ મળવાથી રીબાય છે! જે ધનસંચયને તે પોતાનો માનતો હતો, તેનો તો તેની પાછળના ઉડાઉ છોકરાઓ વગેરેના હાથે દુરુપયોગ થતો જોઈને ઉલટો તે વિશેષ દુઃખી થાય છે. તે પોતાના ધનનું વસિયતનામું કરે તોપણ તેનો અમલ કરવામાં તે હવે ભાગ લઈ શકતો નથી, એ પણ ઘણી વાર તેના દુઃખનું કારણ બને છે.

હકીકત આ પ્રમાણે હોવાથી લૌકિક વૈભવ અને સમૃદ્ધિને આ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણાં માનવામાં આપણે કેટલી બધી મૂર્ખતા દર્શાવીએ છીએ! પ્રભુની પૃથ્વીને અમુક એકરની વાડ બાંધીને કહેવું કે, આ પૃથ્વી મારી છે એ પણ કેવું વિચિત્ર છે! જે ચીજને આપણે આપણી પાસે સદા રાખી ન શકીએ, તે આપણી છેજ નહિ. લોકોમાં આપણે વસ્તુઓના માલીક કહેવાઇએ, અથવા તો આપણે તે વસ્તુઓને સંગ્રહી રાખીએ, તેથી કાંઇ તે વસ્તુઓ આપણા ઉપયોગમાં આવતી નથી. આપણે એ વસ્તુઓને વાપરીએ-તેનો સદુપયોગ કરીએ, એટલાજ માટે તે આપણા હાથમાં આવે છે. આપણે તો ફક્ત એના ટ્રસ્ટી છીએ અને આપણને જે સોંપવામાં આવ્યું હતું, તેનો આપણે શો ઉપયોગ કર્યો, તેનો ટ્રસ્ટીતરીકે આપણે જરૂર જવાબ આપવો પડશે.

જે મનુષ્યને ઉચ્ચ જીવનનો અનુભવ થવા લાગ્યો છે, તે કદી પણ ધન એકઠું કરવા ઇચ્છતો નથી; તેમ બીજી બાબતોમાં પણ હદબહાર જવા ચાહતો નથી. “મારા અંતરમાં સર્વોત્તમ ધન ભરેલું છે” એવો જેમ જેમ તેને ખ્યાલ આવતો જાય છે, તેમ તેમ બાહ્ય ધનનું મહત્ત્વ તેને મન ઓછું થતું ચાલે છે. તે સમજવા લાગે છે કે, તેની પોતાની અંદર જે અખૂટ ભંડાર ભરેલો છે, તેમાંથી ઇષ્ટ વસ્તુઓ જ્યારે પણ જોઇએ ત્યારે અને જોઇએ તેટલી તે મેળવી શકે તેમ છે; એટલે પછી તે સ્થૂલ ધન એકઠું કરવામાં તે વખત ગુમાવતો નથી. કારણ કે તે જાણે છે કે, તેમ કરવાથી તેનો સમય જીવનની શાશ્વત વસ્તુઓ પરથી ખસેડી હલકી વસ્તુઓની ચિંતા અને સંભાળ પાછળ ગાળવો પડે છે. આવી સમજણને લીધે એ બુદ્ધિમાન મનુષ્ય તો પ્રથમ આંતરરાજ્યનેજ શોધે છે; અને ખાત્રીથી માને છે કે, જ્યારે તે મળશે, ત્યારે તેની સાથે અન્ય સર્વ વસ્તુઓ તેને મળીજ જશે.

મહાત્મા ક્રાઇસ્ટ કે જેની પાસે કાંઇજ ન હતું, છતાં વસ્તુતઃ સર્વ કાંઇ હતું, તેણે ઠીકજ કહ્યું છે કે, **ઊંટને સોયના કાણામાં પેસવું જેટલું કઠણ છે, તેટલું ધનવાનને સ્વર્ગમાં જવું (મોક્ષ પામવું) કઠણ છે.** કહેવાનો ભાવાર્થ એ છે કે, જો કોઇ મનુષ્ય પોતાનો સઘળો વખત પોતાને જોઇએ તે કરતાં વધારે જડ પદાર્થો એકઠા કરવામાં અને સાચવવામાં પસાર કરે, તો પછી અંતરનું તે અલૌકિક રાજ્ય કે જેની પ્રાપ્તિથી સર્વ વસ્તુઓ પ્રાપ્ત થાય છે, તે રાજ્ય મેળવવાને તો તેને ક્યાંથીજ સમય મળે? બંને બાબતોમાં કયી વધારે ઉત્તમ છે, તેનો ખ્યાલ લાવો. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુએ લાખો-કરોડો એકઠા કરવા અને તેની સંભાળ રાખવી; તથા બીજી બાજુએ એવી શક્તિઓ અને નિયમોનું જ્ઞાન મેળવવું કે જેથી કરીને સઘળી જરૂરીઆતની ચીજો મળી આવે; આ બેમાં જે ઉત્તમ માર્ગ હોય તે પસંદ કરો.

ઉચ્ચ જ્ઞાનના આંતરરાજ્યમાં પ્રવેશ કરનાર મનુષ્ય, દુનિયાના ધનધામ કે લોકકીર્તિ પાછળ ગાંડા થઇ ફરનારા સામાન્ય મનુષ્યોના જેવો હોતો નથી. જેમ શરીરના રોગથી મનુષ્ય કંટાળે, તેમ તે એવા ગાંડપણથી ખરો બુદ્ધિમાન જરૂર કંટાળે છે. જ્યારે ઉચ્ચ શક્તિઓનો આપણને અનુભવ થતો જશે, ત્યારે આ બાહ્ય-ધન કે જે આપણને ખરૂં જોતાં મદદ કરવાને બદલે આપણી ઉન્નતિને અટકાવે છે, તેનેજ શોધ્યા કરવાને બદલે ખરાજ ધનને-સાચા જીવનનેજ-શોધીશું.

મનુષ્યોના મોટા ભાગનું જીવન ઘણું સંકુચિત અને હલકું હોવાનું કારણજ એ છે કે, તમણે આખી જીંદગી કેવળ ધન કમાવા-માંજ ગાળી હોય છે. પાછલા જીવનનો અને સંગ્રહેલા ધનનો હજી પણ જો તેઓ ઉંડી બુદ્ધિપૂર્વક સદુપયોગ કરવા માંડે તો હજી પણ તેઓ પોતાની બાકીની જીંદગી સુખમય અને સુંદર બનાવી શકે તેમ હોય છે.

જે મનુષ્યે આખી જીંદગી માત્ર ધનજ કમાવામાં અને સાચવ-વામાં ગાળી હોય છે અને જે બહુ તો માત્ર મરતી વખતેજ દાનપુણ્ય વાસ્તે નાણાં કાઢે છે, તે મનુષ્યની જીંદગી ઉત્તમ નહિ પણ કનિષ્ઠજ કહી શકાય. મારા ફાટી ગયેલા જૂના નકામા જોડા હું કોઇને આપી દઉં તેમાં કાંઇજ મહત્ત્વ નથી; પરંતુ નવા મજબૂત જોડા કોઇ પગે દાઝતા ગરીબને આપી શકું તેમાંજ પરોપકાર છે. વળી એ જોડાની સાથે જો હું તેને મારો પ્રેમ પણ આપું તો તેને પણ બેવડી બક્ષીસ મળે છે અને મને પણ બમણી આશિષ મળે છે.

મનુષ્યે ભેગા કરેલા ધનનો સદુપયોગ કરવાનો સારામાં સારો સમય અને માર્ગ એજ છે કે, તેણે જીવે ત્યાંસુધી દિનપ્રતિદિન પોતેજ પરોપકાર પાછળ તેનો સદુપયોગ કરવો. આ પ્રમાણે કરવાથીજ તેનું પોતાનું જીવન વધારે ઉન્નત અને વિકાસવાળું થશે. એક સમય એવો પણ આવશે કે જ્યારે પોતાની પાછળ પુષ્કળ ધન મૂકી જવું એ તેની એક પ્રકારની અપકીર્તિ લેખાશે. તાત્પર્ય એજ કે, પરોપકારનાં કામ પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવિષ્યની પ્રજાને અથવા ટ્રસ્ટીઓને સોંપી જવા કરતાં જીવતાંજીવત અને પંડેજ તેનો બને તેટલો વધારે સદુપયોગ કરવો જોઇએ.

આજકાલ મહેલ અને હવેલીઓમાં રહેનારાં ઘણાં મનુષ્યો ઝુંપડીવાળાથી પણ જીવનની ખુબીમાં ઘણાં ગરીબ હોય છે. એવા મનુષ્યો ભલે મહેલના માલીક હોય છતાં તે મહેલ તેમના માટે તો અનાથાલય જેવોજ હોય છે. જે વસ્તુઓ કેવળ એકઠીજ કરી રાખવામાં આવી હોય, અને જે કોઇના ઉપયોગમાં આવે તેમ ન હોય તેનો નાશ કરીને બીજા સારા ઉપયોગી આકારમાં લાવવા માટેજ કુદરત ઉધઇ અને કાટ વગેરે સાધનોનો ઉપયોગ કરે છે. વળી એક એવો પણ નિયમ કુદરતમાં કામ કરી રહ્યો છે, કે જેના પ્રભાવથી કેવળ સંચય કરનારની આનંદ ભોગવવાની શક્તિ બુઠ્ઠી થતી જાય છે અને ઉચ્ચ શક્તિઓ નાશ પામતી જાય છે.

ઘણા પુરુષો નજીવી વસ્તુઓને વળગી રહીને ઉમદા ચીજો મેળવવામાં બેનસીબ રહે છે. એ નજીવી ચીજોનો તેઓ સદુપયોગ કરે તોજ નવી ચીજોને તેમની પાસે આવવાનો અવકાશ મળે તેમ હોય છે. માત્ર સંગ્રહજ કર્યા કરવાથી તો કોઇ ને કોઇ પ્રકારની હાનિજ થાય છે અને સદુપયોગ કરવાથી નવું જ્ઞાન અને જીવન મળ્યાં કરે છે.

જો એકાદ વૃક્ષ, લોભથી પોતાપરનાં જૂનાં સૂકાં પાંદડાં પોતાના ઉપર વળગાડીજ રાખે, તો પછી વસંતઋતુમાં સુંદર પત્ર-પુષ્પવાળું નવજીવન તેને કેવી રીતે પ્રાપ્ત થાય? એવું વૃક્ષ ધીમે ધીમે જીર્ણ થતું ચાલીને છેવટે મરીજ જાય છે. વૃક્ષે, જેમ પોતાનું જીવન લંબાવવા માટે જૂનાં પાંદડાં નીકળી જવા દઇને નવાં પાંદડાંને અવકાશ આપવો જોઇએ, તેમ મનુષ્યોએ પણ જગતના પદાર્થોનો સંગ્રહ ન કર્યા કરતાં તેનો સદુપયોગ કર્યા કરવાથી અને વિવેકપૂર્વક તે બીજાને અર્થે વાપરવાથી નવી ચીજો પોતાની મેળે તેને આવી મળે છે, કે જે અસલની ચીજો કરતાં તેની હાલની જરૂરિયાતોને માટે વિશેષ લાભકારી હશે. પરમાત્માનો અખૂટ ભંડાર પણ એજ પ્રકારે આપણને પ્રાપ્ત થઇ શકે છે; એટલુંજ નહિ પણ આપણે પોતે પણ પરમાત્માના સામર્થ્ય અને ઐશ્વર્યને જગત તરફ વહેવરાવનારી એક એવી નળીરૂપ બની શકીએ કે જે નળીદ્વારા બીજાં પણ અનેક યોગ્ય મનુષ્યો તે સામર્થ્ય અને ઐશ્વર્યનો લાભ મેળવી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯ મું

મહાત્મા, જ્ઞાની, ઋષિ અથવા જગદુદ્ધારક થવાનો નિયમ

આપણે અહીં સુધી જે સત્યો વિચાર્યાં, તે તો આપણી બુદ્ધિ પ્રમાણેજ વિચાર્યાં છે. માટે હવે આપણે મહાત્માઓ અને સમર્થ વિચારકોએ પ્રકટ કરેલા વિચારોના પ્રકાશથી એ સત્યોની તુલના કરીએ.

અત્યારસુધી જે કાંઇ લખવામાં આવ્યું છે તેનો સારાંશ એ છે કે, મનુષ્યજીવનનું સર્વોત્કૃષ્ટ કર્તવ્ય, અનંત ચૈતન્ય સાથેની પોતાની અનાદિસિદ્ધ એકતાનું ભાન અને અનુભવ કરવામાં તથા તેના દિવ્ય પ્રવાહ પ્રત્યે આપણા અંતઃકરણને ખુલ્લું મૂકવામાં રહેલું છે. મહાત્મા ક્રાઇસ્ટે કહ્યું છે કે "હું અને મારા પરમ પિતા એકજ છીએ." વળી તેમણે કહ્યું છે કે "જે વાત હું તમને જણાવું છું, તેનો કહેનાર હું નહિ પણ અંતર્યામી પરમાત્મા છે; કારણ કે સર્વ કાર્યનો કર્તા તેજ છે." અર્થાત્ મનુષ્ય પોતે કર્તા નથી, પણ જે પ્રમાણમાં તે પ્રભુની સાથે રહીને કામ કરે છે, તે પ્રમાણમાં તેની મારફતે તે પરમાત્માજ કાર્ય કરે છે. તે આગળ કહે છે કે "મારા પિતા કામ કરે છે, અને હું કામ કરૂં છું" અર્થાત્ પરમાત્મા શક્તિ મોકલે છે, હું તેને ઝીલું છું અને તેની સાથે એકતાન થઈ કામ કરૂં છું. આગળ વધીને તે એટલે સુધી કહે છે કે "તમે ઈશ્વરી રાજ્ય અને તે આપનારી ધાર્મિકતાને શોધો, કે જે વડે સર્વ વસ્તુઓ આપોઆપ તમને મળી જશે." વળી તેણે કહ્યું છે કે "સ્વર્ગ કાંઇ બહાર નથી, પણ આપણી અંદરજ રહેલું છે. ઈશ્વરી રાજ્ય કાંઈ આપણાથી ભિન્ન નથી."× મતલબ કે, જ્યારે ઈશ્વરની સાથેના ઐક્યનું તમને ભાન થશે, ત્યારેજ તમને ઈશ્વરી રાજ્ય જડશે અને જડશે એટલે સર્વ ઇષ્ટ વસ્તુઓ એની મેળેજ આવી મળશે. બાઈબલમાં એક ઉડાઉ છોકરાનું દૃષ્ટાંત છે, તે

× આપણાં ગીતા, ઉપનિષદ્ વગેરેમાં આવાં વચનો ઓછાં નથી; પણ આ પુસ્તકના મૂળલેખક પોતે ખ્રિસ્તી હોઇ તેમણે ખ્રિસ્તનાં વચન ટાંકયાં છે, એટલે અહીં પણ તેજ કાયમ રહ્યાં છે. થોડી જગ્યામાં આવાં હજારો દિવ્ય વાક્યો વાંચવાં હોય તો નિર્ણયસાગર પ્રેસની "મહાવાક્ય-રત્નાવલિ" નામે નાની સરખી ચોપડી બહુજ ઉપયોગી છે. **સંપાદક**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સ્થળે બંધબેસતું આવે તેવું છે. તે ઉડાઉ છોકરાએ વિષયભોગમાં પોતાની સઘળી દોલત ખર્ચી નાખી; છતાં પણ જ્યારે તેનું ચિત્ત સંતોષ ન પામ્યું અને પોતે જાણે માત્ર પશુજ હોય એમ તેને ભાસવા લાગ્યું, ત્યારેજ તેને ભાન આવ્યું અને કહેવા લાગ્યો કે "હું હવે જાગીશ, અને મારા પિતા પાસે જઇશ." બીજી રીતે વિચારીએ તો આ બધું ભ્રમણ કર્યા પછીજ તેનો આત્મા કહેવા લાગ્યો કે "તું પશુ નથી પણ તે પરમ પિતાનો પુત્ર છે. ઉઠ અને તે પિતા પાસે જા, કે જેની પાસે સર્વ પ્રકારનો અખૂટ ખજાનો છે." આ ઉપરથી જણાય છે કે, સત્ય જીવન પરમાત્મામાંથી પ્રાપ્ત થાય છે. માતાપિતા તો આપણને માત્ર શરીરરૂપી ધરજ પૂરૂં પાડનારાં છે; અને આપણું સત્ય જીવન તો તે પરમાત્મામાંથીજ ઉદ્ભવેલું છે.

એક દિવસે કોઇએ એક મહાન પુરુષને કહ્યું કે, તમારાં ભાઇ, બહેન વગેરે તમને મળવાને વાસ્તે બહાર આવી ઉભાં રહ્યાં છે. તેના જવાબમાં તેમણે કહ્યું કે "મારો ભાઇ કોણ ? મારી બહેન કોણ ? મારી માતા કોણ ? **જે મારા પરમ પિતાની ઇચ્છાને અનુસરીને પોતાનું જીવન ગાળે છે, તેજ મારો ભાઈ છે, તેજ મારી બહેન છે અને તેજ મારી માતા છે."**

ઘણા મનુષ્યો સ્વજનના બંધનમાં બંધાયેલાં હોય છે; પરંતુ માત્ર લોહીના સંબંધથી જોડાયાં, તેથીજ તે આપણાં ખરાં સંબંધીઓ નથી. જેઓ **આપણી સાથે વિચારમાં અને આચારમાં એક છે, તેઓજ આપણાં ખરાં સંબંધીઓ છે.** પછી તે સંબંધીઓ આપણી નજદીક રહેતાં હોય કે દુનિયાના કોઈ પણ ભાગમાં રહેતાં હોય. એવાં સંબંધીઓએ એકબીજાને કદી જોયાં નહિ હોય તોપણ આકર્ષણના નિયમાનુસાર તેમનાં હૃદય એકબીજા તરફ આકર્ષાશેજ.

એક સ્થળે કહ્યું છે કે त्वमेव माता च पिता त्वमेव । આ કથનમાં પ્રભુના પિતૃત્વનો પણ મહાન સિદ્ધાંત રહેલો છે અને તે ઉપરથી ફલિત થાય છે કે, આપણે સર્વ બંધુઓ છીએ. વળી એમાં ઉત્તમ બાબત આ રહેલી છે કે, મનુષ્ય અને ઈશ્વરની એકતા છે, અને તેટલા માટે સકળ મનુષ્યજાતિની એકતા છે. જ્યારે આપણને આ બાબતનું જ્ઞાન થાય છે, ત્યારે આપણને ખુલ્લું જણાઈ આવે છે કે, જે પ્રમાણમાં આપણે પરમાત્માની સાથેની આપણી એકતાનો અનુભવ કરીશું અને જે પ્રમાણમાં આપણે ઈશ્વરાભિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ થઇશું, તે પ્રમાણમાં સકળ માનવજાતિને ઉંચે લઇ જવામાં—ઈશ્વરપ્રતિ એક પગાથયું ચઢાવવામાં—આપણે સહાયક થઇશું.

મહાત્મા ક્રાઇસ્ટે એક સ્થળે કહ્યું છે કે "જ્યાંસુધી તમે નાના બાળકસમાન નહિ થાઓ, ત્યાંસુધી સ્વર્ગીય રાજ્યમાં તમે પ્રવેશ કરી શકશો નહિ." બીજે સ્થળે એમ પણ કહ્યું છે કે "માનવજીવનનો આધાર કેવળ રોટી ઉપરજ નથી."

આ ઉપરથી એ ઉપદેશ નીકળે છે કે, આ સ્થૂલજીવનનો આધાર કેવળ અન્ન પર નથી, પણ જેટલા પ્રમાણમાં મનુષ્ય અનંત જીવનની સાથે સંબંધ બાંધી શકે છે, તેટલા પ્રમાણમાં તેનું સ્થૂલ જીવન પણ સુધરતું જાય છે. આવું હોવાથી "જેઓ હૃદયના પવિત્ર છે, તેઓને ધન્યવાદ ઘટે છે; કારણ કે તેઓ પરમાત્માને જોઇ શકશે."

મનુ ભગવાને કહ્યું છે કે "જે મનુષ્ય પોતાના આત્મામાં પરમાત્માને જોઇ શકે છે અને જે સર્વ તરફ સમભાવથી જુએ છે, તેજ સર્વોત્કૃષ્ટ આનંદ પ્રાપ્ત કરે છે." એથેનેસીઅસે કહ્યું છે કે "આપણે આ સ્થૂલદેહમાં રહેવા છતાં પણ મુક્ત થઈ શકીએ." જે સત્યનો આપણે વિચાર કરીએ છીએ તે સત્ય, ગૌતમબુદ્ધના જીવનમાં તેમજ ઉપદેશમાં પ્રત્યક્ષ માલૂમ પડે છે. તેમણે કહ્યું છે કે "લોકો અહંભાવને છોડતા નથી, માટેજ બંધનમાં પડયા છે."× દેહાભિમાનને દૂર કરી પરમાત્મ-તત્ત્વ સાથે એકતા અનુભવવી એજ મહાત્મા બુદ્ધના ઉપલા ઉપદેશનો રહસ્યાર્થ છે. સર્વ મહાત્માઓનો એવોજ અભિપ્રાય છે.

મહાત્મા સ્વીડનબોર્ગ પણ જણાવે છે કે, ઉચ્ચ જીવન અનુભવવા માટે આપણામાં દિવ્ય પ્રવાહ આવવાની જરૂર છે; અને જેટલા પ્રમાણમાં તે પ્રવાહ ઝીલવાને આપણે લાયક થઇએ, તેટલાજ પ્રમાણમાં તે પ્રવાહ આપણી અંદર અને આપણાદ્વારા કામ કરે છે. 'ફ્રેન્ડઝ' નામનું એક ધર્મમંડળ એમજ માનતું કે, મનુષ્ય જેટલા પ્રમાણમાં પરમાત્મા તરફ પોતાના આત્માને વાળે છે, તેટલાજ પ્રમાણમાં મનુષ્યના આત્મામાં પરમાત્મા બોલે છે. એક બીજા સંતે પણ કહ્યું છે કે "આપણે સર્વ દિવ્ય સામર્થ્યમય પરમાત્માને વહેવા માટેની નીકો છીએ અને જેટલા પ્રમાણમાં મનુષ્ય એ દિવ્ય પ્રવાહને પોતાની અંદર વહેવા દે છે, તેટલાજ પ્રમાણમાં તે ભવિષ્યવેત્તા, પેગંબર કે મહાત્મા બને છે." સંસારના

× अहंममेति बद्धो हि निरहंममेति मुक्तता "શ્રી શંકરાચાર્ય"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસમાંથી પણ એજ વાત જણાઇ આવશે કે, જે જે મનુષ્યો-એ અધ્યાત્મરાજ્યમાં પ્રવેશ કરીને અલૌકિક શક્તિ મેળવી છે, તેમણેજ સત્ય શાંતિ અને અપૂર્વ આનંદ અનુભવ્યાં છે. ડેવિડ નામનો એક સાધુ બહુજ દૃઢ અને શક્તિમાન હતો. જેટલા પ્રમાણમાં તે ઈશ્વરી ધ્વનિ શ્રવણ કરતો હતો, તેટલા પ્રમાણમાં તેનો આત્મા ઈશ્વરની સ્તુતિમાં લીન થઇ જતો અને તે, તે ઈશ્વરી અવાજને અનુસરીનેજ પોતાનું જીવન ગાળતો હતો. એમ કરવામાં જ્યારે પણ તેની ભૂલ થતી, ત્યારે તેનો આત્મા દુઃખ અને દિલગીરીથી રોતો હોય એમ તેને લાગતું હતું. આ બાબત દરેક વ્યક્તિને અને દરેક પ્રજાને એકસરખી લાગુ પડે છે. જ્યાંસુધી યાહુદી લોકો ઈશ્વરને માનતા હતા અને તેની આજ્ઞાને અનુસરીને વર્તતા હતા, ત્યાંસુધીજ તેઓ સુખી, સંતોષી અને શક્તિવાળા હતા; અને તેમના સામે થવાને કોઇની પણ તાકાત ન હતી. પછી જ્યારે તેઓ કેવળ પોતાનાજ બળપર આધાર રાખવા લાગ્યા અને તેઓની પાછળ જે ઈશ્વરી બળ કામ કરતું હતું તેને ભૂલવા લાગ્યા, ત્યારેજ તેઓ હારવા લાગ્યા અને નિરાશાના વમળમાં પડ્યા.

જેઓ ઈશ્વરીય આજ્ઞાને સાંભળે છે અને તે પ્રમાણે પોતાનું જીવન ગાળે છે, તેમને ધન્ય છે—આ વાક્યમાં પરમ સત્ય રહેલું છે. કેમકે જેટલા પ્રમાણમાં એ ઉચ્ચ પ્રકાશને અનુસરીને આપણે આપણું જીવન ગાળીશું, તેટલાજ પ્રમાણમાં આપણું જ્ઞાન અને સુખ વધતું જશે.

સર્વ પેગંબરો, ઋષિઓ અને જગદુદ્ધારકો પોતપોતાનું મહાન પદ અમુક કુદરતી નિયમો પ્રમાણે વર્તવાથીજ મેળવી શક્યા છે. સચ્ચિદાનંદ પરમાત્મા સાથેનું ઐક્ય સમજ્યા પછી તેઓએ તેને અનુભવ્યું પણ હતું. પરમાત્માને તો સર્વ તરફ સમભાવ હોઇ કોઇના તરફ પણ પક્ષપાત નથી. સંતો, ઋષિઓ અને જગદુદ્ધારકોને કે પાપીઓને કાંઇ તે પોતે ઉત્પન્ન કરતો નથી. તે તો મનુષ્યોનેજ ઉત્પન્ન કરે છે; પણ જે મનુષ્ય પોતાના જીવનની પરમાત્મજીવન સાથે એકતા અનુભવે છે, તે પેગંબર કે ઋષિ કે મહાત્મા બને છે. એ પરમાત્મા કોઇ પણ રાજા, પ્રજા કે દેશ તરફ પક્ષપાત ધરાવતો નથી. જે પણ દેશની પ્રજા અથવા લોકો તેને પિછાણે છે, તેઓજ તેની ઉચ્ચતા મેળવી શકે છે. ચમત્કાર પણ અમુક સ્થાનમાં અથવા તો અમુક સમયમાંજ થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ, એવું નથી. જયાં પણ અને જયારે પણ અનુકૂળ સ્થિતિ ઉત્પન્ન થાય છે, ત્યાં અને ત્યારે ચમત્કારો થયા છે અને થાય છે. જેવી રીતે પ્રાચીન કાળમાં ઉચ્ચ નિયમોને માન અપાતું હતું, તેવું માન અત્યારે આપવામાં આવે તો અત્યારે પણ પ્રાચીન કાળના જેવાજ ચમત્કારો બની શકે. પ્રાચીન કાળના મહાન પુરુષો ઈશ્વરની સાથે ચાલતા હતા. 'ઈશ્વરની સાથે ચાલતા હતા' એ શબ્દોમાંજ તે પુરુષોના મહત્ત્વનું રહસ્ય રહેલું છે. કેમકે જેટલા **પ્રમાણમાં મનુષ્ય ઈશ્વરની સાથે ચાલે છે, તેટલાજ પ્રમાણમાં તે મહાન છે.** આમાં પણ કાર્ય–કારણનો નિયમ કામ કરી રહ્યો છે.

પ્રભુ કોઇને સમૃદ્ધિશાળી બનાવતો નથી, પણ જે મનુષ્ય પ્રભુને પિછાણી ઉચ્ચ નિયમ પ્રમાણે જીવન ગાળે છે, તે આપો-આપજ સમૃદ્ધિશાળી થાય છે. પેગંબર સોલોમનને તેની મરજી પ્રમાણે માગવાનું કહેતાં તેણે બુદ્ધિ વાપરીને જ્ઞાનનીજ માગણી કરી. કારણ કે જ્ઞાનમાં બધુંજ સમાઇ જાય છે.×

आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥

આત્માજ આત્માનો બંધુ છે અને આત્માજ આત્માનો શત્રુ છે. આપણા મિત્ર આપણે અને શત્રુ પણ આપણેજ છીએ. જેટલા પ્રમાણમાં આપણા હૃદયમાં રહેલા સર્વોત્તમ તત્ત્વના આપણે મિત્ર બનીશું, તેટલાજ પ્રમાણમાં આપણે સર્વના સાચા મિત્ર બનીશું; અને જે પ્રમાણમાં તે તત્ત્વના આપણે વિરોધી બનીશું, તેટલા પ્રમાણમાં આપણે સર્વના શત્રુ બનીશું. જેટલા પ્રમાણમાં આપણે આપણા હૃદયને ઉચ્ચ શક્તિઓ તરફ ખુલ્લું રાખીને તેના પ્રવાહને આપણા હૃદયમાં વહેવા દઇશું, તેટલાજ પ્રમાણમાં તે પરમશ્રેષ્ઠ પ્રેરણાઓના બળથી આપણે મનુષ્યજાતિના અને એક-બીજાના ઉદ્ધારક બની શકીશું.

× આપણા ગાયત્રી મંત્રની પણ એજ ખુબી અને મહત્તા છે કે, તેમાં તે જ્ઞાનાદિ સર્વ ઐશ્વર્યના અખૂટ ભંડાર અને મહાન દાતા-સ્વરૂપ સર્વવ્યાપી સર્વશ્રેષ્ઠ પરમાત્માનું ધ્યાન ધરીને બુદ્ધિનો વિકાસ પ્રાર્થવામાં આવ્યો છે. સંપાદક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૦ મું

સર્વ ધર્મોમાં રહેલી તત્ત્વની સમાનતા

જે પરમ સત્યનો આપણે અત્યારસુધી વિચાર કરતા આવ્યા છીએ, તેજ સત્ય સર્વ ધર્મનું મૂળતત્ત્વ છે. દરેક ધર્મમાં તે માલૂમ પડે છે. સર્વ ધર્મો તેના સંબંધમાં એકમત છે. સર્વ મનુષ્યો અમુક એકજ ધર્મ માનતા હોય કે ભિન્ન ભિન્ન ધર્મના અનુયાયીઓ હોય છતાં તે સર્વે આ બાબતમાં મળતા આવે એ સ્વાભાવિકજ છે.

કોઇએક સ્થળના લોકો માંહેમાંહે લડતા હોય, એવામાં જો ત્યાં એકાએક કોઇ આફત આવી પડે—નદીમાં રેલ આવે, દુષ્કાળ પડે કે મરકી ફેલાય—તો તેજ સમયે તેઓ બધા અંગત મતભેદો અને કલેશકંકાસ છોડી દઇને તે સંકટ દૂર કરવા માટે એકસાથે કામ કરવા મંડી પડે છે. આમ થવાનું એજ કારણ કે, અશાશ્વત અને ધીમે ધીમે ઉન્નતિ પામતું જડ—અનાત્મતત્ત્વ-જ તકરારો, વાદવિવાદો અને કલેશો વગેરેને ઉત્પન્ન કરે છે; અને આત્મારૂપી શાશ્વત તત્ત્વ તો પ્રેમ અને સેવાન રૂપમાં સર્વ દ્વારા એકસાથે કામ કરે છે.

સ્વદેશાભિમાનનો ગુણ ઉત્તમ છે અને દરેક મનુષ્ય પોતાના દેશ પ્રતિ પ્રેમ રાખે, એ બહુ સારી વાત છે; પરંતુ જો હું મારા સ્વદેશ પ્રતિ પ્રેમ રાખું અને બીજા દેશોને ધિક્કારૂં તો તેમાં મારા હૃદયની લઘુતાજ પ્રકટ થાય છે અને તેથી સ્વદેશપ્રત્યેના સાચા પ્રેમની કસોટીમાં પણ હું નિષ્ફળજ નીવડીશ. હું સ્વદેશના જેટલોજ પ્રેમ અન્ય દેશો પ્રતિ રાખું, તોજ મારા હૃદયની ઉદારતા અને વિશાળતા કહેવાય; અને આવા પ્રકારનુંજ સ્વદેશાભિમાન પ્રશંસનીય અને વિશ્વાસ રાખવા લાયક છે.

પરમાત્માજ અખિલ વિશ્વના સર્વ જીવોના અનંત મૂળરૂપ છે; તેજ સર્વના આધારભૂત છે; સર્વ જીવોની મારફતે અને સર્વ જીવોના જીવનરૂપે પણ તે પ્રભુજ કામ કરી રહ્યો છે. સર્વ લોકો અને સર્વ ધર્મો આ બાબતનો સ્વીકાર કરે છે; અને જો આ વાત ખરા હૃદયથી સ્વીકારવામાં આવે તો પછી કોઇ પણ મનુષ્ય નાસ્તિક કે અધર્મી ઠરે તેમ નથી.

ઈશ્વરના સંબંધમાં કેટલાકો જે અભિપ્રાય ધરાવે છે તે જો ખરા હોય તો તેને અનુસરીને કેટલાક નાસ્તિક અને અધર્મી ઠરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરા. કેટલાક ભકતો અને ધાર્મિક ઝનુનવાળા પુરુષો ઈશ્વરમાં—ગુણના નામથી—એવા દોષોનું આરોપણ કરે છે, કે જે દોષો કોઇ સામાન્ય મનુષ્ય પણ પોતાને લાગુ પાડવાની રજા આપી શકે નહિ. ઈશ્વર પોતાનાં બાળકો પ્રત્યે ક્રોધ, ઈર્ષ્યા કે વેર જેવી આસુરી વૃત્તિઓ રાખી શકેજ નહિ; છતાં અણસમજુ મનુષ્યો ઈશ્વરમાટે તેવોજ અભિપ્રાય ધરાવે છે! ક્રોધ, ઈર્ષ્યા, વેર વગેરે દોષો જેનામાં હોય એવા કોઇ પણ મનુષ્ય વિષે આપણે હલકો અભિપ્રાય ધરાવીએ છીએ; છતાં આશ્ચર્યની વાત એ છે કે, એવા દોષોનું ખુદ ઈશ્વર ઉપરજ આરોપણ કરતાં મનુષ્યો અચકાતાં નથી!

ખરી રીતે વિચારીએ તો **ચોખ્ખા દિલના સ્પષ્ટવક્તાઓજ ધર્મના ખરા મિત્રો છે;** તેઓજ પરમાત્માના ખરા ભકતો છે અને તેઓજ મનુષ્યજાતિના ખરા સેવકો છે. મહાત્મા બુદ્ધ, ક્રાઇસ્ટ, નાનક, કબીર વગેરે એવા ખરેખરા સ્પષ્ટવક્તા હતા. કારણ કે તેઓ ચાલતા આવેલા અયોગ્ય રીતરિવાજો અને માન્યતાઓને વશ થયા ન હતા.

જ્યારે મહાત્મા બુદ્ધે હિંસારૂપી દુષ્ટ રાક્ષસીની વિરુદ્ધ પ્રબળ શસ્ત્ર ઉઠાવ્યું અને પશુયજ્ઞના પ્રાચીન રિવાજની વિરુદ્ધમાં ઉપદેશ શરૂ કર્યો, ત્યારે તે સમયના ધર્મિષ્ઠ ગણાતા ઘણાયે આસ્તિક પુરુષોએ તેમને નાસ્તિક અને પાખંડી કહેવામાં કસર રાખી ન હતી. પરંતુ જ્યારે તેમના ઉપદેશનો પ્રચાર થયો અને ઈશ્વરી જ્યોતિ તેમના દ્વારા ચમકવા લાગી, ત્યારે સર્વ કોઇ તેમના તરફ પૂજ્યબુદ્ધિથી જોવા લાગ્યું અને લોકો તેમને ઈશ્વરાવતારતરીકે ઓળખવા લાગ્યા.

જે અતિ મહત્ત્વના સત્યની બાબતમાં આપણે સર્વ એકમતે છીએ, તે સત્ય એક સોનેરી દોરીરૂપ છે અને તે સર્વ ધર્મમાં વ્યાપી રહેલી છે. જ્યારે પણ આપણે તે સત્યને આપણા પોતાના દરરોજના જીવનમાં વણીશું; ત્યારે નજીવા મતભેદો, સાંકડા હૃદયના અભિપ્રાયો અને હસવા જેવી તકરારો તેમની ક્ષુદ્રતાને લીધે આપોઆપજ ચાલ્યાં જશે; અને હૃદયમાં એવી ઉદારતા આવશે કે એક યાહુદી ખ્રિસ્તી દેવળમાં, એક ખ્રિસ્તી યાહુદી દેવળમાં, એક મુસલમાન હિંદુમંદિરમાં અને એક હિંદુ મસ્જીદમાં તેમજ એક બૌદ્ધ ખ્રિસ્તીમંદિરમાં અને એક ખ્રિસ્તી બૌદ્ધમંદિરમાં જઇને પ્રભુની ઉપાસના કરતાં જરા પણ અચકાશે નહિ. લોકો પોતાના ઘરમાં બેસીને, પર્વતપર જઇને અથવા તો પોતાનો દર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોજનો ધંધો કરતાં કરતાં પ્રભુની ઉપાસના કરી શકશે. ઉપાસનાને માટે પ્રભુ અને આત્મા એ બેનીજ જરૂર છે. અમુક કાળ, સ્થાન કે પ્રસંગની એમાં જરૂર નથી. કેમકે દરેક સમયે અને દરેક સ્થળમાં આત્મા અને પ્રભુ મળી શકે અને પરસ્પર વાત કરી શકે.

ઘણી બાબતો એવી હોય છે, કે જેના સંબંધમાં બધા એકમત ન થાય. પરંતુ તે બાબતો નજીવી અને અંગત હોઇ કાળે કરીને નાશ પામી જાય છે. મૂળ સિદ્ધાંતને નહિ સમજનાર એવો એક ખ્રિસ્તી પ્રશ્ન કરે છે કે, શું ક્રાઇસ્ટને ઈશ્વરી પ્રેરણા નહોતી થઇ? હા, થઇ હતી; પણ ઈશ્વરી પ્રેરણા ઝીલનાર તે એકલાજ ન હતા. એક બૌદ્ધ પૂછવાને દોરવાય કે, શું બુદ્ધને સત્યનો પ્રકાશ મળ્યો ન હતો? હા, મળ્યો હતો; પણ તે પ્રકાશ મેળવનાર કાંઇ તે એકલાજ ન હતા.

મુસલમાન બંધુ એમ સવાલ કરવાને દોરવાય કે, શું મહમદ સાહેબે ઈશ્વરી અવાજ નહોતો સાંભળ્યો? હા, સાંભળ્યો હતો; પણ તે અવાજ સાંભળનાર કાંઇ તેઓ એકજ ન હતા. કોઇ ખ્રિસ્તી પૂછે કે, શું બાઈબલ ઈશ્વરપ્રેરિત નથી? હા છે; પરંતુ બીજા પણ ઈશ્વરપ્રેરિત ગ્રંથો છે. એક બ્રાહ્મણ એમ પૂછી શકે કે, શું વેદો ઈશ્વરપ્રેરિત નથી? હા છે; પરંતુ બીજા પણ પવિત્ર ગ્રંથો ઈશ્વરપ્રેરિત છે. તમારા પવિત્ર ગ્રંથોને ઈશ્વરપ્રેરિત માનવામાં તમારી ભૂલ નથી; પણ જગતમાં બીજા પણ જે ઈશ્વરપ્રેરિત ગ્રંથો છે, તે બાબતમાં આનાકાની કરો છો; તેમાંજ તમારી ભૂલ થાય છે અને તમારી સંકુચિત વૃત્તિ જણાઇ આવે છે.

સર્વ પવિત્ર પુસ્તકો અથવા પ્રભુપ્રેરિત ગ્રંથોનું મૂળ એકજ પરમાત્મા છે. પોતાના દ્વારા ઈશ્વર બોલી શકે એટલે દરજ્જે જેઓ પોતાનાં અંતઃકરણ પવિત્ર અને ખુલ્લાં રાખે છે, તેમનાદ્વારા ઈશ્વરજ ઉપદેશ આપે છે. તેની પ્રેરણા ઝીલવા માટે કેટલાક વિશેષ લાયક હોય અને કેટલાક ઓછા લાયક પણ હોય. તેનો દિવ્ય અવાજ સાંભળવા માટે જે પ્રમાણમાં મનુષ્ય પોતાના આત્માને તેના તરફ ખુલ્લો રાખે છે, તે પ્રમાણમાં તે તેની પ્રેરણાને અવશ્ય ગ્રહણ કરી શકે છે. પવિત્ર ગ્રંથનો એક લેખક જણાવે છે કે, જ્ઞાન એ દિવ્ય શક્તિનો શ્વાસ છે અને દરેક જમાનામાં જે પવિત્ર આત્માઓ તે શ્વાસને પોતાના અંતરમાં ઝીલે છે, તેઓ પ્રભુના મિત્રો અને પેગંબરો બને છે.

પરમાત્માએ માત્ર અમુક થોડાજ મનુષ્યો આગળ, અમુક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ સમયે અને આ પૃથ્વીના અમુકજ વિભાગમાં પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું છે; એવું સમજનારા મનુષ્યો ખરેખર સંકુચિત વૃત્તિવાળા—અલ્પજ્ઞ છે. સત્ય વાત એજ છે કે, પ્રભુની પોતાની પેઠે તેનો પ્રેમ અને જ્ઞાન સર્વ દેશ અને સર્વ કાળમાં મનુષ્યો માટે તૈયાર છે. જે પણ દેશમાંનો જે પણ મનુષ્ય તેને પૂર્ણભાવથી ભજે છે અને સત્યપરાયણ જીવન ગાળે છે; તેના તરફ અનિવાર્ય નિયમને અનુસરીને આપોઆપજ પ્રભુનાં જ્ઞાન અને પ્રેમ આકર્ષાઇ આવે છે, અને તેને જીવાત્મામાંથી મહાત્મામાં ફેરવી નાખે છે.

જો ઉપલા સત્યની આપણને યથાર્થ પ્રતીતિ થાય તો પછી અમુક વ્યક્તિ કયા ધર્મને અનુસરે છે, એ બાબત નકામી થઇ પડે છે; અને આ પરમ સત્ય પ્રમાણે પોતાનું જીવન તે કેટલે અંશે ગાળે છે, તેજ વાત તે માણસની યોગ્યતાની તુલના કરવા માટે ખાસ અગત્યની રહે છે. 'મારોજ ધર્મ સાચો છે' એવી એકદેશી વૃત્તિ જેટલા પ્રમાણમાં આપણે ઓછી કરીને ઉપલા સર્વમાન્ય સત્ય તરફ પ્રીતિ વધારતા જઇશું, તેટલાજ પ્રમાણમાં બીજાઓને તેમના ધર્મમાંથી આપણા ધર્મમાં લાવવાનું કામ આપણને ભૂલભરેલું અને બીનજરૂરી લાગશે; એટલુંજ નહિ પરંતુ અનુકૂળ આવે તેવે માર્ગે સત્યનો સાક્ષાત્કાર કરવામાં તેમને ઉલટા આપણે સહાયજ આપીશું. ચીનનો એક વિદ્વાન જણાવે છે કે **"હૃદયના પ્રમાણિકપણામાંજ ધર્મનું ખરૂં રહસ્ય સમાયેલું છે."** અને આપણને શોધ કરતાં માલૂમ પડશે કે, ધર્મસંસ્થાપકના નામને યોગ્ય દરેક મહાન પુરુષનો આવોજ સિદ્ધાંત છે.

સઘળા ધર્મનાં મૂળ તત્ત્વો એકસરખાં છે. જુદા જુદા લોકોના વિકાસના પ્રમાણમાં માત્ર નાની નાની બાબતોમાંજ તેમના મત જુદા પડે છે. મને ઘણી વાર પૂછવામાં આવે છે કે "તમારો ધર્મ કયો ?" પ્રત્યુત્તરમાં હું જણાવું છું કે "પ્રિય બંધુ ! આવો પ્રશ્ન તમારે કેમ પૂછવો પડ્યો ? જેમ અનંત જીવનરૂપ પરમાત્મા એકજ છે, તેમ ધર્મ પણ એકજ છે. જુદા જુદા લોકોની જુદી જુદી સમજશક્તિને લીધે તેમજ દેશ, કાળ ઈત્યાદિ સંયોગોના ભેદને લીધેજ એક મૂળ ધર્મના જુદા જુદા ફાંટારૂપે સંપ્રદાયો નીકળેલા છે અને તે ભેદો પણ વસ્તુતઃ બહુજ ઓછા મહત્ત્વના છે. જેમ જેમ જીવાત્મા વિશેષ વિકાસ પામતો જાય છે, તેમ તેમ તેને આ ભેદો ઓછા અગત્યના લાગે છે; જેથી જગતમાં દેખાતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદા જુદા નામવાળા ધર્મો યથાર્થ રીતે તો એકજ ધર્મ છે. જે ક્ષણે આપણે ઉપર જણાવેલા સત્યનો અનાદર કરીને સત્ય ધર્મના શાશ્વત અને જીવનપ્રદ તત્ત્વથી દૂર ખસીએ છીએ, તેજ ક્ષણે આપણે અમુક બંધનોથી બંધાઈએ છીએ; અને જેટલા પ્રમાણમાં આપણે ઉપર પ્રમાણે વર્તીએ છીએ, તેટલા પ્રમાણમાં આપણે આપણી આસપાસ એવી દિવાલો બાંધીએ છીએ, કે જેથી બીજા ધર્મના મનુષ્યો પણ આપણાથી દૂરજ રહે છે. આ પ્રમાણે આપણને પોતાને પણ વિશ્વવ્યાપી સત્યનો સાક્ષાત્કાર કરવામાં એ દિવાલો અડચણરૂપ થાય છે. કેમકે જે **માન્યતા કે સિદ્ધાંત સર્વવ્યાપી નથી તે સત્યના નામને લાયક નથી.**

ધર્મ તો ફક્ત એકજ છે. ઈશ્વરી પ્રેરણા પામેલો ઈરાનના પવિત્ર ગ્રંથોનો લેખક જણાવે છે કે "હું ગમે તે રસ્તો ગ્રહણ કરૂં, છતાં આગળ જતાં તે તારી પાસે લઇ જનારા ધોરી માર્ગમાંજ ભળી જાય છે." ઈશ્વરે જગતમાં પાથરેલી ધર્મરૂપી વિશાળ શેત્રંજીમાં જુદા જુદા ધર્મોરૂપી જુદા જુદા રંગના અટાપટાઓ છે અને તે ઉપર આકાશની પેઠે ઉચ્ચ અને નીચ, ધનવાન અને ગરીબ એ સર્વને માટે એકસરખો અને પૂરેપૂરો અવકાશ છે.

એક બૌદ્ધ મહાત્મા કહે છે કે, **પવિત્ર મનુષ્યો પ્રત્યેક ધર્મને માન આપે છે.** એક ચીનનો તત્ત્વજ્ઞાની જણાવે છે કે "વિશાળ હૃદયનાં મનુષ્યો ભિન્ન ભિન્ન ધર્મોમાં રહેલા એક અભિન્ન સત્યને જુએ છે, ત્યારે સંકુચિત દૃષ્ટિવાળાની નજરે કેવળ ભેદભાવજ દેખાયા કરે છે." હિંદુધર્મ જણાવે છે કે "अयं निजः परो वेत्ति गणना लघुचेतसाम् । उदारचरितानां तु वसुधैव कुटुंबकम् ॥ અર્થાત્ આ મારૂં છે અને આ પારકું છે, એવું તો સંકુચિત હૃદયવાળાંજ મનુષ્યો માને છે; પરંતુ ઉદાર ચરિત્રવાળાઓને તો સમગ્ર પૃથ્વી કુટુંબતુલ્ય છે." એક ખ્રિસ્તી જણાવે છે કે "વેદી પર જુદા જુદા પ્રકારનાં પુષ્પ ચઢે છે, પણ સર્વની પૂજાનું લક્ષ્ય તો એકજ હોય છે." સ્વર્ગ એક મહેલરૂપ છે અને તેમાં પેસવાનાં અનેક દ્વાર છે. દરેક મનુષ્ય પોતાને અનુકૂળ આવે તે દ્વારથી તે મહેલમાં દાખલ થઇ શકે છે. શું આપણે બધા એકજ પ્રભુનાં બાળકો નથી? પ્રભુએ આ પૃથ્વી ઉપર વસતી સઘળી પ્રજાઓને એકજ લોહીની બનાવી છે. અર્વાચીન કાળમાં એક જ્ઞાનીએ કહ્યું છે કે "મનુષ્યના આત્માને માટે પ્રાચીન સમયમાં જે લાભકારક હતું, તે પ્રભુએ તે સમયના લોકોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવ્યું હતું; અને અત્યારે જે લાભકારક છે તે અત્યારે શીખવે છે."

રાજકવિ ટેનીસને એક સ્થળે કહ્યું છે કે "મેં એક સ્વપ્નમાં એવું જોયું કે, પથ્થર ઉપર પથ્થર મૂકીને એક પવિત્ર મકાન બનાવવામાં આવ્યું. એ પવિત્ર મકાન નહોતું મંદિર કે નહોતી મસ્જીદ કે નહોતું (ખ્રિસ્તી ભાઈઓનું) દેવળ. તે ઘણુંજ ઉંચું અને સાદું હતું તથા સ્વર્ગમાંથી આવતી દરેક પવનની લહેરને માટે તેનાં દ્વાર ખુલ્લાં હતાં. આથી સત્ય, શાન્તિ, પ્રેમ અને ન્યાય, આ ચાર તત્ત્વોએ આવીને તે પવિત્ર મકાનમાં નિવાસ કર્યો હતો."

ધર્મ એ તેના ખરા સ્વરૂપમાં તો મનુષ્યના આત્માને આનંદ આપનારી ઉંચામાં ઉંચી વસ્તુ છે. જ્યારે આપણને ધર્મનો તેના ખરા સ્વરૂપમાં અનુભવ થાય છે, ત્યારે આપણને લાગે છે કે, તે ધર્મ કદાપિ ઉદાસીનતા, અંધકાર કે દુઃખ ઉત્પન્ન કરશે નહિ; પણ સર્વથા શાંતિ, આનંદ અને સુખનેજ આપનાર થશે. એ ધર્મ કોઈને પણ તિરસ્કારપાત્ર નહિ લાગે, પણ સર્વને રુચિકર થશે. ધર્મગુરુઓએ આ સત્ય સિદ્ધાંતોને બરોબર સમજવા જોઈએ અને લોકોને તેમના આત્માના સ્વરૂપસંબંધી અને આત્મા-પરમાત્માના ઐક્ય સંબંધી જ્ઞાન આપવામાં પોતાના સમયનો અને શક્તિનો વ્યય કરવો જોઈએ. જો આમ થાય તો એટલો બધો આનંદ વ્યાપી રહે અને મંદિરો, મસ્જીદો તથા દેવળોમાં લોકોનાં એટલાં તો ઝુંડનાં ઝુંડ આવે કે તે સ્થળોમાં એ લોકો સમાઈ પણ ન શકે; અને લોકોના હૃદયમાંથી આનંદના ઉદ્ગાર નિરંતર એટલા બધા નીકળ્યા કરે, કે જેથી તે દરરોજના ઉપયોગી, સત્ય અને જીવનશક્તિને આપનારા ધર્મને સર્વ કોઈ ચાહવા લાગે. સંસારના **દરરોજના જીવનમાં જે ધર્મ જેટલે અંશે લાભકારી નીવડે તેટલેજ અંશે તે ધર્મ સત્ય છે.** જો તે આ કસોટીમાં પસાર ન થઈ શકે તો સમજવું કે, તે ધર્મ ધર્મના નામને પાત્ર નથી. દરરોજના કાર્યમાં ઉપયોગી થઈ પડે એવાજ ધર્મની મનુષ્યને સદા જરૂર છે. એવા ધર્મ સિવાય બીજા ધર્મના સંબંધમાં કરેલો શક્તિ અને સમયનો વ્યય નિરર્થક છે. વ્યવહારમાં દરરોજ આવી પડતા પ્રસંગો ઉપર એ ધર્મનો આપણે ધ્યાનપૂર્વક સદુપયોગ કરીએ, તોજ આપણે ખરી રીતે જીવ્યા છીએ, એમ કહી શકાય. જો એટલું પણ ન કરી શકીએ તો આપણું જીવન નિરર્થકજ ગયું છે, એમ સમજવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧ મું

સર્વોત્કૃષ્ટ સંપત્તિ પામવાનો સરસ માર્ગ

મને વારંવાર પૂછવામાં આવે છે કે "પરમાત્મા સાથેના ઐકયનો અનુભવ કરવાનો વ્યાવહારિક માર્ગ કયો ? તમે જણાવેલા સિદ્ધાંતો ઘણાજ સુંદર છે અને ખરા પણ લાગે છે; પરંતુ જે અનુભવથી અતિ આશ્ચર્યકારક પરિણામ આવે, તે અનુભવને આપણા જીવનમાં આપણે કેવી રીતે ઉતારી શકીએ ?"

માર્ગ તો સરલ છે અને તેને વિકટ બનાવવો કે નહિ, એ પણ આપણાજ હાથમાં છે. એ માર્ગની કુંચી "ખુલ્લાં રાખો" એ શબ્દોમાં રહેલી છે.

આપણે તો બસ આપણા અંતઃકરણનાં દ્વાર ખુલ્લાં રાખવાનાં છે, કે જેથી તે અનંત ચૈતન્યનો દિવ્ય પ્રવાહ પોતાને પેસવાના માર્ગની રાહ જોયા કરે છે તે આપણામાં દાખલ થઇ શકે. શિખર ઉપરના મુખ્ય જળાશયમાં તો તે દિવ્ય ચૈતન્યરૂપ અમૃતવારિ ભરેલુંજ છે; માત્ર તેની સાથે સંબંધ રાખતો દરવાજોજ ખુલ્લો કરો, એટલે તરતજ તે પાણી પોતાના જાતિસ્વભાવને અનુસરીને નીચેનાં ખેતરમાં ભરાવા લાગશે અને તેને ફળદ્રૂપ બનાવશે. અનંત જ્ઞાન, અખૂટ સામર્થ્ય અને અપાર આનંદના અમાપ સાગરરૂપ પરમાત્મા સાથે આપણે શો સંબંધ છે અને તેનો આપણી સાથે શો સંબંધ છે, તે અત્યારસુધીમાં આપણે બહુજ સારી રીતે વિચારી ગયા છીએ; જેથી હવે ફક્ત કહેવાનું એટલુંજ છે કે, તે પરમાત્મા અને આપણી વચ્ચેના ઐકયનો સાક્ષાત્કાર કરો. મન અને હૃદય તેના અદ્‌ભુત ઐશ્વર્યને ગ્રહણ કરવા યોગ્ય અનુકૂળ સ્થિતિમાં આવી શકે તેવી રીતે તેમને ખુલ્લાં રાખવાં, એ સર્વથી મુખ્ય બાબત છે; અને તે પછી અંતઃકરણની તીવ્ર ઇચ્છા એ બીજી બાબત છે. સ્થૂલ ઇંદ્રિયો બાહ્ય પદાર્થોથી સંક્ષોભ ન પામે એવી મનની એકાંત શાંત સ્થિતિમાં દરરોજ થોડી પળ સુધી રહેવાનો અભ્યાસ પાડવો, એ પ્રારંભમાં ઘણુંજ સહાયકારક થઇ પડશે. એ શાંતિના સમયમાં પ્રભુની કૃપાનો અથવા તેની સાથેના ઐકયનો અનુભવ મળે એવી આતુર સ્થિતિમાં રહો અને આ પ્રસાદ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપ અનુભવ તમને અવશ્ય થશે, એવી દૃઢ ભાવના રાખો. અનુભવરૂપ કિરણ પ્રથમ તમારા અંતરાત્મામાં ઉતરશે અને પછી તમારા મનમાં પ્રગટ થઇને ધીમે ધીમે તેની શક્તિ તમારા શરીરના દરેક અંગમાં તમે પ્રગટ થતી અનુભવશો. જે પ્રમાણમાં તમને આ અનુભવ થશે, તે પ્રમાણમાં તેની શાંતિજનક અને પ્રકાશ આપનારી શક્તિ તમારામાં કામ કરતી તમને લાગશે; તથા તમારો અંતરાત્મા, મન અને શરીર, એ સર્વ એકબીજાને અનુકૂળ થતાં ચાલીને આખા જગતની સાથે તમે અનુકૂળ સંબંધમાં આવવા લાગશો. તમે ઉપર જણાવેલી ઉચ્ચ દશારૂપી પર્વતની ટોચે ઉભા હો, ત્યારે પ્રભુનો જે હિતાવહ નાદ તમે સાંભળો, તે નાદને તમે ત્યાંથી નીચે ઉતરો ત્યારે પણ યાદ રાખીને તમારી સાથે લેતા આવજો. જો કે તમને તે અતિ ઉચ્ચ દશાનો અનુભવ દરેક પળે નહિ થાય, તોપણ આ રીતે તમે ત્યાં અનુભવેલી સુંદરતા, પ્રેરણા અને પ્રકાશનું સ્મરણ કરીને તદનુસાર ઉત્તમ પ્રકારનું જીવન તો અવશ્ય ગાળી શકશો.

આ રીતે અભ્યાસ વધારતાં વધારતાં એવો પણ સમય તમારા જીવનમાં આવી પહોંચશે કે જ્યારે એકાદ વ્યાપારીની દુકાનમાં અથવા તો ઘોંઘાટવાળા બજારમાં પણ તમે બાહ્ય વિષયોપર માનસિક પડદો નાખીને તમારા મનને અંતર્મુખ કરી શકશો અને અનંત જીવન, અનંત પ્રેમ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત શક્તિ અને અનંત સમૃદ્ધિના મૂળરૂપ પરમાત્મા—કે જે તમને દોરવે છે, તમને જાળવે છે, તમારૂં રક્ષણ કરે છે અને તમને માર્ગ દર્શાવે છે, તેનો અનુભવ કરી શકશો. **શાશ્વત પ્રાર્થના** તે આનુંજ નામ છે. પ્રભુને પીછાણવો અને પ્રભુ સાથે ચાલવું તે પણ આજ સ્થિતિ. પ્રભુને પોતામાં જોવો તે પણ આજ દશા. આનુંજ નામ નવો જન્મ અથવા બીજો જન્મ. પહેલો જન્મ સ્થૂલ છે અને બીજો જન્મ આધ્યાત્મિક છે; કેમકે એ સમયે પશુવૃત્તિ નાશ પામી દૈવી વૃત્તિનો જન્મ થાય છે. મનુષ્યની ગમે તેવી માન્યતા યા શ્રદ્ધા હોય, પણ અનંત પ્રભુમય જીવનનો આસ્વાદ તો આ સ્થિતિનો જે કોઇ અનુભવ કરે તેજ લઇ શકે છે; કારણ કે પ્રભુને પીછાણવો તેજ પ્રભુમય જીવન છે. 'ધીમે ધીમે આપણને પ્રભુનો અનુભવ થશે' એવાં વાકયોને બદલે 'અત્યારે આ પળેજ તે સુંદરતાની મૂર્તિનો સાક્ષાત્કાર થઈ શકે છે' એવાજ ઉદ્ગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા મનુષ્યના હૃદયમાં સ્ફુરવા લાગે છે.

જો આપણી ઇચ્છા હોય અને આપણે દૃઢ સંકલ્પ કરીએ તો આજ દિવસે, આજ કલાકે અને આજ પળે આપણને આવા અનુભવ–આવી પ્રતીતિ થઈ શકે. જો આપણે આપણું મુખ ખરી દિશા તરફ ફેરવીએ તો સંપૂર્ણ સાક્ષાત્કારની ભવ્ય સ્થિતિ, આજ નહિ તો કાલે પણ જરૂર આપણે પ્રાપ્ત કરી શકીએ. જો પર્વતના શિખર તરફ આપણું મુખ રાખીએ અને પછી જો ધીમે અથવા ઉતાવળે ચાલ્યા કરીએ તો આપણે વહેલા કે મોડા તે શિખર ઉપર પહોંચીશુંજ. પણ જયાંસુધી આપણે એ ખરી અને સીધી દિશા તરફ વળીએ અને ચાલીએ નહિ, ત્યાંસુધી કદી પણ આપણે ત્યાં પહોંચી શકીએ નહિ. કવિ ગેટેએ ઠીકજ કહ્યું છે કેઃ–

"જો તમે ખરા અંતઃકરણથી કામ કરવા ઇચ્છતા હો તો આ પળનોજ લાભ લો; અને જે પણ તમે કરી શકતા હો, અથવા કરી શકશો એમ ધારતા હો તેનો પ્રારંભ કરો. આવી હિંમતમાંજ તમારી બુદ્ધિ, શક્તિ અને ચમત્કાર રહેલો છે. કામમાં જોડાઓ અને માનસિક બળ વધશે; કામ આરંભો અને પૂરૂં પણ થશે.

ગૌતમ સિદ્ધાર્થે–ભવિષ્યના બુદ્ધે–પણ કહ્યું હતું કેઃ–"સત્ય શું છે તે મારા જાણવામાં આવ્યું છે એટલે હવે હું જરૂર એ કાર્ય સિદ્ધ કરીશ અને બુદ્ધ થઈ શકીશ." નિશ્ચયની આવી પ્રબળતાથીજ ગૌતમ સિદ્ધાર્થે અહીં ને અહીં બુદ્ધ થઇને નિર્વાણની પ્રાપ્તિ કરી હતી. આ પ્રમાણે આ નિર્વાણપ્રાપ્તિ–આ પરમાત્મસાક્ષાત્કાર આ ઠેકાણે અને અત્યારે પણ શકય છે, એવો બુદ્ધનો ઉપદેશ હતો; અને એ ઉપદેશ વડે એ શકયતા સમજાવીને તેઓ કરોડો મનુષ્યોને પ્રકાશનો માર્ગ બતાવી શકયા હતા.

મહાત્મા જીસસે કહ્યું હતું કે " શું તમને માલૂમ નથી કે, મારે મારા પિતાનું કામ કરવાનું છે ?" આ પ્રમાણે આ બાબતને પોતાનો ઉદ્દેશ બનાવીને તેમણે પ્રયત્ન કર્યો તેથીજ તેમણે "હું તથા મારા પિતા એક છીએ" એ પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો. આ પ્રમાણે પૃથ્વી પર વસવા છતાં પણ તેમણે તે પરમ સ્વારાજ્યનો પૂર્ણ અનુભવ કર્યો. તેમનો પણ એજ ઉપદેશ હતો કે, અહીં અને આ વખતે પણ મનુષ્યો આ તત્ત્વનો અનુભવ કરી શકે તેમ છે. આ ઉપદેશ દ્વારા તેમણે લાખો મનુષ્યોને અનુભવનો પ્રકાશ આપ્યો છે. વ્યાવહારિક બાબતો વિષે પણ આ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે પ્રભાવશાળી અને લાભકારી ઉપદેશવાક્ય બીજાં થોડાંજ મળશે કે **"પ્રભુના સામ્રાજ્યનો અનુભવ કરો, એટલે દુનિયાની બધી ચીજો તમને પોતાની મેળે મળી રહેશે."**

જે મનુષ્ય સત્યનિષ્ઠ અને પ્રમાણિક છે અને જેણે એવા ઉપદેશોનું રહસ્ય સમજવા પ્રયત્ન કર્યો છે, તે મનુષ્ય જરૂર તેની સત્યતાને અને કયા નિયમો પર એ ઉપદેશનો આધાર છે તે પણ બરાબર રીતે સમજ્યા વગર રહેશે નહિ.

હું જાતે એવા મનુષ્યોના સંબંધમાં આવ્યો છું, કે જેમણે અનંત જીવન સાથેની પોતાની એકતા અનુભવેલી છે અને જેઓ તે અનંત જીવનરૂપ પરમાત્માની પ્રેરણા પ્રમાણેજ જીવન ગાળે છે, તથા પરમ શ્રેષ્ઠ સત્યના જ્વલંત દૃષ્ટાંતરૂપ થઈ રહ્યા છે—અર્થાત્ તેમને માત્ર પ્રેરણાઓજ મળે છે એમ નથી; પરંતુ તેમનું આખું જીવન તે પ્રેરણાઓ પ્રમાણે ચાલ્યા કરે છે.

જે કોઈ અનંત જીવનરૂપ પરમાત્મા સાથેની પોતાની એકતાનો યથાર્થ ખ્યાલ લાવી તદનુસાર પોતાનું જીવન ગાળી શકે છે, તેજ નિરંતર પરમ સ્વારાજ્યનો અનુભવ કરી શકે છે; એવાજ મનુષ્યોને સઘળી આવશ્યક વસ્તુઓ આપોઆપ આવી મળે છે; કોઇ પણ ચીજની તેમને ઓછપ નડતી નથી; શું કરવું અથવા કેવી રીતે કરવું તેની પણ તેમને ચિંતા કરવી પડતી નથી; તેઓ નચિંત જીવન ગાળે છે; અને અનંત સર્વજ્ઞ શક્તિ તેમની માર્ગપ્રદર્શક હોવાથી તેઓને કોઈ પણ જાતની જોખમદારી અથવા ચિંતા રહેતી નથી. આવા પ્રભુમય બની ચૂકેલા જીવનમુક્ત મહાત્માના ગુણોનું કેટલુંક વર્ણન કરવું ? જો આવા મહાપુરુષોનો અને એમાં પણ ખાસ કરીને જે બે ત્રણ પુરુષોનો ખ્યાલ આ (મૂળ) લખનારને આ પળેજ આવે છે, તેમનો જીવનક્રમ આ સ્થળે સવિસ્તર આપવામાં આવે તો કેટલાકને તે ચમત્કારરૂપ અથવા તો અવિશ્વાસયોગ્યજ જણાય. પરંતુ આ વાત સ્મરણમાં રાખવી ઘટે છે કે, જે કામ એક મનુષ્ય કરી શકયો, તે કામ બીજો પણ કરી શકે. કેમકે દરેક મનુષ્યનું જીવન પરમાત્માના અંશરૂપ અને તેની સાથે સંબંધવાળું છે. જો મનુષ્ય એ પરમાત્મતત્ત્વ સાથે અને શ્રેષ્ઠ નિયમોની સાથે પોતાની એકતા સમજીને તદનુસાર જીવન ગાળે તો તેનું—અને બધા તેમ કરે તો દરેક મનુષ્યનું જીવન તેવાજ પ્રકારનું થઇ શકે. આખા જગતમાં વ્યાપી રહેલા એ પરમ દિવ્ય પ્રવાહમાં દાખલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવા માટે આ જીવન છે. મનુષ્ય જ્યારે આ દિવ્ય જીવનના પ્રવાહમાં દાખલ થાય છે, ત્યારે પછી તેને પોતાની જીંદગી બોજારૂપ લાગતી નથી. જેવી રીતે ભરતી–ઓટ નિયમિત રીતે થયા કરે છે; જેવી રીતે બધા ગ્રહો આપોઆપ પોતાના અમુક ચક્રમાં ફર્યા કરે છે; જેવી રીતે ઋતુઓ એક પછી એક આવ્યા કરે છે; તેવીજ સ્વાભાવિક રીતે એવા મનુષ્યનું જીવન ચાલ્યા કરે છે.

આપણા જીવનમાં સર્વ પ્રકારના કલેશકંકાસ, શંકાઓ, વ્યાધિઓ, દુઃખ, ભય, ચિંતા, હાડમારીઓ વગેરે ઉપજે છે, તેનું મુખ્ય કારણ એજ છે કે, આપણે દિવ્ય ક્રમાનુસાર આપણું જીવન ગાળતા નથી; અને જયાંસુધી આપણે હાલની પેઠેજ આપણું જીવન ચાલુ રાખીશું, ત્યાંસુધી તો એવાં તેવાં દુઃખ આવ્યાજ કરવાનાં. દિવ્ય જીવનપ્રવાહની વિરુદ્ધ વર્તવું એજ કઠિન હોઇને તે પ્રવાહની સાથે ચાલવાથી તો ઉલટો તે મહાન શક્તિનો આપણને લાભ મળે છે. આ પ્રમાણે આ કામ તો ઉલટું સરળ અને નિર્ભય છે. અનંત જીવન સાથેના આપણા ઐક્યનો અનુભવ કરવો એનુંજ નામ દિવ્ય જીવન અથવા પ્રભુમય જીવન છે. આ અનુભવ કરવાથી આપણી આસપાસની સર્વ વસ્તુ સાથે–પરમધામ અને અખિલ બ્રહ્માંડની સાથે આપણે અનુકૂળ સંબંધમાં આવીએ છીએ. આપણા અંતરાત્મા, મન તથા શરીરની વચ્ચે એકવાક્યતા વ્યાપી રહે છે. જ્યારે આવી સ્થિતિ થાય છે, ત્યારેજ પૂર્ણ અને સર્વાંગ જીવનનો આપણને અનુભવ થાય છે. આ સ્થિતિ થઇ એટલે પછી જડ ઇંદ્રિયોનું રાજ્ય આપણા પર ચાલી શકશે નહિ; સ્થૂલ જીવન માનસિક જીવનને વશ થશે અને માનસિક જીવન ઉપર આત્મિક જીવન પ્રકાશ પાડીને તેને વશ વર્તાવી શકશે. આપણામાં જે કાંઇ જીવનની અપૂર્ણતા અને એકદેશીયપણું હશે તે ચાલ્યાં જશે; અને શારીરિક, માનસિક તથા આત્મિક જીવનનો–તેની સુંદરતા તથા નિરંતર વધતા જતા આનંદ અને શક્તિઓ સહિત–આપણને અનુભવ થશે; તથા જીવનના પ્રશ્નોનો નીકાલ લાવનાર એજ એક ધોરી રસ્તો છે, એનું આપણને ભાન થશે. શરીરને કેવળ કષ્ટ આપવાથી તેમજ શરીરનું લાલન કરવાથી આ માર્ગ જડશે નહિ. આ જગતમાં દરેક વસ્તુનો ઉપયોગ છે, પણ તેનો ડહાપણપૂર્વક ઉપયોગ કરવો ઘટે છે. જેમ જેમ આપણે આપણા તન અને મનનો સદુપયોગ કરતા ચાલીએ છીએ તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ આપણને ઉચ્ચ અનુભવો થતા જાય છે, અને તેથી આપણી શક્તિઓ ઓછી થતી નથી; પણ ઉલટી વિશેષ ખીલતી જાય છે. જેમ જેમ આપણા શરીરમાંથી હલકા પરમાણુઓ ઓછા થતા જાય છે અને જેમ જેમ સૂક્ષ્મ અને ઉચ્ચ પ્રકારના પરમાણુઓ તેનું સ્થાન લે છે, તેમ તેમ આપણી બધી ઇંદ્રિયો સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને વધારે લાયક બને છે; અને જે શક્તિઓ આપણામાં હોવાનો આપણને ખ્યાલ પણ નથી હોતો તે શક્તિઓ અનુભવાવા લાગે છે. આ પ્રમાણે સ્વાભાવિક રીતે ઇંદ્રિયાતીત જીવનનો આપણને અનુભવ થાય છે; અને ઉચ્ચ નિયમો તથા સત્યની વિવિધ બાજુઓ આપણી આગળ પ્રત્યક્ષ થાય છે. આ પ્રમાણે ઇંદ્રિયાતીત જીવન અને ઉચ્ચતમ દશાઓનો અનુભવ થાય છે, એટલે પછી અમુક મનુષ્યમાં અમુક શક્તિઓ કે જ્ઞાન હતું કે નહિ, એવી તેવી બાબતોની તકરાર કરવામાં વખત ગુમાવવાનું આપણે છોડી દઇએ છીએ. કારણ કે આપણે પોતેજ તે જ્ઞાન અને શક્તિઓનો અનુભવ કરી શકીએ છીએ. આ પ્રમાણે થવાથી હવે આપણે કેવળ બીજાનાજ કહેવા મુજબ લોકોને દોરવીશું નહિ પણ આપણા પોતાનાજ જ્ઞાન અને અનુભવપૂર્વક બોલીશું અને તેથી પૂર્ણ સત્તા સાથે બોલીશું. દુનિયામાં ઘણી વસ્તુઓ એવી છે કે, જ્યાંસુધી આપણે અમુક પ્રકારનું જીવન ગાળીને તે વસ્તુઓ પ્રત્યક્ષ થાય એવી સ્થિતિમાં આપણી જાતને મૂકીએ નહિ, ત્યાંસુધી તે વસ્તુઓને આપણે જોઇ શકીએજ નહિ.

"જે પ્રભુની ઇચ્છા પ્રમાણે ચાલશે, તેજ પ્રભુનો સિદ્ધાંત સમજી શકશે." મહાતત્ત્વજ્ઞાની પ્લોટીનસે કહ્યું છે કે **"જે મન પ્રભુને જાણવા ઇચ્છતું હોય તેણે પ્રભુમય પણ બનવું જોઇએ."** જેટલા પ્રમાણમાં આ ઉચ્ચ નિયમનું અને પરમ સત્યનું આપણને પ્રત્યક્ષ જ્ઞાન થશે, તેટલા પ્રમાણમાં આપણે પણ જ્ઞાની બનીશું અને પરમાત્માની પ્રણાલિકારૂપ પણ થઇશું કે જે પ્રણાલિકાદ્વારા બીજાઓ પણ તે નિયમો અને સત્યને જાણી શકે.

આ પ્રમાણે પરમ ચૈતન્યરૂપ પરમાત્માનો અનુભવ થયા પછી તે મનુષ્ય જ્યારે જ્યારે કોઇ પણ સ્થળે જાય છે અને જુદા જુદા મનુષ્યોના સંબંધમાં આવે છે, ત્યારે ત્યારે સર્વમાં એવા પ્રકારની પ્રેરણા ઉત્પન્ન કરે છે, કે જેના બળથી તેઓને એક પ્રકારની શક્તિ પોતામાં આવી હોય એવો અનુભવ થાય છે. આપણામાં જે પ્રકારની શક્તિઓ કામ કરી રહી હોય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ પ્રકારનો પ્રભાવ આપણે ચોતરફ અને પ્રત્યેક ક્ષણે ફેલાવ્યા કરીએ છીએ. જેવી રીતે પુષ્પમાંથી સુગંધ ફેલાય છે, તેવી રીતે આપણામાંથી એક પ્રકારની સારી યા નરસી અસર ચારે બાજુએ ફેલાયાજ કરે છે. ગુલાબનું પુષ્પ સર્વ દિશાએ પોતાની સુગંધ ફેલાવે છે અને તેની સમીપમાં આવનાર સર્વને તે સુગંધની અસર થવાથી તેમને આનંદ અને પ્રોત્સાહન મળે છે; અને એક ખરાબ છોડવો ચોતરફ દુર્ગંધ ફેલાવીને તેની પાસે વધુ વખત રહેનારને માંદો પાડે છે અથવા ગાંડો બનાવે છે; તેમ મનુષ્યનું જીવન પણ જેમ વધારે ઉચ્ચ પ્રકારનું હોય છે, તેમ તે ચોતરફ બીજાઓમાં પ્રોત્સાહન આપનારાં અને લાભદાયી આંદોલનો ફેલાવે છે. અને મનુષ્યનું જીવન જેમ વધારે અધમ હોય તેમ તે મનુષ્ય પોતાના સંબંધમાં આવનાર મનુષ્યોને નુકસાનકારક આંદોલનો પહોંચાડે છે. આવી રીતે દરેક મનુષ્ય પોતાની યોગ્યતા પ્રમાણે એક યા બીજા પ્રકારની અસર બીજાઓ ઉપર અવશ્ય કરે છે.

જે નાવિકો હિંદી મહાસાગરમાં પોતાનાં નાવ ચલાવે છે, તેઓ જણાવે છે કે, કેટલાક ટાપુઓમાંથી ચંદનની સુગંધ ઘણે દૂર આવવા લાગે છે અને તે સુગંધને લીધે તેઓ અમુક ટાપુની નજદીકમાં આવી પહોંચ્યા છે, એવું તેમને જ્ઞાન થાય છે. આ ઉપરથી તમારે પણ તમારા અંતરને એવું શુદ્ધ બનાવવું જોઇએ કે જેથી તમે જ્યાં જ્યાં જાઓ, ત્યાં ત્યાં તમારામાંથી પણ છુપી છતાં પ્રબળ શક્તિ વહ્યાજ કરે અને સર્વને શુભ અસર કર્યા કરે. એમ કરવાથી તમે તમારી સાથે પ્રેરણાશક્તિ લઈ જશો અને દરેક સ્થળે આશીર્વાદ ફેલાવી શકશો. આથી તમારા મિત્રો અને બીજા લોકો કહેવા લાગશે કે "તમારા આવવાથી અમારા ઘરમાં શાન્તિ અને આનંદ ફેલાય છે." જ્યારે જ્યારે તમે બહાર ફરવા નીકળશો, ત્યારે ત્યારે થાકેલા, કંટાળેલા અને માંદા મનુષ્યો ઉપર પણ તમારો પ્રવાહ પડશે; તેમનામાં નવો જીવનપ્રવાહ વહેવા લાગશે અને નવી સ્ફૂર્તિ આવશે. જે ઘોડાની પાસે થઇને તમે પસાર થશો તે ઘોડો પણ અર્ધા મનુષ્યની માફક તમારા સામું આતુરતાથી જોવા લાગશે—અર્થાત્ જ્યારે મનુષ્યને પરમાત્મજીવનનો અનુભવ થાય છે, ત્યારે તેની શક્તિઓમાં જુદોજ પ્રભાવ આવે છે. માટે "આપણે આવા પ્રકારનું જીવન અત્યારે અને અહીં પણ ગાળી શકીએ તેમ છીએ." એ સત્યને જાણવું, એજ આ જીંદગીમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને એજ મોટામાં મોટો લહાવો છે. કેમકે એવું જ્ઞાન થતાંજ મનુષ્ય આનંદનાં ગીત ગાવા લાગે છે; અને વળી જ્યારે તેને તે દિવ્ય જીવનનો અનુભવ–અર્થાત્ સાક્ષાત્કાર થાય છે, ત્યારે તો તેના હૃદયમાંથી આવા ઉદ્ગાર પણ નીકળી પડે છે કેઃ–

"અહા ! હું સર્વ સમયે અનંત જીવનમાં રહેલો છું. સર્વ વસ્તુઓ મને હવે દિવ્ય ભાસે છે. હું અલૌકિક અન્નનું ભોજન અને અલૌકિક અમૃતનું પાન કરૂં છું. જ્યારે હું ઇન્દ્રધનુષ્યના ચળકતા–લાલ, વાદળી, સોનેરી રંગનું પ્રકાશમય મિશ્રણ આકાશમાં જોઉં છું, ત્યારે તેમાં પણ મને પ્રભુનો અપાર પ્રેમ દેખાઈ આવે છે. જ્યારે હું પક્ષીઓને આનંદ સાથે ગાતાં જોઉં છું અથવા તો જ્યારે ચોતરફ ખુશબો ફેલાવતાં સુંદર પુષ્પોને ખીલેલાં નિહાળું છું અથવા તો પ્રાતઃકાળના તેજસ્વી રંગોનો કે રાત્રિનો ભવ્ય દેખાવ નજરે પડે છે, ત્યારે મારો આત્મા આનંદમાં ગરકાવ થઈ જાય છે અને મારી વૃત્તિઓ પ્રભુના મહિમામાં તન્મય થઇ જાય છે."

કોઈ પણ મનુષ્ય જેમ જેમ અનંત જીવન સાથેના પોતાના સ્વાભાવિક ઐક્યનો અનુભવ કરે છે અને તેને અનુસરતું જીવન ગાળે છે, તેમ તેમ સર્વ જરૂરી ચીજો આપોઆપ તેને આવી મળે છે. પોતાના હૃદયદ્વારને ખુલ્લું મૂકી તેના પ્રવાહની પ્રનાલિકા બનવાથી તેની સાથે સંબંધમાં આવનારને અનંત જીવનની ભવ્યતા, સુંદરતા અને આનંદનો સાક્ષાત્કાર અવશ્ય થાય છે. આવો મનુષ્ય પૃથ્વી પર વસવા છતાં સ્વર્ગીય સામ્રાજ્યનો ઉપભોગ કરી શકે છે. આ રીતે આપણે સ્વર્ગને પૃથ્વીપર લાવી શકીએ છીએ; અથવા ખરૂં કહેતાં પૃથ્વીને સ્વર્ગમાં લઈ જઇએ છીએ. આથી દુર્બળતાને બદલે સબળતા, નિસ્તેજતાને બદલે તેજસ્વિતા, દુઃખને બદલે સુખ, દિલગીરીને બદલે આનંદ, ભયને બદલે નિર્ભયતા, અને માત્ર શ્રદ્ધા કે આશાને બદલે અનુભવજ્ઞાન પ્રકટે છે. આવી રીતે મનુષ્ય શાંતિ, શક્તિ અને આવશ્યક વસ્તુસ્થિતિની વિપુલતા પ્રાપ્ત કરે છે અને અનંત ચૈતન્યની સાથે અભેદ અનુભવી પ્રભુમય બની રહે છે.

સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आ संस्थानां पुस्तको

૧-પોસ્ટખર્ચ દરેકનું જુદું. ૨-મંગાવેલાંમાંથી જે પુસ્તકો ન આવે તે ખલાસ સમજવાં. ૩-પૂરૂં મૂલ્ય પ્રથમ મોકલી ૮-૧૦ રૂ.નાં પુસ્તકો રેલરસ્તે મંગાવવાથી પેકીંગ વગેરેના ૦। ચઢવા છતાં કુલ ખર્ચ બહુ ઓછો આવશે. ૪-અમદાવાદના કાર્યાલય માટે કિંમત ઘટાડેલી, તે ઘણાંખરાં પુસ્તકો માટે હજી જારી છે. તેનું સૂચિપત્ર જુદું મળશે. ૫-સામટાં રૂા. ૧૦૦)નાં પુસ્તકો લેવાથી એ કિફાયતી કિંમતમાં પણ ૬। ટકા કપાશે. ૬-મુંબઇના કાર્યાલયમાં બહારગામ મુજબની કિંમત લેવાશે અને કમમાં કમ ૨૫)નાં લેવાથી રૂપિયે દોઢ આનો કપાશે.

ઉત્તમ ધાર્મિક ગ્રંથો પૃષ્ઠસંખ્યા મૂલ્ય

સંપૂર્ણ મહાભારત-શુદ્ધ ગુજરાતી ભાષાંતર ... ૫૨૦૦ ...૩૬)

શ્રીવાલ્મીકિ રામાયણ-ઉત્તમ ભાષાંતર. ૩૨ ચિત્રો. ૧૩૨૦ ... ૬)

તુલસીકૃત રામાયણ-ઉત્તમ ભાષાંતર.૪૦ ચિત્રો. ...૧૩૫૦ ... ૩॥

મહાભારતનું શાંતિપર્વ-ઉત્તમ ભા૦, નવી આવૃત્તિ. ૯૦૦ ... ૫)

ગિરધરકૃત શુદ્ધ રામાયણ ... ... ૭૮૪ ... ૨॥

શ્રીયોગવાસિષ્ઠ મહારામાયણ-ઉ૦ ભા૦,બે ભાગમાં. ૧૯૦૦ ...૧૦)

શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા-ઉત્તમ ભા૦,નવી આવૃત્તિ.૮૦૦ ... ૨)

શ્રીભગવતી ભાગવત-ઉત્તમ ભાષાંતર... ... ૮૬૪ ... ૪॥

શ્રીમદ્‌ભાગવત-ઉ૦ ભા૦,૧૯ ચિત્રો,નવી આવૃત્તિ. ૧૦૪૮ ... ૩)

શ્રીરામકૃષ્ણકથામૃત-બંને ભાગ ભેગા ... ... ૬૫૦ ... ૨॥

મહાભારત અને રામાયણ વિષે કેટલાક વિચાર ... ૨૦૦ ... ૦॥=

શ્રીમહાભારત વિષે ખાસ જાણવા જેવા વિચાર ... ૩૨૮ ... ૧॥

ધર્મતત્ત્વ-બંકિમચરિત્ર સાથે રૂ. ૦॥ ... **યોગતત્ત્વ** ... ૧।

પંચરત્ન ગીતા-ગુ. ટીકા સાથે સામાન્ય અક્ષર ૦॥, મોટા અક્ષર ૦।॥

ભગવદ્‌ગીતા-સરલાર્થસહિત-કદ ૩॥×૫॥, પૃષ્ઠ ૨૫૬, ૦)=, પાકું ૦)≡

,, ,, મોટા અક્ષર, કદ ૫×૬॥ પૃષ્ઠ ૨૭૨ ૦।, ૦।=

,, ,, શ્રીધરી ટીકાનુસાર, ૩॥×૫॥ ,, ૪૮૦ ૦।-

ભગવદ્‌ગીતા-મરાઠી કે હિંદી ટીકાસહિત... ... ૨૩૦ ... ૦।

ભગવદ્‌ગીતા-મૂલમાત્ર-મધ્યમ અક્ષર ૦।, મોટા અક્ષર ૦॥

પંચરત્નગીતા-મૂલમાત્ર-નાના,મધ્યમ તથા મોટા અક્ષરમાં ૦।,૦।=,૦॥

વિષ્ણુસહસ્રનામ-ગુજરાતી સરલાર્થ સાથે ... ૯૨ ... ૦)-॥

અખાની વાણી-મનહરપદ સાથે ૧॥, **પ્રીતમની વાણી** ... ૧॥

છોટમની વાણી-ગ્રંથ પહેલો ૧, બીજો ૧॥, ત્રીજો ૧, ત્રણેના રૂ. ૩)

સ્વામી રામતીર્થ-ચારે ગ્રંથ ભાગ ૧ થી ૧૩ ... ૨૪૨૦ ... ૮)

ગ્રંથ ૧ લો-ભાગ ૧ થી ૫ ૨)	ગ્રંથ ૩ જો-ભાગ ૧૦-૧૧ ૨)
ગ્રંથ ૨ જો-ભાગ ૬ થી ૯ ૨।	ગ્રંથ ૪ થો-ભાગ ૧૨-૧૩ ૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી વિવેકાનંદ ભાગ ૧ થી ૧૩ ... ... ૩૭૦૦ ... ૧૩॥

ગ્રંથ ૧ લો–ભાગ ૧ થી ૩ ૨।	ભાગ ૯ મો–સંપૂર્ણ ચરિત્ર ૨॥
ગ્રંથ ૨ જો–ભાગ ૪–૫ ૨।	ભાગ ૧૦ મો–રાજયોગ સાદુ ૧)
ભાગ ૬ થી ૭ (સાદુ પૂંઠું) ૧)	ભાગ ૧૧ મો–જ્ઞાનયોગ ૧॥
ભાગ ૮ મો. ... ... ૨)	ભાગ ૧૨–૧૩–પત્રો, ઉપદેશો ૧॥

શ્રીભજનસાગર–કદ ૫×૬॥, ... પૃષ્ઠ ૨૩૬, ... સાદુ પૂંઠું ૦॥

ઉપદેશસારસંગ્રહ–ભાગ ૧,૨ ભેગા ... ... ૩૧૨ ... ૧)

સ્વર્ગનું વિમાન... ... ૧॥ **સ્વર્ગની કુંચી** ... ... ૧॥

સ્વર્ગનો ખજાનો ... ૧॥ **સ્વર્ગનો પ્રકાશ** ... ... ૧॥

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

આર્યોના સંસ્કાર અથવા **હિંદની વિદ્યાકળા**... ૨૫૬ ... ૦॥

શુભસંગ્રહ–ભાગ પહેલો ૦।, બીજો ૨॥, ત્રીજો ૧॥, ચોથો ... ૧॥

,, ,, પાંચમો ૧॥, છઠ્ઠો ૧॥।, ૭ મો છપાય છે.

આગળ ધસો–નવી આવૃત્તિ... ... ... ૪૬૮ ... ૧॥।

આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ પહેલો ૧)॥, ભાગ બીજો ... ૧।

બંકિમનિબંધમાળા–ધર્મતત્ત્વ સાથે... ... ... ૫૯૦ ... ૧॥।

પ્રભુમય જીવન (નવી આવૃત્તિ) સાદુ પૂંઠું ... ૧૪૪ ... ૦।

શ્રીસુબોધ રત્નાકર–અસરકારક દૃષ્ટાંતો સાથે ... ૨૭૬ ... ૦॥।

ઈતિહાસ અને વૈદક સંબંધી પુસ્તકો

રાજસ્થાનનો ઇતિહાસ–બે મોટા ગ્રંથોમાં... ... ૧૫૩૦ ... ૧૦)

આર્યભિષક્ અથવા **હિંદનો વૈદરાજ** નવી આવૃત્તિ સત્વર બહાર પડશે.

આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત... ... ૧૪૦ ... ૦।-

બોધદાયક ઉત્તમ જીવનચરિત્રો

શ્રીરામકૃષ્ણનું ચરિત્ર અને ઉપદેશો ... ... ૪૯૨ ... ૧॥

સ્વામી ભાસ્કરાનંદ તથા **વિજયકૃષ્ણ ગોસ્વામી** ૪૩૨ ... ૧॥

ભારતના વીર પુરુષો ... ... ૨૮૮ ... ૧)

સ્વામી રામતીર્થની જીવનકથા ... ... ૬૪૦ ... ૨)

સ્વામી વિવેકાનંદનું સંપૂર્ણ ચરિત્ર ... ... ૭૪૦ ... ૨॥

શ્રી શિવાજી છત્રપતિ... ... ... ૩૫૨ ... ૨।

સમ્રાટ્ અકબર પૃષ્ઠ ૩૫૦ રૂ. ૧।, **વીર દુર્ગાદાસ** ૨૪૦ ... ૦॥।

શ્રીભક્તચરિત્ર અથવા **ભક્તિરસામૃત**... ... ૪૦૮ ... ૧॥

મુસ્લીમ મહાત્માઓ ... ... ૫૯૨ ... ૧॥।

ભારતનાં સ્ત્રીરત્નો–ત્રણ ગ્રંથોમાં પૃષ્ઠ ૨૧૦૦ રૂ. ૬, દરેક ભાગના ૨॥

મહાન સાધ્વીઓ–ઉત્તમ ૧૫ ચરિત્રો– ... ... ૪૨૦ ... ૧।

દાનવીર કાર્નેગી... ... ... ૪૦૦ ... ૧॥

કાઉન્ટ ટૉલ્સ્ટૉય ૨॥ | **મહાન નેપોલિયન બોનાપાર્ટ** ૩)

સ્ત્રીઓ તથા પુરુષો માટે બોધપ્રદ વાર્તાઓ

ટુંકીવાર્તાઓ–ભાગ ૧ થી ૪ ભેગા રૂ. ૨), ભાગ ૫ મો ૦॥-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટુંકીવાર્તાઓ-ભાગ ૬ ઠ્ઠો રૂ. ૧) ... ભાગ ૭ મો રૂ. ૧॥

દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી... ... ... ૧૬૦ ... ૦।

બાળકો માટે ખાસ ઉપયોગી પુસ્તકો

સદ્‌ગુણી બાળકો-૬૯ ખરા બનાવોનો સંગ્રહ ... ૧૨૮ ... ૦।

બાળસદ્‌બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ... ... ૧૧૨ ... ૦।

બાળકોની વાતો-રસિક વાતચીતરૂપે ૨૧ પાઠ ... ૯૬ ... ૦)॥

દુઃખમાં વિદ્યાભ્યાસ-સચોટ સાચાં દૃષ્ટાંતો... ... ૯૦ ... ૦।

સુબોધક નીતિકથા ... ... ૧૮૪ ... ૦।≈

ચિત્રો અને ચિત્રાવલીઓ

શ્રીમહાભારત ચિત્રાવલી અને શ્રીરામાયણ ચિત્રાવલી દરેકનો ૧)

શ્રીકૃષ્ણમુરારીનું અને દ્રૌપદીવસ્ત્રાહરણનું ત્રિરંગી ચિત્ર દરેકના ૦।–

જ્ઞાનપટ અને સોપાનપટ ... ... ૦)–

विविध ग्रंथमाळाना आगलां वर्षोंना मळता सॅट

આ દરેક સૅટનું પોસ્ટેજ જુદું સમજવું.

સંવત ૧૯૭૮નાં ત્રણ પુસ્તકો—સ્વામી વિવેકાનંદ ભાગ ૯મો, સ્વર્ગની જીંદગી, જગતનો મહાન પુરુષ. મૂલ્ય સાદાં પૂંઠાં ૩॥

સંવત ૧૯૮૦ નાં ત્રણ પુસ્તક-સ્વામી રામતીર્થ ભાગ ૧૦-૧૧, નેપોલિયન બોનાપાર્ટ, બંકિમકૃત ધર્મતત્ત્વ. મૂલ્ય ૪, પાકાં પૂંઠાં ૫)

સંવત ૧૯૮૧ નાં ચાર પુસ્તક-સ્વામી રામતીર્થ ભાગ ૧૨-૧૩, યોગતત્ત્વ, સ્વર્ગનો પ્રકાશ, આદર્શ દૃષ્ટાંતમાળા-ભા. ૧. મૂલ્ય ૪), પાકાં ૫)

સંવત ૧૯૮૨નાં ચાર પુસ્તક-દાનવીર કાર્નેગી, શુભસંગ્રહ-ભાગ ૨ જો, રામાયણ અને મહાભારતવિષે વિચારો, આદર્શ દૃષ્ટાંતમાળા-ભાગ ૨ જો. મૂલ્ય ૪), પાકાં પૂંઠાં ૫)

સંવત ૧૯૮૩નાં ચાર પુસ્તક-મુસ્લીમ મહાત્માઓ, શુભસંગ્રહ-ભાગ ૩ જો, છોટમની વાણી-ગ્રંથ ૨ જો તથા ભારતના વીર પુરુષો. મૂલ્ય ૪), પાકાં પૂંઠાં ૫)

સંવત ૧૯૮૪ નાં ચાર પુસ્તકો-છોટમની વાણી ગ્રંથ ૩ જો, શુભસંગ્રહ-ભાગ ૪ થો, સ્વામી ભાસ્કરાનંદ તથા વિજયકૃષ્ણ ગોસ્વામી, આર્યોના સંસ્કાર. મૂલ્ય ૪), પાકાં પૂંઠાં ૫)

સંવત ૧૯૮૫નાં ચાર પુસ્તક-શુભસંગ્રહ ભાગ ૫ મો, શ્રીસુબોધ-રત્નાકર, વિવેકાનંદ-ભાગ ૧૧ મો, મહાન સાધ્વીઓ. મૂલ્ય ૪), પાકાં ૫)

સંવત ૧૯૮૬નાં ચાર પુસ્તક-શુભસંગ્રહ ભાગ ૬ ઠ્ઠો, પરમહંસ રામકૃષ્ણ ચરિત્ર, વિવેકાનંદ ભાગ ૧૨-૧૩, ઉપદેશસારસંગ્રહ ભાગ ૧-૨, મૂલ્ય ૪) પાકાં પૂંઠાં ૫)

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

भद्र पासे, अहमदाबाद अने कालबादेवी रोड, मुंबई नं०२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મહાત્મા થવાનો સાચો માર્ગ' એનું સાધણુ

જે કામ રામ, કૃષ્ણ, મહંમદ, ઇસુ કે જરથુસ્ત્ર કરી શકે તે કામ બીજો પણ કરી શકે; કેમકે સર્વત્ર એકજ નિયમ વ્યાપી રહેલો છે.

કેમકે એવી એક પણ ટેવ નથી કે જે જીતી શકાય નહિ.

કેમકે તમારૂં જીવન કેમ દોરવવું અને ખીલવવું એ માત્ર તમો અને તમારા પ્રભુ વચ્ચેનો સવાલ છે; છતાં જો તમે સાધારણ લોકોથી દોરવાતા હો, તો જરૂર તમે ખોટે માર્ગે ચઢવાના ભયમાં છો.

કેમકે બહારનો વિવેક અને આડંબર નિર્બળ માણસોજ રાખે છે.

કેમકે જેમને પોતાની આત્મશક્તિનું ભાન થયું હોય તેઓ તો લોકો જુએ-જાણે ને વખાણે, એ પ્રકારનું કામ ઓછું અને નાછૂટકે કરે છે.

કેમકે તેઓ સમજી ચૂકયા હોય છે કે, અંદર-બહાર બધે અનંત શક્તિજ બધું કરી રહી છે અને તેઓ તો તેનું હથિયારમાત્ર છે.

કેમકે જ્યારે સૃષ્ટિના એવા શ્રેષ્ઠ નિયમોમાં અને તેના નિયંતામાં જેને વિશ્વાસ આવશે, ત્યારે દીનહીનતાની તેના ઉપર કશીજ સત્તા ચાલશે નહિ.

સારી વસ્તુઓ પ્રભુ પરાણે કે વગર લાયકાતે નથી આપતો.

સોયના કાણામાં ઉંટ પેસવું જેટલું અશકય છે, તેટલુંજ ધનવાનને સ્વર્ગ પામવું અશકય છે.

આપણે બધા માત્ર અપાર સામર્થ્યરૂપ પરમાત્માને વહેવાની નીકો છીએ, એટલે જે કોઇ જેટલા પ્રમાણમાં એ દિવ્ય પ્રવાહને પોતામાં વહેવા દેશે, તેટલા પ્રમાણમાં તે મહાત્મા બનશે એ નિઃશંક છે.

ધર્મગ્રંથ ઇ૦ થી ઈશ્વિરી આજ્ઞા જાણે ને પાળે તેઓજ ધન્ય થાય છે.

Gurukula Library Kangri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાત્મા થવાનો સાચો માર્ગ

(આમાંનાં થોડાં વાક્યોનો સારાંશ)

મનુષ્યના વિકાસમાં અડચણ નાખનાર માત્ર તેનું અજ્ઞાનજ છે.

મનુષ્ય કેવાના સમાગમમાં વિશેષ આવે છે-તે ઉપર તેની ચઢતી કે પડતી થવાનો આધાર છે.

રોગ જેટલો ચેપી છે તેટલુંજ સુખ તથા આરોગ્ય પણ ચેપી છે.

કુદરતના નિયમોનું અજ્ઞાન કે અવગણના સર્વ રોગ-દુઃખનું કારણ છે. કોઇ પણ દુઃખ કે રોગને ઈશ્વર નહિ પણ મનુષ્યજ પેદા કરે છે.

રોગી થયા પછી રોગ ટાળવો, એના કરતાં તો રોગ થાયજ નહિ એવી રીતભાત સૂચવવી, એજ ઉત્તમ વૈદનો ધંધો હોવો જોઇએ.

આપણી કલ્પનાઓની હદ એજ આપણા વિકાસની હદ છે.

દ્વેષનો નાશ દ્વેષથી નહિ, પણ પ્રેમથી થાય છે.

બીજાનું ભલું કરવામાં તમે તમારી જાતને જેટલી ભૂલી જાઓ, તેટલું તેનું પરિણામ વધારે સારું આવવાનું.

દયાવિનાનું જીવન એ સાચું જીવન નથી, પણ જીવતું મરણ છે.

બીજાઓનું ભલું કરવામાં આપણું પણ ભલું થાય છે.

મનુષ્યને તેની જાતનું અને તેનાથી અજાણી રહેલી તેની શક્તિઓનું જ્ઞાન આપવું; એના જેવો માનવસેવાનો ઉત્તમ માર્ગ બીજો નથી.

જ્યાં સત્યની ઇચ્છા અને સ્વીકાર નથી ત્યાં તે જતું પણ નથી.

સત્યને સંપૂર્ણ જાણવું હોય તો તેના સિવાયની બીજી બધી ઇચ્છાઓ ને ખટપટો દૂર કરો, અને સત્યને જાણી તે પ્રમાણે ચાલવા માંડો.

આત્મશક્તિનો પૂરો સદુપયોગ થાય તોજ શુભ ભાવના પૂરી ફળે છે.

આપણા ભાવી જીવનનો આધાર આપણા આજના વર્તન પર છે.

એવી એક પણ વસ્તુ કે સ્થિતિ આ વિશ્વમાં નથી કે જેના તરફ એકનિષ્ઠાથી અને સર્વભાવથી ચાલનારો મનુષ્ય તેનાથી બેનશીબ રહે.

મનમાં એક વાત અને બોલવામાં બીજી વાત, એવી કુટિલતા જવા દઇ મનમાં હોય તેજ કહી દેવાની ટેવ પાડો.

તમારી શક્તિઓ જાણવા માટે પ્રથમ તો પરમાત્માને ઓળખો.

જેનું મન પરમાત્મામાં લીન રહે, તેની સંભાળ પરમાત્મા રાખે છે.

જેવા મિત્રોને તમે શોધશો તેવાજ મિત્રો તમને પણ શોધશે.

(સાંધણ જુઓ આની પાછલી બાજુ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar